
કુમાર

વર્ષ ૬૯ • ઑક્ટોબર ૧૯૯૬ • દીપોત્સવી • સળંગ અંક ૮૨૫

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી • ધીરુ પરીખ





રાત્રે અગાશી પર કૃષ્ણ અને રાધા : રાજપુતાનામાં કિસનગઢ શૈલીનાં કૃષ્ણરાધાનાં મબલખ ચિત્રો થયાં છે, તેમાંનું આ એક ૧૭૬૦નું ચિત્ર લંડનના વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝીઅમમાં સંગૃહીત છે. આ ચિત્રમાં રાધાકૃષ્ણને પ્રેમમાં મગ્ન બતાવાયાં છે. રાતની ચાંદનીમાં આ પ્રેમમગ્ન યુગલની વળાંકદાર ભમ્મરો અને બદામ જેવી આંખો પાત્રોને રાજદ્વારી ગૌરવ આપવા ઉપરાંત કિસનગઢ શૈલીની તે દ્યોતક છે. કૃષ્ણની આંગળીઓ રાધાના ઘૂંઘટનો જરા-શો સ્પર્શ જ કરે છે, જ્યારે રાધાનો હાથ લજ્જાથી કૃષ્ણના હસ્તને વિરોધમાં માત્ર સ્પર્શે છે અને છતાં બન્નેના હૃદયભાવને મર્યાદામાં રહીને પણ અહીં અભિવ્યક્ત કરાયો છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૬૯મું — અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ઑક્ટોબર — ૧૯૯૬

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

ગુજરાતનાં તમામ સામયિકોમાં 'કુમારે' પોતાની આગવી વિશિષ્ટતા જાળવી રાખી છે તે બદલ અભિનંદન !

નવી પેઢીના સ્નાતકોને 'કુમાર' વિષે પૂછું છું તો તેઓ અજ્ઞાન વ્યક્ત કરે છે ! બહુ જ દુ:ખ અનુભવું છું.

ટી.વી. સિનેમાના આ યુગમાં કોઈને વાચનમાં રસ જ નથી. 'લાઈબ્રેરી' શબ્દ ડિકશનરિ પૂરતો મર્યાદિત થઈ ગયો છે.

મારા એક અધ્યાપક મિત્રના શબ્દો યાદ આવે છે, 'કોઈ પણ શિક્ષકનું કાર્ય તપાસવા તેના વર્ગખંડમાં જવાની જરૂર નથી; તેને ઘેર જાવ, તેની અંગત લાઈબ્રેરીમાં કયાં કયાં પુસ્તકો છે, તે કયાં કયાં સામયિકો મંગાવે છે, કયાં અખબારો વાંચે છે તે જુઓ. એટલે આપોઆપ તેની કામગીરીનો ખ્યાલ આવી જશે !' પણ આવા શિક્ષકો કેટલા ? - નલિનકુમાર ભટ્ટ (કલસારી)

*

'કુમાર' સામયિકમાં પ્રકટ થતી સામગ્રી ઉત્તમ અને પ્રેરક હોય છે. ઑગસ્ટ ૧૯૯૬ના અંકમાં 'પ્રસંગપરાગ'માં શ્રી ધનુભાઈ બી. મહેતાએ નાટ્યકાર જામને રચેલા 'સોનેરી જાળ' વિશે અધિકૃત માહિતી આપી છે. એમને અભિનંદન. એમના લખાણમાં હું મારો સૂર પુરાવું છું. ગુજરાતી રંગભૂમિ પર નાટ્ય-નિયોજન અને વિષયવસ્તુની દૃષ્ટિએ પોતાના જમાનાથી તેઓ ઘણા આગળ હતા, એટલે એમના વિષે સ્વતંત્ર લેખ થવો ઘટે છે.

એમનું મૂળ નામ જમનાદાસ મોરારજી. ભાટિયા વેપારીના પુત્ર. દ્વારકા અને ઓખાની વચ્ચે આવેલા નાનકડા વરવાડા ગામમાં એમનો શરૂઆતનો ઉછેર થયેલો. રૉયલ નાટક મંડળી (૧૯૧૯-૧૯૨૯)માં એમણે રચેલું 'સોનેરી જાળ' નાટક મુંબઈમાં પહેલવહેલું ભજવાયું સને ૧૯૨૨માં. રશિયાના ઢોંગી ધર્મગુરુ રાસ્પુટીનની પાપલીલા વાંચી એમણે એ જમાનાના વૈષ્ણવ ધર્મગુરુની ઉઘાડે છોગે ઠેકડી ઉડાડી છે. જાનમ કવિ નર્મદ પછી આપણા બીજા બંડખોર નાટ્યકાર. અમને લાગે છે કે એમને જોઈએ તેટલાં અને તેવાં સન્માન મળ્યાં નથી; એ રંગભૂમિની કમનસીબી છે. એમના ત્રિઅંકી, દ્વિઅંકી, એકાંકી નાટકોની હસ્તપ્રતો ક્યાં ? જય ગુજરાતી ! - દિનકર ભોજક (વિસનગર)

*

મારી પાસે 'કુમાર'નાં પાછલાં ૫૦ વરસોની ફાઈલો છે તે દરેક રૂ. ૧૦૦ની કિંમતે વેચવાની છે. તેમજ ગુજરાત નેચરલ હિસ્ટરી સોસાયટીના મુખપત્ર 'પ્રકૃતિ'ના ઘણા અંકો છે તે પણ વેચવાના છે. લખો : ભગવાનજી મંગળજી ઠક્કર, ૧/૫, પારસમણિ ફ્લૅટ્સ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧

દસ હજાર ગ્રાહકોની ટહેલના સંદર્ભે 'કુમાર' માટે વિવિધ યોજનાઓ

'કુમાર'નું પ્રકાશન ૧૯૯૦માં ફરી શરૂ કર્યા પછી વાચકો અને 'કુમાર'ના ગ્રાહકો તરફથી ભરપૂર સદ્‌ભાવ અને સહકાર મળતો રહ્યો છે. પરંતુ 'કુમાર'ને જો આર્થિક રીતે પગભર કરવું હોય તો દસ હજાર ગ્રાહકો જરૂરી છે. આપ સહુના સદ્‌ભાવને આધારે આ વર્ષે દસ હજાર ગ્રાહક-સંખ્યા પૂરી કરવામાં આપના સહુના સહકાર માટે ટહેલ નાખીએ છીએ. આ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે કેટલીક યોજના રજૂ કરીએ છીએ :

૧. આપ જો 'કુમાર' એક વર્ષ માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને ભેટ આપવા માગતા હો તો તમે જણાવશો તે વ્યક્તિ કે સંસ્થાને રૂ. ૯૦-૦૦માં વર્ષભર 'કુમાર' મોકલાતું રહેશે. આ સાથે ભેટ રૂપે એક ત્રિરંગી ચિત્ર પણ મોકલાશે. આપે માત્ર રૂ. ૯૦-૦૦નો મનિ ઑર્ડર અથવા 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો ડ્રાફટ મોકલવાનો રહેશે.

૨. આપ જો ૧૦ વ્યક્તિ કે સંસ્થાઓને 'કુમાર' એક વર્ષ માટે મોકલવા માગતા હો તો તેમનાં નામ - સરનામાં સાથે રૂ. ૮૫૦-૦૦ મનિ ઑર્ડર કે ડ્રાફ્ટથી મોકલી આપશો. એમને પણ ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

૩. શાળા-મહાશાળાના વિદ્યાર્થી જો એક વર્ષ 'કુમાર' મેળવવા માગતા હશે તો તેમને માત્ર રૂ. ૮૫-૦૦માં જ મોકલાશે. વિદ્યાર્થીએ પોતાના લવાજમની રકમ સાથે પોતાના આચાર્યનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

૪. 'કુમાર'નું બે વર્ષનું લવાજમ રૂ. ૧૯૦, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૨૭૦ અને પાંચ વર્ષનું લવાજમ રૂ. ૪૫૦ રહેશે.

* આ વર્ષના જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીના અંકો હવે સિલકમાં રહ્યા નથી. આથી નવા ગ્રાહકો ઑક્ટોબર માસથી જ નોંધી શકાશે તેની નોંધ લેવા વિનંતી છે.

કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવો અનુરોધ છે.

ડાંગવનોમાં ફરી એક વાર / ઉશનસ્

(પૃથ્વી - સૉનેટષટ્ક)

૧. પ્રભાતપ્રવેશ

અવાજ નહિ જોઈએ જરીય, ચૂપ; ધીમે રહી
દબે પગ ચલો, કશું ન કચડાય કાર્કશ્યથી;
જુઓ ન ઊઠી જાય કોઈ તૃણપત્તીયે ઊંઘથી,
હજીય ભરઊંઘના સપનમાં વનો છે અહીં;
જુઓ, જરીક - કાળજી વધુ લિયો; ધીમા શ્વાસમાં
શ્વસો; શ્વસન આપણું પવનને રખે આંચકે
હલાવી જગવી દિયે ન ક્યહીં, પ્રાણને હીંચકે
હજી પવન ઊંઘતો દિસત રાત-વિશ્વાસમાં;
જુઓ જરીક શાન્ત થૈ રજની પાછલીની ઘડી
ઠરેલ તમ નેત્રથી તળલગી, સીધાં ને ઊંચાં
ખીણે તરુવરો હજી ઊંઘી રહ્યાં ઊભાં ને ઊભાં;
હજી સ્વર ન ક્યાંય, આદ્ય નથી ચાંચ કો ઊઘડી;
બધું જ ઠર્યું છે અહીં, મન! તુંયે જરી જો ઠરે,
પહાડી મન આરપાર નિરખાય સ્વપ્નાતળે!

૨. બપોર - એક વાઘતંદ્રા

ભરો ધડકને ધરી ડગ, હજી વધુ કૈં ધીરે,
પ્રશાન્ત વનની પ્રભાતઠરી વેળ, એના સ્વને
રખે ઝબકી જાય, એકદમ ઊઠી જાયે વને;
રખે સ્વર-તરંગ મૌનસર ઊઠીને હ્હોળી રૂહે;
ધરો ચુપકી, આપણી નગર-ટેવ-વાણી વતી
અક્ષુણ્ણ ક્ષણ આ પવિત્ર વનની રખે ને કરે
વિક્ષુબ્ધ; અમ એક બોલથીય વૃક્ષ પર્ણો ખરે;
-ખરેલ પરણે હજી ન ખખડી વિ-સર્પી ગતિ;
વિચારી રહું ત્યાં બપોર! વળી પાછું વૈજન્ય; ને
તપે અરવ શૂન્યતા અવર, સૂર ક્યાંયે નથી,
ઉઘાડી થઈ છાંયની બધી જ બોડ. ઝાડી થકી
ખરંત તડકે દીપે શરીર દીપ્ત ચાઠે, બને:
શિકાર ભરખી સૂતેલ પશુ વન્ય, - શો લાગ છે!
પટા પીળચટા ! શું ભાગ્ય : દગ સંમુખે વાઘ છે!

૩. ઢળતી સાંજ

બપોર સુધી તો ન'તા ક્યહીંય તે બધા છાંયડા
ક્યહીંથી - વિવરોથી ભૂત સરખા ઊઠ્યા ભામટા,
ક્યહીંથી - શિખરોથી, તુંગ તરુથી ઢળ્યા સામટા
દિશેદિશથી નીકળ્યા ભીલભયંકરા ભાયડા;
વિલાપ અવ પ્હાડી વાસરનું પ્ય ધીમેધીમે,
દંદંદલ બિડાય, પ્હાડતણું હાડી અંગાંગ, જ્યાં
હવે વળત ટૂંટિયું, બધું સમેટી નિઃસંગ ત્યાં
ઢળે તમસરાત, ચાદર શી ઓઢી લેતી સીમે;
વિદાય, શુભરાત્રિ હો, ગિરિવરો, વનો ! આવજો;
વિદાય, જઈએ અમે; ગતિ અમે; તમે સ્થાવર,
સુણેલ તમ સાદ, કિંતુ અમ પ્રીત યાયાવર;
અહીં ન શકીએ રહી; ફરીથી કોદી બોલાવજો;
ફરી મળીશું જો હશે નસીબ. ભાંડુ! લો, આજ તો
જવું જ, પણ આ ક્ષણે નથી હું જે હું પ્હેલાં હતો.

ડાંગવનોમાંની કવિની પુનર્યાત્રાનું આ સોનેટષટ્કમાં સુચારુ અને સચોટ નિરૂપણ-વર્ણન છે. પ્રભાતથી રાત સુધીના વનપ્રવાસ દરમિયાનની અનુભૂતિને અહીં કાવ્યાત્મક અભિવ્યક્તિ મળી છે. સવારની શાન્તિનો લેશ પણ ભંગ ન ઇચ્છતો કાવ્યનાયક પહેલા જ સોનેટમાં ત્રીજી-ચોથી પંક્તિમાં કલ્પનામઢ્યો ઉદ્ગાર કાઢે છે. બધું જ શાન્ત છે ત્યારે નિજના અશાન્ત મનને જરી ઠરવા કહે છે. વળી, બીજા સોનેટમાં પ્રકૃતિ સાથેના તાદાત્મ્યની સંવેદનશીલતા 'ધરો ચુપકી... રખે ને ખરે;' - જેવી પંક્તિઓમાં કેવી નાજુક અભિવ્યક્તિ પામી છે ! તો એની વિરુદ્ધમાં ભરબપોરે શિકાર ભરખીને સૂતેલા વાઘનું રમણીયરુદ્ર ચિત્ર આ બીજા સોનેટને અંતે અંકાયું છે. ત્રીજા સોનેટમાં વનની ઢળતી સાંજને પહોરે નાયકે જે સ્વરૂપાંતર અનુભવ્યું છે તે છેલ્લી પંક્તિમાં શબ્દસ્થ થયું છે. ચોથા સોનેટમાં વન્ય પ્રાકૃતિક તત્ત્વોને 'ભાંડુજન' કહી તેમની વિદાયવેળાએ જે કરુણશુભ ભાવ કાવ્યનાયક અનુભવે છે તે અન્તે અસરકારક રીતે નિરૂપાયો છે. પાંચમા અને છઠ્ઠા સોનેટમાં ડાંગવનની વિદાયને અને તેમાંથી સ્ફુરતા નવ્ય પ્રાકૃતિક દર્શનને નિરૂપવામાં આવ્યાં છે. વનમાંથી ઘર ભણી પ્રયાણ કરતા કાવ્યનાયકનો વન જાણે પીછો કરે છે અને એમાંથી જાણે અનાગતના પ્રફુલ્લનનું સૂચન અંતે મહત્ત્વનું બની રહે છે. ધી.પ.

૪. રાત્રે શુભવિદાય

દિજો શુભવિદાય ભાંડુજન હે, જઉં છું હું તો :
અમારી ગતિ આપથી ઘણી જ દૂર, ઊંધી દિશે
અમારું ઘર, તે ભણી નગર કેરી વસ્તી વિશે;
-અહીંય તમ સંગ લાગ્યું નથી પારકું આમ તો;
કહું? થતું'તું ઊલટું જ : કદી આ કુટુંબે હતો :
કદીક તૃણ હું હતો, તરુ હતો, હતો ડુંગરો;
અસંખ્ય સરલ ક્રમે સભર જંતુઓ-ઊભર્યો;
અહીં જ મુજ મૂળ, મારું દર, આજ ટિમ્બે હતો;
અને ત્વરિત ઊપડે સ્થગિત યાન, લેતું ગતિ..
ખડાં તરુવરોની તુંગતમ ટોચ શૃંગો પૂંઠે
વિલુપ્ત થતી જાય, રાત્રિતમ છોળ જેવું ઊઠે,
પહાડતણી એકમેક સ્રજી ચોટીઓ ડૂબતી;
બિડાતી તમ અશ્વ-નાળસમ છેલ્લી એ બાથથી
શક્યો ન છટકી હતે, હત ન જો છૂટ્યો જાતથી.

૫. પાછળ હઠી જતું વન : એક અનુભૂતિ

બિડાતી તમ પ્રીતબાથ થકી તો હું છૂટી ગયો,
પરંતુ છૂટ્યું સ્થૂળ, સૂક્ષ્મ મુજ કેટલુંયે ત્યહીં
રહી જ ગયું છે, ત્યહીં જ મુજ સ્પંદ મૂકી દઈ
ગયો છું નીકળી જ, તે અહીં રહ્યો હું જોઈ રહ્યો :
શું જોઉં મુખ ફેરવી? તિમિર-ઊતર્યા અંચળોઃ
અભેદમહીં પ્હાડ-ઝાડતણી ભેદરેખા ગળી,
હતી ક્ષિતિજના તટે પ્રતિપદા ઝીણી નીકળી,
રહસ્યમયતા મહીં ગરક થૈ ગયાં જંગલો...
હું જોઉં : તમ પ્રીતરૂપ થઈ બેય પા ઝાડીઓ
પૂંઠે જ મુજ આવી છેક અહીંયાં લગી ઢાળમાં
દબે પગ જ, કાળી જંગલી બિલાડી આકારમાં
અહીં લગણ આવી પાછી વળી ગૈ દિસે પ્હાડીઓ!
હવે ઘરભણી પ્રયાણ; પણ યાન પૂંઠે અરે
ક્રમે ક્વણ આંખ? સ્વપ્ન લગી કોણ પીછો કરે?!

૬. ડાંગદર્શને વિકસતું એક નવું દર્શન

હતો ન ઇતિહાસ; એથી પણ જૂનું ભૂ-જેટલું
પુરાણું અહીં આદ્ય એવું વન સંમુખે છે ખડું,
પુરાણતમ પ્હેલવ્હેલું તૃણ ફૂટ્યું'તું ફૂટડું,
રહેલી જળવાઈ આદ્ય ક્ષણ તેય થૈ તણખલું!
પુરાણતમ પ્હાડીઓ હજીય એવી ને'વી દિસે
અડાબીડ, પડેલ એક મહીં મેક ગૂંથી કડી
અક્ષુણ્ણ, મનુવંશની પગલી ના હજી જ્યાં પડી,
પડી અગર હોય ક્યાંક હજી ના ભૂંસાઈ હશે;
અક્ષુણ્ણ, ઇતિહાસકાળમહીંથી શક્યો નીસરી
અવાયું નીકળી યુગોયુગ ઉલંઘી આ કાળની
તવારીખથી આજની ક્ષણ સુધી ય આ પારની,
નિહાળું : વનમાં નિશાળ નવી એક છે નીકળી!
હવે બધું જ શક્ય, આદિ વનમાં નવી સ્કૂલ છે,
નિહાળી રહું ખીલતો સમય ભાવિ
કો ફળખિલાવતું ફૂલ છે!

ટૌકો અને ગ્હેક / ભાનુપ્રસાદ પંડ્યા

(ગાન)

'ટૌકાજી, ચીસ કાળી સંકેલી લ્યો!:'
કહે પચરંગી પીંછાળી ગ્હેક,
ચારેપા ઝરમરતું આભ અને ધરતીના
હૈયાથી ધસમસતી મ્હેક!
'છુપાતાં બોલવાના વીત્યા સૌ દંન
હાવાં છડેચોક નાચવાનું ટાણું,
બોલ કર્યા વ્હેતા ને પાથર્યો કલાપ
એવી આવી સૌ! ટોળું 'ભરાણું!
છોકરાંને ચાળા પડાવવાનું મેલો
ના શોભે આષાઢલગી છેક!'
'ઝરમરિયા મ્હેકથકી ઓછી લગીર નથી
મદમાતી મંજરીની ગંધ,
મધમીઠા ટૌકાથી વંન અને વાડિયુંમાં
પાંગરતા મીઠા સંબંધ!
ઝાઝેરી જોરુને ભેળી કરી ટોળામાં
દેતાં રહેવાય આમ ઠેક?!
ધરતીમા બોલિયાં : બેય ભારે રઢિયાળા
ઘેલાં સૌ તમથી મનેખ!
આપથકી રૂડી હું - રૂડો આ લોક
વળી સૂરમહીં બેયની વશેક!

ચરણચિહ્ન / જગદીશ ત્રિવેદી

(વસંતતિલકા • સૉનેટ)

આયુષ્યની અવધિ ઉંબર પાસ ઊભી
ત્યારે અચાનક વળી મનસાગરે કૈં
જાગે અહો ખળભળંત તરંગ-લોઢ:
ચાલો જરી પવનપાવડી પ્હેરી લૈને
આયુષ્યની સફર માંહીં - નિહાળી લૈએ-
ક્યાં ક્યાં પડ્યાં ચરણચિહ્ન વિશાળ ભોમે.

ને આંખ જ્યાં પવનપાવડી પે ચડીને
વંટોળિયા - શી ચગતી ચગતી ચલી કૈં-
ઘૂમી વળી નગર ને પથ-કેડીઓ ને
કાંઠા સરોવર તણા વળી શૈલશૃંગ.

આશ્ચર્ય! - ત્યાં અજબ એક અડોલ વૃક્ષ
ઘેરી ખડું જગતને બહુ-ડાળપર્ણ-
જેની પરેથી ઢગલેઢગલા અસંખ્ય
ઝંઝેડતું કવણ આ સહુ પાયહ્નિ?

- તો / ભગવતીકુમાર શર્મા

(ગાન)

વરસું તો હું ભાદરવો ને સળગું તો વૈશાખ;
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ...
ઘેરાઉં તો વાદળ કાળાં, વિખરાઉં તો વાળ,
ભીંજાઉં તો અષાઢ અમથો, કોરો તો દુષ્કાળ!
બિડાઉં તો હું સ્વપ્ન સલૂણું, ઊઘડું તો હું આંખ;
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ...
ફોરું તો હું ફૂલ અને જો બટકું તો હું ડાળ,
ચાલું તો હું પંથ અને અટકું તો અંતરિયાળ.
ઊડું તો આકાશ, નહીં ઊડું તો ઘાયલ પાંખ,
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ..
શ્વાસ લઉં તો ઝલમલ ઝલમલ, શ્વાસ છૂટે તો શૂન્ય:
આ જગમાં આવીને જીવવું-મરવું બંને ધન્ય!
ઊગું તો હૂં સૂર્ય, નહીંતર સાંજે વળતી ઝાંખ.
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ...

દીવા ! / કાન્તિભાઈ ખુ. જોષી

(ગઝલ)

કોના શિરીષ સ્પર્શથી શરમાય છે દીવા?
મલ્હાર કોઈ ગાય છે, ભીંજાય છે દીવા.
સૂરજમુખીના કોક ખીલ્યા ફૂલને સ્મરી,
ઘૂવડની આંખમાં લીલા પડઘાય છે દીવા.
અંધકારમાં છકેલ જામ પી લીધા પછી
મારગમાં બ્હાવરા હવે પડઘાય છે દીવા.
થાકી ગયા જલી જલી આદમના કાળથી,
વર્ષાની બુંદ બુંદમાં મલકાય છે દીવા.
'રખેને કોઈ ક્યાંક સાંભળી જશે' - બીકે
પ્રકૃતિતણી લીલા ધીમેથી ગાય છે દીવા!

ટકોરા મારતું / ધૂની માંડલિયા

(ગઝલ)

ચાર ઊભી ભીંત છે પણ ઘર નથી,
ચાલ જઈએ ગામ જ્યાં પાદર નથી.
કોઈ ભીતરથી ટકોરા મારતું,
દ્વાર ખોલું કોઈ પણ અંદર નથી.
આજ પહેલી વાર 'હું' સામે મળ્યો,
આજ આવ્યો ખ્યાલ 'હું' સુંદર નથી.
આંસુઓ કેવાં હશે પૂછ્યું અમે,
આંખ પાસે આજદિન ઉત્તર નથી.
હાથ મૂકું તોય એ અડકાય ના,
આયનામાં આ રહ્યા, અંતર નથી.



નીરવ સંવાદનાં સાધિકા - મા

શારદામણિદેવી

દર્શના ધોળકિયા

'એક આદર્શ તરીકે કરવું જોઈએ તે કરતાં ઘણું વધારે મેં કર્યું છે.' પોતાના વિશે આ પ્રકારનું નિવેદન કરવાનો હક્ક ગમે તે વ્યક્તિને મળી શકતો નથી. જીવનને પૂર્ણ રૂપમાં પામી લીધા પછીનો, જીવનનું અખંડ દર્શન કર્યા પછીનો આ ઉદ્‌ગાર, આ યુગની મહાન સંત નારી, એમના જેવા જ મહાન સંન્યાસી પતિ પરમહંસ શ્રી રામકૃષ્ણદેવની આંતરિક સહધર્મચારિણી, દૈહિક પત્નીત્વ ને માતૃત્વથી અસ્પૃશ્ય રહીને પત્ની ને જગન્માતા બનેલી મા શારદાનો છે. આમ કહેવા પાછળ પોતાને જે લાગ્યું છે તે સત્ય જ હોઈ શકે, અન્ય કશું જ નહીં એવી પ્રતીતિ છે. આ પ્રતીતિને ગર્વ કહેવાની ભૂલ એટલા માટે કરી શકાતી નથી કે આ વ્યક્તિઓ જીવનને પામ્યા પછી, માત્ર એક નિવેદનના રૂપમાં સત્યનું નિદર્શન કરે છે.

શારદાદેવીના ભાગે, ભારતના કહો કે જગતના મહાન અધ્યાત્મ પુરુષ રામકૃષ્ણ પરમહંસની સાથીદારી કરવાનું આવ્યું. શારદામણિ રામકૃષ્ણનાં પ્રથમ શિષ્યા છે. રામકૃષ્ણે સમાજ પ્રતિ દાખવેલા લોકકલ્યાણના વિચારનાં એ પ્રથમ વાહક બન્યાં છે. પતિની જેમ જ એમની પાસે કોઈ બાહ્ય ભભક નથી. આછું-પાતળું અક્ષરજ્ઞાન, તે પણ પાછળથી મેળવેલું; ગ્રામસમાજમાં થયેલો ઉછેર, તત્કાલીન બંગાળી સમાજની કૂપમંડૂક નીતિ-રીતિમાં વીતેલું બાળપણ ને જીવાતી-જેવી બાહ્ય ઓછપ, રામકૃષ્ણ સાથે સંવાદ સાધવામાં શારદાને જરા પણ નડી નથી. એના મૂળમાં શારદાના આંતર પ્રવાહમાં વહેલી જીવન તરફની નીરવ સંવાદિતા છે. અહીંનું સઘળું કંઈ તેઓ જાણે કે જોડવા આવ્યાં હોય તેવું જણાય છે. તેમના વ્યક્તિત્વમાં પડેલી આ અનંત શક્યતાઓને લઈને જ કદાચ તેઓ રામકૃષ્ણના જીવનમાં પ્રવેશ પામી શક્યાં છે. સમાજ ને કુટુંબ જેમને ગાંડા ગદાધર તરીકે ઓળખતું હતું તેવા આ શ્રેષ્ઠ મનુષ્યે પોતાનાથી ૧૯ વર્ષ નાની બાલિકા શારદા સાથે પસંદગીનાં લગ્ન કરવા ધાર્યું છે એ જ બતાવે છે કે પત્નીનાં સંવિતને રામકૃષ્ણે એક ઝવેરીની નજરથી પારખ્યું છે. આ સંવિતને લઈને જ આ વિરલ દંપતીની પરસ્પર વિકસેલી સૂક્ષ્મ રતિ, આસક્તિને અભિક્રમી ગયેલી વિરક્તિ બનીને દામ્પત્યનું એક નવું સ્વરૂપ પ્રકટાવી શકી છે. આ અર્થમાં એમનું દામ્પત્ય મૌલિક છે.

રામકૃષ્ણ જેવા પુરુષે પ્રેમ અને આદર આપીને શારદામણિનું પૂરું સન્માન જાળવ્યું છે. તો બીજી બાજુ, ધગધગતા વૈરાગ્યને શારદાદેવીએ પોતાના ચેતનાગર્ભમાં ઉછેર્યો છે, વિકસાવ્યો છે, પરાકાષ્ઠાએ પહોંચાડ્યો છે ને અંતે પતિના વૈરાગ્યની જ્યોત સાથે મેળવીને તેનું સંવરણ કર્યું છે. આ દંપતીએ પોતપોતાના વૈરાગ્યને ચકાસવા માટે દામ્પત્યનો એક માધ્યમ તરીકે ઉપયોગ કરીને જીવનનું પૂર્ણત્વ પ્રકટાવ્યું છે.

બંગાળના બાંકુડા જિલ્લામાં અગ્નિકોણમાં આવેલા નાનકડા ગામ જયરામવાટીમાં ઈ.સ. ૧૮૫૩ની ૨૨મી ડિસેમ્બરની રાત્રે પિતા રામચન્દ્ર મુખરજી અને માતા શ્યામસુંદરીને ઘેર પ્રથમ પુત્રી તરીકે જન્મેલાં શારદાદેવીનું બાળપણ ઝાઝું ટક્યું નથી. પાંચ વર્ષ પછી જ શારદાનું લગ્ન ઈ.સ. ૧૮૫૯ના મે માસમાં કામારપુકુરના નિવાસી, ખુદીરામજીના પુત્ર ગદાધર સાથે થઈ જાય છે! શારદાનું માગું ખુદ ગદાઈના કહેવાથી જ નંખાયું છે. આ લગ્નથી ગદાધર ખુશખુશાલ છે, ને ૧૮૬૦ના ડિસેમ્બર માસની આસપાસ શ્વસુર-ગૃહની મુલાકાત લેતા ગદાધર પત્ની શારદામણિને મળે પણ છે!

જીવનના પ્રારંભથી જ શારદામણિએ પોતામાં રહેલું હીર કાળજીથી છુપાવ્યું છે. તેમને જાણે કે પતિએ જ તૈયાર કર્યાં છે એવો વહેમ જાય એટલી હદે શારદાએ પોતાની નિર્દોષતા, સરળતા ને નમ્રતા દાખવ્યાં છે. પરંતુ નાનપણથી જ તેમને અક્ષરજ્ઞાન મેળવવાની ભારે હોંશ રહેલી. સાસરે જતાં ત્યારે ચોરી - છૂપીથી જેઠની પુત્રી લક્ષ્મીની ચોપડી વાંચતાં. પાછળથી દક્ષિણેશ્વરના નિવાસ દરમિયાન સરખી રીતે વાંચતાં-લખતાં શીખેલાં. આ અભ્યાસને પરિણામે તેઓ રામાયણ જેવાં પુસ્તકો વાંચી શકતાં, પણ ખાસ લખી શકતાં નહીં. કામારપુકુરમાં રહ્યાં

તે સમયમાં તરવાનું, ગાવાનું, સીવવાનું પણ શીખ્યાં. યુવાન રામકૃષ્ણે તેમને ગૃહજીવનને લગતી તમામ તાલીમ આપી. જેમાં હોડીમાં કે ગાડીમાં જતી વખતે વસ્તુઓ કેમ સાચવવી, દીવાની વાટ કેમ સંકોરવી, દાળ-શાકનો મસાલો કેમ કરવો, પાન કેમ બનાવવું વગેરે બાબતોનો સમાવેશ થતો હતો. પતિ રામકૃષ્ણે આ સમયગાળામાં તેમને માતા બનીને ગૃહિણી ધર્મની કેળવણી આપી, જેથી કરીને માતાજી પોતાના શ્વસુરગૃહમાં પણ સન્માનપૂર્વક રહી શકે. શારદાદેવી એક વૈરાગીને પરણ્યાં હતાં એ વાતનો રામકૃષ્ણે આછો અંદેશો પણ બાલ્યવયની પત્નીને આવવા દીધો નથી કે નથી તો તેમનામાં અધ્યાત્મની ભાવના જગવવાનો લેશમાત્ર પ્રયત્ન કર્યો. એક બાલિકાની આંતરિક જરૂરિયાતને જ લક્ષમાં લઈને રામકૃષ્ણે પત્નીની ભારે કોમળતાથી માવજત કરી. પતિનો હૃદયદેવ તરીકે આ ક્ષણોમાં અનાયાસે જ સ્થાયી દીધા છે.

બાલ્યાવસ્થામાં પતિને પ્રેમમૂર્તિ તરીકે જોયા બાદ શારદા દેવીને ફરીથી થોડા સમય માટે તેમનો વિરહ ભોગવવાનો આવ્યો છે. રામકૃષ્ણ દક્ષિણેશ્વર રહેવા ચાલ્યા જવાથી માતાજી પિયર રહેવા આવ્યાં. ઈ.સ. ૧૮૬૭-૬૮ના ગાળામાં માતાજીને કાને પતિની ઉન્માદ-અવસ્થાનું વર્ણન સાંભળવામાં આવ્યું. ગામલોકો તેમની એક ગાંડા મનુષ્યની પત્ની તરીકે દયા ખાવા લાગ્યાં. આ બધું સાંભળીને વ્યથિત થયેલાં શારદાદેવીએ જાતે જ દક્ષિણેશ્વર જઈને પતિની તપાસ કરવાનું યોગ્ય ધાર્યું ને પિતા સાથે કલકત્તા જવા નીકળ્યાં.

ઉન્માદી ને વિદેહી તરીકે ઓળખાતા રામકૃષ્ણદેવે યુવતી બનેલી અઢાર વર્ષીય પોતાની પત્નીનું વિસ્મય પ્રેરે એવું સ્વાગત આ ક્ષણે, પરોક્ષ રીતે કર્યું છે. જયરામવાદીથી આવેલા યાત્રીઓને દક્ષિણેશ્વરના ગંગાઘાટે ઊતરતા જોઈને ભાણેજ હૃદયને રામકૃષ્ણ કહે છે, 'ઓ હૃદુ, આ અશુભ ઘડી તો નથી ને? એ પહેલી વાર આવે છે.' અનાસક્ત એવા રામકૃષ્ણની પત્ની પ્રત્યેની સૂક્ષ્મ રતિનો આ પ્રથમ પરિચય છે. શારદામણિદેવી રામકૃષ્ણના જીવનમાં શુભ ઘડી બનીને હંમેશને માટે પ્રવેશ્યાં તે ક્ષણથી જ તેમના ગુણોએ કરીને આ મહામાનવનો આદર તેમણે પ્રાપ્ત કર્યો છે.

આ દિવસોમાં રામકૃષ્ણે શારદામણિને સહશયન કરવાની અનુમતિ આપી છે. ત્યારથી તેમનું મૌલિક દામ્પત્ય શરૂ થયું છે. સંસારમાં ને દામ્પત્યમાં પ્રવેશ કરતી આ યુવતીને તેમનાથી ઓગણીસ વર્ષ મોટા પતિનો પહેલો પ્રશ્ન આ છે : 'તમે મને, શું સંસારના માર્ગે ખેંચી જવા આવ્યાં છો?' ત્યારે શારદાને અસામાન્ય યુવતી તરીકે પ્રકટ કરતો આવો ઉત્તર સાંપડે છે : 'ના રે, ભાઈ, હું શા માટે તમને સંસારને માર્ગે ખેંચી લઈ જાઉં? હું તો તમને ઈષ્ટ માર્ગે સહાય કરવા માટે જ આવી છું.' આ ઉત્તર કંઈ મનને કેળવીને, સમજાવીને, બહેલાવીને અપાય એવો ઉત્તર તો નથી જ, એ સહેજે સમજાય તેમ છે. આ ઉત્તરનું વહન કરવું પણ કેટલું મુશ્કેલ કોઈ શકે તે પણ સમજાય તેવી વાત છે. આથી અનુમાની શકાય છે કે શારદામણિ પણ પ્રચ્છન્ન રીતે વિરક્ત સ્ત્રી જ હોઈ શકે. એ વિના સહશયનની ક્ષણોમાં આવો ઉત્તર આપતાં પહેલાં સામાન્ય સ્ત્રી કાં તો મૂંઝવણમાં મુકાય, કાં તો પતિથી નારાજ થઈ જાય અથવા નિરાશ થઈને જીવનને ધિક્કારવા લાગે. એને બદલે સ્વસ્થ રીતે પતિની વિચારસરણીનાં સહયાત્રી તરીકે પહેલે જ ધડાકે શારદાદેવીએ પોતાની જાતને પ્રમાણિત કરી દીધી છે. આ સ્ત્રીને રામકૃષ્ણ પહેલેથી જ પારખે છે. આથી જ એક વાર તેમણે એમની ઓળખાણ આપતાં કહેલું, 'એ છે શારદા, જ્ઞાનદાયિની. આ વખતે રાખ ઢાંકીને આવી છે. રાખ ઢાંકેલી બિલાડીની જેમ એનું રૂપ ઓળખાય નહીં. શારદામણિએ પોતાનું મૂળ રૂપ છુપાવ્યું છે, પણ એ છુપાય તેમ નથી. ખુદ રામકૃષ્ણ પણ એમનું આ રૂપ પ્રકટ કરવા ઇચ્છે છે. ક્યારેક રમૂજમાં તો ક્યારેક ગંભીર બનીને રામકૃષ્ણે પોતાની પત્ની વિશે આ પ્રકારનો ઈશારો કર્યો જ છે. વાતવાતમાં એક વાર હસીને રામકૃષ્ણે કહેલું કે, 'જે સંતાનના જન્મ સમયે માતા શણગારે તે જ માતા તેના મૃત્યુ સમયે માથું પછાડીને કલ્પાંત કરે. એના કરતાં બાળકો ન હોય તે જ વધારે સારું.' આ વાતને સાંભળતાં શારદાદેવીએ તરત જ દલીલ કરતાં જણાવેલું, 'બધાં બાળકો કંઈ મરી ન જાય.' આ સાંભળીને પ્રસન્ન થયેલા રામકૃષ્ણે જણાવેલું, 'આ તો જીવતા નાગ પર પગ પડ્યો. મને તો એમ કે ભોળાં છે. પણ આ તો બધું જ સમજે છે.' બધું જ સમજવા છતાં પોતાનાં અસ્તિત્વને શૂન્યવત્ કરવાની શારદાની કળાએ કરીને રામકૃષ્ણ જિતાઈ ગયા છે.

રામકૃષ્ણના ભાણેજ હૃદય અવારનવાર શારદાદેવી સાથે અપમાનપૂર્વક વાતચીત કરતા ત્યારે એક વાર રામકૃષ્ણે તેને ચેતાવતાં કહેલું, 'આનામાં (પોતામાં) જે છે તે કોઈ વાર ફૂંફાડો મારશે તો વાંધો નથી, પણ આમનામાં (શારદામણિમાં) જે છે તે જો ફૂંફાડો મારશે તો પછી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પણ બચાવી નહીં શકે.' શારદામણિને રામકૃષ્ણની આ કદાચ પહેલી ને છેલ્લી અંજલિ છે. તેઓ જ એમને આ રીતે સમજી શકે.

રાખ ઢાંકીને ફરતાં શારદાનું સ્થૈર્ય કેવી કેવી ક્ષણોમાંથી પસાર થયું છે એ જોઈને નવાઈ લાગે. પતિની સેવા કરતાં શારદાદેવીએ એક વાર રામકૃષ્ણને પૂછેલું, 'તમે મને તમારી શું કહીને જાણો છો?' જવાબ મળે છે, 'જે માતા સામેના મંદિરમાં બિરાજે છે, તે જ માતાએ આ દેહને જન્મ આપ્યો છે, અત્યારે નોબતખાનાની ઓરડીમાં વસે છે ને એ જ માતા આ ક્ષણે મારા પગ દાબી રહી છે.' આવો છે આ બંનેનો શૃંગાર! એને કોઈ

જ નામ વિનાનો સંબંધ ગણવો વધુ ઉચિત લાગે છે. કોઈ પણ પ્રકારની સંજ્ઞા આ મૌલિક દામ્પત્યને આપવી એ અણસમજનું જ કાર્ય ગણાય. શારદામણિનો વૈરાગ્ય પતિના પગલે ચાલવાની હોંશ કે ધૂનમાંથી જન્મ્યો હોત તો આટલો પરિપક્વ ન હોત. ક્યાંક ને ક્યાંક એમાં વિષાદની ગાંઠ વરતાઈ રહેત. આથી, સ્વાભાવિક રીતે જ રામકૃષ્ણ પાસે સ્થાન મેળવવું તેમના માટે દુષ્કર બની જાત. તેને બદલે રામકૃષ્ણે પત્નીની હેસિયત જોઈને કહેલું, "એ જો આટલાં સંયમી ન હોત ને એમણે જો મનનો સંયમ ગુમાવીને મને આકર્ષ્યો હોત તો કોણ જાણે છે કે હું પણ મારો સંયમ ગુમાવી ન બેસત! લગ્ન થયા પછી મેં જગદમ્બાને પ્રાર્થના કરેલી કે, 'મારી પત્નીના મનમાંથી સ્થૂળ ભોગોની વાસના તદ્દન નિર્મૂળ કરી દેજે.' હું એમની સાથે રહ્યો ત્યારે મને ખબર પડી કે મારી એ પ્રાર્થના માએ ખરેખર સાંભળી છે." રામકૃષ્ણનું આ નિરીક્ષણ સ્પષ્ટ કરે છે કે શારદામણિના વ્યક્તિત્વમાં સમાધાન થયેલું છે. વૈરાગ્યની વૃત્તિએ તેમનામાં ઘર કર્યું છે. રામકૃષ્ણ પાસે આવ્યાં તે પહેલાંનાં શારદામણિ ભોળાં છે, ગ્રામબાળા હોઈને અણસમજુ છે, પણ પછીથી ઘડાયાં છે એવું પણ નથી. ભૌતિક વિલાસ શું છે એની તેમને જાણ છે. પણ એમાં તેમને રસ નથી. એમનું ચૈતન્ય જીવનના ઊર્ધ્વીકરણમાં રાચતું હોઈ, ભૌતિક વિલાસો તેમના માટે ગૌણ બન્યા છે. નીર-ક્ષીરનો ભેદ પારખવાનો તેમનામાં રહેલો વિવેક તેમને પરમહંસની પત્ની ઠેરવે છે.

પતિ સાથેનું શારદાદેવીનું વિરલ સાયુજ્ય રચતો પ્રસંગ તે ષોડ્શી પૂજાનો છે. આઠ માસના સહવાસ પછી રામકૃષ્ણે ઈ.સ. ૧૮૭૨ના જૂન માસમાં અમાસની રાત્રિએ માતૃપૂજા કરવાનું નક્કી કરીને દેવીની મૂર્તિને સ્થાને શારદાદેવીનું સ્થાપન કરીને તેમનું વિધિવત્ પૂજન કરેલું. આ ક્ષણે બે ઘટના સાથે ઘટી હોવાનું જણાય છે. એક તો, રામકૃષ્ણે પત્નીનો માતૃભાવે મહિમા કર્યો તો બીજી રીતે તેમને દીક્ષિત કર્યાં એમ પણ કહી શકાય. પૂજા દરમિયાન શારદાદેવીએ ભાવસમાધિમાં ચાલ્યાં જઈને બાહ્ય ભાન ગુમાવી દીધેલું. એક જુદા જ પ્રકારનું આ સંવનન હતું, જેનું નિર્વહણ શારદાદેવીએ જીવનપર્યંત કર્યું. શારદામાં રહેલા માતૃત્વને આ ક્ષણે રામકૃષ્ણે સૌ કોઈ માટે ખુલ્લું કરીને સૌ કોઈને તેમનામાં પરિપ્લાવિત થવાનું નિમંત્રણ આપ્યું. આ નિમંત્રણને વૈરાગી શારદામણિએ જે રીતે નિભાવ્યું એમાં પતિ સાથે અસ્પૃશ્ય રહીને કરેલા સહશયનનો પ્રતિઘોષ જોવા મળે છે. પતિએ આપેલું આ માન કૃતજ્ઞતાપૂર્વક શારદાએ માથે ચડાવ્યું છે.

શારદાદેવીના જીવનમાં આ આઠ જ માસ એવા હતા જેમાં તેઓ પતિ સાથે રહી શક્યાં. એ ગાળો રંગ-રાગ કે વિલાસને બદલે એવો તો નાજુક હતો કે તેની વાત કરતાં



મા શારદામણિદેવી • ભગિની નિવેદિતા

પાછળથી શારદામણિએ કહેલું : 'તેઓ કેવા અપૂર્વ દિવ્ય ભાવમાં રહેતા એ સમજાવી શકાય તેમ નથી.. કોઈ વાર હસતા, કોઈ વાર રડતા અને કોઈ વાર સમાધિમાં તદ્દન સ્થિર થઈ જતા. આવું તો રાતભર ચાલ્યા કરતું. એમનામાં કોઈ એવો અસાધારણ દિવ્ય ભાવ થઈ આવતો કે હું બીકથી ધ્રૂજ્યા કરતી. અને રાત ક્યારે પૂરી થશે એના વિચારો કરતી. એ વખતે સમાધિ કોને કહેવાય તેની મને મુદ્દલે ખબર નહોતી.' પાછળથી તેઓ સમાધિ ઉતારવાની રીત શીખ્યાં. એ માટે તેમને પતિની કાળજી રાખવી પડતી ને રાતના ઉજાગરા પણ થતા. આથી રામકૃષ્ણે તેમને નોબતખાનામાં સૂવાનું કહેલું.

પતિ-પત્નીનો આ પારસ્પરિક સંબંધ હોવા છતાં બંને જણ એકબીજાં પ્રત્યેનો અભિપ્રાય ભાગ્યે જ વ્યક્ત કરતાં. પણ જ્યારે કરતાં ત્યારે એકબીજાં પ્રત્યેનો તીવ્ર અનુરાગ વ્યક્ત થઈ જતો. અનેક લોકોને પોતાના હૃદયમાં જગા આપતાં. કલ્યાણકામ રામકૃષ્ણના હૃદયમાં પત્ની માટે એક જુદો જ ખૂણો હતો, જ્યાં માત્ર શારદાદેવી જ બિરાજી શકતાં હતાં. પત્નીના આરોગ્યની, લોકોએ તેમના પ્રત્યે કરવા જોઈતા આચાર-વ્યવહારની રામકૃષ્ણે ભારે કાળજી કરી છે. પોતા સાથે પત્નીના સંબંધે જોડાયેલી પત્નીનાં સંસારસુખથી માંડીને મુક્તિપર્યંતની જવાબદારી રામકૃષ્ણે સ્વીકારી છે. એક વાર મંદિરમાં સીતાજીનાં ઘરેણાં જોઈને ઠાકુરે પત્ની માટે બાજુબંધ ઘડાવવાની વ્યવસ્થા કરી આપીને મજાકમાં કહેલું તેમ, 'મારે ને એને આવા સંબંધ છે!' પોતે સંન્યાસી હોવા છતાં માતાજીના શણગારમાં રામકૃષ્ણને

ભારે રસ છે. 'એ શારદા હોવાથી એને ઘરેણાં ગમે છે' એમ કહેતા રામકૃષ્ણે વિધવા થયેલાં શારદાદેવીને સૂક્ષ્મ રૂપે દર્શન આપીને એમનાં ઘરેણાં ન કાઢવા જણાવ્યું છે. પોતાથી આપી શકાય એ પ્રકારનાં સંસારસુખનું પ્રદાન કરીને જ રામકૃષ્ણ અટક્યા નથી. એમના જેવી વિરલ આધ્યાત્મિક વ્યક્તિમત્તા સાથે શારદાની સહોપસ્થિતિથી શારદાને બહુ મોટો લાભ આપવાનું પણ રામકૃષ્ણે ધાર્યું છે. આથી જ, માતાજીને એક વાર મરડો થઈ ગયેલો ત્યારે તેઓ મનુષ્યજન્મ સાર્થક કર્યા વિના મૃત્યુ તો નહીં પામે ને, એવી ચિંતા રામકૃષ્ણે કરી છે.

બીજી બાજુ માતાજી પણ પતિને સમર્પિત ચિત્તે રહ્યાં છે. ભાવજગતમાં જીવતા રામકૃષ્ણનું અનિયમિત જીવન માતાજી જ વશમાં રાખી શકતાં. તેઓ જમવા બેસે ત્યારે તેમને ભાવસમાધિ ન આવી જાય માટે તેઓ પતિને વાતોમાં રોકી રાખીને જમાડી લેતાં. ક્યારેક રાત્રે મોડા આવતા ઠાકુરની જાગીને પણ માતાજી કાળજી રાખતાં. તેમની એકેએક વાત શારદાદેવી ઈશારાથી સમજી જાય. માતાજીએ પતિની સ્થૂળ કાળજી તો લીધી જ છે, પણ રામકૃષ્ણ સાથેની તેમની ઉપસ્થિતિ ક્યાં ને કેટલી હોવી જોઈએ એની શારદામણિમાં ઊંડી સમજ છે, એ જાણે છે કે તેઓ સંન્યાસી પતિ સાથે સંકળાયેલાં છે. આથી જ રામકૃષ્ણ સાથેના વ્યવહારમાં તેમણે સંન્યાસીની પત્ની તરીકે પતિની ઇચ્છાને શિસ્તપૂર્વક માથે ચઢાવી છે. સામે પક્ષે રામકૃષ્ણે પણ પત્નીની આ સૂઝ વિશે અનેક વાર પ્રશંસાના ઉદ્ગાર કાઢ્યા છે. એક પ્રસંગ આ બંનેના આ પ્રકારના સંબંધ પર પ્રકાશ ફેંકે છે. કલકત્તાની નજીક પાણીહાટીમાં દર વર્ષે મે-જૂન માસમાં વૈષ્ણવોનો દંડ મહોત્સવ યોજાતો, જેમાં જવાની રામકૃષ્ણની ઇચ્છા થઈ. માતાજીને પણ પતિ સાથે જવાનું મન થતાં એ અંગે તેમણે ઠાકુરને પુછાવ્યું. ઉત્તરમાં રામકૃષ્ણે 'એમની ઈચ્છા હોય તો ભલે આવતાં.' એમ કહેવડાવતાં માતાજી ન ગયાં. માતાજીને મતે, પતિ જો એમને સાથે લઈ જવા માગતા હોત તો 'જરૂરથી આવે' એમ કહ્યું હોત. પાછળથી રામકૃષ્ણે માતાજીની બુદ્ધિની પ્રશંસા કરતાં કહેલું તેમ, ત્યાંનાં લોકોએ ઠાકુરનો ભક્તિભાવ ને સમાધિદશા જોઈને તેમની મશ્કરી કરેલી. માતાજી જો સાથે હોત તો તેઓ પણ મજાકનો ભોગ બનત ને પતિની મજાક સહન ન કરી શકત. એકબીજાં પાસે વ્યક્ત થયા છતાં પણ બંનેની વિચારણામાં આ પ્રકારનો સંવાદ પડેલો હતો.

માતાજીએ પહેલેથી જ ઠાકુરને પતિ તરીકે નહિ પણ એક મહામાનવ તરીકે પારખ્યા હતા. તેમ છતાં માતાજીની પરીક્ષા લેવા માટે એક વાર રામકૃષ્ણે લથડતી હાલતમાં આવીને માતાજીને પૂછેલું, 'શું મેં દારૂ પીધો છે?' જવાબ મળેલો, 'ના રે, તમે તો કાલીનું ભાવામૃત પીધું છે.'

અનેક વાર માતાજીની આ ગુપ્ત શક્તિની પરીક્ષા કર્યા પછી રામકૃષ્ણ તેમને વશ થઈને વર્ત્યા છે, માતાજીના ગુજરાનની ચિંતા કરી છે, ને માતાજીનું કહ્યું પણ માન્યું છે. હંમેશાં માતાજીના જ હાથે જમતા રામકૃષ્ણની થાળી બીજું કોઈ લાવે તો ઠાકુર માતાજીને ઠપકો આપે. માતાજીનો ઉત્તર હોય, 'હું કોઈને ના નહીં કહી શકું. તમે કંઈ મારી એકલીના જ થોડા છો? તમે તો બધાંના છો.' માતાજીએ ઠાકુરને આવો તટસ્થ પ્રેમ કર્યો છે, માલિકીભાવનો અભાવ એ તેમનું સૌથી મોટું ગુણલક્ષણ છે. આ જ કારણે રામકૃષ્ણે તેમનામાં રહેલાં માતૃત્વનો આદર કરીને પોતાનાં ઉત્તરાધિકારી તરીકે, પોતાની હયાતી દરમિયાન જ શિષ્યો સમક્ષ તેમનું સ્થાપન કરી દીધેલું. શારદાદેવી સંઘમાતા બન્યાં તેના મૂળમાં રામકૃષ્ણે તેમનામાં જોયેલો વૈરાગ્ય હતો.

સાસરે આવીને શારદાદેવી અનેક પ્રકારના અભાવોમાં રહ્યાં. દક્ષિણેશ્વરમાં નોબતખાનાનું રહેઠાણ એક માણસ માંડ સમાઈ શકે તેવડું. આર્થિક તકલીફો, જાતભાતના લોકોને સાચવવાના, કેટલીક વાર દિવસો સુધી રામકૃષ્ણનાં દર્શન પણ પામવાનાં. રામકૃષ્ણની ભાવદશા સાચવવાની, પિયરિયાંઓની પાર વિનાની કનડગત. ગાંડાં ભાભીને ધૂની ભત્રીજીને જીવનભર સાચવવાનાં. આ યાદી ઘણી લાંબી છે. પણ માતાજીએ થાક્યા વિના આ સર્વ કંઈ કર્યું. તેમને થાક ચડ્યો છે, પતિના નિર્વાણનો. રામકૃષ્ણની અનુપસ્થિતિએ તેમને મનથી ભાંગી નાખ્યાં છે. આ સમયે તેમને પોતાના મહાન શિષ્યોનો પુષ્કળ આધાર હોવા છતાં પતિના પ્રેમ વિનાનું જીવન તેમને વેરાન રણ જેવું ભાસ્યું છે. પણ રામકૃષ્ણના આદેશને લઈને તેમણે પતિના શિષ્યોને ઊભા કરવા માટે પોતાનું બાહ્ય જીવન પૂરી પ્રસન્નતાથી ટકાવીને રામકૃષ્ણનું સ્થાન ગૌરવભેર સાચવ્યું છે. તેમની પાછલી અવસ્થાને જોતાં સમજાય છે કે તેમની વૈરાગી વૃત્તિને લઈને જ તેઓ મહાન નારી સાબિત થયાં છે. પતિ સાથે પણ ને દુનિયા સાથે પણ તેમનું વર્તન જલકમલવત્ છે. તેમનું અનાસક્ત મન ક્યાંય બંધાયું નથી. રામકૃષ્ણની પણ માત્ર ઉપસ્થિતિને, પોતાના જીવનમાં તેમના સ્થાનને જ માત્ર તેમણે ચાહ્યું છે, કહો કે આરાધ્યું છે. તેમના વિના જીવવું તેમને કઠણ જરૂર લાગ્યું છે પરંતુ એ દુ:ખ પણ એક વૈરાગી સ્ત્રીનું છે, રાગી સ્ત્રીનું તો નથી જ. તેમના સંન્યાસ વિશેના ખ્યાલોને જોતાં આ વાતની સ્પષ્ટ રીતે પ્રતીતિ થાય છે.

સંન્યાસ વિશે શારદામણિદેવી લવચીક મત ધરાવે છે. તેઓ સંન્યાસને કોઈ જડ મત સાથે સાંકળતાં નથી, પણ સંન્યાસ તેમને મન એક ચુસ્ત આચાર તો હોવો જ જોઈએ, તેમાં બિલકુલ બાંધછોડ ન ચાલે. તેમને મતે રસ્તામાં ઊંધી પડેલી વસ્તુને ચત્તી કરવાની પણ જેને ઇચ્છા ન જાગે તે સાચો સંન્યાસી છે. કોઈ

સંન્યાસી તેમને 'મા,' 'મા' કહીને તેમની પાસે રહેવાની ઇચ્છા પ્રકટ કરતો તો તરત જ નારાજ થઈને તેઓ કહેતાં કે સંન્યાસીએ આવી આસક્તિ ન રાખવી જોઈએ. ઈશ્વરપ્રાપ્તિની અપેક્ષા રાખતા સાધુઓને તેઓનું સ્પષ્ટ કહેવું હતું : 'સંન્યાસીનું કામ ઈશ્વરને સ્મરવાનું છે. એ જ એનો ધર્મ છે. ઈશ્વરે ક્યારે આવવું તે ઈશ્વર નક્કી કરશે.' આ પ્રકારના કઠોર વૈરાગ્યને જ તેમણે વિષમ જીવન વચ્ચે જીવવાની ક્ષમતા પ્રદાન કરી છે. તેમને પોતાને માટે તો સંન્યાસ એક વૃત્તિ જ છે.

પહેલેથી જ માતાજી સ્વભાવે લજ્જાળુ ને સરળ છે. દક્ષિણેશ્વરમાં નવવધૂ તરીકે પ્રવેશેલાં ત્યારે રામકૃષ્ણને ચિંતા એ હતી કે આ ગામડાની છોકરી, કોને ખબર, કેવી રીતે રહેશે! તેને બદલે તેઓ નિત્યકર્મો પણ ક્યારે કરી લેતાં તેનીય કોઈને ખબર ન પડતી! દક્ષિણેશ્વરના ખજાનચીને પૂછતાં જાણવામાં આવતું કે, માતાજી અહીં તો છે, પણ કોઈએ તેમને જોયાં નથી. આ સરળતા ને સૌમ્યતા છેક સુધી અખંડ રહ્યાં. કોઈ વાતનો વિરોધ કરવો, કોઈ વાતની પ્રમાણભૂતતા સાબિત કરવી એ તેમના સ્વભાવમાં જ નહોતું. સ્વામી વિવેકાનંદે એક વાર રામકૃષ્ણ પર નારાજ થઈને કહેલું કે, 'એક ફકીરનો ચેલો મારા પાસે આવતો તે વાત એના ગુરુને ન ગમી. પરિણામે તેણે મને શાપ આપ્યો ને મને પેટની વ્યાધિ થઈ ગઈ. ત્યારે ઠાકુરે મારા માટે શું કર્યું?' રિસાયેલા વિવેકાનંદને સાંત્વન આપતાં રમૂજમાં સરળ શારદાદેવીએ કહ્યું, 'દીકરા, ન માનીને ક્યાં જશો? તમારી ચોટલી તો એના હાથમાં જ બાંધી છે.' આ સરળતાએ કરીને વિવેકાનંદ જેવા તર્કશુદ્ધ સંન્યાસીએ ગદ્‌ગદ થઈને તેમને આવી અંજલિ આપી છે :' 'રામકૃષ્ણને તમે ગમે તે માની શકો છો, પણ માને જે મહાન ન માને તેને ધિક્કાર છે.'

અધ્યાત્મજગતમાં પ્રવેશતી કોઈ પણ વ્યક્તિ સામાન્યતઃ વૈચારિક દૃષ્ટિએ આધુનિક હોવાની જ. માતાજીમાં પણ દૃષ્ટિકોણની આધુનિકતા ધ્યાન ખેંચે એ રીતે વ્યક્ત થઈ છે. ગૃહસ્થી ને ત્યાગીને એકસરખું માન આપતાં માતાજી બહારના વેશ કરતાં અંદરના વૈરાગ્યને વધુ મૂલ્યવાન માનતાં. સ્ત્રીઓને પણ સંન્યાસની અધિકારિણી ગણતાં. શારદાદેવીને મતે સ્ત્રી માટે કુંવારી રહેવામાં ઘણો ભય હોવા છતાં જેને લગ્ન ન કરવાં હોય તેને પરણાવીને સંસારમાં નાખવી એ અન્યાય હતો.

માતાજીના સમયના બંગાળમાં વર્ણાશ્રમધર્મ ભારે ચુસ્તતાથી પાળવામાં આવતો ત્યારે પણ માતાજીએ ભગિની નિવેદિતાને પોતાની સાથે રાખીને, તેમની સાથે ભોજન લઈને, વિવેકાનંદને દંગ કરી દીધેલા!

ગુરુ-શિષ્ય સંબંધ અંગે માતાજીનું માનવું હતું કે શિષ્ય સારો હોય તો ગુરુને પણ લાભ થાય. જપની કાર્યસાર્થકતા સમજાવતાં માતાજી કહેતાં તેમ, જપથી ઇન્દ્રિયોનો પ્રભાવ ઓછો થઈ જાય છે. પણ અધિકારીને માટે તો મહત્ત્વનું છે જ્ઞાન. જપ એને માટે બબડાટથી વધુ નથી. જ્ઞાનીનો તો અધિકાર જ માતાજીને મતે જુદો હતો.

કોઈ તેમને પૂછતું કે તમે બધાંને કેમ મંત્ર આપતાં નથી? તેમનો જવાબ હતો, 'બધાં કંઈ સમજી શકે? કૃષ્ણ ગોવાળો જોડે રમ્યા-જમ્યા, પણ બધા કંઈ તેમને સમજ્યા?'

ક્યારેક અછડતી રીતે પોતાની રાખ ખંખેરીને માતાજીએ પોતાની જાત ખુલ્લી પણ કરી છે. એક વાર કહ્યું છે, 'ભગવાન ન હોય તે શું આટલું સહન કરી શકે?' તેમની વાત સાચી છે. એક આદર્શ તરીકે, ગીતાકાર જેને 'લોકસંગ્રહ' કહે છે તેવો લોકસંગ્રહ તેમણે પ્રચુર માત્રામાં કર્યો છે. આનાથી વધારે પૂર્ણ જીવન કોઈ જીવી શકે એમ કહેવું એ અત્યુક્તિ છે. રામકૃષ્ણે તો સાધના કરી ને જીવનની પાર જઈને જીવ્યા, માતાજીએ તો શાક સુધારતાં, વાસીદું વાળતાં યોગીને પણ ટક્કર મારે તેવું જીવન જીવીને બરાબર સડસઠ વર્ષની યાત્રા ઈ.સ. ૧૯૨૦ની ૨૧મી જુલાઈએ પૂરી કરી લીલાસંવરણ કર્યું. તેમની સડસઠ વર્ષની જીવનયાત્રા એક વિકાસયાત્રા બની રહી. તેમના મૃત્યુ પહેલાં નિવેદિતા જેવાં વિદેશી શિષ્યાએ તેમને ઉચિત અંજલિ આપતાં નોંધ્યું : 'ઈશુની મા મેરીનો વિચાર કરતાં મારી સમક્ષ માતાજીનો ચહેરો જ તરી આવે છે.'

નીરવ સંવાદનાં આ સાધિકાએ પોતાની સૌમ્ય તપસ્યાથી રામકૃષ્ણને મેળવ્યા, તેમને હસ્તગત કર્યા ને તેમના દ્વારા ફેલાઈ જઈને પ્રેમનો મંત્ર જગતના કાનમાં ફૂંકીને એક સંન્યાસિનીનું કર્તવ્ય બજાવ્યું. મૌન-વાણી દ્વારા પોતાની હેસિયત છતી કરવાની કલા સૌને શીખવીને શારદાદેવી જગતનાં સદ્‌ગુરુ બની રહ્યાં. □

ભેટ યોજના બંધ થાય છે

મુંબઈના એક 'કુમારપ્રેમી' સજ્જન તરફથી ગુજરાતની ૧૦૦ શાળા-મહાશાળાઓને એક વર્ષ માટે 'કુમાર' ભેટ મોકલવા અપને જે રકમ મળી હતી તેના ૧૦૦ ગ્રાહકો પૂરા થઈ જતાં હવે એ યોજના બંધ થાય છે તેની સૌએ નોંધ લેવી. મુંબઈના એ 'કુમારપ્રેમી' સજ્જનના અમે આભારી છીએ.

ભરડો

— બહાદુરભાઈ જ. વાંક —

નિરંજનને નટુ રાવળ ભટકાઈ ગયો. ભીંત સાથે માથું અફળાઈ ગયું હોય તેવી વેદના તેને થઈ આવી. નટુ ઉપરથી ઝડપથી નજર હટાવીને તે આગળ વધ્યો.

પાછળથી તેને જરા ઊભો રાખતાં નટુ બોલ્યો : 'સાહેબની ભડવાઈ કરવા સિવાય બીજું કશું પણ તમારાથી થઈ શકે તેમ નથી.' ને છાંછિયું કરતાં તેણે હાથનો એવો ચાળો કર્યો કે...

નિરંજન સ્તબ્ધ બની સમસમી રહ્યો. નટુએ જાણે તેની છાતીના વાળમાં પલીતો ચાંપી દીધો હોય તેવી બળતરા તે અનુભવી રહ્યો. તે નટુને કંઈ પણ કહે એ પહેલાં તો નટુ ત્યાંથી ન છાજે એવાં નખરાં કરતો બહાર ચાલ્યો ગયો. નિરંજનનો હોટેલમાં જઈ ચા પીવાનો મૂડ માર્યો ગયો.

ત્યાં ઑફિસનો સહકર્મચારી પંડ્યા તેની પાસે આવતાં બોલ્યો : 'મિત્ર, કેમ સૂનમૂન થઈને ઊભો છે ? શું નટુ સાથે કંઈ માથાકૂટ થઈ ? હું દૂર ઊભોઊભો તમને બંનેને જોતો હતો.'

રોષને દબાવી રાખતાં નિરંજન બોલ્યો : 'સાલા, આ નટિયાને તો બોલવાનું કંઈ ભાન જ નહીં...'

'કેમ શું વાત હતી ?' પંડ્યાએ પૂછ્યું.

'સાહેબે તેની બદલી રેકૉર્ડ શાખામાં કરીને તેની જગ્યાએ મધુબહેનને મૂક્યાં તો કહે કે મેં જ એની ખટપટ કરીને બદલી કરાવી છે. મને વળી એની ખટપટ કરવામાં ભલા શું રસ હોય ?'

'એ તો તારા સાહેબ સાથે સારા સંબંધ છે એટલે એ જોઈ શકતો નથી... એ છે જ વિચિત્ર ખોપરી. એવાની સાથે તો વાત જ ન હોય.' પંડ્યાએ તેને સલાહ આપતાં કહ્યું.

'હું પણ એને સારી રીતે ઓળખું છું. ક્યારેક મોકો મળશે ત્યારે મારે એને ચમત્કાર તો બતાવવો જ છે... એના મનમાં શું સમજે છે એ...'

'જવા દેને યાર...' ને તેને હોટેલમાં સાથે ચા પીવા તેડી જતાં પંડ્યા બોલ્યો : 'તને તો એણે કંઈ બીજું કહ્યું નથી ને ?'

પંડ્યા સાથે બહાર આવતાં નિરંજન બોલ્યો : 'મને શું કહે ? તો તો સાલાને...'

બહાર આવી નિરંજને દૂર નજર કરી તો નટિયો ફરસાણની કેબિને ઊભોઊભો ગાંઠિયા ફાકતો, એક ડાઘિયા કૂતરા સાથે ગેલ કરી રહ્યો હતો.

*

સાંજના નિરંજન ઘરે આવ્યો. જુએ છે તો પડોશનાં બે-ત્રણ બૈરાંઓ, તેમના છોકરાઓ સાથે વાસંતી પાસે બેસવા આવ્યાં હતાં. છોકરાઓ ફળિયામાં ધમાચકડી મચાવતાં રમી રહ્યાં હતાં. છોકરાઓના ઘોંઘાટથી નિરંજનનું માથું પાકી જતું હોય તેમ તે ચૂપચાપ પોતાના બેઠકખંડમાં આવીને બેસી ગયો. થોડી વાર પછી બૈરાંઓ ચાલ્યાં જતાં વાસંતી નિરંજન પાસે આવી.

'કોણ બેસવા આવ્યું હતું ? પડોશનાં જ બધાં બૈરાંઓ હતાં ?' નિરંજને પૂછ્યું.

'પડોશનાં ચંપાબહેન, તેમની પુત્રી રમા સાથે બેસવા આવ્યાં હતાં. સાથે આજુબાજુનાં બીજાં બે-ત્રણ બહેનો પણ આવ્યાં હતાં.'

'શું, અમસ્તાં જ આવ્યાં હતાં ?'

'ચંપાબહેન, તેમની દીકરી રમાને પાંચ વર્ષે ખોળો ભરીને તેડી લાવ્યાં છે. એટલે એ બધાંને ચા-પાણી માટે મેં જ બોલાવ્યાં હતાં.' વાસંતીએ સ્પષ્ટતા કરી.

'સારું...' નિરંજને પાણીનો લોટો ભરી આપવા માટે વાસંતીને જણાવ્યું.

પાણીનો લોટો ભરી, તેના હાથમાં મૂકતાં વાસંતી બોલી : 'એ બધાંનાં છોકરાંઓએ ધમાચકડી મચાવતાં આખું ફળિયું કેવું માથે લીધું હતું ! કદાચ તમને આથી કંટાળો...'

આટલું બોલતાં તો તે બોલી ગઈ, પછી વાસંતીને થયું, પોતે આમ ન બોલી હોત તો સારું હતું. ત્યાં જ નિરંજન બોલ્યો : 'રમાને પાંચ વર્ષે પણ ખોળો ભરાણો એ આનંદની વાત કહેવાય...'

હવે વાસંતીને થોડી હિંમત આવી. તે બોલી, 'ચંપાબહેન કહેતાં હતાં કે આ બધો પ્રતાપ સાંઈબાબાનો જ ! તેમણે શિરડી સાંઈબાબાની માનતા માની હતી, ને રમાનો ખોળો ભરાતાં જ એ લોકો શિરડી જઈને માનતા પણ પૂરી કરી આવ્યાં.'

નિરંજને વિશેષ વાત ન કરતાં બહાર આવીને આંખ-મોં ઉપર પાણીની છાલક મારી. ચહેરા ઉપર શીતળતાનો અનુભવ થવાને બદલે તે જરા દાઝી ગયો હોય તેવી લાગણી થઈ.

'જરા થાક જેવું લાગે છે. તું ચા બનાવી દે...' હાથમાં છાપું પકડીને ખુરશી ઉપર બેસતાં નિરંજન બોલ્યો.

'સાત થવા આવ્યા છે. એટલે ભગવાનને દીવો કરીને ચા બનાવી દઉં છું.' ને વાસંતી દીવો પેટાવીને ચા બનાવવા રસોડામાં ગઈ. નિરંજન છાપાનાં પાનાં ફેરવતો હતો, ત્યાં વાસંતીએ ચા બનાવી કપ તેના હાથમાં મૂક્યો. કપ હાથમાં લેતાં જ નિરંજનનો હાથ જરા ફગી ગયો. થોડી ચા પેન્ટ ઉપર ઢોળાઈ.

'તમારું ચિત્ત ઠેકાણે લાગતું નથી. શું કાંઈ થયું છે ઑફિસમાં ? હવે ડાઘ જલદી પાણીથી ધોઈ નાખો. નહિ તો...' દ્વિધા અનુભવતાં વાસંતીએ કહ્યું.

નિરંજને ચા પીને પાણીથી ડાઘ દૂર કરવા મથામણ કરી... છતાંય થોડો ડાઘ તો રહી જ ગયો.

ફરી વાસંતીએ કહ્યું : 'મેં પૂછ્યું એનો તમે જવાબ ન આપ્યો. કેમ આજે તમે...'

નિરંજને ઑફિસમાં નટિયા સાથે થયેલી ચડભડની થોડી વાત વાસંતીને કહી સંભળાવી.

વાસંતીએ તેને આશ્વાસન આપતાં કહ્યું : 'એવા તો બોલ્યા કરે. એવાનું ગણીને ગાંઠે થોડું બંધાય ?'

'માણસોય કેવા અધમ કક્ષાના થાય છે ! થોડીક આપણી નબળાઈ ભાળી જાય કે તરત જ આપણા માથે...' નિરંજને નટિયા પ્રત્યેનો રોષ વ્યક્ત કર્યો.

'તમને શું એ કાંઈ કહેતો હતો ?'

'મને શું કહે ? પણ એક વખત તો એને બતાવી આપવું છે કે મરદનો હાથ કેવો હોય...'

'ના... ના... આપણે કોઈ સાથે ઝઘડો નથી કરવો... લોકો છે, એ તો બોલ્યા કરે... આ જુઓને પડોશમાં કામે આવતી ગોદાવરી બે દિવસ પહેલાં જ ચંપાબહેન પાસે આપણી નબળી વાત... બાળક થવું કે ન થવું એ થોડી આપણા હાથની વાત છે ?'

'ગોદાવરી વળી શું વાત કરતી હતી ?' ખુરશી ઉપર જરા ટટ્ટાર થતાં નિરંજને પૂછ્યું.

'જવા દો ને... એવાનું તો ભગવાન મોં બાળે...' ને વાતને બીજો જ વળાંક આપતાં વાસંતી બોલી : 'આપણે બીજી વાત કરીએ. મને આજે બહાર ફરવા જવાની બહુ ઇચ્છા થાય છે. આમેય આજે તમારે શનિવાર છે, એટલે મારે રસોઈ તો કરવાની નથી. જો તમે તેડી જાઓ તો...'

'ક્યાં ફરવા જઈશું ?'

'ગામની બારોબાર સાંઈબાબાનું મંદિર છે, ત્યાં જ જઈએ... ફરવાની સાથે દર્શન પણ...' ને વાસંતીએ ફરાળી ચેવડો-પેંડાની ડિશ નિરંજન પાસે મૂકતાં ઉમેર્યું : 'તમે ફરાળ કરી લો, ત્યાં હું કપડાં બદલીને તૈયાર થઈ જાઉં...'

નિરંજને સૂનમૂન બની ચેવડો મોંમાં મૂક્યો.

એક વખત ઑફિસમાં કુટુંબ-નિયોજન ખાતાના બે કર્મચારીઓ સંતતિ-નિયમનના પ્રચારાર્થે આવ્યા હતા. તેઓ બધા કર્મચારીઓને સમજાવીને છૂટથી સાધનોની વહેંચણી કરતા હતા. નિયોજન ખાતાના એક કર્મચારીએ જરા ઉતાવળમાં નિરંજનને પણ કશી વિશેષ પૂછપરછ કર્યા સિવાય સાધનો વાપરવા માટે અનુરોધ કર્યો. ત્યાં પાસે જ ઊભેલો એક ક્લાર્ક જરા હસતાં હસતાં બોલ્યો : 'ભાઈ, એ તો હજુ હુંતો અને હુંતી જ છે, ને તમે એને...'

બધા કર્મચારીઓ હસી પડ્યા. નટુ પણ ત્યાં જ ઊભો હતો. તે નિયોજન ખાતાના કર્મચારીઓ પાસે આવી એકદમ ધીમા અવાજે બોલી ઊઠ્યો : 'એને સાધનોની નહીં, પણ જડીબુટ્ટીની જ !'

મોમાં માખી આવી ગઈ હોય તેમ નિરંજન ડિશ એક બાજુ ધકેલીને ઊભો થઈ ગયો.

'કેમ ફરાળ કરતા ઊભા થઈ ગયા ?' વાસંતીએ કપડાં બદલતાં પૂછ્યું.

નિરંજને કંઈ જ જવાબ આપ્યો નહીં. ફરી છાપું હાથમાં લઈ તેનાં પાનાં ઝડપથી ફેરવવા લાગ્યો. પછી જાણે નટુનું જ ફીંડલું વાળી દેતો હોય તેમ તેણે છાપાનો ડૂચો વાળી જોરથી ઘા કર્યો. છાપું ભગવાનની છબી પાસેના દીવા ઉપર પડ્યું. દીવો હોલવાઈ ગયો.

'કેમ અચાનક આવેશમાં આવી જઈને છાપાનો ઘા કર્યો ?' ને પોતાની લાગણી દુભાતી હોય તેમ વાસંતીએ ઉમેર્યું : 'તમે તે કેવા છો ? આમ છાપનો ઘા કરાય ?'

'કોણ જાણે અચાનક મનેય શું ઘૂરી ચઢી જાય છે ! તું તૈયાર થઈ ગઈ ? હું સ્કૂટર બહાર કાઢું છું...' ને ફળિયામાંથી સ્કૂટર દોરીને નિરંજન દરવાજા બહાર આવ્યો. નિરંજને સ્કૂટર સ્ટાર્ટ કર્યું.

સ્કૂટર પાછળ બેસતાં વાસંતી બોલી ઊઠી : 'હવે મગજને જરા ઠેકાણે રાખજો... ક્યાંક અકસ્માત ન કરી બેસતા...'

સ્કૂટર દોડાવતાં નિરંજને વિચાર્યું : આપણો અકસ્માત તો કેદુનો થઈ ગયો છે, ને હવે લોકો એનું પોસ્ટમૉર્ટમ...

સાંઈબાબાના મંદિરે આવી, વાસંતી તેમની મૂર્તિ સમક્ષ ધ્યાનમગ્ન મુદ્રામાં હાથ જોડીને ઊભી રહી ગઈ. નિરંજન પણ આંખો બંધ કરીને મૂર્તિ સામે ઊભો. ને આંખોમાં અંગારા ચંપાઈ ગયા હોય તેમ તેણે ઝડપથી આંખો ખોલી નાખી. સાંઈબાબાની આંખોમાં તેને જાણે નટુની જ આંખો...

*

નિરંજનના ઘર પાસે કૂતરી વિયાઈ હતી. કૂતરી જરા આઘીપાછી થતાં બાજુની સોસાયટીનાં કેટલાંક છોકરાંઓ રમતાં રમતાં કૂતરીનાં ત્રણેય ગલૂડિયાંને ઉઠાવી ગયાં ને ગલૂડિયાંને ન જોતાં, કૂતરીએ આખી રાત બોકાસા પાડી પાડીને આખી શેરીને ગજવી મૂકી. નિરંજન અને વાસંતીની ઊંઘ પણ હરામ થઈ ગઈ. સવારે ઊઠીને વાસંતીએ સૌપ્રથમ કામ ગલૂડિયાંને શોધવાનું શરૂ કર્યું. પણ તેને ગલૂડિયાં મળી ન શક્યા. પછી

શેરીનાં કેટલાંક લોકો સાથે, સોસાયટીના ચોકીદારને તેણે વાત કરી. ચોકીદારે એક-દોઢ કલાક મહેનત કરીને, ગલૂડિયાં શોધી લાવીને કૂતરી પાસે મૂકી દીધાં. ને કૂતરી ચીસો નાખતી શાંત થઈ ગઈ.

મોડેકથી ઊઠીને વાસંતીને બૂમ પાડતો નિરંજન મોંમાં દાતણ નાખી બહાર આવ્યો. જુએ છે તો વાસંતી એક ગલૂડિયાને છાતી સરસું ચાંપીને રમાડી રહી હતી.

નિરંજન તેની પાસે આવતાં બોલ્યો : 'ગલૂડિયાંને રમાડવાવાળી બહુ થઈ છે તે ક્યાંક કૂતરી બટકું ભરી લેશે તો...'

'તો હડકવા મને નહીં, પણ કદાચ કૂતરીને જ....' હળવેકથી ગલૂડિયાને કૂતરી પાસે મૂકતાં જરા હસીને વાસંતી બોલી.

અચાનક નિરંજનને મનોમન પ્રશ્ન થયો : સંતાન-વિહોણી સ્ત્રીનું લોહી શું સાચે જ ઝેર થઈ જતું હશે ?

*

એક દિવસ સાંજના જમીને તે ચૉકમાં પાન ખાવા જઈ રહ્યો હતો. ચૉકમાં એક ઊંચી જગ્યાએ લટકતા કુટુંબનિયોજનની જાહેરાતના તોતિંગ બોર્ડ ઉપર તેની નજર ચોંટી ગઈ. બોર્ડમાં ચિતરાયેલો લાલ ત્રિકોણ ત્રિશૂળની જેમ તેના શરીરમાં ખૂંચી ગયો હોય તેમ વેદના અનુભવતો તે વિચારી રહ્યો : આવી જાહેરાતોએ જ પ્રજાને કેવી સાવ નિર્માલ્ય બનાવી દીધી છે ! તેને બોર્ડના ચીંથરેચીંથરા ઉડાડી દેવાનું મન થઈ આવ્યું. અચાનક પાછળથી કોઈકનો ધબ્બો વાગતાં તે ચમકી ગયો. પાછળ ફરીને જુએ છે તો ઑફિસનો સહકર્મચારી ગોસ્વામી...

'ઊભા ઊભા શેના વિચારોમાં ખોવાઈ ગયા હતા ?' ગોસ્વામીએ પૂછ્યું.

'કંઈ જ નહિ. પાન ખાવા જાઉં છું. ચાલો, તમેય મારી સાથે પાન ખાવા.' નિરંજને પોતાની દ્વિધાને છુપાવતાં કહ્યું.

ગોસ્વામીએ અનિચ્છા વ્યક્ત કરી. પછી વાતમાંથી વાત નીકળતાં તેણે કહ્યું, 'તમારે પેલા નટિયા સાથે શું કાંઈ માથાકૂટ થઈ છે ?'

'તમને વળી કોણે કહ્યું ?' નિરંજને પૂછ્યું.

'ગઈ કાલે નટિયો જ મને બજારમાં ભટકાઈ ગેયેલો. તેણે જ મને તમારા વિશે થોડી વાત કરી, ત્યારે જ મને...'

'મારા વિશે એ શું કહેતો હતો ?'

'એને સાલાને બોલવાની ક્યાં ગતાગમ છે ? સાવ ડામીસ માણસ છે. એવાની સાથે વાત જ ન હોય...'

'હુંય એને સારી રીતે ઓળખું છું. મારા વિશે શું કહેતો હતો ?' નિરંજને ફરી પૃચ્છા કરી.

'અત્યારે મારે ઉતાવળ છે. નિરાંતે પછી વાતો કરીશું.' ને ગોસ્વામી છૂટો પડ્યો.

નિરંજનનો પાન ખાવાનો મૂડ જ સાવ ભાંગી ગયો. તે ઘરે પાછો ફરી રહ્યો હતો, ત્યાં બચપણમાં સાથે અભ્યાસ કરતો રાઠોડ મળી ગયો.

'અરે, તું અહીં ક્યાંથી ?' નિરંજને પૂછ્યું.

'મારી હમણાં અહીં બદલી થઈ છે.' ને સાથે આવેલી બેબી તરફ આંગળી ચીંધતાં બોલ્યો : 'મારી આ બેબીને આઈસ્ક્રીમ ખવડાવવા બહાર નીકળ્યો છું. તું પણ ચાલ. નિરાંતે વાતો કરીશું.'

'મારે આઈસ્ક્રીમ ખાવાની તો જરાય ઇચ્છા નથી. પણ સાથે થોડી વાર બેસીએ.' નિરંજને કહ્યું.

'અરે, એમ તે હોતું હશે ?' ને રાઠોડ તેને આગ્રહ કરીને હોટેલમાં ઢસડી લાવ્યો. રાઠોડે ત્રણ પ્લેટનો ઑર્ડર આપ્યો.

બચપણના દિવસોની, કુટુંબીઓની તેમજ નોકરીની થોડી વાતો પૂરી કરીને રાઠોડે પોતાની બેબીની ઓળખાણ આપી : 'આ મારી ચોથા નંબરની પુત્રી છે. બીજા ધોરણમાં ભણે છે.'

નિરંજને બેબીના માથે હાથ ફેરવ્યો.

આઈસ્ક્રીમ આવતાં નિરંજને પોતાની પ્લેટમાંથી મોટા ભાગનો આઈસ્ક્રીમ બેબીની પ્લેટમાં ઠાલવી દીધો.

'અરે... અરે... આ તું શું કરે છે ?' રાઠોડે તેને અટકાવતાં કહ્યું.

'મને નહીં ફાવે. આ તો તારું જરા માન રાખવા જ...' ચમચીથી આઈસ્ક્રીમ મોંમાં મૂકતાં નિરંજને કહ્યું.

આઈસ્ક્રીમ ખાતાં ખાતાં રાઠોડ બોલ્યો : 'મારે તો પુત્રની આશામાં ને આશામાં ત્રણ પુત્રીઓ...'

રાઠોડ પોતાને સંતાન વિશે કંઈ પણ ન પૂછી બેસે એ માટે વાતનો વિષય બદલાવતાં નિરંજન બોલ્યો : 'અહીં તારી બદલી થઈ એ કદાચ તને નહીં ગમ્યું હોય.'

'ના... ના... મારા માટે તો બદલી શુકનવંતી જ નીકળી.' ને સ્પષ્ટતા કરતાં ઉમેર્યું : 'અહીં આવ્યો, ને થોડા સમયમાં જ મારે ત્યાં પુત્રજન્મ...'

નિરંજને મને-કમને તેને અભિનંદન આપ્યાં.

'એમ અભિનંદન આપ્યે નહીં ચાલે. તું મારી ભાભી અને બાળકો સાથે મારા ઘરે ક્યારે આવે છે બોલ...'

નિરંજને થોડો આંચકો અનુભવતાં કહ્યું : 'હા... હા... અમે અઠવાડિયામાં ચોક્કસ આવીશું.'

નિરંજન હોટેલમાંથી બહાર નીકળવા ઊંચો-નીચો થતો હતો, ને રાઠોડ પૂછી બેઠો : 'તારે સંતાનમાં...'

નિરંજન અંદર ને અંદર વલોવાઈ ગયો. જાણે ઇલેક્ટ્રિક મિક્સરની કોઈએ સ્વિચ ઑન ન કરી દીધી હોય ! થોડી વાર

તે કંઈ જ જવાબ ન આપી શક્યો. પછી મર્માળુ હસતાં જરા ભારે અવાજે બોલ્યો : 'મારા ઉપર તો ભગવાનની પૂરેપૂરી મહેરબાની છે. દસ-બાર વર્ષ ઘણાં ડૉક્ટરોને ફેરવ્યા, ઘણી ઘણી દવાઓ કરાવી... પણ...'

રાઠોડે આશ્વાસન આપતાં કહ્યું : 'હવે આ બાબતે બહુ ચિંતા ન કરવી... બધી પ્રભુની માયા છે. તારે બાળક નથી, જ્યારે મારે હવે ઑપરેશન...'

'ઑપરેશન' શબ્દથી નિરંજનનું ચિત્ત જરા ખળભળી ઊઠ્યું. રાઠોડની પાછળ ધીમેધીમે તે બહાર આવ્યો.

રાઠોડે ફરી તેને પત્ની સાથે પોતાના ઘરે આવવા નિમંત્રણ પાઠવ્યું. પછી પોતાની બેબીને તેડી લેતાં બોલ્યો : 'ચાલ, કાકાને ટા..ટા... કહી દે જોઈએ...'

નિરંજન સામે હાથ ઊંચો કરતાં બેબી બોલી ઊઠી : 'કાકા... ટાટા... ટા...ટા...'

બેબીએ જાણે જા..જા... કહીને તેને જાણે જાકારો જ આપી કેમ ન દીધો હોય, તેવી લાગણી નિરંજનને થઈ આવી. રાત્રિના નવ વાગી ગયા હતા. તેણે ઘર તરફનો રસ્તો પકડ્યો. રસ્તામાં એક શેરીના વળાંક પાસે અંધારામાં તેનો પગ સૂતેલા એક કૂતરા પર પડી ગયો. પગ હટાવીને એ દૂર ખસે એ પહેલાં તો કૂતરાએ પગમાં બટકું ભરી લીધું. તેનું પેન્ટ લોહીથી ખરડાઈ ગયું. કોણ જાણે કેવી પનોતી બેઠી છે - તે બબડ્યો અને લંગડાતા પગે ઘરે પહોંચ્યો.

'અરે, આ પગમાં તે વળી શું થઈ ગયું ?' લોહીવાળા પેન્ટને જોતાં જ વાસંતીએ પૂછ્યું.

'નસીબમાં થોડુંક બાકી હતું ને તે કૂતરું કરડ્યું.' વ્યગ્ર બની ઉશ્કેરાટ અનુભવતાં નિરંજને કહ્યું.

ગરમ પાણીથી પગ ધોઈને કરડેલ જગ્યાએ વાસંતીએ હળદર દાબી દીધી : 'હવે સવારે ઇંજેકશનો લેવાનું ભૂલશો નહીં.'

'ના રે, ના, મારે કાંઈ ઇન્જેકશનો લવાં નથી. ભલેને મરી જાઉં...'

'આમ શું બોલો છો ? ઇંજેકશનો લીધા વગર થોડું ચાલે ? નહીં લો તો હું પણ તમારી સાથે...'

'ભલે, તારો આગ્રહ છે તો લઈશ, બસ.' ને તે પથારીમાં લાંબો થયો. બાજુના પલંગ ઉપર વાસંતીએ લંબાવ્યું.

જરા રહી નિરંજને કહ્યું : 'પેલો નટિયો હજુ પણ મારી ખટપટ...'

વાસંતી જરા રોષથી બોલી : 'મને તો એ જ સમજાતું નથી કે નટિયો તમારી પાછળ પડી ગયો છે કે પછી તમે નટિયા પાછળ..'

'હું તો એવાને હડકારુંય નહીં.'

'તો પછી અત્યારે એનું નામ બાળોને.'

નિરંજન ચૂપ થઈ ગયો.

મોડેથી વાસંતી પાણી પીવા માટે ઊભી થઈને જુએ છે તો નિરંજન પથારીમાં જાગતો બેઠો હતો.

'કેમ ઊંઘ નથી આવતી ?' વાસંતીએ પૂછ્યું.

'કોણ જાણે ઊંઘ જ હરામ થઈ ગઈ છે.' ને વાસંતીને પોતાની પાસે બોલાવતાં નિરંજને કહ્યું : 'તું થોડી વાર મારી પાસે બેસ. આપણે વાતો કરીએ. કદાચ એ રીતે પણ મને ઊંઘ આવી જાય તો...'

'તમારે જાગવું હોય તો જાગો. મને શા માટે નકામો ઉજાગરો કરાવો છો ?'

'નકામો ઉજાગરો' શબ્દો નિરંજનને ખૂંચ્યા. તેને વાસંતીને કહેવું હતું - વાસંતી, તને તો મારાથી પૂરેપૂરો સંતોષ... પણ આવું વાક્ય તે ઉચ્ચારી શક્યો નહીં, પણ બીજા જ શબ્દો તેના હોઠમાંથી બહાર સરી પડ્યાં : 'વાસંતી, મને તારાથી બધી જ વાતે સંતોષ છે.'

'હવે સૂઈ જાઓ ને. અત્યારે વળી ક્યાં વાતોએ વળગ્યા ?' વાસંતી ચિડાઈ.

નિરંજને ઊંઘવા પ્રયત્ન કર્યો. પણ ઊંઘ જ આવી શકી નહીં. માંડ માંડ મોડેથી તેની આંખો ઘેરાઈ ને તેને સપનું આવ્યું : 'તેને હડકવા ઊપડ્યો છે. ને તે નટિયાને બટકાં ભરીભરીને લોહીલુહાણ કરી સાવ ઊઝરડી નાખે છે !'

તેની ઊંઘ ઊડી ગઈ. પથારીમાંથી તે ઊભો થઈ ગયો. નટિયો સામે ઊભો રહીને હસતાં હસતાં તેને સંભળાવી રહ્યો હોય તેવો ભાસ થયો – 'બીજું કશું પણ તમારાથી...'

તેના પૌરુષે જાણે છલાંગ મારી હોય તેમ તે વાસંતીના પલંગ ઉપર આવી ગયો. તેણે વાસંતીની બાજુમાં લંબાવ્યું. ને વાસંતીનાં હાડકેહાડકાંનો ભૂકો બોલાવી નાખતો હોય તેમ તેણે વાસંતીને એવી મસળી નાખી કે વાસંતીના મોંમાંથી ચીસ નીકળી ગઈ : 'ઑય...મા... તમે તો મને મારી નાખી...' ને નિરંજનની પકડમાંથી છટકવા તે હવાતિયાં મારવા લાગી.

નિરંજને પકડ ઢીલી કરી નાખી.

વાસંતી તેને ધક્કો મારતાં તાડૂકી ઊઠી : 'તમે તે સાવ કેવા છો ? આમ હોતાં હશે ? કોણ જાણે તમે મને ભરડો લીધો'તો કે પછી...' □

ગરમ ધાબળો ધોતી વખતે પાણીમાં એક ચમચી ગ્લિસરીન મેળવવાથી ધાબળો ધોયા પછી એકદમ મુલાયમ બની જશે.

ઈ.સ. ૧૮૯૬માં શોધાયેલી અને ચાલુ વર્ષે જેની શતાબ્દી ઉજવાય છે

બેકેરેલ અને રેડિયોઍક્ટિવિટી



પ્રો. સુધીર પંડ્યા • સુરેશ આર. શાહ

બેકેરેલ નામના ફ્રેન્ચ વિજ્ઞાનીએ ઈ.સ. ૧૮૯૬માં રેડિયોઍક્ટિવિટીની શોધ જાહેર કરી. ૧૮૯૫માં રોંજન દ્વારા શોધાયેલ ક્ષ-કિરણોની ઉત્પત્તિનો પ્રસ્ફુરણની ઘટના સાથેના સંબંધ અંગે તેઓ અભ્યાસ કરતા હતા. તેમણે જણાવ્યું કે યુરેનિયમ ખનીજના સ્ફટિકમાંથી અમુક વિશિષ્ટ ગુણધર્મોવાળા વિકિરણોનું સતત અને કુદરતી ઉત્સર્જન થાય છે. નવાં શોધાયેલાં આ વિકિરણોને તેમણે યુરેનિયમ વિકિરણો તરીકે ઓળખાવ્યાં. વિજ્ઞાનજગતે તેમને બેકેરેલ વિકિરણો કહ્યાં.

યુરેનિયમ એ સૌપ્રથમ શોધાયેલાં રેડિયોઍક્ટિવ પદાર્થ છે. ત્યાર પછી ક્યુરી દંપતીએ પીચબ્લેન્ડ નામના યુરેનિયમ ખનીજમાંથી બે નવાં તત્ત્વો છૂટાં પાડ્યાં. આમાંના એકનું નામ પોતાના માદરે વતન થોલેન્ડની યાદમાં પોલોનિયમ રાખ્યું અને બીજાનું રેડિયમ. યુરેનિયમ કરતાં રેડિયમની સક્રિયતા દસ લાખ ગણી અધિક છે. ક્યુરીએ આ ઘટનાનું નવું નામ રેડિયોઍક્ટિવિટી આપ્યું તથા આ વિકિરણોને રેડિયોઍક્ટિવ વિકિરણો તરીકે ઓળખાવ્યાં.

આ રેડિયોઍક્ટિવ વિકિરણો પ્રસ્ફુરણ પેદા કરી શકે છે. એટલે કે તે જ્યારે અમુક પદાર્થ ઉપર પડે છે ત્યારે તે પદાર્થ ઝળહળી ઊઠે છે. વળી, આ વિકિરણો કાગળ કે પાતળા વરખ કે પતરામાંથી પસાર થઈ શકે છે. આમ, તે સારી ભેદનશક્તિ ધરાવે છે. જ્યારે વાયુ કે હવામાંથી પસાર થાય છે ત્યારે હવાના પરમાણુઓને વિદ્યુતભારિત કરે છે. આવા વિદ્યુતભારિત કણો આયનો તરીકે ઓળખાય છે. આ પ્રક્રિયાને આયનીકરણ કહે છે. આ વિકિરણો આયનીકરણ શક્તિ ધરાવે છે. વળી, આ વિકિરણો ઉપર ભૌતિક કે રાસાયણિક ફેરફારોની કોઈ અસર થતી નથી તેમજ તાપમાન કે દબાણમાં થતાં ફેરફારો જેવાં બાહ્ય પરિબળોની કોઈ પણ અસર થતી નથી. વળી, આ ઘટના દરમિયાન તત્ત્વના ન્યૂક્લિઅસ તત્ત્વાંતરણ થાય છે અને નવું તત્ત્વ રચાય છે. આથી કહી શકાય કે આ ઘટના ન્યૂક્લિઅર ઘટના છે.

હેન્રી બેકેરેલ


રેડિયોઍક્ટિવિટીને ગુજરાતી ભાષામાં કિરણોત્સર્જન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના શોધક એક ખાનદાની વિજ્ઞાની હતો. તેમનો જન્મ ફ્રાન્સમાં ૧૮૫૨માં થયો હતો. પૅરિસસ્થિત પ્રાકૃતિક ઇતિહાસના રાષ્ટ્રિય મ્યૂઝીઅમમાં તેઓ એપ્લાઈડ ફિઝિક્સના અધ્યક્ષ હતા. તેમની પહેલાં આ સ્થાને તેમના પિતા એડમંડ બેકેરેલ હતા. અને એ પહેલાં આ પદ ઉપર તેમના દાદા હતા. એક જ કુટુંબના દાદા, પિતા અને પુત્ર ત્રણેય એક પછી એક આ સ્થાનને સમર્પિત હતા. દાદા અને પિતાની માફક હેન્રી પણ ફ્રાંસની વિજ્ઞાન અકાદમીના સક્રિય સભ્ય હતા અને અકાદમીની અઠવાડિક વ્યાખ્યાન સભાઓમાં નિયમિત હાજરી આપતા હતા. જાન્યુઆરી ૨૦, ૧૮૯૬ની આવી જ એક સભામાં વ્યાખ્યાતા હતા સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી હેન્રી પોઈનકેર. તેમના વ્યાખ્યાનમાંથી જર્મન ભૌતિકવિજ્ઞાની વિલ્હેમ કોન્રાડ રોંજને શોધેલાં અજ્ઞાત વિકિરણો- ક્ષ-કિરણોથી માનવશરીરનાં હાડકાંના લેવાયેલાં ફોટોગ્રાફ અંગે તેમણે વિસ્તૃત જાણકારી મેળવી.

નિર્વાત કરેલી કાચની નળીમાંથી કૅથોડ કિરણો પસાર કરતાં વિશિષ્ટ પરિસ્થિતિમાં તેમાંથી અજ્ઞાન કિરણાવલી ઉત્સર્જિત થાય છે, જે જાડા કાગળમાંથી પસાર છે. આવાં ક્ષ-કિરણો વડે આગળ તેમણે જણાવ્યું કે તેજસ્વીપણું દર્શાવતા પદાર્થો પણ કદાચ આવાં વિકિરણો ઉત્સર્જિત કરતાં હોય.

હેન્રી બેકેરેલ આ જાણકારીથી ઘણા જ પ્રભાવિત થયા. વળી, તેમણે ઊભા કરેલા કેટલાક પ્રશ્નોના જવાબ આપવા હેન્રી બેકેરેલ જ વધુ સુપાત્ર હતા. તેમની સંસ્થાના સંગ્રહાલયમાં તેમના દાદાશ્રી અને પિતાશ્રીએ એકત્રિત કરેલાં આવો મંદ પ્રકાશ ફેંકતા સ્ફટિકોના ઘણા નમૂનાઓ તો હતા જ. વળી, તેમણે પોતે આવા અનેક પદાર્થોનો સંશોધનાત્મક અભ્યાસ કર્યો હતો જ. યુરેનિયમના કેટલાક ક્ષારોનાં પ્રસ્ફુરણ અંગે તેમણે વિસ્તૃત સંશોધનકાર્ય કર્યું હતું. આ ઉપરાંત પ્રયોગશાળામાં આ અંગેની ફોટોગ્રાફીમાં પણ તેમણે પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું.

પ્રસ્ફુરણ


અમુક પદાર્થો ઉપર કેટલાંક ઉત્તેજક વિકિરણો પડતાં તે ઝળહળી ઊઠતાં. તે ઠંડો પ્રકાશ ઉત્સર્જિત કરતાં અને ઉત્તેજક



વીજ-ઉત્સર્જન દર્શાવતી ગ્લાસ ટ્યૂબ ક્રૂક્સ

વિકિરણો બંધ થતાં તેમાંથી બહાર આવતો ઝળહળાટ બંધ થઈ જતો. આવા પદાર્થોને ફ્લોરેસન્ટ પદાર્થો તરીકે ઓળખવામાં આવે છે. વિજ્ઞાનની પરિભાષામાં આવા પદાર્થોને પ્રતિદીપ્તિશીલ પદાર્થો કહેવામાં આવે છે. તેના આવા ગુણને પ્રતિદીપ્તિ કહે છે. પ્રકાશ માટે ઘરમાં વપરાતી ટ્યૂબલાઈટને આવો પ્રતિદીપ્તિશીલ પદાર્થ લગાડેલી હોય છે, જેથી સ્વીચ ચાલુ કરતાં તે ઝળહળી ઊઠે છે. બીજા કેટલાક પદાર્થો એવા હોય છે કે જેના ઉપર ઉત્તેજક વિકિરણો ફેંકવાનું બંધ થાય પછી પણ થોડા સમય સુધી તેમનો ઝળહળાટ ચાલુ રહે છે. આને ફોસ્ફરેસન્સ કહે છે. વિજ્ઞાનની પરિભાષામાં તેને સ્ફૂરદીપ્તિ કહે છે. આવા પદાર્થો ફોસ્ફરસ જેવા મંદ પ્રકાશથી ઝળહળે છે.

હેન્રી બેકેરેલ પ્રસ્ફુરણ અંગેના વિજ્ઞાનમાં પણ સારી જાણકારી ધરાવતા હતા. હકીકતમાં તેમના પિતા એડમંડ બેકેરેલ (૧૮૨૦-૧૮૯૧) વિવિધ ઘન પદાર્થોના પ્રસ્ફુરણ અંગેના એક અચ્છા જાણકાર હતા અને સમગ્ર યુરોપમાં તેઓ એક નિષ્ણાત ગણાતા હતા. તેમનું સંશોધન યુરેનિયમ ક્ષારો અંગેનું હતું, કારણ કે આવા પદાર્થો વિશિષ્ટ પ્રકારની ઝમકદાર સ્ફૂરદીપ્તિ દર્શાવતા હતા. એ ઉપરાંત તેમના વર્ણપટો પણ ઘણા મનોરંજક હતા. આ ક્ષેત્રમાં તેમનો અગત્યનો ફાળો એ હતો કે સૌપ્રથમ વાર તેમણે જાહેર કર્યું હતું કે યુરેનિક શ્રેણીના ક્ષારો સ્ફૂરદીપ્તિ દર્શાવે છે જ્યારે યુરેનસ શ્રેણીના ક્ષારો તે દર્શાવતા નથી. આ જ ક્ષેત્રમાં તેમના પુત્ર હેન્રી બેકેરેલે તેનું સંશોધન-કાર્ય શરૂ કર્યું અને ૩૦ વર્ષની વયે ૧૮૮૩માં તેમનું પ્રથમ સંશોધન પેપર પ્રસિદ્ધ કર્યું હતું. ત્યાર પછીનાં તેર વર્ષો દરમિયાન તેમણે આ અંગેનાં ૨૦ સંશોધન પેપરો પ્રસિદ્ધ કર્યાં હતાં.




રેડિયો-ઍક્ટિવ વિકિરણોથી અને ક્ષ-કિરણોથી લેવાયેલી પંજાની તસવીરો

યુરેનિયમની શોધ

ઈ.સ. ૧૭૮૯માં જર્મન રસાયણશાસ્ત્રી માર્ટિન કાલપ્રોથે (Kalproth) યુરેનિયમની શોધ કરી હતી. વિલિયમ હર્શલે ઈ.સ. ૧૭૮૧માં નવા ગ્રહ યુરેનસની શોધ કરી હતી. તેના ઉપરથી પીચબ્લેન્ડ ખનીજમાં સમાયેલા આ નવા તત્ત્વનું નામ

પૅરિ(સ)માં આવેલું પ્રાકૃતિક ઇતિહાસનું નૅશનલ મ્યૂઝીઅમ, જેના પહેલા માળે ડાબી બાજુની બારીમાં નમૂનાને સૂર્યતાપમાં ગોઠવવામાં આવતા.



યુરેનિયમ રાખવામાં આવ્યું હતું. ત્યાર પછી તો આ પરંપરા અમુક અંશે ચાલુ રહી. વીસમી સદીમાં શોધાયેલાં આવાં બીજાં તત્ત્વો નેપ્ચ્યૂનિઅમ અને પ્લુટોનિઅમનાં નામો પણ નવા શોધાયેલા ગ્રહો નેપ્ચ્યૂન અને પ્લુટો ઉપરથી રખાયેલાં. ઈ.સ. ૧૮૪૧ સુધી એવું મનાતું કે કાલપ્રોથે તો કેવળ યુરેનિયમ ઑક્સાઈડ મેળવ્યો હતો. પછીથી યુજેન પેલીગૉટ નામના ફ્રેન્ચ રસાયણશાસ્ત્રીએ આ ધાતુને સફળતાપૂર્વક છૂટી પાડી હતી.

ઈ.સ. ૧૮૬૯માં મેન્ડેલેવે આવર્તક કોષ્ટક બનાવ્યું અને તેમાં યુરેનિયમને સ્થાન અપાયું. તેમણે એ પણ દર્શાવ્યું કે તે વેળાનાં સઘળાં જ્ઞાત મૂળ તત્ત્વોમાં યુરેનિયમ સૌથી ભારે તત્ત્વ હતું. આના પરિણામે પણ વિજ્ઞાનીઓ ધ્યાન ફરી એકવાર તેના તરફ દોરાયું. પણ તે સમયે તો રસાયણશાસ્ત્રીઓનું ધ્યાન વિવિધ રાસયણો બનાવવા અને વિવિધ ઉદ્યોગોમાં તેની ઉપયોગિતા તરફ જ હતું. તે વેળા વિવિધ સંયોજનોનો ઉપયોગ ફોટોગ્રાફીમાં, રંગાટીકામમાં વિવિધ રંગો તરીકે, ચર્મઉદ્યોગમાં, ઊન અને રેશમ ઉદ્યોગોમાં તથા સ્ટીલની વિવિધ મિશ્ર ધાતુઓ બનાવવામાં જ થતો હતો. આ ઉપરાંત તેનો ઉપયોગ સિરેમિક અને કાચ ઉદ્યોગમાં તેને વિવિધ રંગો આપવા તથા ચળકાટ આપવા થતો હતો. યુરેનિયમ ક્ષારોનો વત્તોઓછો ઉપયોગ કરી માટીકામમાં પીળો, નારંગી, બદામી, લીલો કે કાળો રંગ આપી શકાતો.

યુરેનિયમ કાચનો ઉપયોગ કરી બનાવેલી વિવિધ આકારની કાચની નળીઓમાં વદ્યુતવિભાર આપતાં ત્યારે તેની સાથે પ્રક્રિયાઓ થતાં અદ્‌ભુત અને મનોરંજક દૃશ્યો ઉત્પન્ન થતાં. આવી એક રચના લંડનના પીટર ગાસીઓટે (Gassiot) કરી હતી અહીં આપેલી જે ગાસીઓટ કાસ્કેડ તરીકે ઓળખાતી. આકૃતિમાં તે દર્શાવી છે. આ રચના યુરેનિયમ કાચની અંદર ટિનનું પાતળું સ્તર રચીને કરવામાં આવી હતી. સમગ્ર રચનાને ધાતુની એક પ્લેટ પર મૂકી તેના ઊપર કાચની એક મોટી બરણી-બેલજાર ઢાંકી દેવામાં આવી હતી. કાચની નળીમાંથી હવા શોષીને યોગ્ય નિમ્ન દબાણે લાવી સ્થિત વીજદબાણ કરનાર યંત્રને ટિનના વરખ સાથે જોડવાથી વીજ તેજસ્વિતા દેખાતી અને એક અદ્‌ભુત તથા ચિત્તાકર્ષક રચના જોવા મળતી. વિજ્ઞાનીઓ તેમના વ્યાખ્યાનમાં આવી રચના દર્શાવીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા.

વિજ્ઞાનજગતમાં અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓની બહુ જાણીતી એવી ગેસલર નિર્વાત નળીઓના રચયિતા હેઈનરીખ ગેસલેર ૧૮૬૦માં સૌપ્રથમ આવી નિર્વાત નળીની રચના કરી હતી. તે યુરેનિયમ કાચમાંથી બનાવી હતી.

રેડિયોઍક્ટિવિટીની શોધ

હેન્રી બેકેરેલે મે ૧૮, ૧૮૯૬ના રોજ પૅરિસ ખાતેની વિજ્ઞાન અકાદમીની મીટિંગમાં રેડિયોઍક્ટિવિટીની શોધ જાહેર કરી. એ કેવળ અકસ્માત હતો કે ફ્રાંસની રાજધાની પૅરિસનું આકાશ ફેબ્રુઆરી ૨૬, ૧૮૯૬થી માર્ચ ૧, ૧૮૯૬ના દિવસો દરમિયાન વાદળ-આચ્છાદિત રહ્યું હતું. સૂર્યનારાયણનાં દર્શન જ દુર્લભ બન્યાં હતાં. આ અકસ્માત બેકેરેલ માટે ફળદાયી નીવડ્યો. તેઓ પ્રસ્ફુરક યુરેનિયમ ક્ષારો અંગે થોડાક પ્રયોગો કરતા હતા. આ માટે આ પ્રસ્ફુરક ક્ષારોને તેમણે સૂર્યપ્રકાશમાં થોડીક વાર માટે રાખવાના હતા. સૂર્યપ્રકાશના અભાવે તેમણે તે નમૂનાઓને પાછા પોતાના ટેબલના ખાનામાં મૂક્યા. ખાનમાં તેની બાજુમાં જ ફોટોગ્રાફી પ્લેટો હતી. પાછળથી તેમને જણાવ્યું કે તેમના નમૂનાઓએ ફોટોપ્લેટ ઉપર પોતાની છાપ મૂકી છે. આથી તેમને લાગ્યું કે તેમના નમૂનાઓ જે પ્રસ્ફુરિત પદાર્થ (યુરેનિયમ)ના હતા તે અમુક વિશિષ્ટ પ્રકારનાં અદૃશ્ય વિકરણોનું ઉત્સર્જન કરે છે - અને તે ફોટોપ્લેટ ઉપર પોતાની અસર ઉપજાવે છે.

આજથી લગભગ એક સો વર્ષો પૂર્વે એક દશાબ્દીના ટૂંકા ગાળા દરમિયાન અનેક નોંધપાત્ર વૈજ્ઞાનિક શોધો એક પછી એક જાહેર થઈ હતી. ૧૮૯૫માં રોંજને ક્ષ-કિરણોની શોધ કરી લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા. ક્ષ-કિરણો વડે ફોટોગ્રાફીથી શરીરની અંદરનાં હાડકાં તેમજ સમગ્ર હાડપિંજરનો ફોટો લઈ શકાતો. આ જાણીને લોકો આશ્ચર્યમુગ્ધ તો થયાં જ પણ સાથે સાથે તેમનામાં બીક પણ પેસી ગઈ. આ શોધની ઉજવણી નિમિત્તે એક બીચ પાર્ટી યોજાઈ હતી. તેમાં જવાનું કેટલાંક લોકોએ ટાળ્યું હતું અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓએ આ પાર્ટી દરમિયાન ક્ષ-કિરણો વડે ફોટોગ્રાફી કરાય તો તેમાં તેમની નગ્નતા ઉઘાડી પડી જાય. એ બીકથી ત્યાં જવાનું ટાળ્યું હતું. ત્યાંના કેટલાંક સમાચારપત્રોએ આ અંગેનાં કાલ્પનિક ફોટોચિત્રો પણ છાપ્યાં હતાં!

ક્ષ-કિરણોની શોધ પછી થોડાક માસ બાદ બીજા વર્ષે બેકેરેલે યુરેનિયમ વિકિરણોની શોધ જાહેર કરી, જેને લોકોએ પાછળથી બેકેરેલ કિરણો નામ આપ્યું. થોડાંક વર્ષો પછી ક્યુરી દંપતીએ તેને રેડિયોઍક્ટિવ વિકિરણો નામ આપ્યું. ત્યાર પછીના દસકામાં ઈલેક્ટ્રોનની ભાળ મળી. ક્વોન્ટમવાદનો સિદ્ધાંત જાહેર થયો. આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ આપ્યો. આ ગાળા દરમિયાન થયેલી અનેક નવી શોધોએ વિજ્ઞાનીઓને નવી જ દૃષ્ટિથી વિચાર કરતા કર્યા. ન્યૂક્લિઅર ભૌતિકવિજ્ઞાન નામની નવી જ શાખાનાં દ્વાર ખૂલ્યાં. આ પ્રત્યેક શોધને તેનું આગવું મહત્ત્વ હતું અને નવા જ આધુનિક ભૌતિકશાસ્ત્રનો પ્રારંભ થયો.

પ્રથમ વૈજ્ઞાનિક ક્રાન્તિની આગેવાની કોપરનિક્સ, ગેલિલિયો અને ન્યૂટને કરી હતી. પણ ૧૮૯૫માં ક્ષ-કિરણો,

૧૮૯૬માં રેડિયોઍક્ટિવિટી અને ત્યાર પછીની શોધોએ વિજ્ઞાનમાં બીજી મહત્ત્વની ક્રાન્તિ શરૂ કરી જણાય છે. ૧૯૦૧થી શરૂ કરાયેલા નોબેલ પારિતોષિકમાં ભૌતિકવિજ્ઞાનનીનું પ્રથમ પારિતોષિક રોંજનને ક્ષ-કિરણો માટે અપાયું અને ૧૯૦૩નું આ પારિતોષિક રેડિયોઍક્ટિવનાં તેમનાં સંશોધન, કાર્યો માટે સંયુક્તપણે બેકેરેલ તથા ક્યુરીદંપતીને ફાળે ગયું.

બેકેરેલ વિકિરણોના ગુણધર્મો

બેકેરેલે શોધેલાં અદૃશ્ય યુરેનિયમ વિકિરણો ક્ષ-કિરણો જેવાં જ છે કે કેમ તે જાણવા માટે તેમણે કૅથોડ-કિરણ નળીમાં યુરેનિયમ ક્ષારોનું એક પાતળું સ્તર લગાડેલું. તેમણે સાબિત કર્યું કે સુવર્ણના વરખવાળા ઇલેક્ટ્રોસ્કોપના વરખો આવાં કિરણો આપાત થતાં પડી જાય છે. આમ, આ વિકિરણોના વિદ્યુતીય ગુણધર્મની ચકાસણી કરી. એમણે એ પણ સાબિત કર્યું કે આ વિકિરણોનું પરાવર્તન તથા વક્રીભવન પણ થાય છે. જોકે રૂધરફોર્ડે બેત્રણ વર્ષ પછી આમાં સુયોગ્ય સુધારો સૂચવ્યો હતો. તેમણે એ પણ નોંધ્યું કે નમૂનાઓને અંધારામાં રાખી મૂક્યા પછી પણ ફોટોપ્લેટ ઉપર અસર કરવાનો તેમનો ગુણધર્મ તે જાળવી રાખે છે. વળી, યુરેનિયમ સલ્ફેટ જેવાં પ્રસ્ફુરણ નહીં દર્શાવતા નમૂના વડે પણ આવી જ પ્રબળ ફોટોછાપ મળે છે. જોકે આ કેમ થાય છે તે તેઓ તે વેળા સમજાવી નહીં શકેલા.

પણ અંતે મે ૧૮, ૧૮૯૬ના રોજ તેમણે જાહેર કર્યું કે યુરેનિયમના ક્ષારોમાં અજ્ઞાત અને અદૃશ્ય વિકિરણોનો સ્રોત યુરેનિયમ તત્ત્વ છે. યુરેનિયમ પાવડરના વિવિધ નમૂના પણ આ ગુણ દર્શાવતા તેમને જણાયા. ૧૮૯૬માં તેમણે આ અંગેનાં ૭ સંશોધન પેપરો પ્રસિદ્ધ કર્યાં. ૧૯૦૨-૦૩માં રૂધરફોર્ડ અને સોડીએ રેડિયોઍક્ટિવિટીની આ ઘટનાને અમુક તત્ત્વોના સતત થતાં તત્ત્વાંતરણ તરીકે સમજાવ્યું. અને આમ ખૂટતી કડીઓ પૂરી પાડી. ત્યાર પછીનાં બે વર્ષો દરમિયાન આ યુરેનિયમ વિકિરણોનું ભાવિ અનિશ્ચિત રહ્યું. માદામ ક્યુરીએ આ વિકિરણોને રેડિયોઍક્ટિવિટી તરીકે ઓળખાવ્યાં. બેકેરેલનું ધ્યાન હવે આ વિકિરણોથી બીજી તરફ ગયું હતું. આમ, આ કામ અહીં જ પૂરું થાત. પરંતુ કેમ્બ્રિજ યુનિવર્સિટીના જે.જે. ટૉમસનના વિદ્યાર્થી સી.ટી.આર. વિલ્સન કે જેઓ પ્રથમ ક્લાઉડ ચેમ્બરનું નિર્માણ કરી રહ્યા હતા તેમણે સમજાવ્યું કે યુરેનિયમ વિકિરણો એવાં ન્યૂક્લિઅસનું નિર્માણ કરે છે કે જેના ઉપર બાષ્પનું ઠારણ થઈ શકે છે. વળી, આ ન્યૂક્લિઅસો વિદ્યુતક્ષેત્રથી દૂર ધકેલાઈ જતાં હતાં તેથી તે વિદ્યુતકણો કે આયનો હશે.

(અ) રેડિયોઍક્ટિવ વિકિરણો દ્વારા લેવાયેલી હાથના પંજાની તસ્વીર

(બ) ક્ષ-કિરણો દ્વારા લેવાયેલી હાથના પંજાની તસ્વીર.

વળી, ક્ષ-કિરણો દ્વારા લેવાતા ફોટોગ્રાફ બહુ સ્પષ્ટ આવતા હતા, જ્યારે રેડિયોઍક્ટિવ વિકિરણો દ્વારા મળતા ફોટોગ્રાફ અસ્પષ્ટ આવતા, જે ઉપરની તસ્વીરમાં સ્પષ્ટ જોઈ શકાય છે. આથી પણ લોકોનું અને વિજ્ઞાનીઓનું ધ્યાન ક્ષ-કિરણો તરફ વધુ ખેંચાયું હશે. ક્ષ-કિરણોની શોધ પછી એક જ વર્ષમાં આ અંગેનાં ૪૯ પુસ્તકો અને ૧૦૪૦ સંશોધન પેપરો પ્રસિદ્ધ થયાં હતાં. આમ, બહુ ઓછા વિજ્ઞાનીઓ રેડિયોઍક્ટિવ વિકિરણો તરફ વળ્યા.

૧૮૯૮માં પૅરિસમાં ક્યુરીએ અને કેમ્બ્રિજમાં રૂથરફોર્ડે યુરેનિયમ અંગેનો અભ્યાસ હાથ ધર્યો. તેના પરિણામ સ્વરૂપ હવે બીજા વિજ્ઞાનીઓનું પણ ધ્યાન આ તરફ દોરાયું. આ અંગેનું સંશોધનકાર્ય વધુ વ્યવસ્થિત થવા લાગ્યું. ક્યુરીએ આવર્તક કોષ્ટકમાંના બીજા પણ ભારે પદાર્થો અંગે આવું સર્વેક્ષણ કર્યું. ઇલેક્ટ્રોસ્કોપનું સ્થાન ઇલેક્ટ્રોમીટરે લીધું. ૧૯૦૩માં આ વિષયના શોધકોને નોબેલ પારિતોષિક એનાયત થયું અને ત્યાર પછી બીજાં અનેક ઉત્સાહજનક પરિણામો જાહેર થયાં. થોરિયમની રેડિયોસક્રિયતા, નવા રેડિયોસક્રિય પદાર્થો પોલોનિયમ અને રેડિયમની શોધ, આ વિકિરણોના ત્રણ પ્રકારો–આલ્ફા, બીટા અને ગેમા વિકિરણો, તેમનું કણસ્વરૂપ અને વિદ્યુતચુંબકીય પ્રવૃત્તિ, પરમાણ્વિક તત્ત્વાંતરણ તરીકે રેડિયોઍક્ટિવિટીની સમજૂતી, આઈસોટ્રોપીની માન્યતા અને રેડિયોઍક્ટિવિટીનું ન્યૂક્લિઅર ભૌતિક વિજ્ઞાનમાં રૂપાંતરણ ઇત્યાદિ આવાં સુફળ છે.

ન્યૂક્લિઅર ભૌતિકવિજ્ઞાનનો વારસો

સો વર્ષો પૂર્વે થયેલી રેડિયોઍક્ટિવિટીની શોધ ન્યૂક્લિઅર ભૌતિકવિજ્ઞાનના અભ્યાસ તરફ દોરી ગઈ. બેકેરેલ અને ક્યુરીદંપતીએ રેડિયોઍક્ટિવિટીના ક્ષેત્રમાં જે પ્રારંભિક સંશોધન કાર્ય કર્યું તેનો ઉપયોગ આપણને ન્યૂક્લિઅર મેડિસિન, ન્યૂક્લિઅર ભઠ્ઠીઓ (રિઍક્ટર) અને ન્યૂક્લિઅર શસ્ત્રો તરફ દોરી ગયાં. તબીબી ક્ષેત્રમાં રોગોને પારખવા જેવી ટ્રેસર ટેક્નિક તથા વિકિરણ થેરપી તેમજ કૅન્સરનો વિકિરણોથી ઉપચાર જેવો આનો ઉપયોક અમૂલ્ય અને નોંધપાત્ર છે. ભાવિમાં પણ આવાં વિકિરણોથી વિવિધ રોગોને પારખવામાં તથા તેનો ઉપચાર કરવામાં વધુ ને વધુ પ્રગતિ થશે. પણ ન્યૂક્લિઅર ભઠ્ઠીઓ ઉપયોગી હોવા છતાં તેમાંથી નીકળતો કચરો અને અકસ્માત લિકેજ જેવા પ્રશ્નોએ ચિંતામાં સર્જી છે. ન્યૂક્લિઅર શસ્ત્રોએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. તેનું ભાવિ હાલમાં તો ધૂંધળું જણાય છે. છેલ્લા બે દાયકાથી અમેરિકા અને બીજા દેશો વિદ્યુત ઉત્પાદન માટે ન્યૂક્લિઅર પાવર સ્ટેશનો ઊભા કરવા તથા તેના વધુ ને વધુ ઑર્ડરો મેળવતાં તેમાં થોડી રૂકાવટ

(અનુસંધાન પૃ. ૫૩૦ ઉપર)

'દિલે નાદાં તુઝે હુઆ ક્યા હૈ...'

— પંકજ ત્રિવેદી —

ગઈ કાલે બપોરે એક મિત્ર - વિનોદ આચાર્યનો ફોન આવ્યો. સામાન્ય રીતે એમને ખાસ કામ હોય તો જ ફોન કરતા. તેમણે કહ્યું : 'હલ્લો, પંકજભાઈ! એક જરૂરી કામ છે, આપણા વાર્તાકાર બકુલભાઈ દવે અહીં આવ્યા છે. તમારી સાથે વાત કરવા ઈચ્છે છે.'

મને નવાઈ લાગી. બકુલભાઈ બપોરનાં સમયે ભાગ્યે જ ઘરબહાર નીકળતા. આજે ખરેખર અગત્યનું કામ હશે, એમ મેં માન્યું.

'હલ્લો, પંકજ! એક દુઃખદ સમાચાર છે, તું સાંજે ઑફિસેથી વહેલો નીકળીને ચાર વાગ્યે મારા ઘેર આવી જજે, 'હોં?'

'પણ... વાત શું છે?' મેં અધિરાઈથી પૂછ્યું.

'આપણા મિત્ર જે.કે. ખરાને? જે.કે. વ્યાસ?'

'હા, પણ શું થયું એમને?' કશુંક અજુગતું બન્યાનો મને ધ્રાસકો પડ્યો.

'જે.કે. આપણને સૌને છોડીને ચાલ્યા ગયા, ગઈ કાલે હાર્ટઅટૅક આવ્યો...' બકુલભાઈનો અવાજ ધીમો પડી ગયો, કદાચ ડૂમો ભરાઈ ગયો હશે.

'હેં...? આપણા જે.કે.?' હું જડવત્ બોલી ગયો, 'આવું છું.'

અમારા મિત્ર વર્તુળમાં જે.કે. વ્યાસ ઉર્ફે જીતુભાઈ એક અદકેરું સદાબહાર પાત્ર હતું. એ માણસ સાચા અર્થમાં જીવી ગયો. પણ જીવનની રાહમાં સૌને ઑવરટ્રેક કરી જાય એ માન્યામાં નહોતું આવતું.

થોડા દિવસ પહેલાં જ મારા મિત્ર - પ્રો. હર્ષાણાનું ઑપરેશન થયેલું. ત્યારે હું અને બકુલભાઈ મેડિકલ સ્ટોર્સ પર ઊભેલા. અચાનક જે.કે. નીકળ્યા. દૂરથી અમને જોતાં જ ચહેરો ખીલી ઊઠ્યો. પછી રસ્તો પાર કરીને દુકાન પર આવ્યા અને ભેટી પડ્યા. એમનાથી સહજ રીતે જ બોલાઈ ગયું; 'દિલે નાદાં તુઝે હુઆ ક્યા હૈ? આખિર ઇસ દર્દ કી દ..વા ક્યા હૈ?'

એમની ઝીણી-ઝીણી આંખો વરસી પડી. થોડી ઔપચારિક વાતો પછી એમણે કહ્યું, 'દોસ્ત! હવે પહેલાં જેવી મહેફિલ નથી જામતી. એક વાર મારા ઘેર બધા મળીએ. આખી રાત મન ભરીને માણવી છે. નવી ગઝલો, નવી વાતો સાંભળવી છે, યાર!'

'હા, એક વખત ચોક્કસ મળીએ. હું નક્કી કરીને જણાવીશ.' મેં કહ્યું.

'દોસ્ત, ઘણા વખતની આ ઈચ્છા છે. એક છેલ્લી મહેફિલ કરીએ...' હસતાં-હસતાં આટલું બોલીને જે.કે. પગથિયું ઊતરીને ચાલ્યા ગયા. એ વખતે મને ખબર નહોતી કે જે.કે.ની આ છેલ્લી જ ઈચ્છા હશે,ને એ પણ હું પૂરી નહીં કરી શકું. આવો વિચાર પણ ક્યાંથી આવે મને?

જે.કે. જ્યારે પણ મળે, ખુશમિજાજ હોય જ! શરૂઆતમાં મને ઘણી વાર થતું. આ માણસને નાનું સરખુંય દુઃખ નહીં હોય? પરંતુ મિત્રતાનો રંગ જેમ જેમ ઘેરો બનતો ગયો એમ સમજાયું કે આ માણસ તો દુઃખને ઓગાળીને પી જાય છે.

જ્યારે મળે ત્યારે મોંમાં ૧૨૦ની તમાકુનું પાન અચૂક હોય. લગભગ સાડા પાંચ ફૂટનો આ માનવી, લોકચાહના અને માનવતામાં એટલો ઊંચો હતો કે, એને આંબવાની તો કલ્પના પણ ન આવે. ગોળ - સુંદર ચહેરો, માથામાં આછેરા વાળ, મોટું કપાળ અને હસે ત્યારે આંખો વિશેષ ઝીણી થઈ જતી. મેં ઘણા માણસો-મિત્રોને જોયા છે. એમની સાથે તાદાત્મ્યના સંબંધ બંધાયા છે. પરંતુ જે.કે. જેવા મિત્રો ભાગ્યે જ મળે. એમની આંખો ભલે ઝીણી હોય પણ એમાંથી નૂર ટપકતું હોય છે સતત! લાગણીની ભીનાશ જાણે સરોવર બની જાય છે અને આંખો નાવ! જે.કે.નું શરીર પણ તંદુરસ્ત હતું. આપણને થોડી વાર માટે મળે તો પણ બધાં દુઃખ દૂર થઈ જાય એવો ઝીંદાદિલ માણસ! એના સહવાસની હૂંફ એવી કે, વાત-વાતમાં હસાવે. એમને મળતાં જ હર્ષાશ્રુથી આપણીય આંખો છલકાઈ જાય એવું અદ્ભુત વ્યક્તિત્વ!

જે.કે.ના હુલામણા નામે સર્વત્ર જાણીતા હતા, પરંતુ સાચું નામ જીતુભાઈ હતું. એમનાં પત્નીનું નામ પણ જીતુબહેન. એમનાં પ્રેમલગ્ન થયેલાં. જે.કે. સુરેન્દ્રનગરમાં અને એમનાં પત્ની અમદાવાદમાં ટેલિફોન ઑપરેટર હતાં. પચીસેક વર્ષ પહેલાં સુરેન્દ્રનગરમાં ઑટો-એક્ષચેન્જ નહોતું, તેથી નંબર માગવા પડતા, ટ્રંકકૉલ બુક કરાવવા પડતા.

જે.કે. મોટે ભાગે રાતની નોકરી પસંદ કરતા. અમદાવાદના ટ્રંકકૉલનું જોડાણ કરતાં, ત્યાંના મહિલા ઑપરેટર સાથે વાત કરતા. પછી તો બંને નોકરીનો સમય એક સાથે જ ગોઠવતાં. જે.કે. અને જીતુબહેન સાહિત્યનાં શોખીન. કોઈ પણ કવિની ગઝલના શેઅર એમને મોટે ભાગે યાદ હોય જ! વાત - વાતમાં પ્રસંગ પ્રમાણે શેઅર સંભળાવે. જે.કે. વાત કરે તો પણ શેઅર સંભળાવીને જ! ઘણી વાર નવી ફિલ્મો, નવાં-જૂનાં ગીતો, ખરીદી કે પછી અંગત બાબતની પણ ચર્ચા કરતાં. જે.કે.નું વ્યક્તિત્વ અને ભાષા જ એવાં બળકટ હતાં કે વાત-વાતમાં એના તરફ

સૌને ખેંચી લે.

બે ત્રણ વર્ષના-પરિચય પછી જે.કે. અને જીતુબહેને ફોન પર જ લગ્ન કરવાનું નક્કી કરી લીધું.

બંનેએ એકબીજાંને ક્યારેય જોયાં પણ નહોતાં. જીતુબહેને એક વાર જે.કે.ની કસોટી કરવા કહેલું, 'તું મને અમદાવાદ મળવા આવે તો કેવી રીતે ઓળખીશ? આમેય હું અપંગ છું, એ જાણ્યા પછી કદાચ તું લગ્ન કરવાનો વિચાર પણ બદલી લઈશ, ખરુંને? એટલે જ અગાઉથી જાણ કરું છું.'

એના જવાબમાં જે.કે.એ કહ્યું; 'તું અપંગ હશે તો પણ મને વાંધો નથી.' મેં તને પ્રેમ કર્યો છે, હું ચોક્કસ આવીશ. લાલ દરવાજા, રૂપાલી સિનેમા પાસે હું ઊભો રહીશ. મારી બૅગ પર જે.કે. લખ્યું હશે. તું જ મને ઓળખી લેજે ને!'

બીજા દિવસે જે.કે. અમદાવાદ ગયા. વાસ્તવમાં જીતુબહેન અપંગ હતાં જ નહીં. બંનેએ સાથે ફિલ્મ જોઈ. વાતો કરી અને એમનાં ઘેર જઈ વડીલો સાથે પરિચય પણ કર્યો. બંને પક્ષે સંમતિ મેળવી લગ્ન કર્યાં. એમને એક દીકરો અને એક દીકરી પણ થયાં. અહીં માત્ર પ્રેમની પરીક્ષા હતી. સચ્ચાઈ અને લાગણીનો સુમેળ હતો. તેથી જ સામાજિક બંધનો અને રીત-રિવાજોનાં બંધનો જે.કે.ને ક્યારેય નડ્યાં નહોતાં. આમેય પોતાની મસ્તીમાં જીવવાવાળો આ અલગારી માણસ હતો.

મને યાદ છે, હું નાનો હતો ત્યારથી એમને ઓળખું છું. મારા ભાઈ, હર્ષદ ત્રિવેદી, લોકગાયક બાબુ રાણપુરા, જગદીશ વ્યાસ, મુકેશ માલવણકર, પ્રવીણ પંડ્યા, યોગેશ જોશી, બકુલ દવે જેવા અનેક મિત્રો કેલિડોસ્કોપ નામે ચાલતી સાહિત્યિક સંસ્થામાં મળતા. એમાં મુખ્ય માર્ગદર્શક-સૂત્રધાર તરીકે મોહમ્મદ માંકડ પણ હતા. સમયાંતરે આ સંસ્થા બંધ થઈ પણ સુરેન્દ્રનગરના વાદીપરા ચોકમાં કલાકારોની મહેફિલ આજેય જામે છે.

ધીમે ધીમે ગૃહસ્થી પછી જે.કે. મહેફિલમાં ઓછા આવતા. તેમ છતાંયે રસ્તામાં મળે ત્યારે બીજી મુલાકાત સુધીનાં સ્મરણો મન ભરીને મૂકી જતા. દૂરથી આંખ મળે ને શેઅર ઉદ્ભવે! ફક્ત બેંતાલીસ વર્ષના રોકાણમાં આ માણસ ઉર્ફે જે.કે. એ અનેક માણસોને પોતાની સતત જીવંતતાનો અનુભવ કરાવ્યો છે. ગમે તેવા સારામાઠા પ્રસંગોમાંય સદાયે હસતો રમતો ચહેરો આજેય મારા શહેરમાં સામે મળે છે અને શેખાદમનો એક શેઅર સંભળાવે છે :

'કોઈ સાચી પ્યાસ લઈ આવ્યું ન અમને ઢૂંઢતું,
જામની માફક અમે તો નિત્ય છલકાતા રહ્યા!'

રેઈકી

- માલતી પી. મજમુદાર

સ્વાભાવિક જ જિજ્ઞાસા થાય કે 'રેઈકી' શું છે?' 'રેઈકી' જાપાનીઝ ભાષાનો શબ્દ છે. 'Rei' 'રેઈ'નો અર્થ થાય છે 'સર્વવ્યાપી' (વિશ્વવ્યાપી) અને 'કી'નો અર્થ છે 'જીવનશક્તિ'. આપણે બધા વિશ્વવ્યાપી જીવનશક્તિ લઈને જ જન્મ્યા છીએ અને તે જ શક્તિથી જીવન જીવી રહ્યા છીએ. 'રેઈકી'ને કોઈ જ ધર્મ, પંથ, જાતિ, તંત્ર, મંત્ર, મેલી વિદ્યા કે સંમોહન સાથે સંબંધ નથી.

જાપાનના ડૉ. મિકાઓ ઉસુઈએ ઓગણીસમી સદીના અંતે ૨૫૦૦ વર્ષ જૂની સંસ્કૃત સૂત્રોમાં સચવાયેલી આ વિદ્યાને શોધી. રેઈકીનો ઉપયોગ શરીરને સાજું કરવામાં, આત્મા અને શરીરના ચૈતન્યને સંતુલિત કરવા થાય છે. 'રેઈકી' 'મિકલ હીલિંગ ટચ મેથડ' છે. 'રેઈકી' માટે કઠિન સાધના નહિ, પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ જરૂરી છે.

'રેઈકી'માં 'ઍટ્યૂનમેન્ટ' ખૂબ જ જરૂરી છે. એ માટેનો સેમિનાર ૧૬ થી ૨૦ કલાકનો અને બે દિવસનો હોય છે. ગુજરાતમાં અમદાવાદના શ્રી પી.ડી. પટેલ ભારતના 'રેઈકી'ના પ્રથમ ગ્રાન્ડ માસ્ટર છે. 'ઍટ્યૂનમેન્ટ' દ્વારા વ્યક્તિના શરીરનાં શક્તિનાં કેન્દ્રો ગતિમાન થાય છે. અને એ વ્યક્તિ રેઈકી 'ચૅનલ' બને છે. ઍટ્યૂન થયેલી એ વ્યક્તિ બીજી વ્યક્તિને હાથના સ્પર્શથી શક્તિપ્રદાન દ્વારા સારવાર આપી શકે છે. રેઈકી શક્તિ વિશ્વમાંથી ક્યારેય ખૂટતી નથી અને ગમે તે સમયે ગમે ત્યાં મેળવી શકાય છે.

રેઈકીનું શિક્ષણ ત્રણ તબક્કે મેળવી શકાય છે. પ્રથમ તબક્કામાં રેઈકી ફક્ત શારીરિક સ્તરે જ છે. બીજા તબક્કામાં રેઈકી આધ્યાત્મિક સ્તરને સ્પર્શે છે, અને ત્રીજો તબક્કો 'માસ્ટર ડિગ્રી' માટે છે, જે બે ભાગમાં શીખાય છે. બીજા તબક્કામાં ઍટ્યૂન થયા પછી તેનો ઉપયોગ દૂરના સ્તર પર કરી શકાય છે, જેમાં એ રેડિયોનાં મોજાંની જેમ એ વ્યક્તિના દર્દને અથવા ઈરાદાને દુનિયાના કોઈ પણ ખૂણે પકડી લે છે. રેઈકીનો ઉપયોગ વનસ્પતિ, પશુપક્ષી, નિર્જીવ વસ્તુ અને ઈરાદા કે કોઈ પણ રોગ પર થાય છે.

રેઈકી ચૅનલ બન્યા પછીના અમારા અનુભવો વિશાળ છે. ન પારખી શકાય એવાં દર્દ ડાયાબિટીઝ, સ્પોન્ડિલાઈટીઝ, માથાનો હઠીલો દુખાવો, આર્થરાઈટીઝ, ડિપ્રેશન, તણાવ, અનિદ્રા, જેવાં દર્દમાં રેઈકી પદ્ધતિથી સફળતાપૂર્વક સારવાર આપી છે. કેન્સરમાં પીડા ઓછી કરી યાતનામાંથી દર્દીને દૂર રાખી શકાય છે. માનસિક સ્તરે પણ રેઈકીનો સફળતાપૂર્વક ઉપયોગ કરી શકાય છે. દૂરના સ્તરે એટલે કે અમેરિકા, પૂનાં, દિલ્હી, વડોદરા, અમરેલી, ધોળકા કે અન્ય કોઈ પણ સ્થળે રેઈકી સફળતાપૂર્વક અજમાવી છે.

રેઈકીથી શરીરમાં અને મનમાં ચારથી દસ દિવસમાં ઘણા નોંધનીય ફેરફાર થાય છે. રેઈકી એક વિધેયાત્મક શક્તિ છે અને ક્યારેય નુકસાન કરતી નથી. એ શરીર, મન અને આત્માની ચેતનાશક્તિ છે. સરળ પ્રાકૃતિક ચિકિત્સા-પદ્ધતિ છે. 'રેઈકી' આપણા હાથમાં એક હાથવગુ-હથિયાર છે અને કટોકટીમાં તાત્કાલિક સારવાર આપે છે એ અમારો જાત અનુભવ છે.

રેઈકી શારીરિક રોગના મૂળ સુધી જાય છે અને કંપન અથવા શક્તિની જરૂરિયાત પૂરી કરે છે, શરીર સંપૂર્ણ સમતોલ બનાવે છે. અને જેમ દુનિયામાં બધી જ વસ્તુઓની કિંમત જાણવા કરતાં અનુભવથી સમજાય તેવી રેઈકી પણ એક સારવાર પદ્ધતિ છે.

રેઈકી શક્તિ છે, ભગવાનના પ્રેમની શક્તિ... એની કોઈ મર્યાદા નથી. મોટા ભાગે એને આપણું શરીર નીરોગી રાખવા માટે વાપરીએ છીએ, પરંતુ કોઈ પણ સદેચ્છાને પરિપૂર્ણ કરવા તેને વાપરી શકાય છે. જ્યારે રેઈકી આપીએ છીએ ત્યારે શક્તિ ગુમાવતા નથી. ઊલટા વધારે તાજગી અનુભવીએ છીએ.

રેઈકી એ રેડીઓનાં મોજાંની જેમ જ છે. એનો સ્થાનિક ઉપયોગ થઈ શકે અથવા શૉર્ટવેવની જેમ દૂરદૂરના સ્થળે સફળતાથી સારવાર આપી શકાય છે. રેઈકી એ વિદ્યુત શક્તિ કે રેડિયમને કે ક્ષ-કિરણો નથી. તે સિલ્ક, સીસું કે લાકડું કે સ્ટીલનાં પડોમાંથી કે ગમે તે પદાર્થમાંથી પસાર થઈ શકતી અગાધ વિશ્વવ્યાપી આત્મશક્તિમાં આવે છે. તે નાજુક કોષો કે જ્ઞાનતંતુઓને નુકસાન પહોંચાડતી નથી તેથી તે એક વ્યવહારુ અને સલામત ઉપચાર પદ્ધતિ છે. □



ફિલ્મનું અનુભાવન [૧૩]

હસમુખ બારાડી

સંકલનની બીજી પદ્ધતિઓ

કોઈ પણ કલા પ્રકારની સર્જનપ્રક્રિયાના બે પાયાના તબક્કા ગણાય : પસંદગી અને ગોઠવણી. ચલચિત્રોના ફિલ્મ માધ્યમમાં 'ફ્રેમ થતી વાસ્તવિકતા' જે રીતે કલાકારની પસંદગીનું પરિણામ હોય છે એ રીતે જ પટકથા કે પાત્રાલેખનમાં પણ મહત્ત્વના અંશો આમેજ થાય અને એ એક રીતે 'ફ્રેમ ઈન' થતી પસંદગીની પ્રક્રિયા છે. શૂટિંગ વખતે દિગ્દર્શક અને કૅમેરામૅન પણ પસંદગી કરતા હોય છે, એની ગોઠવણી, એટલે કે સંકલન (editing) જે રીતે કરવાનું છે એને ખ્યાલમાં રાખીને. એ સમયે જે રીતે ધ્વનિનું સંકલન પણ થવાનું હોય એનો પણ ખ્યાલ રાખીને દિગ્દર્શક શૂટિંગ કરતો હોય છે. આ રીતે ફિલ્મકલા લેખન, શૂટિંગ કે ધ્વનિમુદ્રણ વખતે એનું એડિટિંગ કેવી રીતે થશે એનાથી સતત જાગૃત રહે છે. આપણે ફિલ્મને પડદે જે કંઈ જોઈએ છીએ એ દિગ્દર્શકની કલાકસબની આવી પ્રલંબ પ્રક્રિયાનું પરિણામ હોય છે. એમાંથી એડિટિંગના કટ પ્રકાર વિશે આપણે અગાઉ જોઈ ગયા છીએ.

કહે છે કે, (૧) વિચાર, (૨) આલેખ (સ્ક્રિપ્ટ) અને (૩) શૂટિંગ પછીનો ફિલ્મનિર્માણનો એડિટિંગ એ ચોથો અતિ મહત્ત્વનો તબક્કો છે. કાર્યક્રમને અંતિમ કલારૂપ આપવાના આ તબક્કા વિશે મોટા ભાગના નિર્ણયો શૂટિંગ દરમિયાન લેવાયા હોવા છતાં, દશ્ય-શ્રાવ્ય સામગ્રીની અંતિમ પસંદગી અને ગોઠવણી આ જ તબક્કે થાય છે. એમાં દિગ્દર્શકને યંત્રવિદ્યાની શક્યતા અને મર્યાદાનો જેટલો ખ્યાલ હોવો જોઈએ, એટલો જ સંકલનના કલાપાસાનો અભ્યાસ હોવો જોઈએ. હકીકતે પ્રેક્ષકોને શું જોવું/સાંભળવું ગમે, અને દિગ્દર્શકે શું, અને એ કયા ક્રમમાં, બતાવવું છે એ અહીં નક્કી થાય.

દશ્યપરિવર્તનની કેટલીક અસરો આ રીતે સમજાવાય : **કટ, ફેઈડ, મિક્સ, વાઈપ**; એક પરદે બે ચિત્ર (**સ્પ્લિટ સ્ક્રીન**); **સંપાત** થતાં બે ચિત્રો (સુપર-ઈમ્પોઝ); **મોન્તાજ અને સહોપસ્થિતિ** (જક્સ્ટાપોઝિશન) વગેરે. વળી, આ પરિવર્તનોથી નયનરમ્ય રીતે, દશ્યાત્મક અને ધ્વન્યાત્મક તાર્કિક એકસૂત્રતા અને સુસંગતતા જાળવવી મહત્ત્વની છે. એક કૅમેરાથી ટુકડે ટુકડે થયેલા શૂટિંગના સંકલન અને એકાધિક કૅમેરાથી અવિરત ચાલતા ટી.વી. કાર્યક્રમના શૂટિંગ, અને તત્ક્ષણ સંકલન, બંનેને આ નિયમો લાગુ પડે છે.

સંકલનોના કોઈ પણ એક દશ્યાંશ કે ધ્વનિ કેટલો લાંબો હોવો જોઈએ, એના કોઈ નિયમો નથી; માત્ર એની સ્પષ્ટતા અને કલાત્મકતા માટે જેટલો જરૂરી હોય એટલો લાંબો એ રાખવો.

કોઈ પણ એક શૉટ પછી તરત જ બીજો શૉટ આવે, એ દશ્યાંશપરિવર્તન તે કટ. સંવાદ, ક્રિયા કે એ પ્રકારના કોઈ સૂચને નવો દશ્યાંશ બતાવવા જે ફ્રેમ પછી જરૂરી લાગે એ ફ્રેમે નવો દશ્યાંશ ખરી રીતે 'જોડવામાં' આવે છે. એ સ્હેજ પણ વહેલો કે મોડો થાય તો પણ ક્રિયા અવાસ્તવિક લાગે. બે દશ્યાંશ જોડાય, ત્યારે વચ્ચે થોડીક ક્રિયા આગળ વધી છે એ પણ બતાવવું જોઈએ. દા.ત. સીડી પર ચડતો માણસ ત્રીજે પગથિયે હોય; એને જોતો બીજો માણસ વચ્ચે (ઈન્ટર કટથી) બતાવીએ, તો એના પછીના શૉટમાં પહેલો માણસ વધુ આગળ નીકળી ગયો હોવો જોઈએ. અલબત્ત, બીજા માણસની નજરે પહેલો માણસ પગથિયાં ચડતો બતાવ્યો હોવો જોઈએ.

એ જ રીતે, સંવાદ જે બોલે એ પાત્રનો શૉટ અગાઉના શૉટ સાથે જોડાય. જો કે લાંબા સંવાદો દરમિયાન સામા પાત્રની પ્રતિક્રિયાનો શૉટ વચ્ચે મૂકવામાં આવે છે, જેને ઈન્ટર કટ (ઈન્સર્ટ કર્યો; વચ્ચે મૂક્યો) કહેવાય.

બે પાત્રો જુદી જુદી દિશાથી સામસામાં આવતાં હોય, એવા બે દશ્યાંશોને જોડવામાં આવે તો બંનેનું કે કથાવિચારનું મિલન થતું હોય એવો આભાસ થાય. એથી ઊલટું બે પાત્રો બે જુદી જુદી દિશામાં જતાં બતાવાય, તો વિચારભેદ કે વિદાય સૂચિત થાય. આ રીતે કૅમેરા કે પાત્રની ગતિની દિશા પણ મહત્ત્વની છે. એનો ભંગ પ્રેક્ષકોને મૂંઝવી શકે. દા.ત. ડાબેથી જમણે જતાં બંને પાત્રોના દશ્યાંશો જોડાયા પછીના ત્રીજા દશ્યાંશને જોડતી વખતે જો બંને પાત્રો સામસામી દિશામાંથી આવીને મળે કે સાથે ઊભેલાં બતાવીએ તો અવાસ્તવિક લાગે. એની કન્ટિન્યૂઈટી-સૂત્રતા જાળવવી જોઈએ.

સામાન્ય રીતે આવા સંજોગોમાં, અને ઉચિત ઉદ્દેશ સ્થાપિત કરી શકાય તો, શૂટિંગ વખતે જ એક પાત્રને દશ્યાંશમાં જ પાછું વાળી બીજા પાત્રને તેમાં પ્રવેશતું બતાવવું જોઈએ; વળી સામસામાં વાત કરતાં બંને પાત્રો સામસામી દિશામાં જ જોતાં હોય અને એમની દૃષ્ટિરેખા મળતી હોય એનો ખ્યાલ પણ દિગ્દર્શક તથા કૅમેરામૅને રાખવો જોઈએ. નહીં તો કોઈ વખત સામેનું પાત્ર બહુ ઊંચે અથવા બહુ નીચે હોય એવું પ્રેક્ષકોને લાગશે.

એક પછી એક આવતા દશ્યાંશનું કદ, એનું પ્રકાશ-આયોજન, પાર્શ્વભૂમિ, રંગ વગેરે પણ સુસંગત હોવાં જોઈએ. આ દશ્ય-જોડ પ્રક્રિયામાં દશ્યાંશો સુમેળ સાધતા (મૅચિંગ) હોય એ મહત્ત્વનું છે. સામાન્ય સંજોગોમાં શૂટિંગ કરતી વખતે લોકેશનમાં ઉપલબ્ધ કોઈ સ્થળ, વસ્તુ, ક્રિયા કે કોઈ પાત્રની સૂક્ષ્મ ક્રિયાના

દશ્યાંશો જરૂર કરતા વધારે ઝડપવામાં આવતા હોય છે, જે શૂટિંગમાં રહી ગયેલી ભૂલોને ઢાંકવા બાહ્ય-જોડ (કટ આઉટ) તરીકે વાપરી શકાય. દર્દીની સંભાળના ચાર દશ્યાંશોની વચ્ચે વચ્ચે એને જોવા દોડી આવતાં સંબંધીઓના દશ્યાંશો મૂકવામાં આવે અને દરેક દશ્યાંશની ફ્રેમસંખ્યા ઘટાડતાં જઈ ઉત્તેજના ઊભી કરવામાં આવે, તે સમાંતર જોડ (પૅરેલલ કટ) કહેવાય.

ફેઇડ (Fade) : ધ્વનિસંકેત જેમ ધીમેથી શરૂ થઈ પૂરો સંભળાય ત્યાં સુધી વધારાય, તેમ દશ્યસંકેત પણ ધીમેથી વધીને પૂરો દેખાય ત્યાં સુધી વધારાય તે પ્રક્રિયાને ફેઇડ ઇન કહે છે. એથી ઊલટું દશ્ય ધીમેથી દેખાતું બંધ થઈ પરદો શ્યામ બને તેને ફેઈડ આઉટ કહે છે. આરંભ અને અંતની આ બંને ક્રિયાઓ કઈ ગતિએ દશ્યને શરૂ અથવા પૂર્ણ કરે તે દશ્યની એ બન્ને સ્થિતિઓના ઉદ્દેશ પ્રમાણે નક્કી થાય. વળી, સમય કે સ્થળના પરિવર્તન માટે આ પ્રક્રિયાનો નાટ્યાત્મક રીતે ઉપયોગ કરી શકાય. આ ફેઇડ ઇન-આઉટ પ્રકરણના આરંભ-અંત જેવા હોવાનું કેટલાક માને છે.

મિક્સ/ડિઝોલ્વ (Mix/Dissolve) : એક દશ્ય દેખાતું પૂરું થાય અને બીજું પૂરું દેખાતું થાય તેની વચ્ચે થોડો સમય બંને દશ્યો સાથે રહે તે મિક્સ દશ્ય કે ધ્વનિસંકેતના સરળ પરિવર્તન માટે એનો ઉપયોગ થાય છે. આ પ્રક્રિયાથી પણ સ્થળ-સમય પરિવર્તન અને ક્યારેક સમાંતર ક્રિયાઓ દર્શાવી શકાય. દા.ત., એક પાત્ર કોઈને યાદ કરતું હોય, ત્યારે એના દશ્યાંશ સાથે એ જ પાત્ર પહેલા પાત્રને યાદ કરતા દશ્યાંશ સાથે મિશ્રિત કરી શકાય. એ જ રીતે વિરુદ્ધ ઉદ્દેશોને મિશ્રિત કરવાથી નાટ્યાત્મક પ્રભાવ ઉત્પન્ન થાય.

સંપાતીકરણ : (સુપરઈમ્પોઝિશન) એ જ રીતે બંને દશ્યો સાથે સતત દેખાય તે સુપરઇમ્પોઝ કહેવાય. એના દ્વારા બે ક્રિયાઓ બે સ્થળે કે બે સમયે સાથે બનતી બતાવી શકાય. પાત્ર જે વિચારતું હોય, એના દશ્ય કે ધ્વનિના અંશો સુપરઇમ્પોઝ કરવામાં આવે વગેરે.

વાઈપ (Wipe) : એક દશ્યાંશને ખસેડીને બીજો દશ્યાંશ આવે (Slide થાય) તે વાઈપ. એ અનેક રીતે કરવામાં આવે છે. ડાબેથી જમણે અને જમણેથી ડાબે, ઉપરથી નીચે અને નીચેથી ઉપર, કોઈ પણ એક ખૂણેથી સામે ખૂણે, કેન્દ્ર બિંદુથી આખા પરદા પર કે એથી ઊલટું, જાપાનીઝ પંખાની જેમ અર્ધવર્તુળાકારે, વચ્ચેથી ખૂલતું કે બંધ થતું, વગેરે. ટી.વી.માં ડિજિટલ પદ્ધતિએ પાનું ફરતું, દશ્ય દબાતું કે ફેલાતું, ગોળ ઘૂમતું, અનેક દશ્યો બનતું વગેરે પણ બતાવવામાં આવે છે.

સ્પ્લિટ સ્ક્રીન : બે પાત્રો બે જુદાં જુદાં સ્થળે એકબીજાં સાથે વાત કરતાં હોય કે એકબીજાં વિશે વિચારતાં હોય ત્યારે, બંનેને સાથે ડાબે-જમણે, વાઈપ અર્ધે રોકીને, સમાંતર પણ સુસંગત ક્રિયાઓ તરીકે, બતાવવામાં આવે તે **સ્પ્લિટ સ્ક્રીન.** એના શૂટિંગ વખતે જ એક પાત્રને ડાબે અને બીજા પાત્રને જમણે રાખી, સરખા શૉટ કદમાં ઝડપ્યા હોય તો જ આ દશ્ય-અસર તાર્કિક અને નયનરમ્ય લાગે. ડબલ રોલ પણ એમ થઈ શકે.

મોન્તાજ (Montage) : કોઈ નાટ્યાત્મક વિચારને એટલે કે દશ્યાંશોને ઘટતી જતી સમય-અવધિમાં જોડવામાં, ભેળવવામાં કે મેળવવામાં આવે તો તે પ્રભાવક મોન્તાજ બની શકે. વિષયના પ્રાથમિક પરિચય માટે પ્રેક્ષકોને વીતેલી વાર્તા યાદ અપાવવા કે કોઈ વિચારને વધુ પ્રભાવક રીતે રજૂ કરવા માટે એનો ઉપયોગ થાય છે.


સંકલનની આ બધી વિવિધ પદ્ધતિઓને પરિણામે કોઈ પણ બે દશ્યાંશ અને એના સુસંગત ધ્વનિઓ એક પછી એક કે એકસાથે જોડવા - મૂકવા - ભેળવવામાં આવે છે. એ એમનીય સહ-ઉપસ્થિતિ છે. એ જ વસ્તુનો એવો પણ કલાપૂર્ણ ઉપયોગ કરવામાં આવે, જેમાં બે એવા દશ્યાંશો, બે એવા ધ્વનિઓ કે એક દશ્યાંશની સાથે એક એવો ધ્વનિ એક પછી એક, કે એકસાથે, મૂકવામાં આવે, તો એમાંથી એ બંનેના અર્થ ઉપરાંત, **બંને સાથે હોવાથી જ જે ત્રીજો અર્થ પ્રકટે** તે આ માધ્યમની વિશેષતા છે. દા.ત. ખૂબ સમૃદ્ધિ બતાવતા દશ્યાંશ પછી ખૂબ ગરીબી બતાવતો દશ્યાંશ, કે ખૂબ સમૃદ્ધિના દશ્યાંશની સાથે એના સુસંગત ધ્વનિને બદલે ભીખ માગતાં બાળકોનું રુદન. આ 'સહોપસ્થિતિ'થી પ્રકટતો ત્રીજો અર્થ સ્પષ્ટ જ છે. કટ, મિક્સ, વાઈપ વગેરે કોઈ પણ રીતે દશ્યાંશોની સહોપસ્થિતિ દર્શાવી શકાય.

સંકલનમાં દશ્ય કે ધ્વનિપરિવર્તનનો દર એના પ્રત્યાયન અને નાટ્યાત્મકતા પર નિર્ભર છે. ફક્ત સંવાદ કે ક્રિયાના ઇંગિતે દશ્યાંશ-જોડ કરવાથી એકધારાપણું આવી જાય. એ જ રીતે એકસરખી સમયાવધિ કે ફ્રેમસંખ્યા પ્રમાણે દશ્યપરિવર્તનને બદલે, વધતા કે ઘટતા ક્રમે સંકલન કરવું જોઈએ. સામાન્ય નિયમ એવો છે કે દશ્યાંશનું કદ પણ સતત નાનું કે મોટું થતું રહે તો પ્રેક્ષકોનો રસ જળવાઈ રહે. ક્યારેક આશ્ચર્ય કે આઘાત પ્રેક્ષકોને ગમે એ વાત જુદી.

સંકલનની બિનજરૂરી વિગતો પણ કાઢી નાખી શકાય. દા.ત. ઘરેથી સ્ટેશને પહોંચતાં અર્ધો કલાક થતો હોય તો એ આખોય અર્ધો કલાક પાત્રના વાહનની પાછળ કૅમેરા રાખવાની જરૂર નથી; પત્નીને 'આવજો' કહીને નીકળેલું પાત્ર સ્ટેશનના દરવાજામાં પ્રવેશે, એ બંને ઉચિત રીતે જોડાયેલા દશ્યાંશો ચાર-પાંચ સેકન્ડમાં જ બતાવી શકાય.

ફિલ્મમાં દિગ્દર્શક કે કૅમેરામૅનની જેમ જ સંકલનકારની 'હાજરી' (એટલે કે એનાં કલાકસબ) ન અનુભવાય, તો ફિલ્મ સફળ! એનો સિદ્ધાંત માત્ર આવડો નાનો અને સરળ, કે પ્રેક્ષકોને ક્યારે શું, કેવું, કેટલું જોવું છે, એની અપેક્ષા દિગ્દર્શક અને સંકલનકાર એ રીતે સંતોષે, કે જેથી પ્રેક્ષકોના પ્રતિભાવો 'ઓરકેસ્ટ્રેટ' પણ કરી શકાય. કારણ કે ફિલ્મ જેટલી સારી-નરસી બને, એ આ અંતિમ તબક્કાના નિર્ણયોનું જ પરિણામ છે.

ફિલ્મ સમય (Film time) અને સામયિક સ્થળ (Temporal space) તથા સ્થલીય સમય (Spacial time) સર્જવામાં ઍડિટિંગના ફાળા અંગે હવે પછી ચર્ચા કરીશું. □



આપણા સ્વરકાર (૯)

દિલીપ ધોળકિયા

- નટરાજ બ્રહ્મભટ્ટ

દરેક જમાનાને કોઈ ને કોઈ કલાકાર પોતાની કમનીય કલાકારીથી શણગારતો રહ્યો છે. એ પછી કંઠની કરામત હોય કે સ્વરની સજાવટ હોય, રંગની રંગત હોય કે શબ્દની સંગત હોય. ૧૯૫૧ના જમાનાની વાત કરું તો એ ગુજરાતી ફિલ્મનો નવોસવો જમાનો હતો. 'દીવાદાંડી' ફિલ્મના એક ગીતે ગજબની લોકચાહના મેળવી. જુવાનિયાના હોઠ પર અને કાન પર આ ગીતનું આસન અને શાસન એવું જામી ગયું કે આ ગીત-બંદીશના સૌ બંધાણી બની બેઠા. ગીતના શબ્દો પણ એવાજ, 'તારી આંખનો અફીણી તારા બોલનો બંધાણી તારા રૂપની પૂનમનો પાગલ એકલો.'

ગુજરાતી પ્રજાને પાગલ કરનાર આ કલાકાર દિલીપ ધોળકિયા મૂળ જામનગરના વતની. ૧૯૨૧ની ૧૫મી ઑક્ટોબરના દિવસે ભોગીભાઈ ધોળકિયાને ત્યાં માતા મુક્તાબેનની કૂખે એમનો જન્મ. આ બાળકના મોસાળપક્ષમાં મામા જયંતભાઈ વૈષ્ણવને સંગીતનો જબરો શોખ હતો. આપણા સુપ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર ઓમકારનાથજી સાથે એમને નિકટનો નાતો હોઈ અવારનવાર જલસા માણતા. આ સંસ્કારનો સહવાસ આ બાળકને મળતો રહ્યો. દાદા પણ પખાવજ અને વાંસળી વગાડવાના અને ગાવાના શૉખીન. ઘરે બેઠક થાય, ત્યારે આ બાળક થોડો મોટો થતાં તબલા પર ઠાવકાઈથી ઠેકો આપતો થયો, અને સ્વર-જ્ઞાન-ભાન થતું ગયું.

બાળ દિલીપ પ્રાથમિક શાળામાં અભ્યાસની સાથેસાથે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સક્રિય ભાગ લેતો રહ્યો, ઈનામો મેળવતો રહ્યો. માધ્યમિક શિક્ષણ દરમિયાન એનો સૂરનો સથવારો રાબેતા મુજબ ચાલતો રહ્યો. પછી તો જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં દિલીપ ધોળકિયા કલાકાર તરીકે ઝળક્યો. એના સદ્‌નસીબે સંગીતપ્રેમી અધ્યાપક વ્યોમેશ મંગેશરાવના પરિચયમાં આવતાં સૂરતાલનું માર્ગદર્શન મળતું રહ્યું. જોતજોતામાં કૉલેજમાં અને જૂનાગઢ શહેરનો એ માનીતો કલાકાર બની રહ્યો. સંસ્કૃત અને ગુજરાતી વિષય સાથે સ્નાતક થતાં આ કલાકારનું કિસ્મત એને નોકરી નિમિત્તે મુંબઈ લઈ આવ્યું. સૂર-તાલ તો પડછાયાની જેમ સાથે ને સાથે જ રહ્યા.

મુંબઈમાં આજના સુગમ સંગીતના સુખ્યાત કલાકાર આસિત દેસાઈના કાકા બિપિન દેસાઈ સાથે સૂર-સોબત જામી. એમાંથી એ જમાના જાણીતા થયેલા સંગીતકાર અજિત મરચંટ સાથે મેળાપ થતાં સંગીત મિજલસોની અવારનવાર જમાવટ થતી રહી. સંગીતકલાસાધના અનિવાર્ય જણાતાં આજના વડોદરા-નિવાસી શાસ્ત્રીય સંગીતજ્ઞ શિવકુમાર શુક્લના શિષ્ય પી.વી. અંબેડકર પાસે તાલીમ લેવી શરૂ કરી. આ ગુરુની ગાવાની રેઈંજ એટલી ઊંચી હતી કે આ કલાકારના કંઠને મેળ પડે એવું ન લાગતાં પોતાના નિવાસસ્થાને આપમેળે સ્વર-નોટેશનની ધીરજપૂર્વક અને ચીવટપૂર્વક સાધના કરતા રહ્યા.

મિત્ર બિપિનભાઈ દેસાઈએ આકાશવાણી મુંબઈ કેન્દ્ર પર પોતાના મિત્રના કંઠને ચમકાવવા સ્વર-પરીક્ષાનું ફૉર્મ લાવી ભર્યું અને દિલીપ ધોળકિયા આકાશવાણી મુંબઈ કેન્દ્રના માન્ય કલાકાર થતાં જોતજોતામાં મુંબઈના ગુજરાતી રસિકજનોના માનીતા કલાકાર થઈ રહ્યા.

એવામાં સુપ્રસિદ્ધ ગુજરાતના સંગીતકાર અવિનાશ વ્યાસનો પરિચય થતાં આ કલાકારના મધુર અવાજથી આકર્ષાઈ અવિનાશ વ્યાસે 'ભક્ત નરસૈયો' નૃત્યનાટિકામાં એમના કંઠને અજમાવ્યો. એ અરસાના જાણીતાં કલાકાર વીણા મહેતા અને અંજલિ મેઢ સાથે સહગાયક તરીકે અને સમૂહગાનમાં અવારનવાર ઝળકતા રહ્યા. બીજી બાજુ મિત્ર બિપિન દેસાઈ અને એમના ભાઈ રમેશ દેસાઈ સાથે પણ ઠીકઠીક કાર્યક્રમો ગોઠવાતા રહ્યા.

સુગમ સંગીતની સરહદો ઠીકઠીક સર થતાં એમનું નામ ફિલ્મી સંગીતકારો સુધી પહોંચતાં ૧૯૪૫માં પહેલવહેલા ફિલ્મ 'લાજ'માં 'દુઃખકી ઇસ નગરીએ બાબા કોઈ ના કિસી કા યાર' ગીત ગાવાની તક મળી અને એ ફળી પણ ખરી. એ જમાનાની 'જુગનૂ' ફિલ્મનું ખૂબ જાણીતું ગીત 'જહાં' બદલા વફા કા બેવફાઈ કે સિવા ક્યા હૈ' ગાવાનું આ કલાકાર માટે નક્કી થયું. સંગીતકારે બરાબર તૈયાર કરાવ્યું પણ ગીત એમના કંઠના કિસ્મતમાં ન હોઈ મહંમદ રફીના કંઠને મળ્યું. મહંમદ રફી સાથે આ કલાકારને એ જીવ્યા ત્યાં લગી સારો મનમેળ રહ્યો હતો.

મ્યૂઝિક ડાયરેક્ટર ચિત્રગુપ્તના 'ભક્ત પુંડલિક' ચિત્રમાં ફરી આ કંઠ ચમક્યો. અને આ સંગીતકારે આ કલાકારને પોતાના આસિસ્ટન્ટ તરીકે આવકાર્યા. દિલીપભાઈએ આ જવાબદારી

નિષ્ઠાપૂર્વક, નીતિપૂર્વક, નિયમિતપણે નિભાવી. જીવનમાં આ મૂલ્યો જાળવતા આ નેકદિલ ઇન્સાન આસિસ્ટન્ટ ડાયરેક્ટરમાંથી સ્વતંત્ર સંગીતકારની સિદ્ધિને વર્યા. ડી. દિલીપના નામે ચિત્રજગતમાં સંગીત પીરસવા લાગ્યા. ફિલ્મ 'બગદાદ કી રાત'નું 'દેખોજી દેખોજી કૈસી હાર હો ગઈ' આ નૃત્યગીત રેકૉર્ડ થયું. આમ તો આ ગીત આપણા ખૂબ માનીતા શહેનાઈનવાઝ' ઉસ્તાદ બિસ્મીલ્લાખાંની ધૂન પર આધારિત હતું. આ સંગીતકારને નવાં નવાં ચિત્રો મળવા લાગ્યાં. ફિલ્મ 'પ્રાઈવેટ સેક્રેટરી'નાં બે ગીતોએ ફિલ્મજગતમાં જબરી હવા જમાવી. આ રીતે એમણે 'વીર ઘટોત્ગચ્છ,' 'વૈષ્ણોદેવી,' 'દગાબાજ,' 'તીન ઉસ્તાદ' જેવાં ઘણાં હિન્દી ચિત્રોમાં યશસ્વી યોગદાન આપી સંગીતકાર તરીકે નામના મેળવી.

૧૯૬૨માં 'સત્યવાન-સાવિત્રી' ચિત્રનાં જાણીતાં થયેલાં ગીતાએ ગુજરાતને ઘેલું કર્યું. સાવિત્રીના અજંપા અને અકળામણના ભાવને આ સ્વરકારે આબાદ રીતે સ્વરસ્થ કર્યો છે.

વળી 'મોટા ઘરની દીકરી' ફિલ્મની 'મિલનના દીપક સૌ બુઝાઈ ગયા છે' ગઝલરચનાની તરજને સારી તારીફ મળેલી. 'મેના ગુર્જરી' ચિત્રનાં ગીતો લોકોમાં ખૂબ હોંશે હોંશે ગવાતાં અને છવાતાં સાંભળ્યાં છે. 'ડાકુરાણી ગંગા,' 'સતનાં પારખાં' અને જેને ગુજરાત રાજ્યનો ફિલ્મ ઍવૉર્ડ જાહેર થયો હતો તે ફિલ્મ 'માડીના જાયા'ના સંગીતને સારી લોકચાહના મળી હતી.

ખરેખરો રંગ જમાવ્યો 'જાલિમસિંહ જાડેજા'ના ભૂપેન્દ્રસિંહના કંઠે ગવાયેલ 'એકલા જવાના મનવા એકલા જવાના સાથી વિના સંગી વિના એકલા જવાના' એ ગીતે.

સ્વરકાર દિલીપ ધોળકિયાની સ્વર-કરામત 'કંકુ' ચિત્રમાં કમાલ કરી બેઠી. 'પગલું પગલામાં અટવાણું' અને એ જ રીતે 'મને અંધારાં બોલાવે મને અજવાળાં બોલાવે' એ બન્ને ગીતો હંસા દવેના કંઠને ચમકાવી ગયાં અને ઇસ્માઈલ વાલેરાના કંઠે ગવાએલ 'લુચ્ચાં લોચનિયાં' 'પણ એટલું જ સફળ ગીત રહ્યું.

આ અરસામાં એક એવી ઘટના ઘટી કે બેઉ મિત્રોનાં ચિત્રો 'બહુરૂપી' અને 'કંકુ' સાથે રજૂ થયાં. ઍવૉર્ડને પાત્ર થયું અજિત મરચંટનું સંગીતચિત્ર 'બહુરૂપી'. પણ ખરેખરી ખાનદાની અને ખેલદિલી તો જૂઓ – અજિત મરચંટના ઉદ્‌ગારોમાં વર્તાય છે : 'દિલીપ! ખરેખર ઍવૉર્ડ તો કંકુ'ને જ મળવો જોઈએ.'

આ દિવસોમાં અજિત શેઠ આયોજિત Song of the Monthનો કાર્યક્રમ ખૂબ લોકપ્રિય થયેલો. એના એક કાર્યક્રમમાં દિલીપ ધોળકિયાની સ્વરરચના 'પ્રીત કરી તે કેવી રે મનવા' પુરુષોત્તમ ઉપાધ્યાયના અવાજે કાર્યક્રમની પહેલી પ્રસાદી રૂપે કાર્યક્રમ જામે એ પહેલાં રજૂ થયું, જે અવિનાશ વ્યાસને અસંતોષ થતાં આ રચનાને મધ્યાન્તર પછી ફરી રજૂ કરાવી. પછી તો રાગ તોડી પર આધારિત આ ગીતે ખરેખરી મજા કરાવી.

આ સમર્થ સ્વરકારની E.P.C. રેકૉર્ડ બજારમાં મુકાઈ કે એમાંનાં ગીત અને ગાનારની કમાલથી ટપોટપ ઊપડી ગઈ. 'તારો છેડલો તું માથે રાખને જરા આ તો ચૈતરવૈશાખના વાયરા.' જેવાં મધુરાં અને મદમસ્ત ગીતને આજ દિન સુધી કાળનો કાટ લાગ્યો નથી એવા નિત્ય હરિતકંઠી પુરુષોત્તમ ઉપાધ્યાય અને કૌમુદી મુન્શીનો કંઠ સાંપડ્યો હતો અને એટલો જ યશ સ્વરચનાને પણ આભારી છે.

સંગીતકાર દિલીપ ધોળકિયાને શ્રેષ્ઠ સંગીતકારનો ઍવૉર્ડ મળ્યો તે ચિત્ર 'ભગવાન સ્વામીનારાયણ'ના 'વૈકુંઠથી રૂડું વડતાલ,' 'લલચાણી લાલવર લ્હેરખડો' જેવી પ્રાસાદિક સ્વરરચનાઓ જ નિમિત્તરૂપ છે.

મંગેશકર કુટુંબના વડીલ હૃદયનાથ મંગેશકર સાથે પરિચય થતાં જ દિલીપભાઈ એ પરિવારના પ્રિયજન બની ગયા અને લતા મંગેશકરના કંઠે ગવાયેલ 'ચલાવાહિ દેશ' અને 'જ્ઞાનેશ્વરી ગીતા' બન્ને લૉન્ગપ્લેના મુખ્ય સ્વરકાર હૃદયનાથ મંગેશકરે દિલીપ ધોળકિયાને સંગીતસંચાલન માટે આવકાર્યા.

સુગમ સંગીતક્ષેત્રે એક સોનેરી ઘટના ઘટી હરીન્દ્ર દવેની રચના, દિલીપ ધોળકિયાની સ્વરરચના અને લતા મંગેશકરના કંઠની કરામતના સુભગ સમન્વયથી. એ ગીત આજલગી ગુજરાતી સુગમ સંગીતના શિરમુકુટ સમું સોહી રહ્યું છે : 'એક રજકણ સૂરજ થવાને શમણે'. આ રેકૉર્ડમાં અન્ય ગીતો પણ એટલાં જ આકર્ષક અને આહ્‌લાદક છે : 'રૂપલે મઢી છે સારી રાત રે સજન,' 'ના ના નહીં આવું મેળાનો મને થાક લાગે.'

એ જ રીતે કૌમુદી મુન્શીના કંઠે ગવાયેલાં ગળચટ્ટાં ગીતોએ ગુજરાતને સારું એવું ઘેલું લગાડેલું છે : 'તમે થોડુંઘણું સમજો તો સારું' આ ગીતની એક લાક્ષણિક્તા નોંધવા જેવી છે. એનો ઉપાડ વગાડનારને બગાડનાર બનાવી દે એવો અટપટો છે. કેળવાયેલા કાન જ આ સ્વરોને ઓળખી શકે.

આ સ્વરકારે સ્વકંઠને સોંપેલી સ્વરરચનાઓને હૈયાનું હીર ભરી કરેલ રેકૉર્ડિંગ આપણા સંગીતમાં અણમોલ યોગદાન છે.

એમણે હિન્દી-ગુજરાતી ચિત્રસંગીતની શોભા વધારી છે તો સુગમસંગીતને સોના અને સુગંધથી સોહાવ્યું છે.

આ સ્વરકારના મતે એમની ફિલ્મસંગીતની કારકિર્દીનો કનકકાળ તે ૧૯૭૨થી ૧૯૮૮ના દોઢ દાયકા સુધી લક્ષ્મીકાન્ત પ્યારેલાલના ફર્સ્ટ આસિસ્ટન્ટ તરીકે રહ્યા એ સમય. આમ તો આ સ્વરકારનાં પરિવારજનો સ્વામીનારાયણ સંપ્રદાયનાં વર્ષોથી સાધક રહ્યાં હતાં પણ દિલીપ ધોળકિયા તો પ્રમુખસ્વામીની પહેલી મુલાકાતે અંતરથી મનમેળ થતાં સ્વામીજીના મુખેથી સહજભાવે અને પ્રેમભાવે શબ્દો સરી પડ્યા : 'અમને અચારી

(અનુસંધાન પૃ. ૫૪૨ ઉપર)



અન્ગ્રેસ ચીફર્નની ખાઈઓ

જર્મન કલાકાર ઑટો ડિક્સનું એક ગાઉચે. કોરા રંગોને કોઈ પણ પ્રકારના માધ્યમમાં મિશ્રિત કરી બનાવાતા રંગોને ગાઉચે કહે છે. આ ચિત્ર જર્મનની એક વિશિષ્ટ એક્સપ્રેશનિસ્ટ શૈલીમાં તૈયાર થયું છે.



મહિશમર્દિની દુર્ગા] [૧૯મી શતાબ્દી, મૈસૂર

સેલ્યુલર ટેલિફોન

પ્રહ્લાદ છ. પટેલ

એક એવો જમાનો હતો જ્યારે દૂર-દૂર સંદેશા મોકલવા માટે કબૂતરોનો ઉપયોગ થતો હતો અને ઘોડા જેવાં પ્રાણીઓનો પણ. કેટલીક વખત તો સારા દોડવીરો સંદેશા એક સ્થળેથી બીજા સ્થળે આપી આવતા હતા. માણસ જેમ જેમ પ્રગતિ અને વિકાસ કરતો ગયો તેમ તેમ સંદેશાવહનની પદ્ધતિઓમાં ધરખમ ફેરફારો થતા રહ્યા. અને સંદેશાઓ લાવવા-લઈ જવા માટે યંત્રોએ સ્થાન લીધું.

લગભગ ટેલિગ્રાફથી સંદેશવહન માટે યંત્રયુગ શરૂ થયો ગણાય. તેમાં (ડૉટ (•) અને ડેશ (-) સંકેત-પદ્ધતિનો ઉપયોગ થયો. આ સંકેતો ટેલિગ્રાફની યંત્રભાષા હતી. એક સ્થળે વ્યવહારની ભાષાનું સાંકેતિક યંત્રભાષામાં રૂપાંતર થાય અને તેને વાહક તાર દ્વારા બીજે સ્થળે મોકલાય, જ્યાં ફરીથી તેનું વ્યવહારની ભાષામાં રૂપાંતર થાય છે. છેલ્લે છેલ્લે ટેલેક્ષ (Teleprinter-subscriber's exchange)પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે.

આવી પદ્ધતિઓમાં થોડીઘણી મુશ્કેલીઓ રહેલી છે, જેમ કે સંદેશો મોકલવા માટે કોઈ પણ વ્યક્તિને ટેલિગ્રાફ કચેરીએ જવું પડે છે, જ્યારે ટેલિફોન વડે ઘેર બેઠાં સંદેશાની આપ-લે થઈ શકે છે. આ સાથે ટેલિફોન પરિપથ કમ્પ્યૂટરને જુદાં જુદાં સ્થળોએ સંચારણમાં મદદ કરે છે. આથી જ તો આધુનિક દૂર-સંદેશાવ્યવહારમાં ટેલિફોન મહત્ત્વનો અને અનિવાર્ય બનતાં તે માનવ-જીવનનું એક અવિભાજ્ય અંગ બન્યો છે.

સંચારણનાં ખાસ ત્રણ માધ્યમ છે – તારનાં દોરડાં, રેડિયો અને ઉપગ્રહ. તાર-સંદેશા વ્યવહારમાં વિદ્યુત-સંકેતો વાહક તાર દ્વારા એક સ્થળેથી બીજે સ્થળે જાય છે. રેડિયો-સંચારણમાં વિદ્યુત સંકેતોનું હવા કે અવકાશમાં સંચારણ થાય છે. ઉપગ્રહ-સંચારણમાં માનવ-સર્જિત ઉપગ્રહને તમામ જરૂરી સુવિધાઓ સાથે પૃથ્વીથી દૂર અવકાશમાં યોગ્ય અંતરે ગોઠવવામાં આવે છે. તે પોતાની કક્ષામાં પરિભ્રમણ કરતો રહે છે. પૃથ્વી ઉપરથી કોઈ એક સ્થળેથી સંદેશો ઉપગ્રહ ઉપર મોકલવામાં આવે છે અને પછી તે અન્ય સ્થળે મોકલી આપે છે.

આ પદ્ધતિના ક્રમશઃ વિકાસને આધારે ટેલિફોન અસ્તિત્વમાં આવ્યો. ટેલિફોનના સંચારણ (Transmission) છેડે ટ્રાન્સફોર્મર વડે ધ્વનિ-ઊર્જાનું વિદ્યુત-ઊર્જામાં રૂપાંતર કરી સંદેશો મોકલવામાં આવે છે, જ્યારે અભિગ્રાહી (receiving) છેડે વિદ્યુતઊર્જાનું ફરીથી ધ્વનિ-ઊર્જામાં રૂપાંતર થતાં સંદેશો મળે છે. ટેલિફોન શ્રાવ્ય (audio) પદ્ધતિ છે, જેમાં સામસામે છેડે બોલાય છે અને સંભળાય છે. હવે તો ટેલિફોનમાં પણ દૃશ્ય (visual) પદ્ધતિનો ઉમેરો થયો છે, જેમાં બંને છેડે વાતચીત કરનાર એકબીજાને સાંભળી તેમજ જોઈ શકે છે. આ સાથેસાથે કોર્ડલેસ ટેલિફોન અસ્તિત્વમાં આવ્યો. તેમાં મૂળભૂત ટેલિફોન એકમ તો હોય જ છે. તેની સાથે હાથમાં રાખી શકાય તેવો સેટ હોય છે, જેનું ટેલિફોન એકમ સાથે રેડિયોજોડાણ કરેલું હોય છે. આવા સેટ વડે મૂળ ટેલિફોન એકમથી થોડાક અંતર સુધી વાતચીત કરી શકાય છે.

ઉપગ્રહ સંચારણમાં ઘેરઘેર અને કચેરીમાં વ્યક્તિગત જુદા જુદા પરિપથ મળતા નથી. જ્યારે ટેલિફોન, કેબલ્સ અને ઑપ્ટિકલ ફાઈબર્સ (દૃશ્ય રેશાઓ) વડે વ્યક્તિગત સેવાઓ મળી રહે છે. હવે તો અવકાશમાં નિશ્ચિત કક્ષામાં ઉપગ્રહોની વસ્તી એટલી બધી વધી ગઈ છે કે નવા ઉપગ્રહો ગોઠવવાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. આ સાથે દરેક ઉપગ્રહને સંચારણ માટે નિશ્ચિત આવૃત્તિ ફાળવવામાં આવે છે. હવે તો ભિન્નભિન્ન આવૃત્તિઓ પણ સુલભ નથી.

દૂર-પરિસંવાદની પદ્ધતિ પણ ધ્યાનાકર્ષક છે, જેમાં બંને છેડે દશ-દશ જેટલી વ્યક્તિઓ ટેલિફોન દ્વારા ચર્ચામાં ભાગ લઈ શકે છે. આ પદ્ધતિમાં શ્રાવ્ય, દૃશ્ય, આલેખન અર્જ પ્રતિકૃતિની સુવિધાઓ પણ શક્ય છે. આ પદ્ધતિ વડે શૈક્ષણિક દૂરપરિસંવાદ પણ સફળતાપૂર્વક પ્રયોજી શકાય છે.

આધુનિક ટેક્નોલૉજિને કારણે ટેલિફોન સેવાઓમાં ઝડપી પરિવર્તન આવ્યું છે. દૂરદૂર અને દરિયાપાર સંદેશા, માહિતી, ધ્વનિ મોકલવાની તથા વ્યક્તિગત વાત કરવાની તેમજ પરિસંવાદની સુવિધાઓ સુલભ થઈ છે. આવી સેવાઓ માટે પાયાની ત્રણ બાબતો મહત્ત્વની છેઃ ઘર, દુકાન કે ઑફિસમાં ટેલિફોન સેટ, તાર કે અન્ય સંચારણ પ્રણાલી જેના વડે એક સ્થળેથી બીજા સ્થળે ધ્વનિ મોકલી શકાય છે, અને સ્વિચિંગ પ્રણાલી. જે લાઈન ટેલિફોનનું સ્વિચ સાથે જોડાણ કરે છે તેને ગાળો (loop) કહે છે અને જે લાઈન સ્વીચ અને અનુબદ્ધ (tandem) સાથે જોડાણ કરે છે તેને સ્તંભ (trunk) કહે છે. અહીં આપેલી આકૃતિમાં તે સ્વચ્છતાથી દર્શાવ્યું છે. સંદેશો મોકલવામાં આવે છે તેવા સંચારણ ટેલિફોન અને જ્યાં સંદેશો ઝિલાય છે તેવા અભિગ્રાહી ટેલિફોનનું અનુસંધાન આ આકૃતિ સ્પષ્ટ કરે છે. આ પદ્ધતિનું વિસ્તરણ અને ટેકનોલૉજિકલ આધુનિકીકરણ કરતાં પેજર અને સેલ્યુલર ટેલિફોનનો યુગ શરૂ થયો.

પેજર, આમ તો, ટેલિગ્રાફ જેવી પ્રણાલી છે. ટેલિગ્રાફની જેમ પેજરમાં સંદેશો લખાય છે. તેમાં સંદેશાનું માત્ર શાબ્દિક આલેખન થાય છે. તેમાં શ્રાવ્યતાને સ્થાન નથી. ટેલિગ્રાફની જેમ પેજરને વાહક તારની જરૂર પડતી નથી. સંદેશો વિદ્યુતચુંબકીય તરંગો દ્વારા પહોંચાડવામાં આવે છે. આવા તરંગો એટલાં પ્રબળ હોતાં નથી કે જેથી તેને ઘણે દૂર સુધી મોકલી શકાય. પેજર પદ્ધતિનો વિસ્તાર કેટલાક કિલોમીટર સુધી મર્યાદિત હોય છે. તે ખિસ્સામાં રાખી શકાય તેવી નાની રચના છે અને નિયત વિસ્તારમાં સાથે

રાખી શકાય છે. આ પદ્ધતિ ભલે એકતરફી હોય, પણ મહત્ત્વની છે. નિયત વિસ્તારમાં વ્યક્તિને અકસ્માત થયો હોય અને સાથે પેજર હોય તો ઘરે, દુકાને અથવા દવાખાને સંદેશો મોકલી તાત્કાલિક સારવાર મેળવી શકાય છે.

પેજરની, વધારેલી, સુધારેલી અને ઉભયતરફી સંદેશાવ્યવહારની પદ્ધતિ એટલે સેલ્યુલર ટેલિફોન. સેલ્યુલર ટેલિફોન એ ગતિશીલ (જંગમ) ટેલિફોન એકમ છે. આવા સેલ્યુલર ટેલિફોનથી લોકો વિશાળ વિસ્તારના એક છેડેથી બીજા છેડા સુધી સંદેશાવ્યવહાર કરી શકે છે. સેલ્યુલર ટેલિફોન સંયુક્ત તંત્ર છે, જેમાં રેડિયો, ટેલિફોન અને કમ્પ્યૂટર ટેક્નોલૉજિનું સંયોજન કરવામાં આવે છે. સેલ્યુલર ટેલિફોનના ત્રણ પ્રકાર છે. (૧) ગતિશીલ ફોન, (૨) પરિવહનીય ફોન અને (૩) સુવાહ્ય ફોન.


ગતિશીલ ફોનને કાયમી ધોરણે વાહન સાથે જોડી દેવામાં આવે છે. તેને કાર્યાન્વિત કરવા માટે જરૂરી ઊર્જા વાહનના એન્જિન મારફતે મળી રહે છે.

પરિવહન-ફોનને એક જગાથી બીજી જગાએ ખસેડી શકાય છે, તેમજ સાથે પણ લઈ શકાય છે. તેને યોગ્ય પેટી (કેસ)માં રાખવામાં આવે છે. કેસમાં બૅટરી સાથે તેને જોડવામાં આવે છે, જે કાર્ય કરવા માટે જરૂરી ઊર્જા પૂરી પાડે છે.

સુવાહ્ય ફોન, કૉર્ડલેસ ફોનની જેમ, હાથમાં રાખીને સાથે લઈ જઈ શકાય છે. તેને બૅટરી વડે જ ઊર્જા પૂરી પાડતાં કાર્યાન્વિત કરી શકાય છે.

સેલ્યુલર સંદેશાવ્યવહાર પ્રણાલીના મુખ્ય ત્રણ ભાગ છે : (૧) સેલ્યુલર ટેલિફોન, (૨) નિમ્ન-પાવરવાળા રેડિયો એરિયલની જાળ (નેટવર્ક) (૩) કેન્દ્રસ્થ (મધ્યસ્થ) સ્વિચ કચેરી.

જ્યારે સેલ્યુલર ટેલિફોન ઉપરથી વાત કરવામાં આવે છે ત્યારે વાત કરનારના ધ્વનિનું પ્રારંભમાં વિદ્યુતચુંબકીય તરંગોમાં રૂપાંતર થાય છે. આવા રેડિયો (વિદ્યુત ચુંબકીય) તરંગો વડે સંદેશાને પ્રેષિત્ર (ટ્રાન્સમીટર)ના એરિયલ સુધી પહોંચાડવામાં આવે છે. એરિયલ ઊંચે બાંધેલો વાહક તાર છે, જે વિદ્યુતચુંબકીય તરંગોને પ્રસારિત કરે છે અથવા ઝીલે છે. નક્કી કરેલા ભૌગોલિક



સંચારણ ટેલિફોન   અનુગ્રાહી ટેલિફોન

વિસ્તારના મધ્યે આવા એરિયલનું સ્થાન-નિર્ધારણ કરવામાં આવે છે. આવા ભૌગોલિક વિસ્તારને કોષ-(Cell) કહે છે. આથી આવા ટેલિફોનને સેલ્યુલર ટેલિફોન કહે છે. નેટવર્કના વિસ્તાર મુતાબિક આવા સેલની સંખ્યા અને કદ ફેરફારને આધિન હોય છે. આમ, પ્રેષિત્ર કમ્પ્યૂટરીકૃત મધ્યસ્થ સ્વિચિંગ કચેરી ઉપર સંદેશો મોકલી આપે છે. આ મધ્યસ્થ કચેરી સ્થાનિક અથવા નજીકની અથવા દૂર આવેલી ટેલિફોન કંપની ઉપર સંદેશો મોકલી આપે છે. જેમ જેમ વાત કરનાર નિર્ધારિત સેવા વિસ્તારમાં આઘો-પાછો થાય છે તેમ તેમ સંદેશો આપોઆપ એક પ્રેષિત્રથી બીજા પ્રેષિત્ર ઉપર જાય છે. આવા સંદેશાવ્યવહાર દરમિયાન કોઈ પણ જાતનો વિક્ષેપ પડતો નથી.

બિનઆયોજિત અને અસમતુલિત ઔદ્યોગિક વિકાસે હવા, જળ, જમીન, વગેરેના પ્રદૂષણની માણસને ભેટ ધરી છે. ટી.વી.એ સાંસ્કૃતિક અને આંખનાં જોખમો ઊભાં કર્યાં છે. પેજર અને સેલ્યુલર-સંસ્કૃતિ ભૌતિક સુવિધાઓ ઉપરાંત કેટલા પ્રશ્નો ઊભા કરે છે તે તો ભવિષ્ય જ કહી શકશે. □

અનુસંધાન] **બેકેરેલ અને રેડિયોઍક્ટિવિટી** [પૃ. ૫૨૧થી

આવી છે. તેનાથી થતાં નુકસાનની બીકથી લોકો હવે ગભરાય છે. એટલું જ નહીં પણ તેને ઊભાં કરવામાં થતા ખર્ચા આકાશે પહોંચતા જતા હોવાથી લોકો અને રાષ્ટ્રો તે અંગે બીજી વાર વિચાર કરતા થયા છે. હવે તેની માગમાં મંદી આવી જણાય છે. વિશ્વભરમાં તેની સામે લોકમત ઊભો થતો જાય છે. જોકે સ્ટીમરો અને સબમરીનો ચલાવવા માટે ન્યૂક્લિઅર ભઠ્ઠીઓ નૌકાદળમાં હજુ અર્થપૂર્ણ અને વહેવારું જણાય છે, કારણ કે ત્યાં ખર્ચ કરતાં સુવિધા ઉપર અધિક ધ્યાન અપાય છે.

હવે જ્યારે મહાસત્તાઓ વચ્ચેનાં ઠંડા યુદ્ધનાં વાદળો વિખરાઈ ગયાં છે ત્યારે ન્યૂક્લિઅર શસ્ત્રો અને તેના અતિ ઊંચા ખર્ચા હવે પાલવતા નથી અને તેનું ભાવિ પણ અનિશ્ચિત બની રહ્યું છે. જોકે બીજાં કેટલાંક રાષ્ટ્રો અને વિકાશશીલ દેશો પોતાની લશ્કરી તાકાતના દેખાડા માટે હજુ આવાં શસ્ત્રો તરફની દોડને કદાચ ચાલુ રાખે પણ ખરા. સીટીબીટીનો આજનો ઊહાપોહ આ વાતની ગવાહી પૂરશે. આમ રેડિયોઍક્ટિવિટીની શોધની આ શતાબ્દી તેની ખરાબ અસરને નાશ કરવા માટે પ્રયત્નશીલ બની રહેશે. તો વિજ્ઞાનનો સર્જનાત્મક ઉપયોગ કરવાની દિશાની મંગલ નૂતન ઘડી આવી પહોંચશે! □

સૉફૉક્લીસના નાટક 'ઍન્ટિગનિ' પર આધારિત
એકાંકી રચના

ઍન્ટિગનિ

વિનોદ અધ્વર્યુ

પાત્રો : ઍન્ટિગનિ, ઇઝમીન, રાજા ક્રીઓન
ચોકીદાર, કોરસ - તેમાંથી જ ઉદ્‌ઘોષકો, પ્રવક્તા,
તથા અન્ય વ્યક્તિગત અવાજો.

સ્થળ : થીબ્ઝના રાજમહાલય આગળનું ચોગાન.
પાછળના ભાગમાં ચોતરો. (તેના પર પાછળથી આવવાનું દ્વાર)

[બે ઉદ્‌ઘોષકો ભેરી-નગારી સાથે આવીને વાદ્યો વગાડે છે. આસપાસથી લોકો (કોરસ) એકઠા થાય છે. ઉદ્‌ઘોષકો વાદ્યો વગાડી ઘોષણા કરે છે. નગરજનો સમગ્ર ઘોષણા દરમિયાન યથોચિત પણ વિવિધ પ્રતિભાવો દાખવે છે. આરંભમાં જ સૌ આવીને પ્રથમ રંગસ્થળ મધ્યેની વેદિમાં હોમ કરે છે.]

ઉદ્‌ઘોષકો : સાંભળો... હે નગરજનો... સાંભળો....
રાજાનો સંદેશો, રાજાની આજ્ઞા.
સાંભળો નગરજનો, સૌ સાંભળો..
(વાદ્યો દરમિયાન...)

જન-૧: (જન-૨-ને) શી છે, વળી, વાત ?

જન-૨: (જન-૧-ને) હશે કૈં નવો ઉલ્કાપાત!
(બેત્રણ નગરજનો પ્રવેશે છે - જય પોકારતા.)

નગરજનો : જય... મહારાજ ક્રીઓનનો જય..

અન્ય કેટલાક : મહારાજ ક્રીઓનનો જય...

જન-૨: (જન-૧-ને) મને હંમેશ લાગે છે ભય...
રાજાની આજ્ઞાનો...

જન-૧: (જન-૨-ને) રહે જરા છાનો...

ઉદ્‌૦ : મહારાજ ક્રીઓનનો -

સૌ : જય !

ઉદ્‌૦ : સવિનય... સાંભળો...
પૉલિનીસિસના શબને...

લોકો : (પડઘાતો હોય એમ જુદા જુદા મુખેથી ઉચ્ચાર)
પૉલિનીસિસ! પૉલિનીસિસ! પૉલિનીસિસ!

ઉદ્‌૦ : જે કોઈ એ શરીરને... પૉલિનીસિસના એ શબને...

એક : ઓહ, પૉલિનીસિસ!

બીજો : લઢ્યો...

ત્રીજો : ઘવાયો...

એક : મૃત્યુ પામ્યો...

ચોથો : એ રખડે એનો દેહ નગરચૉકમાં...

ઉદ્‌૦ : નગરચૉકમાં પડેલા એ મૃતદેહને કોઈ અડે નહીં...

બેચાર : અરેરે!

ઉદ્‌૦ : કોઈ ઉપાડે નહીં...

બેચાર : અરેરે!

ઉદ્‌૦ : કોઈ ઉપાડે નહીં.

બેચાર : અરેરે!

ઉદ્‌૦ : કોઈ એને અવલમંજલ પહોંચાડે નહીં..

બેચાર : અરેરે!

ઉદ્‌૦ - જે કોઈ એને અડશે, ઉપાડશે, એની ઉત્તરક્રિયા કરશે તેને...

એકબે : તે...ને...?

ઉદ્‌૦ : તેને મળશે... મૃત્યુદંડ!

એક જણ :પ્રચંડ !

ઉદ્‌૦ : (જતાં જતાં - વચમાં વચમાં વાદ્યો સાથે)
સાંભળજો હે થીબ્ઝનગરનાં નગરજનો, સાંભળજો...
રાજાની આજ્ઞા...

કોરસઃ (ઘેરા અવાજે) મૃત્યુદંડ - પ્રચંડ
('કોરસ' ચોક્કસ સ્થાનો- મુદ્રાઓમાં સ્થિર. જરા વારે તેમાંથી એક પ્રવક્તા તરીકે આગળ આવી પ્રેક્ષકોને સંબોધે.)

પ્રવક્તા : સ્વાગત... આપ સૌનું સ્વાગત. આપ સૌ આજે છો
અમારા આ નગર થીબ્ઝના અભ્યાગત..

વૃંદમાંથી અવાજ : (ઘેરો) કોણ જાણી શક્યું છે અનાગત?

પ્રવક્તા : સ્વાગત આ થીબ્ઝ... આ રાજમહોલાત..

વૃન્દ-અવાજ : આવતા ભાળું છું. ઝં...ઝા...વા...ત...
(વૃંદમાં 'ઝંઝાવાત... ઝંઝાવાત - ઝઝ્ઝાવાત' પડઘાય છે.)

પ્રવકતા : મહારાજ ઈડિપસની વાત તો સૌ જાણો છો આપ..

વૃન્દ : પાપ અને પશ્ચાત્તાપ! (પડઘા)

પ્રવક્તા : એ કરુણ કથા...

વૃન્દ : દારુણ અંતરવ્યથા..

પ્રવક્તા : દેવવાણી સાચી પડી..

વૃન્દમાંથી : અભિશાપની આંધી ચડી..

પ્રવક્તા : અને મહારાજ ઈડિપસ વિદાય થયા..

વૃન્દ : જય... મહારાજ ઈડિપસનો જય..

પ્રવક્તા : મહારાજ ક્રીઓન રાજ્યાસને આરૂઢ થયા..

વૃન્દ : જય, મહારાજ ક્રીઓનનો, જય.

પ્રવક્તા : મહારાજ ઈડિપસનાં સંતાનો - બે પુત્રો... ઇટિઓક્લીસ
અને પૉલિનીસિસ.. એ સંતાનો પોતાના મામા રાજા
ક્રીઓનની છાયામાં ઉછર્યાં...

વૃન્દ : ધન્ય મહારાજ ક્રીઓન! આ...ભા...ર

પ્રવક્તા : પરંતુ પૉલિનીસિસે પારકા લશ્કરની સહાયથી સ્વદેશ
થીબ્ઝ પર ચઢાઈ કરી!

વૃન્દ : દુર્બુદ્ધિ... દુર્બુદ્ધિ...
પ્રવક્તા : ત્યારે ઇટિઓક્લીસે નગરનો બચાવ કરવા યુદ્ધ કર્યું!
વૃન્દ : જોયું...ભાઈની સામે ભાઈ!
વચ્ચે લોહીતરસી ખાઈ!
પ્રવક્તા : નગર બચાવતાં ઇટિઓક્લીસ મૃત્યુ પામ્યો...
નગર જીતવા જતાં પૉલિનીસિસ મૃત્યુ પામ્યો...
વૃન્દ : ભાઈ હાથે જ ભાઈ! ખરે! ભાઈ હાથે જ ભાઈ!
પ્રવક્તા : ઇટિઓક્લીસ દેશભક્ત, એની ઉત્તરક્રિયા થઈ.
પૉલિનીસિસ દેશદ્રોહી, એની ઉત્તરક્રિયાની મનાઈ.
(વૃન્દમાંથી બે જણ આગળ આવીને ઉદ્‌ઘોષકો તરીકે)
ઉદ્‌ઘોષકો : સાંભળો હે નગરજનો... સાંભળો... રાજાની આજ્ઞા છે.. મૃત્યુદંડ...
(પ્રવક્તા પાછળ જાય... બીજા આગળ આવે... એક વૃન્દ રચાય... આ ગતિ સાથે ઉચ્ચાર... મૃત્યુદંડ... મૃત્યુદંડ... મૃત્યુદંડ... છેલ્લાં ઉચ્ચારણો દરમિયાન વૃન્દ વિદાય થાય. થોડીક સેકન્ડો માટે રંગભૂમિ ખાલી. પછી - એક જ બાજુએથી એકસાથે ઍન્ટિગનિ અને ઇઝમીનનો પ્રવેશ. બન્ને મધ્યમાંની વેદિ તરફ જઈ હોમ કરીને આગળ આવે છે...)
ઍન્ટિગનિ : બહેન ઇઝમીન!
ઇઝમીન : બહેન... ઍન્ટિગનિ!
ઍન્ટિ૦ : સાંભળ્યાને સમાચાર?
ઇઝમીન : શેના?
ઍન્ટિ૦ : રાજાજ્ઞાના.
ઇઝમીન : ના બહેન, હજી એનો પૂરો નહીં થયો હોય પ્રચાર.
ઍન્ટિ૦ : ઇઝમીન, આપણે માથે ઓછું નથી વીતાવ્યું વિધાતાએ.
માતા ગયાં, પિતા પણ ગયા. ભાઈઓ પણ ગયા. પાછળ
આ વસમાં વીતકો ભોગવવાં આપણે જ રહ્યાં.
ઇઝમીન : હશે...બહેન, સમય સાથે એ વીતકોય જશે વહ્યાં.
ઍન્ટિગનિ : પણ આવાં... આવાં... ફરમાન તે શેં જાય સહ્યાં?
ઇઝમીન : ફરમાન? 'આવાં' એટલે ? ને, ક્યારે થયાં?
ઍન્ટિ૦ : ઇઝમીન, કોઈ દુઃખ, કોઈ વિષાદ, કોઈ વેદના, કોઈ
અપમાન એવાં નથી જે આપણે સાથે ન વેઠ્યાં હોય!
આપણી એવી ભાગીદારી, એવો સહકાર..
ઇઝમીન : એ તો પ્રેમનો વણલખ્યો કરાર.
ઍન્ટિ૦ : ને હવે સ્વજનોની વિદાય પછી પણ... આ વેદના...
ઇઝમીન : તારા ઉદ્‌ગારો છે ઊંડા ખેદના... શું સાંભરી આવ્યા ભાઈ?
ઍન્ટિ૦ : તો તેં નથી સાંભળ્યું કાંઈ! ન જાણે કશું!
ઇઝમીન : પણ કહે તો ખરી, થયું છે શું?
ઍન્ટિ : ઇઝમીન, આપણા બે ભાઈ..

ઇઝમીન : રે! સામસામા ગયા કપાઈ...
ઍન્ટિ૦ : હા, ને રાજા ક્રીઓને એકની - ઇટિઓક્લીસની.
ઉત્તરક્રિયા કરી - માનથી, મરતબાથી, દબદબાથી.
ઇઝમીન : એ તો દેશ માટે શહીદ થયો...
ઍન્ટિ૦ : ને તેથી જ તેને દફનાવ્યો વિધિથી ને વૈભવથી. પણ
પૉલિનીસિસ..
ઇઝમીન : પૉલિનીસિસ...? એણે સ્વદેશ પર જ આક્રમણ કર્યું...
ઍન્ટિ૦ : ને એનું કપરું પરિણામ ઉચિત રીતે જ એને ભોગવવું
પડ્યું. હાર્યો...ને મરાયો... પણ...
ઇઝમીન : પણ...?
ઍન્ટિ૦ : પણ ના દફનાવાયો...
(નેપથ્યમાં વૃન્દના અવાજો... વ્યક્તિઓના અલગ અલગ... આમ છેલ્લો શબ્દ વૃન્દ સમૂહમાં ઉપાડી લે)
એક : શબ રઝળે... (વૃન્દ : રઝળે)
બીજો : પ્રાણીઓથી ચૂંથાય... (ચૂંથાય...)
ત્રીજો : એની ઉત્તરક્રિયા ના થાય.. (...ના થાય...)
ઇઝમીન : હેં? ના...થાય? ઉત્તરક્રિયા ના થાય?
ઍન્ટિ૦ : કારણ કે રાજાજ્ઞાની ઉદ્‌ઘોષણા થઈ છે.
(નેપથ્યમાં ઉદ્‌ઘોષણા) : સાંભળજો હે નગરજનો...
સાંભળજો...
રાજાની આજ્ઞા છે...
મૃત્યુદંડ!...
ઇઝમીન : હેં?
ઍન્ટિ૦ : હા! રાજાની આજ્ઞા છે... રાજા ક્રીઓનની આજ્ઞા..
પૉલિનીસિસના શબની ઉત્તરક્રિયા નહીં!
(નેપથ્યમાંથી જુદા જુદા વ્યક્તિગત અવાજો -)
(૧) ઉત્તરક્રિયા નહીં. ('નહીં' વૃન્દ બોલે છે.)
(૨) એનાં સ્નાનસૂતક... નહીં ('નહીં' વૃન્દ બોલે છે)
(૩) એનો દેહ રઝળે...
(૪) ગીધકૂતરાં ઉજાણી કરે...
(૫) એને સદ્‌ગતિ નહીં ('નહીં' વૃન્દ બોલે છે.)
(૬) એને આંસુનીય અંજલિ નહીં ('નહીં' વૃન્દ બોલે છે.)
ઇઝમીન : ઓહ! કઠોર છે આ રાજાજ્ઞા...
ઍન્ટિ૦ : ને તે કોને સંબોધીને છે?
ઇઝમીન : સૌ નગરજનોને?
ઍન્ટિ૦ : ના ઇઝમીન, ના. આ તો કહેવાયું છે તને ને મને.
ઇઝમીન : આપણે? આપણે તો...
ઍન્ટિ૦ : આપણે જ તો છીએ મૃતકનાં શેષસ્વજનો! અને ખાસ
તો આ છે મને લક્ષ્ય કરીને...
ઇઝમીન : હું ય ખરીને?

ઍન્ટિ૦ : કદાચ; જો તું ઇચ્છે તો. પણ મારું મન તો એ બરાબર પારખે છે. મારા મનમાંનો પિતાના નિર્વાસનનો શોક, પછી ગાદી પર આપણા ભાઈઓને બદલે ક્રીઓનના આરોહણ વિષયક મારા મનમાં ઘુમરાતો વિદ્રોહ... અને હવે ભાઈના મૃતદેહને રઝળવા દેવાની, ચૂંથાવા દેવાની, અને તે સહી લેવાની, ફરજ પાડતી આ રાજાજ્ઞા.. સાંભળ... સાંભળ આ ઘોષણા..

(નેપથ્યમાં : 'જે કોઈ તેને અવલમંજલ પહોંચાડશે તેને મૃત્યુદંડ')

ઇઝમીન : પણ બહેન, પૉલિનીસિસ તો દેશદ્રોહી.

ઍન્ટિ૦ : હા, ને એનું ને આપણું એક લોહી...! એ જ વખત આગળ ધરાશે.. લોકોમાં એનો પ્રચાર કરાશે. લોકોને આ અમાનુષી આજ્ઞાનું વાજબીપણું ઠસાવાશે... ફરમાનનો કડક અમલ કરાવાશે... - ને ત્યારે કોનાં હૈયાં દાઝશે?

[નેપથ્યે (વૃન્દનો અવાજ) : મહારાજ ક્રીઓનનો જય!]

આ રાજભક્ત નગરજનતાનાં નહીં!

મારાં અને તારાં... આપણાં ઊકળશે લોહી...

ઇઝમીન : પણ પૉલિનીસિસ દેશદ્રોહી?

ઍન્ટિ૦ : ખરો જ! તે વાતે મને તેના પ્રત્યે જરાય સહાનુભૂતિ નથી. કદાચ... તે જીત્યો હોત...ને જીવતો હોત તો તેની સામે હું પણ શસ્ત્ર ઉઠાવત.

ઇઝમીન : તો હવે?

ઍન્ટિ : હવે? હવે ક્યાં છે એ દેશદ્રોહી પૉલિનીસિસ?

ઇઝમીન : કેમ? નગરચોકમાં?

ઍન્ટિ૦ : મૂરખ થા મા. ત્યાં તો કેવળ મડું!

- ને રાજાને એ ય નડ્યું? મડાને માથે ય વેરનો વેરો! (ઉદ્‌ઘોષકોનાં વાદ્યોનો અવાજ!)

ઇઝમીન : ને તેનો આ ઢંઢેરો?

ઍન્ટિ૦ : તો હવે તો પડીને ખબર? તો બહેન, જાગ, આવ્યો છે અવસર...

ઇઝમીન : અવસર?

ઍન્ટિ૦ : હા, અવસર - આપણા લોહીના લયને જાળવવાનો - આપણા કુલ-શીલને સાર્થક કરવાનો.

ઇઝમીન : પણ તે કઈ રીતે? સમજાવ તો!

ઍન્ટિ૦ : આમ આવ તો. (નજીક) તું કરશે મને સહાય?

ઇઝમીન : શું કરું? શું થાય?

ઍન્ટિ : તું થાય સહાયક તો હું ભાઈના એ દફનવિહોણા દેહને ઉપાડું.

ઇઝમીન : અરે! તારું ચિત્ત થયું છે ગાડું? તારે એની કરવી છે ઉત્તરક્રિયા ને રાજાજ્ઞાનો અનાદર?

ઍન્ટિ૦ : હા - રાજાની મનાઈ, પણ પોલિનીસિસ શું ન હતો મારો ભાઈ? એનો દેહ ચૂંથાય, ને એની અવગતિ થાય તે શેં સંખાય?

ઇઝમીન : પણ... પણ મૃત્યુદંડ! કેમ વિસરાય?

ઍન્ટિ૦ : ને તો પેલા મૃતદેહની જે દશા થાય તે કેમ જોઈ જાય?

ઇઝમીન : તો શું રાજાની આજ્ઞાનો પ્રતિકાર?

ઍન્ટિ : રાજાને અવશ્ય છે અધિકાર - દોષિતને દંડ દેવાનો - ને દેશદ્રોહીને સજા કરવાનો... પણ તે સત્તા મૃત્યુના ઉંબરની આ પાર... તેની પેલે પાર નથી રાજાને અધિકાર. સ્વજનોના સ્નેહ ધર્મને અટકાવવાનો!

ઇઝમીન : તો'ય સમર્થ રાજસત્તાનો સામનો કરવાનો! આપણે તો કેવળ નિર્બળ નારી. સામે ક્રીઓનની સત્તા ભારી. મૃત સ્વજનની ક્ષમા માગો, પણ આમ સાથે લાગો કેમ તે કરવો રાજાજ્ઞાનો લોપ? શેં જીરવાશે ક્રીઓન કેરો કોપ?

ઍન્ટિ૦ : એમ? તો તું નહીં આપી શકે સાથ? તો ભલે, હું ભરીશ એક જ હાથે બાથ. છે અવિચલ નિશ્ચય મારો. હું મારગ લઉં મારો - તું લે તારો. દેશદ્રોહને ફિટકારું છું, દીધો એણે છેહ, પણ મરણાન્તે દફનાવીશ હું મૃત ભ્રાતાનો દેહ; ને તેમ કર્યે જો મળે મૃત્યુ તો માનીશ વરસ્યા કરુણા કેરા મેહ...! ધર્મ આચરી મૃત્યુ ઓઢું, અને શાશ્વતી-ગોદે પોઢું! જીવંતકેરાં વેર - વ્હાલ તો ચાર દિવસનો ખંત, પરલોકે પરવર્યા પછી તો ક્યાં આદિ ક્યાં અંત? ત્યાં તો કેવળ પ્રેમ અનંત!

ઇઝમીન : બહેન, મને થાય છે તારી ચિંતા-લાગે છે ભય.

ઍન્ટિ૦ : હું તો નિર્ભય છું, ઇઝમીન, તું ભલે પોકાર રાજાનો જય..

ઇઝમીન : પણ આપું છું વચન, આ વાત રહેશે ગુપ્ત, મારા જ મનમાં માત્ર.

ઍન્ટિ૦ : ના, ના, અવશ્ય કહેજે સૌને, આ તો છે જગજાહેર કરવાપાત્ર, કહેજે સૌને, નહીં તો ક્ષુદ્ર માનીશ તુજને...

ઇઝમીન : તારું હૃદય ધખે છે, મારું તો થીજી ગયું છે સાવ-

ઍન્ટિ૦ : થવું હોય તે થાવ.. મને હવે ના રોકી શકશે
મૃત્યુદંડનો ભય, જાણું મારો ધર્મ અને તે આચરવા
હું કૃતનિશ્ચય... તું જા પંથ તા'રે, હું મારે,
કોઈ અજાણ્યો સાદ મને પોકારે..

(બન્ને સામસામી દિશામાં જાય છે.
વૃન્દનો પ્રવેશ. જુદી જુદી બાજુએથી બબ્બે ત્રણ-ત્રણનાં જૂથ પ્રવેશે છે, વાતો કરતાં)

જૂથ-૧ : સાંભળ્યું ને? રઝળે છે દેહ - હા. પેલા નગરચોકમાં...

જૂથ-૨ : રાજા કેરો નિર્ણય આટલો કઠોર શાને?
નહીં તો કોણ રાજાજ્ઞાને માને?

જૂથ-૩ : ભારે છે મૃત્યુદંડનો ભય-
પણ રાજાનોય હશે જ કંઈ આશય :
(ડંકા વાગે છે) લ્યો અહીં જ આવે છે મહાશય!
(ડંકા વાગે છે. રાજા ક્રીઓનનો પ્રવેશ. વેદિ પાસે જઈ હોમ. બધાનાં નમન સ્વીકારી, પાછળના ચૉતરા પર ઊંચી ભૂમિકા પર ઊભા રહીને...)

ક્રીઓન : નગરજનો, સાંભળો :
દેશભક્તિ ને વફાદારી આ નગરની પ્રત્યે એ જ રાજ્યનું ને રાજાનું છે પ્રથમ સત્ય. સ્વતંત્રતા સાચવવી હોય, નગરની રક્ષા કરવી હોય, તો આવશ્યક છે દેશદ્રોહની વિકૃત વૃત્તિનો છેદ. નાશ પામશું સૌએ, જો આપસમાં પડશે ભેદ. દેહદ્રોહીને સખત સજા તે પાઠ સૌને માટે. વફાદારી ને ઐક્ય ટકાવીએ શિર સાટે.
પૉલિનીસિસ-દેશદ્રોહી-નો રહે રઝળતો દેહ,
જુવો અવગતિ એની, જેણે દીધો રાષ્ટ્રને છેહ.. (જાય છે)

વૃન્દ : રાજાની આ રીત, આ ફરમાન ને ફરજ નગર થીબ્ઝની સલામતી માટે. તો મૃત્યુદંડની શિક્ષા સાંભળી, કોણ અભાગી કરશે કંઈ પ્રતિકાર, અરે, શિર સાટે?

એક જણ (વૃન્દમાંથી જ) : ઍન્ટિગનિ!

બીજો : ઍન્ટિગનિ?

એક જણ :હા, ઍન્ટિગનિ આ જાય.

ત્રીજો : મુખ પર વિષાદની છાયા શી વરતાય!

બીજો : સાંભળ્યું છે, એ કૈં તુક્કો લડાવે છે?

એક : નકામી વાતો કાં ચગાવે છે?

ત્રીજો : અરે જુવો, જુવો - એ અહીં જ આવે છે.
(ઍન્ટિગનિનો પ્રવેશ - બને તો પ્રેક્ષકો વચ્ચેથી આવીને ઊભી રહે છે. વૃન્દ તેની આસપાસ, પણ દૂર રહીને, અર્ધવર્તુળ રચે છે)

ઍન્ટિ૦ : (સ્વગત બોલતી હોય તેમ) એક પાસ રાજાનો હુકમ, જેનો આદર કરવા પામી છું નગરધર્મની દિક્ષા. એ આજ્ઞાનો લોપ થતાં તો મૃત્યુ તણી છે શિક્ષા. બીજી પાસ, મૃત ભ્રાતા પ્રત્યે વણલખ્યો, સનાતન સ્વજન - ધર્મ છે મારો : હે ઈશ્વર, આ ધર્મસંકટે, હૃદયતણી આજ્ઞા અનુસરતી મને ઉગારો.. ઈશ્વર - મને ઉગારો.. (એક બાજુએથી જાય છે. 'વૃન્દ' - પરસ્પર આશ્ચર્યથી જુવે છે ત્યાં જ પ્રેક્ષકોમાંથી દોડતો દોડતો... બોલતો બોલતો.. આવતો રાજસેવક. રાજસેવકની આરંભની બેત્રણ ઉક્તિઓ સાથે જ વૃન્દમાં ઘુસપુસ - ચહલપહલ. આવજો સાંભળીને ડંકા સાથે ઉતાવળે, પાછળના ચોકઠા પર પ્રવેશતો રાજા.)

રાજસેવક : ગજબ થયો રે, ગજબ થયો! હવે હું ચોક્કસ માર્યો ગયો! ગજબ થયો રે, ગજબ થયો! - શું કહું ? કેમ કહું? કોને કહું, વારુ? આવી બન્યું, આવી બન્યું, આવી બન્યું મારું! ઓ અભાગી, હવે શિર આ નથી સલામત તારું. (દરમિયાન ક્રીઓન આવી ગયા છે એટલે તેમને) ક્ષમા કરો મહારાજ, ક્ષમા કરો. ઘટના જોઈને ગભરાયો છું, પણ કોઈ કહે તો શુંય કહે, તેથી જાતે જ કહેવા આવ્યો છું. મહારાજ, ક્ષમા કરો...

ક્રીઓન : થયું છે શું ? શી છે વાત, કહે તો ખરો જરા હેઠો મેલી શ્વાસ.

સેવક : હેઠો? હેઠો નહીં, હવે તો છેલ્લો બાકી શ્વાસ!

લોકો : ૧. આને શ્વાસનાય સાંસા?
૨. શેના આ નિસાસા? ૩. શું થયું?

સેવક : થયું? અરે થઈ ગયું! ગયું જીવતર ગયું!

ક્રીઓન : અરે - વાત તો કર? શું થયું? કોણે કર્યું?

સેવક : ના મહારાજ, મેં નથી કર્યું... મેં નથી કર્યું...મેં નહીં! મારો તો જોતાં જ જીવ ગયો ઊડી! સ્હેજ માટીની ચાદર!ને પાણીની એક ટબૂડી!...ના મહારાજ, ન્હોતું દેખ્યું કોઈ, નહીં ત્યાં કોઈનાંયે નિશાન, નહીં કોદાળી, નહીં... પાવડો... અરેરે! કેમ કરી જીરવાશે મુજથી રાજા કેરો કોપ આવડો?

લોકો - (૧) ભીરુ છે ભયભીત
(૨) આતે કૈં વાત કરવાની રીત?

સેવક : વાત? વાત તે કશી કહું?... ચૉદિશ ભાળું ઘોર અંધારી રાત... ના કોઈ આવ્યું-ગયું જણાયું, નહીં દેખાયું કો સાધન કે શસ્ત્ર! ને આજ પરોઢે નજર કરી તો-

વૃન્દ : તો?...

સેવક : તો પૉલિનીસિસ કેરા શબ પર કોઈ ગયું ઓઢાડી કેવળ માટી કેરું વસ્ત્ર -

વૃન્દ : ૧. કફન! ૨. અને દફન
૩. એને મળશે મોત (નેપથ્યમાં ઢંઢેરાનાં વાદ્યો)

સેવક : હા, પણ પકડાયું જો હોત... આ તો કોઈએ ઓઢાડ્યું કફન - ને કીધું દફન - ભેગાભેગું મારુંયે... ક્ષમા.. ક્ષમા... કરો, મહારાજ. ક્ષમા કરો અપરાધ -

ક્રીઓન : ભયંકર તારો. રાજાજ્ઞા છે અવિચલ, નિશ્ચય તારો નહીં ઉગારો... અનુચરો, આને મોતને ઘાટ ઉતારો...

સેવક : ક્ષમા ક્ષમા... મહારાજ, કૃપાવંત જો થાવ...

ક્રીઓન : ભલે, તો ગુનેગારને શોધી બાંધી લાવ- એક નવો સૂરજ

ઉગતામાં. અગર એમ ના થશે તો તારે માથે મૃત્યુદંડની સજા ઊતરશે-

વૃન્દ : ૧. એક સૂરજની અવધિ! ૨. જા, અલ્યા, પકડી લાવ તું!
ક. અરે! પણ કોણ પણેથી અહીં આવતું?
(બે સૈનિકો વચ્ચે ઢાંકેલા મોં વાળી ઍન્ટિગનિ પ્રવેશે છે. પોષાકથી નારી છે એમ જણાતું નથી.)

વૃન્દ : કોણ? કોણ.. આ?

સેવક : સાથી મારા પકડી લાવ્યા કોને?
ખરે! માની શકું આંખોને?

ક્રીઓન : કોણ આ?

સૈનિક : જય હો સ્વામિ! અપરાધી છે આ સન્નારી!

વૃન્દ : (ઘેરા-નીચા અવાજે) સન્નારી!

ક્રીઓન : વાત રજૂ કર તારી...

સૈનિક-૨ : પહેલી વાર હશે એ છાનીમાની ગઈ માટી પાથરી, થઈ ગઈ હશે પલાયન તે વારે.

સૈનિકો-૧ : પણ બીજી વારે... શબ પરથી માટી સાફ કરીને અમે રાહ જોતા બેઠા'તા લપાઈ...

સૈનિક-૨ : ત્યાં તો કો'ક છુપાતી આવતી છાયા દેખાઈ!
શબને ખુલ્લું દેખી મૂક્યા નિસાસા... અને ફરીથી.
માટીની ત્રણ મૂઠી એણે મૃતદેહ પર વેરી...

સૈનિક-૧ : ને તરત જ એને અમે લઈ લીધી ઘેરી!

સેવક : મહારાજ, હવે તો મૃત્યુદંડથી છૂટ્યો!

ક્રીઓન : પણ કોણ - કોણ આ નારી, જેનો જીવન દોર છે ખૂટ્યો?

(સિપાઈઓ - સૈનિકો - તે નારીના અવગુંઠનને ખોલવા જાય છે ત્યાં તો તે જ તેમને તરછોડી મધ્યમમાં આવી અવગુંઠન અને ઓઢો ફગાવી દે છે - તે સાથે જ સૌનાં મોં'માંથી એક- સાથે ને પછી વૃન્દમાં પડઘાતો ઉચ્ચાર થાય છે : 'ઍન્ટિગનિ?!')

ઍન્ટિ૦ - હા - હું...જ...! હું - ઍન્ટિગનિ!

વૃન્દ : (ક્યારેક સમૂહમાં... ક્યારેક વ્યક્તિગત અવાજમાં રંગભૂમિ પર ગતિ સાથે)
ભાઈ-બહેનની પ્રીત રહી શું શકી ન છાની?
મૃત્યુદંડ માથે તોળાતો -
છતાંય કીધો રાજાજ્ઞાનો લોપ!
વિચાર્યો નહીં હોય શું રાજા કેરો કોપ?
લાગ્યો ના કૈં ભય?
જુવોને, રાજાની સામેય ખડી છે કેવી નિર્ભય!
(વૃન્દ પાછું પોતાની જગાએ)

રાજસેવક : મહારાજ, હવે હું મુક્ત?

ક્રીઓન : હા, મુક્ત થયો તું બડભાગી... જા હોં...

રાજસેવક : મહારાજનો જય હો!...

ક્રીઓન : તો ઍન્ટિગનિ! આ હકીકતનો કરે છે તું એકરાર!

વૃન્દ : શું કહેશે?

ઍન્ટિ૦ : હા- મેં જ મૂકી હતી માટી - ત્યાં ત્રણ વાર...

વૃન્દ : ત્રણ... વાર!

રાજા : હુકમ મારી સાંભળ્યો હતો?

ઍન્ટિ૦ : હા... સાંભળ્યો હતો!

રાજા : સમજાયો હતો?

ઍન્ટિ૦ : હાસ્તો,! સ્પષ્ટ જ હતો!

રાજા : અને મૃત્યુદંડની શિક્ષા?

ઍન્ટિ૦ : મારે મન તો એ મોંઘેરી મુક્તિ તણી છે દિક્ષા.
આ જીવનમાં હતો કશો સંતોષ? કશું કૈં સુખ? અને હોત તોય રે રઝળાવીને ભાઈ તણી મૃતકાયા, જીવનભર તે કેમ વેઠતે આત્મડંખ, એ પાપ તણા પીડ્યા કરતા પડછાયા?

રાજા : કિંતુ મારી આજ્ઞાનોય અનાદર કીધો?

ઍન્ટિ૦ : ન્હોતો એ આદેશ કાંઈ દેવોનો દીધો! આપ માનવી. માનવજગની વાત પૂરતો એનો આદર; પણ માનવીની આજ્ઞા ખાતર કરું સનાતન દિવ્ય નિયમનો કેમ અનાદર? માત્ર માનવી કેરી આજ્ઞા, પ્રેરી શકે શું માનજીવન પર સનાતન પ્રેમધર્મ કેરીય અવજ્ઞા?

રાજા : આ અવગણના, આ હઠ, આ ઉન્માદ અનુચિત! નક્કી તારા ભાગ્યમહીં છે મૃત્યુદંડની શિક્ષા સંચિત.

ઍન્ટિ૦ : તો રે! શાની વાર? દઈ દો મૃત્યુ સત્વર, મુક્તિ પામવા કાજ હું યે છું આતુર-તત્પર!

વૃન્દ : અહો! કેવી આ ઘટના, એનો કરુણ જ છે અંજામ!

એક જણ : મહારાજ પ્રણામ.

બીજો જણ : સમજાતું ના કાંઈ - રાજાજ્ઞાને ઉવેખીને યે આ નારીએ શેં દફનાવ્યો ભાઈ? - નવાઈ!

રાજા : ના- નથી નવાઈ! ઘણા સમયથી જોયા'તાં આ અપલક્ષણ પ્રકટેલાં, ને હતો સ્હવારથી વહેમ એની બહેન તણાંયે જોઈ નયન નમેલાં! એ આજે ફરંતી'તી ચિંતાશીલ. અને ભયભીત. સમજાયું ને બહેનોનું આ કાવતરું? આ ભલી ભાઈની પ્રીત! તો ભલે, મોતને મારગ પણ બન્નેય હવે સંગાથે વિચરો. અનુચર, ઇઝમીનનેય અહીં હાજર કરો.

ઍન્ટિ૦ : શાને તે આ કોપ ઇઝમીન પર? જે કાંઈ કર્યું તે કર્યું છે મેં! કોપ હોય મારા પર. નિર્દોષ ઇઝમીનને આમાં સંડોવવી અયોગ્ય! ને મેં પણ જે કાંઈ કર્યું છે તે આ પ્રત્યેક પ્રજાજન કહેશે યોગ્ય.

રાજા : કિંતુ ક્યાં કહે છે કોઈ?

ઍન્ટિ૦ : રાજા કેરાં ભય-ત્રાસનાં તાળાં સૌને મુખે ગયાં વસાઈ!

રાજા : ને દેશદ્રોહી માટે આવું મમત્વ શાને?

ઍન્ટિ૦ : તો કેમ વિસારું અમારાં સમાન માતપિતાને?

રાજા : તો દેશભક્ત ઇટિઓક્લીસ : શું એ પણ ન હતો તુજ ભ્રાત?

ઍન્ટિ૦ : હતો જ! એ પણ હતો જ! એનાં પણ એ જ માત ને તાત!

રાજા : તો પૉલિનીસિસ પ્રત્યે પ્રેમ તે શું નથી દ્રોહ ઇટિઓક્લીસનો?

ઍન્ટિ૦ : એવું ન કહેત ઇટિઓક્લીસ જો એ હોત જીવંત. એય ભાઈ જ હતો ને પૉલિનીસિસનો!

વૃન્દ : ૧. આ તો કેવી વાત? ૨. એક દેશદ્રોહી. ૩. એક દેશભક્ત. ૪. બંનેનો આદર થાય?

ઍન્ટિ૦ : આ જગતના કાયદામાં ન જ થાય!

વૃન્દ : તો?

ઍન્ટિ૦ : મૃત્યુ પછી ના કોઈ રહેતો દુશ્મન! સકલ વૈરનું મૃત્યુ-ખોળે શમન!

રાજા : પરંતુ વેર -

ઍન્ટિ૦ : હવે શેં વ્હેંચું? હવે તો રહું કેવળ પ્રેમ વિસ્તરી.

રાજા૦ : ભલે તો વિસ્તાર તારો પ્રેમ - મૃત્યુછાયામાં ને લેતી જા સાથે તારી બહેન, તારી માયામાં...

વૃન્દ : આ ઇઝમીન આવે! એને પણ શું મોત બોલાવે?

રાજા : કુતઘ્ની, સ્વીકારે છે તું આના ક્રૂકર્મમાં તારી પણ જવાબદારી?

ઇઝમીન : હા, મહારાજ. હું પણ સ્વીકારીશ જવાબદારી, જો ઍન્ટિગનિ સ્વીકારે મારી ભાગીદારી.

ઍન્ટિગનિ : નહીં...નહીં... મેં તો માગી'તી સહાય તારી, પણ તેં તો તે હતી નકારી!

ઇઝમીન : છતાં હવે તારી સાથે જોડાતાં ખચકાતી નથી, બહેન... એકમાત્ર બાકી સ્વજન તે તું- તો તુંય જતાં રહેશે શું સુખચેન?

રાજા: જોયું ને? બહેન સાથે બહેન! મને ખાતરી જ હતી કે આ કાવતરું છે સહિયારું.

ઍન્ટિગનિ : ના...ના... એ છે કેવળ મારું, મારું, મારું.
એ જ છે મારો અંતિમ એકરાર.

ઇઝમીન : અરે બહેન, તું એકલી જ શા માટે ઉપાડે છે ભાર?

ઍન્ટિ૦ : એ ભાર નથી.... એ તો છે અમૂલો અધિકાર...

ઇઝમીન : તો તેમાં મનેય ભાગ લેવા દે...

ઍન્ટિ૦ : તો મનેય કહેવા દે, ઇઝમીન, કે પસંદગીટાણું આવ્યું ત્યારે તેં માગી લીધું જીવન... મેં મોત, તો હવે મારામાં ભાગલાગ કાં ગોત? મૃત્યુની મહેફિલ, અનંતના આદર-માન હવે હું ભોગવીશ. એકલી... એકલી.. ઇઝમીન હવે ગાવા દે મને એકલીને જ એ મંગલ અંતિમ ગાન..

વૃન્દ : અહો! મૃત્યુનીય આવી ઝંખના?
મૃત્યુ માટેયે આવી હોડ! મરવાનાય હોતા હશે કોડ!

૧ : પણ હેં આ ઍન્ટિગનિની વાતમાં નથી સંભળાતો કંઈ સાર? મૃત્યુની આ પાર ને પેલી પાર!

૨ : બન્નેનો અટલ છે નિર્ધાર!

૩ : રાજાનેય કરવાનું છે શાસન!

૪ : ને ઍન્ટિગનિના હૈયામાં ય છે હુતાશન?

૧ : હવે શું થશે? શું થાય?

રાજા : તો ભલે, તારો એ જ હોય નિશ્ચય તો રાજાજ્ઞા ભલે સર્વોપરી થાય... રાજાનું ગૌરવ એ થકી જ રક્ષાય.. અમારી ઉદ્‌ઘોષણા છે-

વૃન્દ : મૃત્યુદંડ!

રાજા : તો એનો અનાદર કરનાર ઍન્ટિગનિનો ભલે લેવાય પેલી એકાંતગુફામાં અંતિમ શ્વાસ.... એ જ એની અંમિત આરામગાહ - એનો આખરી નિવાસ... (જાય છે)

વૃન્દ : કેવો કઠોર દંડ!
પણ શાસન તે શાસન!
આ યુવતીના અરમાનો આમ અકાળે વિરમશે?
એને કદાચ એ જ ઇષ્ટ હશે?
સાંભળો, એ આપણને સંબોધે છે...

ઍન્ટિ૦ : (ચૌતરા પર જઈને...) દોસ્તો, નગરજનો, વ્હાલા વતન થીબ્જના સહવાસીઓ... વિદાય લઉં છું તમારી... તમે સાક્ષી છો મારી આ અંતિમ યાત્રાના...

વૃન્દ : અમારે સાક્ષી થવાનું કેટકેટલી વિદાયોના?
મહારાજ ઈડિપસને દેશપાર વળાવ્યા..
હવે... વળી... આ વિદાય?

ઍન્ટિ૦ : મૃત્યુ તો તમે જોયાં છે-

વૃન્દ૦ : ઘણાં...ઘણાં.. પણ નથી જોયું આવું દૃશ્ય.... આવી વિદાય.

વૃન્દમાંથી ૧ : ઍન્ટિગનિ, આ શું અનિવાર્ય છે?

ઍન્ટિ૦ : હા, મૃત્યુનો મલાજો જાળવવાનું, મૃત્યુની સીમાની પાર ગયેલાનો આદર કરવાના માનવધર્મનું કોઈકે અનુસરણ કરવું જ પડેને? જગતપારના જગતનો ધર્મ કોઈકે તો પાળવો પડેને?

વૃન્દમાંથી ૨ : તો આ મૃત્યુદંડ? એય શું અનિવાર્ય?

ઍન્ટિ૦ : અવશ્ય! મૃત્યુની સીમાની આ પારના વિશ્વમાં એ શાસન આવશ્યક છે. ને તો એ શાસનના આદેશનું પરિપાલન પણ આવશ્યક છે. એટલે જો એનો ભંગ થાય

(અનુસંધાન પૃ. ૫૭૭ ઉપર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ફૈઝ અહમદ ફૈઝ

તા. ૨૩-૧૧-૮૪ : 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી'ના કવિ ઇકબાલની બરોબરી કરે (કદાચ તેનાથી ચઢે) તેવા એક ઊર્દૂ શાયર ફૈઝ અહમદ ફૈઝનું અઠવાડિયા પહેલાં લાહોરમાં અવસાન થયું. ફૈઝની ભારતમાં ઘણી આબરૂ હતી. ભારતના ઊર્દૂ કવિ રહીમનું અવસાન થયું ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સારા સંબંધો ન હતા. ફૈઝ રહીમનો મિત્ર. રહીમનો મૃતદેહ દિલ્હી લાવવામાં આવ્યો હતો. ફૈઝ તો મિત્રના જનાજામાં જોડાવા માટે દિલ્હી જવા નીકળ્યો. તેના મિત્રોએ ઘણો વાર્યો - ભારતમાં વિઝા વગર ન જવાય અને વિઝા તરત મળે નહિ. માટે દિલ્હી જવાનું માંડી વાળો. પણ ફૈઝનો એક જ જવાબ હતો - હું ક્યાં ચઢાઈ કરવા જાઉં છું; હું તો મિત્રના જનાજામાં જોડાવા જાઉં છું. અને એ દિલ્હી ઊતર્યો ત્યારે ભારત સરકારના વિદેશખાતાનો એક ઑફિસર એમને માટે વિઝા તૈયાર લઈને ઊભો હતો.

ફૈઝ અહમદ ફૈઝનું ભારતમાં આટલું બધું માન હતું તેનું એક કારણ છે. આમ તો તે અંગ્રેજીનો પ્રોફેસર હતો અને પાછળથી લાહોરના પાકિસ્તાન ટાઈમ્સનો તંત્રી હતો. તેનું એ સ્પષ્ટ મંતવ્ય હતું કે પાકિસ્તાનની સંસ્કૃતિનાં મૂળ ભારતમાં છે - અરબ દેશોમાં નહિ. તેના આ મંતવ્ય માટે પાકિસ્તાનના મૌલવીઓનો તેના ઉપર ખોફ ઊતર્યો. આમેય લશ્કરી શાસનને આ પ્રગતિશીલ બુદ્ધિજીવી ખટકતો હતો. તેમાં મુલ્લાઓનો રોષ ભળ્યો. એટલે પાંચેક વર્ષ પહેલાં તે પાકિસ્તાન છોડી લેબેનોન જઈ વસ્યો અને ત્યાં છાપાના તંત્રી તરીકે કામ સ્વીકાર્યું. પરંતુ લેબેનોન પરના ઇઝરાયેલી હુમલા પછી તે ફરી વાર લાહોર પાછો આવ્યો. ૭૩ વર્ષની વયે તેનું અવસાન થયું.

ભારત અને પાકિસ્તાનની આમજનતાને જોડનારી એક મજબૂત સાંકળ તરીકે ઊર્દૂ ભાષા કામ કરી શકે છે તે તરફ ફૈઝ અહમદ ફૈઝે સ્પષ્ટ ધ્યાન દોર્યું જેને કારણે ભારતમાં તેની આબરૂ વધી. અલબત્ત, પાકિસ્તાનના લશ્કરી શાસનમાં તેની આબરૂ ઘટી.

આ બધી વાત પેલી ઇકબાલની કડી 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી'માંથી નીકળી તો હવે એ જ વાત આગળ ચલાવું. આ અઠવાડિયું (૧૯ થી ૨૩મી નવેમ્બર) હું આખો દિવસ PRL માં વ્યસ્ત હતો. કારણ કે અમે ત્યાં Gravitation, GUT અને Early Universe (ગુરુત્વાકર્ષણ, મહાન સંયોજન સિદ્ધાન્ત અને વિશ્વોત્પત્તિની શરૂઆતની ક્ષણો) ઉપર એક કાર્યશાળા ચલાવતા હતા. CGUT એટલે Grand Unification Theory - નિસર્ગનાં સઘળાં બળોને સમજાવી શકે તેવો 'ભવ્ય સિદ્ધાત' અમારી આ કાર્યશાળા ૧૯મીએ સવારે શરૂ થતી હતી. ૧૯મીએ ઇન્દિરા ગાંધીનો જન્મદિવસ - એક્તા દિન તરીકે ઊજવવાનો સરકારી સર્ક્યુલર હશે એટલે PRLના બધા જ કર્મચારી (નાના-મોટા) ભેગા થયા હતા. PRLની કારોબારીએ મને પ્રસંગોચિત ભાષણ કરવાનું કહ્યું. મેં ભાષણની શરૂઆત 'કુછ બાત હૈ કિ..' એ પંક્તિથી કરી. અને આ 'કુછ બાત' કઈ છે જેને લીધે આપણું અસ્તિત્વ મિટાઈ નથી ગયું, ટકી રહ્યું છે તે બતાવ્યું. મારી દલીલ તો ભૂમિતિના પ્રમેયની સાબિતી જેવી ચાલે. એ દલીલ તો અહીં નહિ લખું. પણ તેનો સાર લખું છું. આપણો પહેલો અવકાશ યાત્રી રાકેશ શર્મા. તેનો બાપ હિન્દુ અને મા શીખ. આપણા ગણિતના પ્રોફેસર પોતે વૈષ્ણવ અને તેમની પત્ની જૈન. આપણે ત્યાં એક જ ઘરમાં બે જુદા જુદા ધર્મ પાળે છતાં સુખચેનથી સાથે રહે. દુનિયાના કોઈ દેશમાં આટલી બધી ધર્મ-સહિષ્ણુતા સંસ્કારમાં મળેલી નથી. ફૈઝ અહમદ ફૈઝે કહ્યું જ ને કે પાકિસ્તાનનાં સાંસ્કૃતિક મૂળ ભારતમાં છે. 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી'માંની 'કુછ બાત' તે આ વાત છે!!

સંશોધન અને ભાગદોડ

તા. ૮-૩-૮૪ : તમારું રિસર્ચનું ગાડું પાટે ચડવા લાગ્યું છે જાણીને આનંદ થયો. સમયમર્યાદામાં ગણતરીઓ પૂરી કરવા માટે તમારે દોડભાગ કરવી પડે છે તે ઉપરથી મને મનમાં થાય છે કે ગાણિતિક વિષયોમાં સંશોધન અને અન્ય વિષયોના સંશોધનમાં જે મૂળભૂત તફાવત છે તે વિશે આજે લખું. સંશોધન એ સર્જન-પ્રક્રિયા છે તેથી ગણિત, વિજ્ઞાન કે સમાજ-વિદ્યાઓ માટે તે જુદી જુદી તો કેવી રીતે હોઈ શકે? (સામાન્ય રીતે પીએચ.ડી. થવા માટે આજકાલ ઇન્સ્ટન્ટ કોફી કે ઇન્સ્ટન્ટ ઇડલી જેવાં સંશોધનો હાથ ધરાય છે તેવાં Instant - Ph. D. સંશોધનોની હું વાત કરતો નથી.) હા, તો આ સર્જન-પ્રક્રિયાનાં બીજ આપણાં ચિન્તનમાંથી નીપજે છે. પ્રયોગાત્મક વિદ્યા કે સમાજવિદ્યા કે સાહિત્ય કે ગણિતમાં સંશોધનનું બીજાંકુર તો ચિન્તનમાંથી જ ફૂટે છે. તેટલા પૂરતું સઘળી વિદ્યાઓ માટે સંશોધન-પ્રવૃત્તિમાં સામ્ય છે, પણ એક વાર ચિન્તનમાંથી નવો વિચાર કે ખ્યાલ જન્મ્યો (જેને સામાન્ય પરિભાષામાં 'રિસર્ચનું પ્રોબ્લેમ મળ્યું' એમ કહીએ છીએ) એટલે પછી એ વિચારના વિકાસ તથા તેની સત્યતા ચકાસવાનો બીજો તબક્કો શરૂ થાય છે. આ બીજો તબક્કો તે તમારી દોડ-ભાગનો તબક્કો! આ તબક્કો ગાણિતિક વિજ્ઞાન,

પ્રયોગાત્મક વિજ્ઞાન, સમાજ-વિદ્યાઓ કે ભાષાસાહિત્યમાં જુદો જુદો દેખાય છે. આ તબક્કે પ્રયોગાત્મક વિજ્ઞાનવાળા પ્રયોગશાળામાં જશે અને ચકાસણી-પ્રયોગો યોજશે, સમાજવિદ્યાવાળાઓ સમાજનું સૅમ્પલ પસંદ કરી, તેમને મળી પૂછી, વિગતો એકઠી કરવાની માયામાં પડશે. ભાષાસાહિત્યવાળાઓ પુસ્તકાલયમાં જશે અને જરૂરી થોથાં ઉથલાવશે. પણ ગાણિતિક વિજ્ઞાનવાળો ક્યાં જશે? તેને માટે તો બીજો તબક્કો પણ મનોવ્યાપારનો છે. સાચું પૂછો તો ગાણિતિક સંશોધનનો સઘળો વ્યવહાર મનોવ્યાપારનો છે, ચિન્તનજન્ય છે. પ્રાયોગિક વિજ્ઞાની પ્રયોગશાળામાં દિલ દઈને કામ કરશે, જરૂર પડે કલાકોના કલાકો સુધી કામ કરશે, પણ એક વાર પ્રયોગશાળામાંથી બહાર નીકળ્યો એટલે હળવાશ અનુભવશે. પ્રયોગશાળામાં તેનું કામ ઇન્દ્રિયજન્ય અનુભવો મેળવવાનું છે, જે પ્રયોગશાળાની બહાર પ્રાપ્ય નથી. પણ ગાણિતિક વિજ્ઞાની તો આ તબક્કે પણ 'ગણતરીઓ' કરતો હોય છે. આ ચિન્તન-પ્રક્રિયામાંથી બહાર નીકળી હળવાશ કેમ મેળવવી? સાદી ભાષામાં કહીએ તો 'એનું મન ચકડોળે ચઢ્યું હોય' તેવું લાગે!

ઉપરના વિશ્લેષણ ઉપરથી બે-ત્રણ પરિણામો તરત જ મળે છે : (૧) ગાણિતિક સંશોધન સંપૂર્ણપણે મનોવ્યાપાર છે અને તેથી તે એક-ચિત્ત-ધ્યાન (Single minded attention) માગી લે છે. આને કારણે જ તે આમજનતાની નજરે 'વેદિયો,' 'ધ્યાન-બહેરો' અવ્યવહારુ એવો દેખાય છે. આ વેદિયા કે અવ્યવહારુ થવાનું રોકી શકાય પણ ધ્યાન-બહેરા થવાનું રોકી ન શકાય. કારણ કે જો તમારા કામમાં જ ધ્યાન પરોવાય તો જ ચિન્તન-જન્ય સુપરિણામો મેળવી શકો. અને એક દિશામાં ધ્યાન પરોવો એટલે બીજી દિશામાં ધ્યાન ન જાય એ સ્વાભાવિક છે! (૨) ગાણિતિક સંશોધન કરનારનું 'ચકડોળે ચઢેલું મન' હળવું કેમ કરવું? સંશોધનના એકદિશી ચિન્તનમાંથી તદ્દન ચિન્તન-શૂન્ય સ્થિતિમાં જઈ શકાય નહિ. (પ્રયોગશાળાવાળો જેમ પ્રયોગશાળામાંથી બહાર નીકળી જાય તેમ). પરંતુ એકદિશી ચિન્તનમાંથી અનેકદિશી વિચારો માગી લે તેવું કામ હાથ પર લઈ શકાય. વર્ગમાં ભણાવવું, સાપ્તાહિક પરીક્ષાનાં પેપરો તપાસવાં એ આ પ્રકારનું કામ છે. (૩) ગાણિતિક સંશોધનની વિશેષતાને કારણે એક આનંદ જે ગણિતવાળાને મળે છે તે અન્ય વિષયોના સંશોધન કરનારને મળતો નથી. પ્રયોગવાળા તેના સંશોધનમાં જે ધાર્યું હતું તે પરિણામ પ્રયોગોમાં આવતું જોઈને આનંદ છે. સારી ફિલ્મ જોઈને કે ટી.વી. કાર્યક્રમ જોઈને કે બહુ બહુ તો ઍબ્સ્ટ્રેક્ટ પેઇન્ટિંગ જોઈને મળતા આનંદ જેવો તે છે. પણ ગણિત-સંશોધનકાર જ્યારે તેના મનોવ્યાપારથી ધારેલાં પરિણામે પહોંચે છે ત્યારે એક ગૂઢ પરિસ્થિતિમાંથી, તેના મનની પરિસ્થિતિમાંથી ઉદ્ભવતો આનંદ તે અનુભવે છે અને આવા જ આનન્દને આપણે નિજાનંદ કહીએ છીએ.

તો તમારી ભાગદોડ તો નિજાનંદનું જરરી પગથિયું છે!!

આર્થિક પરિસ્થિતિ - એક વિશિષ્ટ પાસું

તા. ૮-૬-૮૪ : હું ઘરની આગલી લૉબીમાં આરામખુરશીમાં બેસીને સવારનું છાપું વાંચતો હતો ત્યાં પડોશમાં રહેતા એક મૅનેજર સાહેબનો દીકરો સાઇકલ ઉપર નીકળ્યો. સાઇકલના પાછલા કેરિયર ઉપર ઘઉં ભરેલો મોટો એલ્યુમિનિયમનો ડબ્બો હતો. કોણ જાણે કેમ પણ મારા ઘરની સામે જ કૅરિયર ઉપરથી ડબ્બો છટક્યો અને નીચે પડ્યો. ઢાંકણું ઊઘડી ગયું અને ખાસ્સા ત્રણેક કિલો જેટલા ઘઉં નીચે ઢોળાયા. મૅનેજર સાહેબના સુપુત્ર સાઇકલ પરથી ઊતર્યા, ઢાંકણું ઉપાડી બચેલા ઘઉં ઉપર ઢાંકી વેરાયેલા ઘઉંના ઢગલા ઉપર તુચ્છ નજર ફેરવી સાઇકલ ઉપર આગળ ચાલ્યા. ખાસ્સા ત્રણેક કિલો જેટલા ઘઉંનો ઢગલો ધૂળ ઉપર રસ્તા વચ્ચે પડેલો હતો. થોડી વારે એક ભરવાડ ત્યાંથી નીકળ્યો. ઘઉંના ઢગલાની એકબે પ્રદક્ષિણા (અલબત્ત, ધીમે પગલે) કરી તે આગળ ચાલ્યો ગયો. પાંચેક મિનિટ થઈ હશે ત્યાં ૮-૧૦ વર્ષની ઉમરના લઘરવઘર કપડાંવાળા બે છોકરા આવ્યા. તેમણે ખીસામાંથી પ્લાસ્ટિકની થેલી કાઢી અને ઢગલામાંથી ઉપરઉપરથી ઘઉં મૂઠીમાં ભરીને થેલીમાં ભરવા લાગ્યા. પણ આ પ્રવૃત્તિ આગળ ચાલે ત્યાં તેમનાથી મોટો એક છોકરો હાથમાં લાકડી લઈને આવ્યો. બન્ને નાના છોકરાને તગેડી મૂક્યા. મોટો છોકરો પોતા સાથે ચાર-પાંચ બકરીઓ લાવ્યો હતો તે બકરીઓને ઘઉં ચરવા મૂકી દીધી! પાંચેક મિનિટમાં આ બકરીઓ ઘઉંનો ચારો ચરી ગઈ. કહેવત છે ને કે બકરી મેલે કાંકરો. પણ આ બકરીઓને શુદ્ધ ઘઉં (અને તે પણ મૅનેજરસાહેબના ઘરના અસ્સલ દાઉદખાની મળ્યા એટલે) ઢગલાના ઉપરના બધા જ ઘઉં બકરીઓ ચરી ગઈ પણ ઢગલાને તળિયે રસ્તાની ધૂળ સાથે ભળેલા ૫૦૦-૭૦૦ ગ્રામ ઘઉં પડી રહ્યા.

બકરીઓ ગયા પછી એક ત્રીસેક વરસની બહેન નીકળી. તેણે નીચે બેસીને ઘઉંવાળી ધૂળ ભેગી કરી સાડલાને છેડે બાંધી. રસ્તે જતી બીજી બે બહેનો વાત કરતી હતી : આ બહેનના રેશનિંગના ઘઉં ઢોળાઈ ગયા લાગે છે. ઘેર જઈને ચાળી નાખશે એટલે ધૂળ નીકળી જશે.

આમ, મૅનેજરસાહેબના દાઉદખાની ઘઉંનો દાણેદાણો (સાથે રસ્તાની ધૂળ પણ) વીણાઈ ગયો! અને અડધા કલાક જેટલા ગાળામાં તો જાણે કાંઈ જ થયું ન હોય તેવો રસ્તો થઈ ગયો. અને હું પણ આરામખુરશીમાં બેઠોબેઠો છાપું આગળ વાંચવા માંડ્યો...

પણ છાપામાં જે સમાચારો આવે છે તેના કરતાં કેટલા બધા વિચારપ્રેરક સમાચાર ઘરની સામે અડધા કલાકના અનુભવમાં જાણવા મળ્યા!

રોમ ભડકે બળે, નીરો વાંસળી વગાડે

તા. ૨૩-૨-૮૪ : અમદાવાદમાં ટી.વી.નું રિલે સ્ટેશન સ્થપાતાં અમદાવાદીને લીલાલ્હેર થઈ ગઈ છે. દર રવિ અને ગુરુવારે હિન્દી ફિલ્મ, શનિવારે પ્રાદેશિક ભાષાની ફિલ્મ, બુધવારે અને શુક્રવારે ફિલ્મી સંગીત-નૃત્યનો કાર્યક્રમ ચિત્રહાર! વગર પૈસે મનોરંજન - હા વગર પૈસે જ તો, કારણ કે ઘણાખરા અમદાવાદીને હવે એ તો આવડી ગયું છે કે ગમે તેટલાં વીજળીનાં સાધનો વસાવો તો પણ તમારું વીજળીનું બિલ બહુ ન વધે તે રીતે મીટરને કેમ કહ્યાગરું બનાવી દેવું! અત્યારે શહેરમાં બધે મ્યુનિસિપાલીટીના થાંભલે થાંભલે ટી.વી.ની જા.ખ. લગાડી છે. છાપાની કુલ જાહેરાતોમાં મોટો હિસ્સો ટી.વી.ની જાહેરાતોનો છે.

પણ આની અવળી અસર પણ થઈ છે. શહેરનાં સિનેમાઘરોની રવિવારની આવક એકદમ ઘટી ગઈ છે. અત્યારે કોઈ પણ થીએટરમાં રવિવારે સાંજે ૬ વાગ્યાના શોની ટિકિટ જરૂર મળે - કદી હાઉસફૂલ હોય જ નહીં. અરે લૉ-કૉલેજ ગાર્ડન પાસેની ભેળપૂરી અને મદ્રાસી વાનગીની હોટેલોની પણ કમાણી ઘટી ગઈ છે. રવિવારે બહાર નીકળી હોટેલમાં નાસ્તા કરવાના જમાના ગયા હવે!!

અમદાવાદમાં મિલ-ઉદ્યોગને કારણે વસ્તીમાં મધ્યમવર્ગનું પ્રમાણ અન્ય શહેરો કરતાં ઘણું વધારે છે. એ મધ્યમ વર્ગ અત્યારે પોતાની બચતમાંથી બીજી ખરીદી કરવાને બદલે ટી.વી.ની ખરીદી કરવાનું વધુ પસંદ કરે છે. પરિણામે ઘરઘંટી, મિક્સર, રેફ્રિજરેટર વગેરેના વેચાણ ઉપર મોટો કાપ આવ્યો છે અને ઇડલી-ઢોસાવાળાની સાથે રેફ્રિજરેટર, લોખંડના કબાટ અને ફર્નિચરવાળા પણ રોવા બેઠા છે!!!

પંજાબ અને હરિયાણામાં હિન્દુ અને શીખ ઝનૂનીઓ સામસામા બાખડે છે અને નિર્દોષ હિન્દુઓ અને શીખોના જાન જાય છે. તેની આ ગુરુવાર, રવિવારની ફિલ્મોના રસિયા અમદાવાદીને ખાસ પરવા નથી. અરે એ હરિયાણા-પંજાબ તો ઘણે દૂર રહ્યાં, ઘરઆંગણાની વાત કરીએ તો ખુદ અમદાવાદમાં ૧૩ કપડા મિલો બંધ પડી છે. લગભગ ૨૫થી ૩૦ હજાર કુટુમ્બો રોજી વગરનાં થઈ ગયાં છે તેની પણ અમદાવાદી ઉપર બહુ અસર નથી. ગઈ કાલે જ પાંચ રાજકીય પક્ષોએ 'આ બંધ પડેલી મિલો બાબતમાં સરકારનું ધ્યાન ખેંચવા' રસ્તા રોકો આંદોલન જાહેર કર્યું હતું. અગાઉથી જાહેર કર્યા મુજબ ૧૦૧ રાજકીય 'નેતાઓ' રૂપાલી ટૉકિઝ પાસે આવ્યા, ઈન્દુચાચાના બાવલાને ફૂલહાર કર્યા અને રસ્તા રોકો સત્યાગ્રહ માટે રસ્તા પર આવ્યા. ત્યાં પોલીસોનો મોટો કાફલો તૈયાર હતો એટલું જ નહીં, પણ ટી.વી. અને પ્રેસ ફોટોગ્રાફરોનો પણ મોટો જમેલો હતો. (તેમના જ લાભાર્થે જાણે કાર્યક્રમ ગોઠવાયો ન હોય!) સત્યાગ્રહીઓ બરાબર કૅમેરા સામે જ આવીને સૂત્રો પોકારે - પોલીસ ઑફિસર પણ (હસતાં હસતાં) આવીને તેમની ધરપકડ કરે છે અને પછી જાનૈયાની જેમ બધાની 'ધરપકડ' કરી, બસમાં બેસાડી પોલીસથાણે (જેને અમદાવાદમાં 'ગાયકવાડની હવેલી' કહે છે ત્યાં) લઈ ગયા. હાઉં! 'સત્યાગ્રહ'નો કાર્યક્રમ પૂરો થયો. મિલો બંધની બંધ રહી અને અમદાવાદી તેના ગુરુવાર- રવિવારની ફિલ્મોમાં ગૂંથાઈ ગયો!!! હા, જેમની ધરપકડ કરી હતી તેમને 'અવસર વિત્યે' છોડી મૂક્યા!!!

ગ્રીક ક્લાસિક્સમાં એક વાત આવે છે કે 'રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો વાંસળી વગાડતો હતો.' અમદાવાદી શું? લગભગ બધા જ ગુજરાતીઓ આ નીરોના વંશજો છે. દેશમાં રાજકીય, આર્થિક કે સામાજિક ઉથલપાથલ થતી હોય તો થાય આપણને શું? આપણા માટે તો રવિવાર-ગુરુવારની ફિલ્મ ભલી ને આપણે ભલા!!! વીસેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના ચમારડી રેલવે સ્ટેશને સૌરાષ્ટ્ર મેલને ભયંકર અકસ્માત નડ્યો હતો. એન્જિન અને આગલા બે ડબ્બા એકબીજા ઉપર ચડી ગયા હતા અને દસથી પંદર ઉતારુઓ મરી ગયા અને કેટલાયે ઘાયલ થયા. પણ સૌરાષ્ટ્ર મેલ તો બહુ લાંબો. છેલ્લા ડબ્બામાં એક પાર્ટી. તેમને થયું આ અકસ્માતમાં તો ગાડી ઘણી ઊભી રહેશે. એટલે એમણે તો પ્લૅટફૉર્મ ઉપર પાથરણાં પાથરી નાસ્તાપણી અને સંગીતની મહેફિલ શરૂ કરી. આગલા ડબ્બા પાસે રોકકળ અને પાછલે ડબ્બે મહેફિલ!!! ખરા નીરોના વંશજો! □

કલકત્તામાં 'કુમાર'નું લવાજમ ભરવાની વ્યવસ્થા

૧૦,૦૦૦ ગ્રાહકો બનાવવાની અમારી અપીલનો કલકત્તામાંથી પણ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. આથી કલકત્તાવાસી ગુજરાતીઓને લવાજમ ભરવાની સગવડ રહે તે માટે નીચેના સરનામે તે સ્વીકારવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે :

Arvind Parekh
64, Chakrebere Road, North, Calcutta 700 020
Telephone : 74-7194



પ્રાંતિજના બોખ તળાવમાં આવતાં પક્ષીઓ

- નિરંજન દલાલ -

અમદાવાદથી આશરે ૬૦ કિ.મી. દૂર મારું ગામ પ્રાંતિજ આવેલું છે. જેઓ નેશનલ હાઈવે નં. ૮ ઉપરથી પસાર થતાં હશે તેઓને પ્રાંતિજ નામ વાંચવામાં આવ્યું હશે. પ્રાંતિજના એસ.ટી. સ્ટૅન્ડની બાજુમાંથી જ ઉત્તર તરફ એક રસ્તો આવેલ છે, જે પ્રાંતિજના એક અત્યંત પ્રાચીન મહાદેવના મંદિર તરફ જાય છે. આ મંદિર માર્કંડેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત છે. મંદિર જરા ઊંચા ટેકરા પર આવેલું છે અને તેને લાગીને નીચે એક મોટું તળાવ છે. આ તળાવ બોખ તરીકે ઓળખાય છે. આ બોખ આજુબાજુના પ્રદેશમાં તેનાં કમળ અને શિંગોડાં માટે તો પ્રખ્યાત છે જ પણ ઘણાને ખ્યાલ નથી કે તે તળાવની તથા તેની આજુબાજુની પક્ષીસૃષ્ટિ પણ જોવાલાયક છે. શિયાળામાં લગભગ દેશનાં તથા પરદેશનાં ઓછામાં ઓછાં ૨૫ થી ૩૦ જાતનાં પક્ષીઓ અહીં વિહાર કરતાં હશે. મને પક્ષીઓ જોવાં ગમે છે માટે જ્યારે જ્યારે પણ મારે પ્રાંતિજ જવાનું થાય ત્યારે બસમાંથી ઊતરીને પહેલો સીધો બોખ ઉપર પક્ષીઓ જોવા જાઉં અને પછી ગામમાં. એ સ્થળ પણ ઘણું રમણીય છે.

જ્યારે જ્યારે હું પ્રાંતિજ જાઉં ત્યારે એકાદ - બે કલાક હું પક્ષીઓ જોવામાં ગાળું. પ્રાંતિજમાં મારે રહેવાનું બહુ થોડો વખત હોય એટલે મારા આનંદ પૂરતો હું બોખ ઉપર ફરી આવું અને પક્ષીઓ જોઉં; પણ આ વખતે મને વિચાર આવ્યો કે હું ચાર-પાંચ દિવસ બોખ ઉપર જ રહું અને કયાં કયાં પક્ષીઓ આવે છે તેની આવક તે પ્રમાણે નોંધ કરું અને મારા પક્ષીશોખીન મિત્રોને બતાવું કે કયાં કયાં પક્ષીઓ આ તળાવમાં આવે છે. આ વખતે જાન્યુઆરીના આખરના અઠવાડિયામાં મેં નીચે જણાવેલાં પક્ષીઓ જોયાં :

પક્ષીઓનાં

અંગ્રેજી નામ	**ગુજરાતી નામ**
ઓપન બિલ સ્ટોક	ગુંગલો ઢોંક
કોરમોરન્ટ	જળકાગડો
ડાર્ટર	સર્પગ્રીવ
બ્લૅક આઈબીસ	કાળી કંકણસાર
વ્હાઈટ આઈબીસ	ધોળી કંકણસાર
ફુટ્સ	ભગતડું
કૉટન ટીલ	ગરિની
લીટલ ગ્રેબ	ડૂબકી
બ્લૅક વિંગ સ્ટીલ્ટ	ગજપાંઉ
લીટલરીંઝ પ્લોવર	ઝીણી ટીઢોડી
સ્પોટેડ સૅન્ડ પાઈપર	ટપકીલી તુતવારી
ગારગેની	ચેતવા
પેઈન્ટેઈડ સ્નાઈપ	પાન લૌંઆ
ગ્રે હેરોન	કબૂત બગલો
પરપલ હેરોન	જાંબલી બગલો
ફીઝૅન્ટ ટેલ જેકાના	જળમાંજર
બ્રોન્ઝ વિંગ જેકાના	કાળી જળમાંજર
પોન્ડ હેરોન	કાણી બગલી
યેલો વેગ ટેઈલ	પીળા માથાનો પીલકીઓ
બ્રાહ્મની ડક - જોડી	-
રેડ વેટલ્ડ લેપવિંગ	ટિટોડી
સારસ ક્રેન	સારસ
મુરહેન	જળમુરઘી
વ્હાઈટ બ્રેસ્ટેડ કિંગફીશર	કલકલિયો
લીટલ કિંગફીશર	લગોઠી કલકલિયો
કોમન પાઈ કિંગફીશર	કાબરો કલકલિયો
ઈન્ડીઅન રોલર	દેશી નીલકંઠ


આ વર્ષે મેં ત્યાં બ્રાહ્મની ડકની જોડી જોઈ. પહેલાં કદાચ

પ્રાંતિજનું બોખ તળાવ





ધોળી કંકણસાર



ઘંટી ટાંકણાં


ત્યાં આવતી હશે પણ હું એકસાથે આટલા દિવસ ત્યાં જ રહ્યો એટલે એકબે દિવસ જોવા મળી. આમ, બીજાં પક્ષીઓ પણ આવતાં હશે, પણ એનો ચાલુ અભ્યાસ સીઝનમાં થાય તો જ ખબર પડે. આવી રીતે છેલ્લા ચાર દિવસમાં મેં બ્રોન્ઝ વિંગ જેકાનાની ત્રણ જોડી જોઈ. સારસબેલડી નિયમિત રીતે સવારના ૬.૩૦ થી ૭.૦૦ની વચ્ચે એના નિયત સ્થળે અચૂક આવે અને જો કોઈ માછીમાર એની વચ્ચે જઈને ખલેલ ન પહોંચાડે તો લગભગ બપોરના ૧૧.૦૦ થી ૧૨.૩૦ સુધી અચૂક જોવા મળે. તળાવનો ઘેરાવો કદાચ ૩ કિ.મી. હશે. ઉનાળામાં તળાવનું પાણી ઘણું ઓછું થઈ જાય છે અને વિહાર કરનારાં પક્ષીઓ ગરમીમાં હંમેશાં ચાલ્યાં જાય એટલે ઉનાળામાં પક્ષીઓ ઓછાં જોવા મળે. ચોમાસામાં પાણી ભરાવા માંડે અને સપ્ટેમ્બર - ઑક્ટોબરથી પક્ષીઓનું આવવાનું શરૂ થઈ જાય. ચોમાસામાં કોઈક વાર પેઈન્ટેડ સ્ટૉર્ક પણ જોવા મળે છે. ભોઈભાઈઓના કહેવા પ્રમાણે પહેલાં અહીં પેણ (પેલિકન્સ) ઘણી વાર સીઝનમાં આવતાં. ચોપડીની અંદર પરપલ મુર હેનનું ચિત્ર બતાવીને ભોઈ-ભાઈઓએ કહ્યું કે આ પક્ષી શિંગોડાંની સીઝનમાં શિંગોડાં ખાવા ઘણી વાર આવે છે.

અમદાવાદ તથા આજુબાજુના કુદરત તથા પક્ષીપ્રેમીઓ માટે મારા ખ્યાલ પ્રમાણે આ સ્થળ પક્ષીઓ જોવા માટેનું અને અભ્યાસ માટેનું એક સારું તથા અનુકૂળ સ્થળ છે. ગામની નગર-પંચાયત, મંદિરના ટ્રસ્ટીઓ, સરકાર અને ગામના થોડા અગ્રણી નાગરિકોનો સહકાર મળે તો? તળાવમાં ખાસ કરીને મંદિરની સામેની બાજુએ, જ્યાં પક્ષીઓ આવે છે ત્યાં, બે-ત્રણ ફુટ પાણી કાયમ ભરાયેલું રહી શકે એવી વ્યવસ્થા કરવામાં આવે અને બીજા કોઈ હોડીઓ કે તરાપા લઈને એટલા ભાગમાં ન આવે તો અમુક પક્ષીઓ કદાચ બારે માસ ત્યાં જોવા મળે. વળી, એટલા ભાગને અભયારણ્ય તરીકે જાહેર કરાય તો ગામે તથા સરકારે

દેશી નીલકંઠ




સફેદ છાતીવાળો કલકલિયો





કાળી કંકણસાર અને ગુંગલો ઢાંક



નાનો પતરંગો

પ્રકૃતિ સાચવવા કાજે કંઈ કર્યું લેખાશે.

બહારનાં લોકો ખાસ પક્ષીઓ જોવા આવે તો સ્થાનિક લોકોને પણ આ પક્ષીઓનું મહત્ત્વ સમજાય. ગામ પાસે આટલી સારી પક્ષીસંપત્તિ છે એનાથી ગામના લોકો જ વંચિત છે! તેઓ જુએ છે પણ એમને ખ્યાલ નથી કે આમાંનાં અમુક પક્ષીઓ બહારથી આવે છે. એટલે જેમ જેમ બહારથી લોકો પક્ષીઓ જોવા આવશે ત્યારે જ સ્થાનિક લોકોને ત્યાં આવતાં પક્ષીઓનો મહિમા અને મહત્ત્વ સમજાશે. સ્થાનિક લોકો તથા ત્યાં તળાવમાં કામ

બ્લૅકટેઈલ ગૉડવિટ



કરતા ભોઈભાઈઓ એક રીતે તો આ પક્ષીઓ સાચવે છે, જેમ કે બને ત્યાં સુધી આ પક્ષીઓનો શિકાર કરવા દેતા નથી અને એટલે જ આટલાં વર્ષોથી પક્ષીઓ આ તળાવમાં નિયમિત રીતે આવે છે.

હવે આ વ્યાપારી જીવનના જમાનામાં જેમ બધે જ પૈસા માટેની પ્રવૃત્તિ વધી પડી છે અને કુદરતી સંપત્તિનો નાશ થાય છે તેમ આ તળાવમાં પણ પ્રવૃત્તિ વધવા માંડી છે. દુઃખ એ વાતનું છે કે આટલાં વર્ષોથી આવતાં આ પક્ષીઓ માટે સ્થાનિક લોકો અને નગર પંચાયત સરકારનો સહકાર મેળવીને પાણીના કાયમી સંગ્રહ તથા અભયારણ્ય જેવું રક્ષણ આ પક્ષીઓને માટે સુલભ નહિ બનાવે તો આવતાં થોડાં વર્ષોમાં આ પક્ષીઓ વિષેની વાતો જ ગામલોકો માટે રહી જશે અને નવી પેઢીને એનાં ચિત્રો જોઈને જ સંતોષ માનવો પડશે તથા તેમનું મન પછી કાગડા, ચકલી, કબૂતર, કાબર અને હોલા સુધી જ સીમિત થઈ જશે. આગળ જણાવ્યા ઉપરાંત બીજાં ઘણી જતનાં પક્ષીઓ આજુબાજુનાં ખેતરોમાં તથા ગામની બહારની બાજુએ જોવા મળે છે. પ્રાંતિજ ગામના રેલવે સ્ટેશન નજીક ભાંખરિયું કરીને એક બીજું નાનું તળાવ આવેલું છે અને ત્યાં તથા એની આજુબાજુનાં ખેતરોમાં પણ પક્ષીસૃષ્ટિ સારી છે. આમ, એકંદરે પ્રાંતિજ પક્ષીપ્રેમીઓ માટે મારા ખ્યાલ પ્રમાણે એક સારું સ્થળ છે. □

અનુસંધાન] **આપણા સ્વરકારો** [પૃ. ૫૨૮થી

ખોવાએલી સંપત્તિ પાછી મળી ગઈ.'

૧૪ ઑગસ્ટ ૧૯૯૬ના રોજ મુંબઈ ખાતે એમની ૧૯૫૦ પહેલાંની હરીન્દ્ર દવે, બાલમુકુંદ દવે, નંદકુમાર પાઠક અને ભાસ્કર વ્હોરા - રચિત ગીતોની આઠેક સ્વરરચનાને પોતાની પુત્રવધૂ, ચિ. રજતનાં પત્ની ફાલ્ગુની શેઠના કંઠે કૅસેટસ્થ કરી 'સપનાં લ્યો રે સપનાં લ્યો'ના નામે પ્રકટ કરી છે.

એમ કહેવાય છે કે ફૂલ તો જેમ જેમ ખીલતું જાય, ખૂલતું જાય તેમ તેમ તેની સુવાસ સવાઈ થતી હોય છે. આપણા આ સમર્થ સ્વરકાર સાડા સાત દાયકાને વટાવી આપણે ત્યાં અમદાવાદ આવી ગયા છે ત્યારે અને આ જ મહિનામાં જેમની વર્ષગાંઠ છે તેમના સ્વાસ્થ્યનું સંગીત અને સંગીતનું સ્વાસ્થ્ય સદાય મ્હેકતું અને ગ્હેકતું રહે એવી આપણા સૌની સુરીલી શુભેચ્છા! □

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર

કૅલેન્ડ્યુલા

હેમેન્દ્ર એ. શાહ

આપણે જુલાઈ, ૧૯૯૬ના 'કુમાર'માં જોયું કે પડવા-આખડવા તથા અત્યંત ઊંચાઈએથી માણસ પડી જાય તો 'આર્નિકા' મૂઢ મારને ઓગાળીને ચમત્કારિક રીતે બચાવી લે છે. તે ઉપરાંત ડૉક્ટર પાસે પહોંચવામાં મોડું થાય તો પણ કેસને ગંભીર થતો બચાવી લે છે.

આ જ પ્રમાણે પુષ્કળ લોહી વહેતું હોય, ઘા પડ્યો હોય, વકરતો હોય, પાકવાથી પરુ થતું હોય કે થવાની ઘણી શક્યતા હોય તો હોમિયોપથીની એક અત્યંત અસરકારક દવા છે 'કૅલેન્ડ્યુલા'. આ દવા સામાન્ય ગલગોટાના ફૂલમાંથી (મેરિગોલ્ડમાંથી) બનાવવામાં આવે છે.

પુષ્કળ લોહી વહેતું હોય તો આ દવા મોં વાટે પણ લઈ શકાય છે અને આ દવાનો મલમ બનાવીને પણ લગાડી શકાય છે. હોમિયોપથીના સ્ટોર્સમાં તેનો તૈયાર મલમ પણ મળે છે, જે બહારથી લગાડવાના ઉપયોગમાં લઈ શકાય. હોમિયોપથીની 'કૅલેન્ડ્યુલા' મોં વાટે લેવા માટે ૩૦, ૨૦૦ કે ૧૦૦૦ના પાવરવાળી વાપરી શકાય છે.

ચામડી પર પડેલા ઘામાંથી માંસ દેખાતું હોય, તેમાંથી લોહી કે પરુ નીકળતું હોય, ઘા રુઝાતો ન હોય - આવા પ્રકારના બધા સંજોગોમાં 'કૅલૅન્ડ્યુલા' મલમ ઘણી ઝડપી અને ચોક્કસ સારવાર આપશે. આ મલમને ગરમ પાણી સાથે ભેળવીને પણ લગાડી શકાય છે. ઘાને લીધે થતો દુ:ખાવો કેલેન્ડ્યુલા મોં વાટે લેવાથી ઝડપથી ઓછો થાય છે. ચાંદું પડવાથી રૂઝ ન આવતી હોય, તેને કારણે થતા દુ:ખાવાને લીધે બેચેની લાગતી હોય, ચક્કર આવતા હોય, અથવા માનસિક અસ્વસ્થતા લાગતી હોય તો કેલૅન્ડ્યુલા મોં વાટે લેવાથી ફાયદો થાય છે.

ધારદાર ચપ્પુ, અસ્ત્રો કે ખંજર જેવી વસ્તુ વાગવાથી લોહી વહેતું હોય તો પૂરક દવા તરીકે રુટા, હેપાર સલ્ફર, સેલીસાઈલિક ઍસિડ વાપરવો યોગ્ય ગણાશે અને દર્દ વહેલું મટી જશે.

ભેજવાળી હવાને કારણે થતી શરદી, બેચેની, થાક વગેરે ફરિયાદોમાં પણ કેલેન્ડ્યુલા સારી એવી રાહત આપે છે. પૂંઠમાં થતા મસા માટે, ભેજવાળી હવામાં બહેરાશની ફરિયાદ માટે પણ કેલેન્ડ્યુલા એક સારી દવા છે.

ઈજા થવાથી આંખો ફૂલી ગઈ હોય, આંખની આસપાસ સોજા જેવું લાગતું હોય તો આ દવા લગાડવાથી અને મોં વાટે લેવાથી ઘણી ફાયદાકારક માલૂમ પડી છે. □

પ્રસંગપરાગ

'ગાંધી સવાસો'ની ઉજવણી અને 'બાબુકાકા'

'વ્યારા સબસે ન્યારા' - અસલ ગાયકવાડી એવા સુરત જિલ્લાના આ ગામ વિશે આ ઉકિત પ્રચલિત છે. એને સાર્થક કરે એવી અનેક હસ્તિઓ અહીં જોવાજાણવા મળે છે.

અહીંના એવા એક પ્રહરી નાગરિક શ્રી ન.ગ. ભટ્ટ કે જેઓ કુટુંબના જીજાકાકા અને ગામના બાબુકાકાથી જાણીતા છે. પોણી સદી પૂરી કરી હાલ તેઓ ૮૦ના ઉંબરે ઊભા છે. એક વખતની સુધરાઈ કે નગરપંચાયત અને બજી સમિતિના મંત્રી હતા.

ઈ. ૧૯૯૫માં 'ગાંધી સવાસો'ની ઉજવણી પોતે જીવનમાં યાદ રહી જાય એ ઢબે ઊજવી. વિધવા-સહાય, વૃદ્ધોને સરકારી પેન્શન, સામૂહિક વિમા યોજનાનો લાભ, વિકલાંગ મેળો, ગ્રાહક પ્રવૃત્તિ, માંદગીના બિછાને પડેલ નિરાધારોને ઓથ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓથી ખંડિયેર જીવનની એકલતાને અને નિવૃત્તિકાળના શૂન્યાવકાશને ખીચોખીચ ભરી દીધાં છે. અંત્યોદયના લાભમાં એકલપંડે અથથી ઇતિ સુધીની કાર્યવાહી કરીને ૨૦૦ જેટલાં ભાઈબહેનોને સરકારી આર્થિક સહાયથી લાભાન્વિત કર્યાં. કોઈ પણ સંસ્થાની ઓથ વિના સ્વયંભૂ સેવાભાવનાથી કરવું એ આવા વીરલાઓની કોઠાસૂઝને જ સાંપડે.

વ્યારા તાલુકાનો એ વિકલાંગ મેળો. સેવાભાવી સંસ્થાઓને એમાં જોતરી દીધી. સરકારી કાર્યાલયોને કાર્યાન્વિત કર્યાં. ઘર-આંગણે અપંગોને ટ્રાઇસિકલની સુવિધા ઉપલબ્ધ કરાવી, ત્રણસોથી વધુ ભાઈબહેનોને વિકલાંગોનાં પ્રમાણપત્રો પૂરાં પાડ્યાં, સરકારી વિવિધ ખાતાંઓ અને કર્મચારીઓનું સંકલન કરી બંદોબસ્ત કર્યો. એમાં ખડે પગે મદદ કરવી, પ્રેરક બળ બનવું, બધાને પ્રોત્સાહિત કરવા - એમાં જ્યાં જુઓ ત્યાં બાબુકાકા પોતે શિવામ્બુના હિમાયતી. શિવામ્બુ ચિકિત્સાના પ્રચારક, શિવામ્બુ સંમેલનના પણ આગ્રહી અને આયોજક. પત્રકારત્વ એમનો ગમતો વિષય. 'ગુજરાતમિત્ર' જેવા પ્રતિષ્ઠિત અખબારમાં 'વ્યારાનો પત્ર' વર્ષોથી લખે.


આ રીતે બાબુકાકા પોતાની ઉત્તરાવસ્થામાં આવી ભાતીગળ પ્રવૃત્તિથી નિવૃત્તિનો અસીમ આનંદ માણે છે. તેમજ જનસેવાનો યજ્ઞ કરતા રહે છે. એ યજ્ઞની પોતે આહૂતિ બને તેનોય અફસોસ નથી.

- રાજુભાઈ જંત્રાણિયા

ધરતીનો છેડો ઘર

પ્રવેશદ્વાર

હેમન્ત વાળા



પ્રમાણમાપને આધારે પ્રવેશદ્વારને સામાન્ય રીતે ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરાય છે; વિશાળ માપવાળું પ્રવેશદ્વાર સ્મારકીય પ્રમાણમાપવાળું કહેવાય, જે સામાન્ય રીતે વિશાળ સ્મારકીય ઇમારત કે તેના સંકુલના દ્વાર તરીકે પ્રયોજાય છે. ફતેહપુર સિક્રિનો બુલંદ દરવાજો કે આગ્રાના તાજમહેલના સંકુલનું પ્રવેશદ્વાર આ શ્રેણીમાં આવે. ત્યાર બાદ તેનાથી નાના પ્રમાણમાપવાળું દ્વાર સંસ્થાકીય ઇમારતોમાં પ્રયોજાય છે અને સૌથી નાના પ્રમાણમાપવાળું દ્વાર આવાસ તથા તેને સંલગ્ન પ્રમાણમાપવાળી ઇમારતોમાં પ્રયોજાય છે. આવાસમાં પ્રયોજાતાં પ્રવેશદ્વાર સામાન્ય રીતે ૯૦ સે.મી.થી ૧૩૫ સે.મી. પહોળાં તથા ૨૦૦ સે.મી. જેટલા ઊંચાં હોય છે અને તેમાંથી એકીસાથે એક અથવા વધુમાં વધુ બે વ્યક્તિ પસાર થઈ શકે. તેની સરખામણીમાં સંસ્થાકીય ઇમારતોના દ્વારમાંથી એકીસાથે પાંચથી દસ વ્યક્તિઓ પણ પસાર થઈ શકે તેવી જરૂરિયાત હોવાથી તેની પહોળાઈ વધુ રખાય છે અને પહોળાઈ વધતાં દૃશ્ય-અનુભૂતિ સમતુલિત કરવા ઊંચાઈ પણ વધારાય છે. જ્યારે સ્મારકીય દ્વારના પ્રમાણમાપ ઉપયોગિતા કરતા પ્રતીકાત્મક રજૂઆત તથા વિશાળતા દર્શાવતી દૃશ્ય-અનુભૂતિ મહત્ત્વનાં હોય છે. આમ, આવાસનું પ્રવેશ નાનું હોવા છતાં તે આવાસની રચનામાં મહત્ત્વનું અંગ છે.

વાસ્તુ-શાસ્ત્રના સૂચન પ્રમાણે આવાસનું મુખ્ય પ્રવેશદ્વાર ઉત્તરથી ઈશાન તરફ હોય તો માલિકને આર્થિક ફાયદો થાય છે, જ્યારે ઈશાનથી પૂર્વ તરફના મુખ્ય દ્વારવાળા આવાસમાં રહેનાર પ્રફુલ્લિત રહે છે. પૂર્વથી અગ્નિ તરફ જો પ્રવેશદ્વાર હોય તો તેની અસર વિપરીત થાય છે. અગ્નિથી દક્ષિણ તરફનું પ્રવેશદ્વાર પ્રગતિ માટે સારું ગણાય છે, જ્યારે દક્ષિણથી નૈર્ઋત્ય તરફના પ્રવેશદ્વારથી આર્થિક નુકસાન થવા ઉપરાંત ઘરની સ્ત્રીનું સ્વાસ્થ્ય કથળી શકે. નૈર્ઋત્યથી પશ્ચિમ તરફનું દ્વાર પણ આર્થિક રીતે નુકસાનકારક હોવા ઉપરાંત ઘરના પુરુષોના પતનનું કારણ બને છે. પશ્ચિમથી વાયવ્ય તરફનું દ્વાર સફળતાનું કારણ બની શકે, જ્યારે વાયવ્યનું ઉત્તર તરફનું દ્વાર કુટુંબ માટે અસ્થિરતા સર્જી શકે તેમ મનાય છે.

આવાસમાં બહારના વિશ્વ સાથેના સંબંધો તેના પ્રવેશદ્વારથી સ્થપાય છે. આવાં પ્રવેશદ્વાર ત્રણ પ્રકારનાં હોય છે : મુખ્ય પ્રવેશદ્વાર, સર્વિસ દ્વાર તથા ખાસ પ્રયોજન માટે બનાવેલું દ્વાર. આમાંનું મુખ્ય પ્રવેશદ્વાર સૌથી વધુ અગત્યનું છે, જે પ્રત્યેક આવાસમાં હોય જ અને જેના થકી આવાસનો મોટા ભાગનો વ્યવહાર જળવાય છે. સર્વિસ દ્વાર વડે બહારથી સીધાં રસોડા કે અન્ય સર્વિસ ક્ષેત્રમાં જવાય છે. ઘરના નોકરોની આવનજાવન તથા કેટલોક માલસામાન સીધો ચોક્કસ ઓરડામાં પહોંચાડવા આ દ્વારનો ઉપયોગ થાય છે. ખાસ પ્રયોજન માટે બનાવાયેલાં દ્વાર દીવાનખંડ, ભોજનખંડ કે ફૅમિલિ રૂમમાંથી સીધાં બહાર બગીચા, ખુલ્લા મેદાન, ઓટલા કે ઝરૂખામાં ખૂલતાં હોય છે. કેટલીક વાર શયનખંડમાં પણ મુકાતાં આવાં દ્વારનો ઉપયોગ આવાસમાં પ્રવેશવા માટે નહીં પણ ઉપરોક્ત જે - તે જગ્યામાંથી બહાર નીકળવા કરાય છે. આગ લાગે ત્યારે બહાર નીકળવાનું ઇમર્જન્સી દ્વાર પણ આ શ્રેણીમાં મૂકી શકાય.

આવાસનું મુખ્ય પ્રવેશદ્વાર ઓળખાઈ આવે તેવું હોવું જોઈએ. મુલાકાતીને પ્રવેશદ્વાર શોધવાની તકલીફ ન પડે તે માટે અન્ય બારણાં કરતાં તેને અલગ બનાવાય છે. આવી ભિન્નતા તેના પ્રમાણમાપ, તેની બાંધકામની સામગ્રી, તેના પર કરાયેલ સુશોભન તથા તેની બહાર પ્રયોજાયેલ પ્રતીક્ષા-સ્થાનથી અપાય છે.

પરંપરાગત આવાસમાં મુખ્ય પ્રવેશદ્વાર આગળ નાની પરસાળ બનાવાતી, જેનો બહુવિધ ઉપયોગ કરાતો. મુલાકાતી માટે તે પ્રતીક્ષાનું સ્થાન તો હતું જ, પણ સાથે સાથે તેનો ઉપયોગ અંતરાળ તરીકે પણ કરાતો. આમ-સમયે ઘરની સ્ત્રીઓ માટે નવરાશનો સમય પસાર કરવાનું તે સ્થાન હતું. ઘણી


વાર અનાજ વીણવા કે શાક કાપવા જેવી પ્રવૃત્તિઓ પણ ત્યાં કરાતી. વળી, કુટુંબના અનૌપચારિક મિત્રો માટે તે દીવાનખંડ તરીકે પણ ક્યારેક ઉપયોગમાં લેવાતી. ગરમ તથા ભેજવાળી આબોહવાવાળા વિસ્તારના આવાસમાં આવી પરસાળ વિસ્તૃત રહેતી જેની સરખામણીમાં પોળના પરંપરાગત આવાસમાં પ્રવેશદ્વાર આગળના નાના ઊંચા ઓટલા પરની છતથી પરસાળ નિર્ધારિત થતી આ ઓટલાની ઉપયોગિતા ત્યાં જ તેના પર એક ખૂણામાં બનાવેલ સંડાસથી ઘટતી. શહેરના પોળના આવાસોમાં પાછળથી ગટર લાઈનથી સવલત ઉમેરાઈ હોવાથી આવાસના પાછળના ભાગમાં સંડાસ બનાવવું શક્ય ન હતું તેથી આમ આગળના ઓટલાની ઉપયોગિતાના ભોગે સંડાસ ઉમેરાયું.

ગ્રામ વિસ્તારના પરંપરાગત આવાસનું મુખ્ય પ્રવેશદ્વાર સામાન્ય રીતે વંડીમાં બનાવાયેલ બારણું જ હોય છે. ત્યાંથી વ્યક્તિ ખુલ્લી જગ્યામાં - ચોકમાં - થઈને આવાસમાં પ્રવેશે. આ ચોકમાંથી આવાસનું અંદરનું પ્રવેશદ્વાર અસ્પષ્ટ રહેતું જ્યારે વંડીની દીવાલમાં માત્ર એક જ બારણું બનાવાતું હોવાથી તે પ્રવેશ તરત નિર્ધારિત થતો. આ બારણાને ઓપ આપવા તેના પર તોરણદ્વાર કે નાના ઢળતા છાપરાં પણ બનાવાતાં.


મહેલ કે હવેલી જેવા વિસ્તૃત આવાસમાં મુખ્ય પ્રવેશદ્વાર માત્ર દ્વાર ન રહેતાં મંડપ કે ડેલીના સ્વરૂપે એક સ્થાન બની રહેતું; જેમાં મંડપની રચના સ્તંભો પર ટેકવેલ છતવાળી રહેતી અને ડેલીની રચના ભારવાહક દીવાલો પર બે માળની કાષ્ઠના ઉપયોગથી માળ તથા છત બનાવીને કરાતી. આ ડેલીના ભોંયતળિયે વચમાં રહેલા માર્ગની બન્ને તરફ બેઠક માટે ઓટલા બનાવાતા, જ્યાં સંત્રી તથા સાજિંદાઓ બેસતા. સામાન્ય મુલાકાતી માટેનું તે પ્રતીક્ષાસ્થાન પણ હતું. ઉપરનો માળ સંત્રીના આવાસ તરીકે વપરાતો. સ્વાભાવિક રીતે આવી ડેલીનું બારણું વિશાળ, મજબૂત તથા વજનદાર રહેતું જેને સતત ઉઘાડબંધ ન કરવું પડે તે માટે તેમાં, જેમાંથી આવન-જાવન થઈ શકે તેવી, નાની બારી બનાવાતી. ડેલીની સરખામણીમાં મંડપ વડે માત્ર પ્રવેશસ્થાન નિર્ધારિત થતું.


આવાસનું મુખ્ય પ્રવેશદ્વાર અન્ય બારણાની જેમ માત્ર બારણું ન બની રહેતાં એક સ્થાન બની રહે છે, જ્યાં કેટલીક ક્રિયાઓ પ્રયોજાય છે. આવાસમાં પ્રવેશ મળે તે પહેલાં આગંતુક અહીં પ્રતીક્ષા કરે છે. તે સમયે તેને સગવડ મળે તે માટે ઉપર છાંયડા માટેની છત ઉપરાંત અનુકૂળતા પ્રમાણેની બેઠક પણ આપી શકાય. વળી, આવનાર વ્યક્તિને વાહન પાર્ક કરવાની જગ્યાથી પ્રવેશદ્વાર સુધી આવવાનો માર્ગ પણ સરળ હોવો જોઈએ. આવાસમાં પ્રવેશેલી વ્યક્તિને સીધી દીવાનખંડમાં જતી અટકાવવા વચમાં અંતરાળ બનાવી શકાય. આવી અંતરાળમાં જ ઘણાં મુલાકાતીઓની આગતા-સ્વાગતા થાય છે તથા તેમના આવવાનું પ્રયોજન સિદ્ધ થઈ જતાં તેઓ ત્યાંથી જ પાછાં ફરે છે. આ અંતરાળમાં બૂટ-ચંપલ-છત્રી વગેરે મૂકવાની સગવડ તો રાખવી જ પડે પણ સાથેસાથે આવાસની અંદરનું પ્રતીક્ષાસ્થાને પણ તે બની શકે. અંતરાળમાંથી આવાસની ગોપનીયતા જળવાય તે જરૂરી ગણાય અને તે પ્રમાણે અંતરાળ બનાવવું પડે. જગ્યાના આભાવે જો તે શક્ય ન હોય તો અંતરાળ તથા દીવાનખંડ વચ્ચે હંગામી પાર્ટિશન મૂકી બે વચ્ચેનો દૃશ્યસંપર્ક નિયંત્રિત કરી શકાય. વળી, આવાસની મંદિર તરીકેની છબી પ્રસ્તુત કરવા અંતરાળમાં ભગવાનની મૂર્તિ પણ રાખી શકાય. જો કે વિવિધ રૂઢિગત ધાર્મિક કારણોસર આવી મૂર્તિ કરતાં સુશોભનની અન્ય

ગ્રામવિસ્તારના આવાસમાં પરસાળમાંનું પ્રવેશદ્વાર



પરંપરાગત આવાસમાં પ્રવેશદ્વારને ખાસ મજબૂતાઈ અપાતી





ચીજવસ્તુઓથી અંતરાળને શણગારવું વધુ યોગ્ય ગણાય છે.


મુખ્ય પ્રવેશદ્વારના વિસ્તારમાં કૃત્રિમ પ્રકાશની ત્રણ રીતે ગોઠવણ કરી શકાય. એક, ખાસ ચીજવસ્તુ કે મૂર્તિને નાટકીય સ્વરૂપ આપવા તેના પર ફેંકતો કેન્દ્રિત પ્રકાશ. બીજી, સામાન્ય ઉપયોગિતા માટેનો આમ-પ્રકાશ અને ત્રીજું રાત્રે કાયમ ચાલુ રાખી શકાય તેવો ઝાંખો પ્રકાશ. આ બધાં પ્રકાશસ્રોતની ગોઠવણ એવા સ્થાને કરવી જોઈએ કે જ્યાંથી અંતરાળ તથા પ્રવેશદ્વાર બહારના વિસ્તારમાં પ્રકાશ ફેંકાય. ઘણી વાર પ્રવેશદ્વારની કેટલીક લાઈટો અંદર તથા બહાર એમ બંને બાજુથી ચાલુબંધ થઈ શકે તેવી દ્વિમાર્ગી રખાય છે.

આવાસનું મુખ્ય પ્રવેશ-દ્વાર આવાસની મધ્યમાં હોય તો આવાસની આંતરિક આવન-જાવન ઘટી શકે. તેનાથી વિપરીત જો આવાસમાં તેના કોઈ છેડા પરથી પ્રવેશ આપવામાં આવે તો દીવાનખંડમાંથી પસાર થઈને જ આવાસના અન્ય ઓરડાઓમાં જઈ શકાય તેવી પરિસ્થિતિ સર્જાય. તેવા સંજોગોમાં આવાસમાં પ્રવેશતી પ્રત્યેક વ્યક્તિથી દીવાનખંડમાં બેઠેલ વ્યક્તિઓને ખલેલ પહોંચે અને દીવાનખંડમાં બેઠેલ તથા આવાસમાં પ્રવેશેલ વ્યક્તિ એમ બંનેની ગોપનીયતા પણ ખંડિત થાય. જ્યારે આવાસનું સર્વિસદ્વાર રસોડા કે તેવા અન્ય સર્વિસ-ક્ષેત્ર નજીક હોય તે ઇચ્છનીય છે. જેનાથી આવાસની અંદરની બિનજરૂરી તથા અગવડતાજનક આવન-જાવન ઘટાડી શકાય. સર્વિસદ્વારમાં બહારથી જ સીધો પ્રવેશ મળે તો માલસામાન લઈને ફરતી વ્યક્તિથી આવાસની ગોપનીયતા જળવાઈ રહે. ખાસ ઉપયોગ માટે બનાવેલાં પ્રવેશદ્વાર અગાઉ જણાવ્યા પ્રમાણે જે તે ઓરડા તથા બાગ-બગીચા કે ઝરૂખા વચ્ચે હોય છે, જેને ખોલી નાખવાથી તે ઓરડા તે બહારના ક્ષેત્રમાં પ્રસરે. આવા પ્રસારણને મુક્ત બનાવવા તે દ્વાર વિસ્તૃત બનાવી શકાય.

પોળના આવાસમાં મુખ્ય પ્રવેશદ્વાર પછીની પરસાળ બાદ આવતો ખુલ્લો ચોક



પ્રવેશદ્વાર આગળનો ઉંબરો એક માન્યતા પ્રમાણે આસુરી શક્તિનો પ્રવેશ ખાળે છે.



મુખ્ય પ્રવેશદ્વાર એ આવાસ વિષે સૌપ્રથમ છબી ઉપસાવે છે, તેથી તેની રચના ખૂબ ધ્યાનપૂર્વક થવી જોઈએ. કુટુંબની પસંદગી તથા વિચારસરણી પ્રસ્તુત કરતું મુખ્ય પ્રવેશદ્વાર સાથે સાથે આગંતુક માટે ઉષ્માનો ભાવ પ્રકટ કરે તે પણ જરૂરી છે. તેથી તેની રચનામાં ભડકિલા રંગો તથા બિનજરૂરી ઉભારનો ઉપયોગ નથી કરાતો. આવાસનું મુખ્ય પ્રવેશદ્વાર આવાસની સ્થાપત્ય-શૈલીને અનુરૂપ હોય તે પણ જરૂરી છે. કોલોનિયન સ્થાપત્ય શૈલીના આવાસમાં અર્વાચીન પ્રવેશદ્વાર અજુગતું જ લાગે. મુખ્ય પ્રવેશદ્વારની આવી દૃશ્ય-અનુભૂતિ સાથે સાથે તેની મજબૂતાઈ જરૂરી છે અને તેની રચનામાં ન દેખાય તેવાં તાળાં, સલામતી સાંકળ, બહાર કોણ આવ્યું છે તે જોવા માટેની બારી, છિદ્ર કે કાચ જેવાં સલામતીનાં ઉપકરણો પણ રાખવાં જોઈએ. તેની સરખામણીમાં સર્વિસદ્વારની રચનામાં કોઈ ખાસ વિશિષ્ટતા નથી હોતી, પરંતુ દીવાનખંડ, ભોજનખંડ કે તેવા અન્ય ઓરડામાંથી બહાર બાગ-બગીચા તરફ ખૂલતાં બારણાંની રચનામાં પારદર્શક કાચનો ઉપયોગ જરૂરથી થઈ શકે. આમ કરવાથી બારણાં બંધ હોય ત્યારે પણ બહારના કુદરતી વાતાવરણ સાથેનો દૃશ્ય-સંપર્ક જળવાઈ રહે. જો કે આવાં કાચનાં બારણાં બનાવ્યા પછી સલામતી માટે લોખંડની જાળી કે લાકડાનાં અન્ય બારણાં પણ બનાવવાં પડે છે. આ બધાં જ પ્રવેશદ્વારને વરસાદ તથા ભેજથી યોગ્ય રીતે રક્ષણ મળે તે જરૂરી છે. આ માટે જો લાકડું સારું હોય તો તેના પર પૉલિશ કરી શકાય; અન્યથા રંગથી પણ પ્રવેશદ્વારને પાણી સામે રક્ષણ આપી શકાય. જો કે પ્રવેશદ્વારની બારસાખ લોખંડમાંથી પણ બનાવી શકાય છે.

આવાસનું મુખ્ય પ્રવેશદ્વાર સામાન્ય રીતે ઘરની અંદરની તરફ ખૂલતું રખાય છે. બહાર ઊભેલ વ્યક્તિને આવકારવા તથા બહાર ખોલવાથી તેને પડનારી સંભવિત અડચણ નિવારવા આમ કરાય છે, પરંતુ સર્વિસદ્વાર બહાર ખોલી શકાય જ્યારે ખાસ ઉપયોગમાં લેવાતાં દ્વાર બહારની તરફ ખૂલતાં રખાય છે. આમ પણ સામાન્ય નિયમ પ્રમાણે જે દિશામાંથી મહત્તમ તથા મુખ્ય આવન-જાવન હોય તે દિશામાં દ્વાર ખુલવાં જોઈએ.

આવાસની રચનામાં મુખ્ય પ્રવેશદ્વારનું આગવું મહત્ત્વ છે. તેની ઉપયોગિતા માત્ર પ્રવેશસ્થાન નિર્ધારિત કરવાની નથી, પણ તે મુલાકાતીને આવકારવાનું કાર્ય પણ કરે છે અને સાથેસાથે અનિચ્છનીય પ્રવેશ પણ તે જ રોકે છે. તે આવન-જાવનનો સમય, માત્રા તથા પ્રકાર એમ ત્રણેય નિયંત્રિત કરે છે. તે આવાસનું પ્રતિનિધિત્વ કરે છે તેમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી, કારણ કે સમગ્ર આવાસનું તે મુખડું છે. □

લઘુકથા

ઊંડા અંધારેથી....

મુકુન્દ દવે

તુલસીક્યારા પાસે મૂકેલું ફાનસ પ્રકાશ પ્રસરાવવાનો વ્યર્થ પ્રયાસ કરવું હતું. તેની સામે અન્યમનસ્કપણે દયાશંકર માસ્તર ક્યારનાય જોઈ રહ્યા હતા. નોકરી પૂરી થવાની વેળાએ વળી આ ઉપાધિ ? આજનો આ...ખ્ખો દિવસ તેમની આગળ આવી ઊભો રહ્યો...

'માસ્તર... કાઢ્યા એટલા દિ હવે ઓછા કાઢવાના છે ? ગયા વર્ષે આવકના દાખલાઓમાં તમે ઝાઝી લમણાઝીંક કરી હતી, હવે આ આવકના દાખલા મંજૂર રાખવાના છે... શું... હમજ્યાને ?? ગામના ઉતારસમો તલાટી તાકિદ કરી ગયેલો.

'માસ્તર શાળામાં જે કાંઈ ફર્નિચર કરાવવાનું હોય અને સ્ટેશનરી લેવાની હોય તે હંધાયનો ઑર્ડર મારા સાળા સુખાનંદને જ દેવાનો છે, જો જો એમાં ભૂલ ન થાય...' બસ પકડી શહેરમાં જતાં જતાં ગ્રામસેવક પણ ટકોર કરતો ગયેલો. વિધૂર દયાશંકરનું અંતર આ માટે તૈયાર ન હતું.

જ્યારે બીજી બાજુએ માનસપટ પર ગંગાસ્વરૂપ બહેન ગોદાવરી અને સવિતા છવાઈ જતાં ! એકાએક વિચારધારા તૂટી !!

તેઓ ગાવા લાગ્યા ગળાગળા સાદે 'ઊંડા અંધારેથી...'

'મામા... કયા ઊં...ડા અંધારેથી ઈશ્વર આપણને કેવા પરમ તેજે લઈ જાય ? અને કેવા અસત્યોમાંથી પ્રભુ આપણને ક્યારે સત્ય પાસે લઈ જાય ? કહોને...' પાસે બેસી કવિતા પાકી કરતી સવિતા પૂછી રહી હતી. □



અશરફખાન



પ્રભુલાલ દ્વિવેદી



મોતીબાઈ

મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા

દિનકર ભોજક

સોલંકી યુગમાં રાજા સિદ્ધરાજ વેશપલટો કરી નાટક જોવા જતા. એ સમયે ભજવાતાં નાટકોના સંગીત અંગેની અમારી પાસે જાણકારી નથી. ચૌદમી સદીમાં ગુજરાતના લોકનાટ્ય સ્વરૂપે ભવાઈના વેશો ભજવાયા. ભવાઈનું સંગીત અને નૃત્ય પશ્ચિમ ભારતના વિશિષ્ટ પ્રકારના ગીત-સંગીતની આગવી પરંપરાનું સૂચક છે. મારવાડ અને ઉત્તર ગુજરાતના સરહદી પ્રદેશે ગુજરાતના દેશી સંગીત ઉપર પણ અસર કરી છે. ભવાઈના કેટલાક પ્રચલિત ઢાળોનાં મૂળ ખોળીશું તો કોઈ મારવાડી ગીત કે ઢાળ સાથે તેનું થોડુંઘણું પણ સગપણ શોધી શકાશે.

ગુજરાતી રંગભૂમિની શરૂઆત થાય એ પહેલાં એ જમાનામાં મુંબઈમાં ભજવાતાં અંગ્રેજી નાટકોમાં સંગીત હતું. કેટલાંક નાટકો સંગીતપ્રધાન પણ હતાં. નટ, નર્તકો અને ગાયકો, દ્વારા સંગીતરૂપકો પણ ભારતમાં રહેતાં અંગ્રેજ નરનારીઓનાં મનરંજન માટે રજૂ થતાં.

મુંબઈમાં સને ૧૮૫૩માં 'યંગ બૉમ્બે' નામે ઓળખાતા કેટલાક ઉત્સાહી પારસી યુવાનોએ ગુજરાતી રંગભૂમિ ઉપર 'રૂસ્તમ, જાબુલી અને સોહરાબ' નામે પારસી ગુજરાતી ભાષામાં સૌપ્રથમ વાર એક નાટક ભજવ્યું. આશ્ચર્ય એ વાતનું છે કે આ પૂર્વે મુંબઈમાં પૂનાથી શ્રી વિષ્ણુદાસ અમૃત ભાવે નામે મહારાષ્ટ્રી રંગભૂમિના પ્રણેતા મુંબઈમાં આવી આખ્યાન શૈલીનાં નાટકો ભજવી ગયેલા. એમનાં નાટકોમાં શાસ્ત્રીય સંગીત હતું; જ્યારે શરૂઆતના ગુજરાતી નાટકમાં તે નહોતું. ઘણી વાર નાટકના પ્રયોગની વચ્ચે કે અસંબંધ અલગ પ્રયોગ તરીકે મંડળીના પાંચ-છ ગાયક કલાકારો એક સીધી હારમાં ખુરશી પર પાંચ-છ ગાયનો ગાઈ જતા. પ્રારંભનાં થોડાં વર્ષો પછી એટલે કે આશરે ૧૮૫૫-૫૬ પછી નાટકના પ્રારંભમાં ઈશ્વર-સ્તુતિ કરવામાં આવતી. ઘણી વાર પારસી અગ્રેસરો, બૅરોનેટો વગેરેની પ્રશસ્તિરૂપ ખાસ ગીતો ગાવામાં આવતાં. ગીતો હળવી તરજોમાં ગાવામાં આવતાં. 'બૉમ્બે ગઝેટ' નામના અખબારે કરેલી નોંધના આધારે કહી શકાશે કે, ઈ.સ. ૧૮૬૬ સુધી ગુજરાતી રંગભૂમિ ઉપર આ જ પ્રથા હતી. વાજિંત્રોમાં સારંગી, તબલાં, વાયોલીન હતાં. હાર્મોનિયમ તો આવ્યું ૧૮૬૨માં. ગુજરાતી રંગભૂમિના અગ્રેસર કે ખુશરૂ કાબરાજીએ ઈ.સ. ૧૮૭૦માં સૌપ્રથમ વાર પોતાની મંડળીમાં અને પારસી નવજુવાનોમાં સંગીતનો રસ જળવાઈ રહે એ માટે 'ગાયન ઉત્તેજક મંડળ'ની સ્થાપના કરી અને તેમાં એ જમાનાના શાસ્ત્રીય સંગીતના જાણીતા ઉસ્તાદોને સંગીત શિક્ષક તરીકે રોક્યા. એમણે તા. ૨૦-૩-૧૮૬૯ની રાત્રે 'બેજન મનીજેહ' નામે નાટક ભજવ્યું હતું; જેમાં સૌપ્રથમ વાર સંગીતને મૂળ વાર્તા-પ્રસંગો સાથે સાંકળી લેવામાં આવ્યું હતું અને એક નવો જ પ્રયોગ સફળ રીતે ગુજરાતી રંગભૂમિ ઉપર સ્થાન પામ્યો. એના પરિણામે એ પછીના કાળમાં ભજવાયેલાં તમામ પારસી-ગુજરાતી નાટકોમાં ગીતો અને સંગીતને આદરભર્યું સ્થાન મળ્યું. સને ૧૮૭૦માં ભજવાયેલા 'રૂસ્તમ અને સોરાબ' નામના નાટકમાં કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ ગીતો રચેલાં. આ નાટક સંગીતપ્રધાન હતું. આ નાટકમાં આવતાં ગીતો અને કેટલાંક નૃત્યોમાં ઈટાલિયન અને અંગ્રેજી પ્રકારનું સંગીત પણ વાગતું. ભારતીય શાસ્ત્રીય સંગીતની પરંપરાની એક ધારા પણ સાથે વહેતી. નર્મદનાં નાટકોમાં પણ સંગીત હતું. નર્મદના પાંચ-અંકી 'બાલકૃષ્ણ વિજય' (૧૮૮૬) નાટકમાં રાસલીલાનો પ્રયોગ થયો. આ પ્રયોગમાં એ સમયના જે તે સંગીતકારે મારવાડ અને વ્રજની ભૂમિની અસર નીચેના કેટલાક ઢાળો રજૂ કરેલા, જેથી ઘણાને લાગેલું કે ગુજરાતી રંગભૂમિ ઉપર હવે કશુંક આપણા સંગીત જેવું પ્રકટવા લાગ્યું છે.



કેખુશરો નવરોજજી કાબરાજી



વાઘજી આશારામ ઓઝા



મૂળશંકર હ. મૂળાણી



જામન

એ પછી વિસ્તરતી નાટ્યપ્રવૃત્તિના સમયમાં ગુજરાતી રંગભૂમિ ઉપર એક પણ નાટક ગીત કે સંગીત વગર ભજવાયું નથી. પ્રારંભનાં વર્ષોનાં નાટકોમાં ગીતોનું પ્રમાણ વિશેષ હતું; કારણ કે પારસી નટોને ગુજરાતી ભાષાના સંવાદો બોલવા ફાવતા નહીં. એટલે નાટકમાં ગાયનોની સંખ્યા આજે આપણને આશ્ચર્ય પમાડે તેટલી રહેતી. મહાત્મા ગાંધીજીએ સને ૧૮૮૧-૮૨માં રાજકોટમાં 'હરિશ્ચંદ્ર' નામે આખ્યાન સ્વરૂપનું પારસીઓએ ભજવેલું જે નાટક જોયું એમાં પણ ગાયનો હતાં. ઈ.સ. ૧૮૮૯માં 'શ્રી દેશી નાટક સમાજે' પાટણના અધ્યાપક કેશવલાલ શિવરામ કૃત 'સંગીત લીલાવતી' નાટક ભજવ્યું તે નાટક સંગીતિકા (opera) સ્વરૂપનું હતું. આ સમયે સાજમાં તાનપુરા, સારંગી, તબલાં અને ક્વચિત હાર્મોનિયમનો ઉપયોગ થતો. તા. ૧૬ સપ્ટેમ્બર ૧૮૯૩માં મુંબઈના ગેઇટિ થીએટર (Gaiety Theatre)માં કવિ વાઘજી આશારામ ઓઝાએ પોતાના, 'ત્રિવિક્રમ' નાટકમાં સૌપ્રથમ વાર એક ગરબો ગુજરાતી તખતા ઉપર રમતો મૂક્યો. શેરીમાં ગવાતો-રમાતો ગરબો રંગમંચ પર આવવાને પરિણામે ગુજરાતી ગીત-સંગીતને તો લાભ થયો જ; એની સાથે ગુજરાતના એકલધન સમા ગરબાને અપૂર્વ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ. એ સમયની બધી રચનાઓના સ્વરાંકનમાં શાસ્ત્રીય સંગીત અને પ્રચલિત લોકઢાળોની અસર છે. નાટક 'ચંદ્રહાસ' (૧૮૯૪)નો નીચેનો ગરબો ગુજરાતમાં ઘેરઘેર ગવાતો :

'વટ સાવિત્રી વ્રત આજ પૂરણ કરીએ રે...
લઈ કુમકુમ-અક્ષત-થાળ ફરતો ધરીએ રે...'

આ સમયે 'શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળી'માં ભાવનગર રાજ્યના રાજ્યગાયક દલસુખરામ ઠાકોર સંગીત દિગ્દર્શક તરીકે કામ કરતા. એ પછી શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીએ 'અશ્રુમતી' (૧૮૯૫) નાટકમાં. અને પછી 'વીણાવેલી' (૧૮૯૯)માં અનુક્રમે નીચેના ગરબાઓની સુચારુ ભેટ ધરી :

'શું નટવર વસંત થેઈ થેઈ નાચી રહ્યો'
નાચી રહ્યો, જગ નચાવી રહ્યો - શું...'

* * *

'ઊગ્યો સખી સૃષ્ટિનો શૃંગારહાર
ચાલ ચાલ જોવાને ચંદ્રમા
જો ને પ્રેમઘેલી ભૂમિનારના દેદાર
જો ડોલે સૃષ્ટિ આનંદમાં. ઓહો.....'

ડાહ્યાભાઈએ ગુજરાતના ગરબાની રસિકતા અને સૌંદર્યને સાચવ્યા. નથુરામ સુંદરજીએ જૂની રાસપરંપરાને સબળ રીતે રંગમંચ પર રમતી કરી. સને ૧૯૦૫માં રજૂ થયેલા 'નરસિંહ મહેતો'માં ૪૮ પંક્તિનો રાસ એમણે રચ્યો છે.


'નાચો નાચો આલી મોરી તાતા થૈ તાતા થૈ.'

આ નાટકના સંગીતકારો શંકરલાલ ત્ર્યંબકલાલ રાવલ, છગનલાલ અને ઉત્સાદ નંદલાલ કાદરબક્ષ હતા. આ નાટકમાં


ગૌરીશંકર વૈરાટી




પરમાનંદ ત્રાપજકર



મનસ્વી



માસ્ટર ત્રિકમ





માસ્ટર કાસમભાઈ



માસ્ટર વસંત



રઘુનાથ બ્રહ્મભટ્ટ



મૂળચંદ નાયક - 'મામા'

એમણે કેદારો, કાનડો, મલ્હાર જેવા સુપ્રસિદ્ધ રાગોના ઉપયોગ સાથે પંક્તિઓના બોલ, સરગમ, તરાના, છંદ સાથેની બંદીશ રચી હતી. નાટકની અપૂર્વ સફળતાની પાછળ કર્મમધુર સંગીત પણ હતું. પંડિત વાડીલાલ શિવરામે માત્ર સોળ વર્ષની ઉંમરે મૂળશંકર મૂલાણીના 'અજબકુમારી' (૧૮૯૯) નાટકનાં છત્રીસ (!) ગીતોને ભોપાલી, છાયાનટ, બાગેશ્રી, માલકૌંસ, ભૈરવ, ઝિંઝોટી, હમીર, ભીમપલાસી, માઢ, ભૈરવી, જેવા રાગરાગિણીઓમાં ઢાળ્યાં હતાં. મૂળશંકર મૂલાણીના 'વિક્રમચરિત્ર' (૧૯૦૧) નાટકની એક સ્વરરચના એ સમયમાં ખૂબ લોકપ્રિય બનેલી. એક જાણીતી મિલે ગીતની પ્રથમ પંક્તિ 'કોઈ દૂધ લ્યો દિલરંગી'ને ધોતિયાની કિનારા પર છાપેલી !

ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર'ને છોટાલાલ રુખદેવ શર્માએ સને ૧૯૧૨માં નાટ્યદેહ આપેલો. આ નાટકમાં મૂળચંદ મામાનું સંગીત, અને શ્રી કેશવલાલ ભોજક (સરસ્વતીચંદ્ર)નું ગળું નાટકનું આકર્ષણ બનતાં :

'હે ચંદ્ર, ધીમા રે પ્રકાશો ગગનમંડળે.'

આ ગીતને ભાવપૂર્વક લોકો માણતા. આ જ સમયપટ્ટી પર 'સતી તોરલ'ના નાટકે મુંબઈના આંગણે કચ્છ-કાઠિયાવાડનાં અતિલોકપ્રિય ભજનોને નવજીવન અર્પ્યું :

'જેસલ કરી લે વિચાર'
કે
'પાપ તારાં પરકાશ, જાડેજા
ધરમ તારો
સંભાળ...'

જેવાં ગીતો ગુજરાતી રંગભૂમિના મંડપે રજૂ થતાં ગુજરાતીઓએ પ્રેમથી ઝીલ્યાં અને ગુજરાત પણ એનં ઓળખતું થયું. સને ૧૯૨૪માં પ્રભુલાલ દ્વિવેદીનું 'માલવપતિ' નાટક રજૂ થયું. તેમાંનાં ગીત તથા ગઝલ-

'હૃદયના શુદ્ધ પ્રેમીને
નિગમનાં જ્ઞાન ઓછાં છે
ન પરવા માનની તોયે
બધાં સન્માન ઓછાં છે.'

* * *

'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.'

આ ગઝલની વ્યાપક લોકપ્રિયતા પાછળ અશરફખાનનું ઘૂંટાયેલું, દર્દીલું ગળું પણ હતું. આજે પણ આ બંને રચનાઓ ગુજરાતી રંગભૂમિનાં ગીતોની દુનિયામાં લોકજીભે રમેલાં અને લોકહૈયે વસેલાં – વન્સમોરની પરંપરામાં બરોબર ખીલેલાં-ગીતોની શ્રેણીમાં યાદગાર છે. આ ગીતોની સ્વરરચના મૂળચંદમામાએ કરી હતી. નાટક 'હંસાકુમારી'માં રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટની

'સાહ્યબો મારો ગુલાબનો છોડ
વેલી હું તો લવંગની
કશું જીવનમાં જોડાજોડ
પાંખો જેવી પતંગની.'

ડાહ્યાભાઈ ધોળશાજી →



'મેના ગુર્જરી'માં દીના પાઠક, પ્રાણસુખ નાયક તથા અન્ય કલાકારો



મોહન જૂનિઅર આ નાટકના સંગીત દિગ્દર્શક હતા. રંગભૂમિનાં ગીતોની વાત નીકળે ત્યારે આ ગીતનો પણ ઉલ્લેખ રસપૂર્વક કરનારા આજે પણ છે. કવિશ્રી વૈરાટી-કૃત 'વલ્લભીપતિ' (૧૯૨૭) નાટકના પ્રહુસન વિભાગના એક ગીતને મનસ્વી પ્રાંતિજવાળાએ શબ્દથી શણગાર્યું હતું. આ ગીત એ જમાનામાં લોકજીભે રમતું થયેલું :

'ઝટ જાઓ ચંદનહાર લાવો
ઘૂંઘટપટ નહિ ખોલું
મને લાગ્યો એ હારનો નેડલો
તમથી નહિ બોલું હું.'

આ હળવા ગીતથી આણંદજી - 'કાઠિયાવાડી કબૂતર' ગુજરાતમાં ખૂબ જાણીતા બન્યા. આ ગીતનું સ્વર નિયોજન કાસમભાઈએ કર્યું હતું. આ સિવાય 'વડીલોના વાંકે' (૧૯૩૮)નાં લોકપ્રિય ગીતોની ધૂનો આજે પણ લોકો યાદ કરે છે. આ નાટકનાં ગીતોની સ્વરરચના કાસમભાઈએ કરેલી.

સને ૧૯૪૪માં મોહન જૂનિઅરે 'વીરપસલી' નાટકમાં સૌપ્રથમ વાર ક્લેરિઓનેટ, વાંસળી, ઢોલક, ખંજરી ઉપરાંત બાર જેટલાં વિવિધ વાદ્યોનો સુંદર ઉપયોગ કરી રંગભૂમિના સંગીતમાં એક નવી ભાત પાડી. એમની બાંધેલી ગીતોની તરજો એકીઅવાજે વખણાઈ. એમણે નાટકમાં ભજવાતા પ્રસંગ પ્રમાણે ભક્તિરસનાં ગીતોમાં વાંસળી, લગ્નપ્રસંગનાં ગીતોમાં શરણાઈ કે ક્લેરિઓનેટ, કરુણરસના પ્રસંગમાં ઇલેક્ટ્રિક ગિટાર કે વાયોલિનનો સમજપૂર્વક ઉપયોગ કર્યો. ફિલ્મ સંગીતમાં સૌપ્રથમ વાર શંકર-જયકિશને ગીતના પ્રારંભ અને 'ફેડઅપ'ની નિર્વહણની અસર ઊભી કરી હતી.

'વીરપરસી' નાટકના એક ગીત :

'જીવનના-ઘાટમાં જળ ભરવા ચાલી...'
(કવિ પરમાણંદ ત્રાપજકર)

એ ગીતનો પ્રભાવક પ્રારંભ-ઉપાડ અને ગીતના અંતમાં ક્રમેક્રમે સ્વરો ધીમા પડતા જઈ વિલંબિત ગતિમાં વિખરાતા હોય એ પ્રકારનો અનુભવ કરાવેલો.

સંગીતરત્ન ચોનકર, મા. ભગવાનદાસ, મા. ત્રિકમ, ભવાનીશંકર, મા. ગોરધન, મોતીબાઈ કે ઉત્તર ગુજરાતની સંગીતપ્રવીણ મીર જાતિમાં જન્મેલા અને અજબ હલકભર્યું મીઠું ગળું ધરાવનાર મા. હિંમતે સને ૧૯૩૦થી ગુજરાતી રંગભૂમિ ઉપર સંગીતની અપૂર્વ રસલ્હાણ પીરસી હતી. મા. હિંમત અને કડીના મા. રામલાલ નાયક જેવા નટગાયકોને ઓછી પ્રસિદ્ધિ મળી છે. મા. છોટુ (વડનગર), મા. કાસમ, મા પ્રભાશંકર રમણી, પ્રભાકર કીર્તિ ખૂબ સારા ગાયક કલાકારો હતા. જોકે આ શ્રેણીમાં હજી બીજાં ઘણાં નામ ઉમેરી શકાય. મોતીલાલજી, મા. છનાલાલ (વડનગર), હમીરજી ઉસ્તાદ, લલ્લુભાઈ શામળ, બાપુલાલ પૂંજીરામ નાયક, નારણદાસ ઉસ્તાદ, ડોસુમિયાં, મા. છૈલાજી, મા. ડાહ્યાલાલ, હાજીમહંમદ મીર જેવા ઘણા સંગીત વિધાયકોએ ગુજરાતી રંગભૂમિના સંગીતને લોકપ્રિય બનાવી એક અલાયદો પ્રેક્ષકવર્ગ ઊભો કર્યો હતો. આ વર્ગ સંસ્કારી પણ હતો. સને ૧૯૧૫ થી ૧૯૨૦ના ગાળામાં રમણલાલ વસંતલાલ દેસાઈનાં નાટકોમાં ગીતો અને સંગીત વ્યવસાયી રંગભૂમિ જેવું જ હતું. સને ૧૯૫૩-૫૪માં અમદાવાદ નટમંડળે રજૂ કરેલા 'મેના ગુર્જરી' નાટકમાં લોકઢાળો અને લોકસંગીતને આધારે રસિકલાલ ભોજકે પીરસેલું સંગીત અત્યંત લોકપ્રિય થયું હતું. નટમંડળના 'ચિત્રાંગદા' નાટકનું સંગીત ક્ષેમુભાઈ દિવેટિયાએ આપ્યું હતું. વ્યવસાયી રંગભૂમિ ઉપર ચાલીસના દાયકા પછી પાર્શ્વસંગીત પ્રવેશ્યું હતું. નવી રંગભૂમિએ ગીતનો સથવારો ભાગ્યે જ સ્વીકાર્યો છે.

રંગભૂમિ ઉપર ગવાયેલાં વિપુલ ગીતોએ એક જમાનામાં હજારો પ્રેક્ષકોને ગાતાં કર્યા હતા. નાટકનું અનેરું આકર્ષણ એનું સંગીત પણ હતું. નાટકની લોકપ્રિયતા સંગીતને કારણે પણ ટકી રહેતી. બહુધા 'કલ્યાણ રાગ'માં નાટકના પ્રારંભમાં થતી પ્રાર્થના સંગીતની આબોહવા ઊભી કરતી. દરેક નાટકમંડળી પાસે પોતાના સંગીતકારો અને ગીતકારો હતા. સામાન્ય રીતે કવિ અને સ્વરકાર સાથે બેસી પોતપોતાનું કામ કરે તો બંને વચ્ચે સમજ, નિકટતા, સંવાદિતા વધે. સ્વરાંકનમાં ઊંડાણ પણ આવે. રંગભૂમિના ગીતકારો અને સ્વરકારો વચ્ચે બારી ખુલ્લી હતી. કેટલાક સમર્પિત કવિઓ, સ્વરકારો અને ગાયકો પાસેથી આપણને શ્રવણીય રચનાઓ મળી શકી છે. કવિ અને સંગીતકારે સાથે બેસી રંગભૂમિ ઉપર પોતાનું કામ કર્યું છે; એટલે ઘણી સ્વરરચનાઓમાં સંવાદ દેખાય છે. ગેયત્વને ઘણો લાભ થયો છે. ઘણી રચનાઓ માત્ર ગેયત્વના કારણે જ ટકી છે. રચનાનું આંતરસૌન્દર્ય - વિત્તતત્ત્વ નહીંવત્ છે. રંગભૂમિના સંગીતમાં સ્વર-તાલના થોડાક પ્રયોગો પણ થયા છે. ગુજરાતની અસ્મિતાનું સાહચર્ય શબ્દોના કારણે થતું એવું જ સંગીતના સાહચર્ય દ્વારા શક્ય બનાવ્યું પંડિત વાડીલાલ શિવરામે.

ગુજરાતી રંગભૂમિનાં ગીતો ગ્રંથસ્થ થયાં નથી. નાટકનો ટૂંકસાર અને જેમાં નાટકનાં ગીતો હોય એવી 'ઑપેરા' સ્વરૂપની પુસ્તિકાઓને અવલોકતાં પહેલી નજરે ગીતસમૃદ્ધિ જણાય છે. નાટક ગમે તે પ્રકારનું હોય, એમાં ગીતો તો અવશ્ય હોય જ. આ ગીતોનું સ્વરૂપ રંગભૂમિ ઉપર ગાવા માટેનું છે. એટલે જ્યારે ગવાય ત્યારે જ જીવંત બને છે. ગીતોમાં વૈવિધ્ય છે. પ્રણય, પ્રકૃતિ, દેશપ્રેમ, પ્રભુભક્તિ છે. રંગભૂમિના રાસ, ગરબા, ગઝલ, દોહરા, સોરઠા, હાલરડાં, લગ્નગીતો પોતાનાં લાગ્યાં છે. શૃંગાર, કરુણ, હાસ્ય અને

વીરરસનાં ગીતોની સાથે આઝાદીનાં ગીતો પણ છે. આ ગીતો નાટકના કોઈક ને કોઈક પ્રસંગ માટે લખાયાં છે. આજે ગીતો પાસેથી આપણે જે અપેક્ષા રાખીએ તે અપેક્ષા આ ગીતો સંતોષી ન શકે એ સ્વાભાવિક છે. શુદ્ધ ઊર્મિગીત કે શુદ્ધ ગઝલ અલ્પ સંખ્યામાં જ મળી શકે તેમ છે.

વ્યવસાયી રંગભૂમિનાં મોટા ભાગનાં નાટકો છપાયાં નથી. એનાં ગીતોનું મૂલ્યાંકન પણ થયું નથી. એટલે ગતાનુગતિક રીતે મોટા ભાગની રચનાઓ થઈ છે. એમાં ઉઘાડી બોધકતા પણ છે. ઘણી ઓછી રચનાઓમાં કવિનું જીવનદર્શન કે ચિંતન પ્રકટ થયું છે. વ્યવસાયી રંગભૂમિ ઉપર 'કવ્વાલી'ની રચના રજૂ થઈ હોય એવું અમારી જાણમાં નથી.

વ્યવસાયી નાટક મંડળીમાં પ્રવેશ મેળવનાર પ્રત્યેક નટ કે નટીને વહેલી સવારથી સંગીતના સ્વરો ભણાવવામાં આવતા, તાલબદ્ધ સૂરમાં અને લયમાં ગાવાની તાલીમ ફરજિયાત હતી. ગાવાની આ પ્રકારની શિસ્તબદ્ધ તાલીમને કારણે નટોના અવાજ કેળવાતા. નટોનો વાચિક અભિનય પણ અસરકારક બનતો.

રંગભૂમિને ઉજ્જ્વળ કરનાર કલાના આ આરાધકોનો સમય પૂરો થઈ ગયો છે. તેઓ અગમપંથે ચાલ્યા ગયા છે. પરંતુ આજે પણ જૂની રેકર્ડ, કેસેટ, રેડિયો, ટી.વી. પરથી ઘણી વાર વિસરાતા એ સૂર સંભળાય છે. મોતીબાઈના મીઠા અને હલકદાર કંઠે ગવાયેલું :

'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા,
જોતી'તી વ્હાલાની વાટ રે
અલબેલા કાજે ઉજાગરો...'

આ ગીતની તરજે હજારો પ્રેક્ષકોને સૂરીલા સંગીતના રસસાગરમાં ડુબાડ્યા હતા. 'પૃથ્વીરાજ' (૧૯૨૫) નાટકનું અશરફખાનના કંઠે ગવાયેલું એક ગીત સ્વરનિયોજક મૂળચંદ મામાએ લલ્લુશામળ અને નારણદાસ ઉસ્તાદની મદદથી હોરી અને વસંતરાગના સ્વરોમાં ઢાળી શૃંગારરસની ભરતીનો અનુભવ કરાવ્યો હતો. એનું સ્મરણ આજે પણ રંગભૂમિના રસિયાઓ હોંશેહોંશે કરે છે :

'હો રસિયા રસના રમીએ ભોગવિલાસ !'

આ જ નાટકનું એક બીજું ગીત :

'અજબ અંગના તું સ્વાંગમાં વારાંગના દીસે.'

રંગભૂમિના મીઠા ઉજાગરાનું મધુર સ્મરણ હતું. આ બંને ગીતો રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે રચેલાં. રઘુનાથ બ્રહ્મભટ્ટના 'બુદ્ધદેવ' (૧૯૧૩) નાટકનું -

'સાર આ સંસારમાં ન જોયો
મ્હેં બહુ રીતે તપાસતાં
સાર આ સંસારમાં ન જોયો.'


આ ગીત સાંભળવાનો આનંદ અને ઉલ્લાસ સહૃદય ભાવકો આજે પણ અનુભવે છે. જેમણે ભાવથી, કર્મથી અને મનથી રંગભૂમિને સિંચી છે અને લગભગ એક સૈકા સુધી ગુજરાતી પ્રેક્ષકોનું સમારાધન કર્યું છે એવા કલાના અસંખ્ય આરાધકો, ચાહકોનાં નામ પણ ઘણી વાર શોધ્યાં જડતાં નથી. ગુજરાતી રંગભૂમિ ઉપર ગીત અને સંગીતક્ષેત્રે જે કંઈ બનવા પામ્યું એ એક રીતે અખંડ ચાલતી સતત પ્રક્રિયા જેવું હતું. ઉત્સાહની સાથે આંદોલન જેવું કશુંક હતું. ગુજરાતી સંગીત-પરંપરાનું એક સભર અંગ રંગભૂમિનું સંગીત પણ હતું.

અમારી સામે રંગભૂમિનાં ગીતોની કેસેટ વાગી રહી છે :

– 'એ ગઈ, છતાં એની છબી આવે નજરોમાં'
નાટક : સિરાજુદ્દૌલા (૧૯૨૫) કવિ : પ્રભુલાલ દ્વિવેદી
સંગીતકાર : લલ્લુશામળ નાયક અને નારણદાસ ઉસ્તાદ
ગાયક : મા. અશરફખાન
– 'પ્રેમતત્ત્વ કોઈ અજબ સનાતન
વિરલ પ્રેમીજન જાણે રે...
નાટક : એક અબળા (૧૯૨૭), કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ,
સંગીતકાર : મા. અમૃતલાલ, ગાયક : મા. ફકીરા
– 'રસીલાં પ્રેમીનાં હૈયાં પ્રીતમમાં રાતદિન રમતાં'
નાટક : શાલિવાહન (૧૯૨૭), કવિ : પ્રભુલાલ દ્વિવેદી,
સંગીતકાર : લલ્લુશામળ નાયક અને નારણદાસ ઉસ્તાદ,
ગાયક : મા. ત્રિકમ (ત્રિકમલાલ કેશવલાલ ભોજક, વિસનગર)
– 'સાંભરે રે બાળપણાં સંભારણાં,
ઊઘડતાં જીવનનાં બારણાં'
નાટક : સંપત્તિ માટે (૧૯૪૧), કવિ : પ્રભુલાલ દ્વિવેદી,
સંગીતકાર : મા. કાસમભાઈ, ગાયિકા : મોતીબાઈ
– 'સામે પૂરે તરનારને ડૂબવાનો ભય હોય નહિ'
નાટક : પૈસો બોલે છે (૧૯૬૫-૬૬), કવિ : મનસ્વી પ્રાંતિજવાળા, સંગીતકાર : મોહન જૂનિઅર, ગાયક : મા. વસંત

અમારું મન રંગભૂમિનાં આવાં આવાં ગીતો સાંભળતાં અતીતમાં ખોવાઈ જાય છે. મુંબઈ કાલબાદેવી રોડ પર આવેલું ભાંગવાડી ભાંગ્યું (૧૯૭૯-૮૦). પરંતુ અમારા મનમાં થીએટર અકબંધ છે. પોટાશનો ભડાકો થાય છે... ત્રણ ઘંટડી વાગે છે. પગપેટીની ધમણ ફૂલવાની સાથે તબલાં અને અન્ય સાજ સંગત કરે છે. પડદો ઊપડે છે... પડે છે.... ઊપડે છે.... વળી પાછો પડે છે. આમ ને આમ સતત ચાલ્યા કરે છે. પડદાની પાછળ એક મીઠો અવાજ રણકે છે :

મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા... □



ધ કિસ (ચુંબન) : કલાકાર એડવર્ડ મુન્ચનું દ્વિરંગી વૂડકટ



સ્નાનાગારે : શંખો ચૌધરી



વૈષ્ણવો : બિરેન ડે

હું કોણ ?

— અશોક હર્ષ —

હું છાનોમાનો મારી નોટબુકમાં મારા વિચારો ટપકાવ્યા કરું છું. આજે હું દસ વર્ષનો છું, પણ લખવાનો નાદ તો એથી વર્ષો પહેલાં મને લાગેલો. મને પહેલાં એટલી સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે કે શારીરિક નજરે હું ભલે દસ વર્ષનો રહ્યો, પણ માનસિક નજરે ? શારીરિક નજરે, અલબત્ત, હું મારા સમવયસ્કો સાથે હસુંખેલું છું, પણ મારું મગજ ? મારું મગજ પાંત્રીસ વર્ષના કોઈ પ્રૌઢ જેવું છે. એટલે મારાં સમવયસ્કો કરતાં પણ પ્રૌઢોનો સહવાસ મને વધુ આકર્ષે છે. પણ મનથી પ્રૌઢ છતાં શરીર તો દસ વર્ષના કોઈ કિશોર જેવું જ છે, મારા સમવયસ્કો કરતાં હું જરાયે કદાવર, વજનદાર કે જોરદાર નથી. પરિણામે મોટેરાંઓ પણ મારી સાથે વાત કરે છે તો જાણે એક બાળક સાથે વાત કરતાં હોય એમ. કુદરત પણ મારી સાથે આ કેવો ખેલ ખેલી રહી છે !

મારા શિશુ શરીરમાં પ્રૌઢ મગજ હોવાનો પહેલવહેલો અણસાર મારા ચોથા વર્ષમાં આવે છે. પરંતુ વાસ્તવિકતાની કોઈને જાણ થવા ન પામે એટલે પ્રૌઢો વચ્ચે હું ભાગ્યે જ કશું બોલતો અને જે બોલતો તે પણ એકાદ કિશોરની માફક. મારું આ રહસ્ય કોઈ પામી જાય અને મને જગબત્રીસીએ ચગવી દે કે પ્રદર્શનનો એક નમૂનો બનાવી દે તે મને જરાયે પસંદ નહોતું. હું ઈશ્વરસાક્ષીએ કહું છું કે આ રહસ્ય કોઈને પામવા દેવાને બદલે હું એકાદ કિશોરની જેમ જ વરતતો – શાળામાં બીજાઓ કરતાં વધુ હોશિયાર હોવા સિવાય હું મારી બીજી કશી છાપ ઊભી થવા દેવા નહોતો.

મારું મનોઘર્ષણ તો કેવળ હું જ જાણું છું. વાંચવાનો મને ખૂબ શૉખ છે, મારી જિજ્ઞાસા ખૂબ પ્રબળ છે. હું ચાહે તેવાં અઘરાં પુસ્તકો આસાનીથી વાંચી જઈ શકું છું. પરંતુ તે માટે વાચનાલયનો આશ્રય લેતાં હજીય હું અચકાઉં છું. એટલે ઘરમાં જે પુસ્તકો છે તે જ ઉથલાવતો રહું છું, કોઈ આવી ચડે તો પુસ્તકો વાંચવાને બદલે જાણે તેમની સાથે રમતો હોઉં એવો દેખાવ કરું છું. હું બારણા સામે મોં કરીને જ બેસું છું, જેથી કોઈનું પણ આગમન તરત વરતી શકાય.

મારા પિતા કોઈ વાર વાંચવા બેસતા ત્યારે હું તેમના ખોળામાં ચડી બેસતો. તે મોટે ભાગે ડિટેક્ટિવ નોવેલો જ વાંચતા. હું તેમના ખોળામાં ચડી બેસીને કહેતો, 'બાપુજી, મને વંચાવોને ?' એ તો મારી આ માગણી પર સગર્વ ખુશ થઈ ઊઠતા, અને બાલકિશોર સાહિત્યનાં કેટલાંક પુસ્તકો લાવી મારા હાથમાં મૂકી દેતા. મને કેવાં પુસ્તકો વાંચવા જોઈએ છે તે હું તેમને કઈ રીતે કહી શકું ? હું ઓછું જ બોલું છું અને તે પણ તદ્દન સહેલા ને સાદા શબ્દોમાં. મને લાગે છે કે આ સ્થિતિ નભાવ્યે રાખ્યા વિના મારો છૂટકો નથી.

રાતે સૂતાં સૂતાં છત તરફ તાકતાં મને ઘણી વાર થાય છે કે, કુદરતે કોઈને નહિ અને મને કેમ આવી સજા ફટકારી ? આ કુદરતની ફાંટાબાજી છે કે ઈશ્વરની અવકૃપા ? કે પછી સૃષ્ટિતંત્રનો આ એક અકસ્માત છે ? યા દિશા-કાળના કોઈ અગોચર ખૂણામાં હું ફેંકાઈ ગયો છું ? મારામાં જે મગજ અવસ્થિત થયેલ છે તે કયા દેહમાંથી મારામાં સ્થિત થયું છે ? મરી પરવારેલ છે કે પળ મારું શિશુ મગજ તેનામાં અવસ્થિત થયેલ છે ? મારું મગજ થાકી જાય ત્યાં સુધી આવા જ વિચારોમાં હું વ્યસ્ત રહેતો. કોઈ વાર કોઈ ડૉક્ટર પાસે મારી તપાસ કરાવવાનો પણ વિચાર આવે છે; પણ પછી થાય છે કે, કોઈ ડૉક્ટર કે પછી ચાહે તેવો નિષ્ણાત પણ આ બાબતમાં શું કરી શકે ? સમયના પ્રવાહ સાથે સબૂરી જ મારા માટે આશ્વાસનરૂપ છે.

કોઈ આવતું જણાય છે. હું મારી લખેલી નોટબુકો સંતાડી દઉં છું. પણ એવા હરેક પ્રસંગે મારું હૃદય જોરજોરથી ધડકી ઊઠે છે. આ બેવડું જીવન મારા માટે અસહ્ય હોઈને ક્યારેક તો મને શંકા જાય છે કે હું ક્યાંક પાગલ તો નહિ બની જાઉં ને ? બીજાં થોડાંક વર્ષો જશે ત્યારે હું ક્યાં હોઈશ કે પછી ક્યાંયનો નહિ રહું ? ત્રીસ વરસથી મારામાં અવસ્થિત થયેલું મગજ હજી ક્યાં સુધી જીવશે ? અને એ મગજ મરી જશે ત્યારે આ શરીર જીવતું હશે ખરું ? મગજ વિના તો શરીર નકામું જ ને ?

પણ ગમે તેટલું જાળવવા છતાં મારા વર્તને મારાં મા-બાપ અને અડોશપડોશનાંઓમાં પણ કુતૂહલ તો ઊભું કરી દીધું'તું. તેઓ અંદરોઅંદર કહેતાં, 'આ છોકરો બીજા છોકરાઓ જેવો નથી.'

થોડા મહિનામાં હું અગિયાર વરસનો થઈશ. દરમિયાન કુટુંબમાં પણ એક સભ્યનો વધારો થઈ ચૂક્યો હશે. હું તો દફતર લઈ નિયમિત નિશાળે જાઉં છું. કોઈક વાર પિતા શાળામાં ટપકી પડી મારાં વખાણ કરવા મંડી પડે છે કે, 'અમારી મદદ વિના જ એ ઘણુંબધું શીખી ગયેલ છે, ભારે ચકોર છે.' જો કે આના પરિણામે હું વધુ ને વધુ બાળકપણાનો દેખાવ કરતો રહ્યો. મને નવો ભાઈ રમવા માટે મળશે એ વિચારે મારાં મા-બાપ ખુશ હતાં. હું ઇચ્છતો કે મારા જેવો દિશા-કાળનો કોઈ અકસ્માત ન હોય.

તે છેવટે જન્મી ચૂક્યો. બીજાં બાળકો જેવો જ મને એ લાગ્યો. હું ઘણી વાર એને ઘોડિયામાં હાથપગ હલાવતો

કે અંગૂઠો ચૂસતો જોઈ રહેતો, એ હજુ રમવા જેવડો ન હોઈ હું મારી નોટબુકો અને પેન્સિલનો જ આશ્રય લઉં છું. પરંતુ હવે એ બદલ મને સંકોચ ન હોઈને કોઈના આગમનની બીક હવે નથી લાગતી. હું મારા અનુભવો તેમાં ટપકાવતો રહું છું. ભવિષ્યમાં શું વીતશે એ તો કોણ જાણે, પણ જે વીતી ચૂકેલ છે અને વીતી રહ્યું છે તે તો હું બરાબર પકડી શકું છું. હું મારી પોતાની યોજના ઘડી રહેલ છું. મારા મૃત્યુ સિવાય કોઈ મને મારી એ યોજનાથી અલગ પાડી શકે તેમ નથી. એ મને મારા જીવનનો ઉદ્દેશ પૂરો પાડે છે, મારા વિચારોને દિશા આપે છે અને મને પોતાને આત્મસંતોષ પ્રેરે છે. આ પહેલાં, આ જગતને કઈ દૃષ્ટિએ જોવું, કયા ઉદ્દેશ પાછળ પડવું વગેરે સવાલો ઊભા થતા રહેતા, પણ હવે નહિ.

મારી યોજના એવી છે કે મારા ભાઈ દ્વારા મારાં વીતકોનું આ જગત પર વેર લેવું. એ સદા મારી સાથે જ રહેવાનો હોઈને મને પડકારનાર કુદરત કે ઈશ્વરને હું એના દ્વારા સામેથી પડકારીશ. મારા જેવો એ ન હોવાની મારી ઈર્ષાને હું મારી યોજના વડે સંતોષીશ. એટલે તો મારી બધી જૂની નોંધો મેં ફાડી કાઢી છે. જોકે મને તે બદલ એનો પોતાનો કશો દોષ નથી લાગતો, ન તો મારા માતાપિતાનો. એ માટે દોષમાત્ર કોઈ હોય તો તે ખુદ વિશ્વનિયંતા.

પણ ક્યારેક મને લાગે છે કે મારી આ નફરત વિશ્વનિયંતા સામે નહિ પણ ખુદ મારા ભાઈ સામે છે. હવે તો તે રમવા જેવડો થઈ ગયો છે, અને ભણીને પાછા ફરવાની મારી રાહ જોતો બગીચામાંના ગુલમહોરની નીચે ઊભો રહે છે. હવે તો તે બરાબર બોલતાં અને ખેલતાંકૂદતાં શીખી ગયેલ છે. મારા આવતાં જ તે મારો હાથ પકડી ખેંચતો બોલ્યો, 'ભાઈ, હું મારું ઘર બતાવું !' અને હું એક જાનવરની માફક તેની પાછળ ખેંચાયો. એવું લાગ્યું, જાણે કોઈએ કાતિલ વિષનો ડોઝ મને પાઈ દીધો ન હોય ! કેટલો બધો પ્રેમ હતો તેને મારા તરફ ! કેટલો આનંદ અનુભવતો હતો એ મારા સાથમાં ! અને એ જ મારા માટે એકાદ મરણતોલ પ્રહાર સમું હતું. કેમ કે જે પ્રેમનો આપણને ખપ ન હોય, જેનો કશો ઉપયોગ ન હોય એ પ્રેમ મરણતોલ પ્રહાર જ નીવડે છે.

એની આંખોમાં આનંદ અને મારા પ્રત્યેનો વિશ્વાસ જોઈ હું આભો બની ગયો. મારા પ્રત્યેનો એનો પ્રેમ ખરું કહું તો મને દઝાડી રહ્યો હતો. હરેક આગલો શ્વાસ કરતાં એ પછીનો શ્વાસ મારા માટે મુશ્કેલ બનતો જતો હતો.

મારા આ આત્મપીડનમાંથી તમને કશો બોધ લેવા જેવો હોય તો તે એ કે, કોઈના પણ પ્રત્યે – માનવી કે જાનવરના પ્રત્યે તમારામાં પ્રેમ ઉદ્ભવવા ન દેવો, જો એ પ્રેમનું પ્રતિદાન તમે ન આપી શકતા હો તો. ખાસ યાદ રાખો, હું આ પૂરી ગંભીરતાપૂર્વક કહું છું. મારા માટે જે પીડા નિર્માઈ લાગે છે તેમાં આ પીડા સૌથી વધુ વેધક છે.

હું ત્યાં ને ત્યાં જ ઢળી ન પડ્યો – ઢળી પડ્યો હોત તો તે વધુ સારું હતું. પરંતુ મેં મારા શરીર પર પૂરતો કાબૂ જમાવી લીધેલ હોઈને અમે બગીચામાં આગળ વધ્યા.

સાંઠીકડાં વડે ઊભું કરેલું ને તેની છતના ભાગે લીરા પાથરેલું તેનું ઘર મેં જોયું. ઘર કરતાં તે એકાદ રાવટીને મળતું આવતું હતું, અને તે પણ હૂબહૂ નહિ. અને છતાં તેના હાથનું તે પહેલું સર્જન હતું અને મને - તેના વહાલાં ભાઈને – તે બતાવવાની ઉત્સુકતાનો કોઈ પાર ન હતો.

'જોયુંને, ભાઈ ?' તે બોલ્યો.

મારી નજર સામે ડગુમગુ પગલે સાંઠીકડાં વીણતા એનું ચિત્ર ખડું થઈ ગયું. આવું ઘર ઊભું કરતાં તેને સેંકડો વાર પ્રયત્ન કરવો પડ્યો હશે. એ પાછળ સાંઠીકડા કે લીરાઓ પાછળનો જ નહીં, પરંતુ ઘર પ્રત્યેનો, જીવન પ્રત્યેનો, જગત પ્રત્યેનો પ્રેમ ડોકાતો હતો. પણ સૌથી વિશેષ તો મારા પ્રત્યેનો પ્રેમ, જેથી તે એ બતાવીને મને રીઝવીને મારો પ્રેમ મેળવી શકે.

હું તેનો હાથ મારા હાથમાંથી છોડાવીને થોડી વાર નિશ્ચલ મૃતવત્ ઊભો રહ્યો, પછી ઈરાદાપૂર્વક આગળ વધી તેના બતાવેલા ઘરને મારા પગ નીચે કચડી કાઢ્યું. સાંઠીકડાં બટકી ગયાં, કાપડના લીરા નીચે માટી સાથે ચોંટી ગયા. ન રહ્યું ઘર, ન રહ્યો કશો પ્રેમ.

મારી યોજના મુજબ તો, હું એનું મગજ બરાબર મારી પકડમાં લઉં ત્યાં સુધી મારે રાહ જોવી જોઈતી હતી અને એની સાથે રમતા રહેવું જોઈતું હતું. પરંતુ મારાથી રહી શકાય નહીં, કેમ કે તેનો પ્રેમ મારાં રૂંવેરૂંવે દઝાડી રહ્યો હતો. એણે એ વખતે રાતોરાત મન પાસે દોડી જવું હતું, અથવા તો મેં કરેલા તેના આ અપમાન બદલ તેના નાનકડા હાથની મૂઠીઓ વડે મને પીટવા માંડવું જોઈતું હતું. તો કદાચ મારા માટે હૃદયશૂળ સમા તેના પ્રત્યેના પ્રેમનું છેલ્લું બિન્દુ પણ સુકાઈ ચૂક્યું હોત.

મારાથી હવે આગળ કંઈ લખી શકાય તેમ નથી. હું ધ્રૂજી રહ્યો છું, તમ્મર આવે એમ લાગે છે. મારાથી રડી પડાય છે. એના ચહેરા પરનો આનંદ વિલાઈ જઈ વિષાદ તરવા માંડ્યો છે, આંખો નીતરવા માંડી છે.

બસ, ખલાસ. આટલું લખીને હું રસોડામાં દોડી જાઉં છું – આપઘાત કરવા. પ્રેમ સામે કોઈ કદી જીતી શક્યું છે ? ને એ સંઘર્ષમાં પરાજિત થવા કરતાં મૃત્યુ જ બહેતર નથી ? □



બંગાળ શૈલીમાં ૧૮મી સદીનું 'ચૈતન્યનું સંકીર્તન' નામે લાકડાનું પુસ્તક-આવરણ

ભારતમાં ગ્રંથચિત્રણની પરંપરા

● શ્રુતિ ત્રિવેદી ●

કાવ્ય અને ચિત્રકળાનો પરસ્પર સહયોગ ભારતમાં પ્રાચીન કાળથી જોવા મળે છે. ઈ.સ.ની ૧૩મી સદીમાં કાગળની શોધ થઈ તે પહેલાં સાહિત્યસર્જન જેમ ભોજપત્ર, તાડપત્ર, કાપડ, લાકડાની પટ્ટીઓ વગેરે પર થતું તેમ ચિત્રાંકન તેના પર જ થતું. સચિત્ર ગ્રંથોનો વિષય મોટા ભાગે બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ, જૈન તથા ઇસ્લામ ધર્મ સંબંધી કથાઓનો રહેતો.

ઈ.સ. પૂર્વેની બીજી શતાબ્દીમાં બનેલાં અજંતાનાં ભીંતચિત્રો જાતક કથાઓ ઉપર જ આધારિત છે. આ ભીંતચિત્રોને કાવ્યચિત્રણનું પરોક્ષ ઉદાહરણ કહી શકાય. ચિત્રોની સાથેસાથે કાવ્યનું આલેખન જોવા નથી મળતું છતાં કથાના ક્રમને રંગ અને રેખાઓમાં અંકિત કરીને કલાકારોએ ભારતીય ચિત્રકળાનું જે ગૌરવ વધાર્યું છે તે અવિસ્મરણીય છે.

મુદ્રણની શોધ થઈ તે પહેલાં હસ્તલિખિત ગ્રંથો તૈયાર થતાં. એ સમયે સુંદર અક્ષરમાં લખાયેલાં કાવ્ય અને તેની સાથે એનો ભાવ દર્શાવતાં ચિત્રોનું આલેખન થતું. સુલેખન અને ચિત્રાંકન બંનેમાં સુલેખકો અને કલાકારોએ જાણે સ્પર્ધા કરી હોય એટલા સુંદર ગ્રંથ તૈયાર થયેલા છે.

કેટલાક ગ્રંથોમાં એક બાજુ કાવ્યાલેખન અને એની સામેની બાજુ ચિત્રાંકન થતું, તો કેટલાકમાં ચિત્રની ઉપર અથવા બાજુમાં હાંસિયા જેવી જગા રાખીને કલાત્મક અક્ષરો અને શુદ્ધ છંદમાં કાવ્ય લખવામાં આવતું. કાગળની શોધ પછી આ કામ કાગળ ઉપર શરૂ થયું અને ઘણે અંશે સરળ પણ બન્યું.

સામાન્ય રીતે સંસ્કૃત કાવ્ય, સૂફી કાવ્ય, લોકકાવ્ય, કૃષ્ણકાવ્ય (કૃષ્ણલીલા), રામકથા (રામાયણ), રીતિગ્રંથ, ઋતુવર્ણન, રાગરાગિણી, નવ રસ વગેરેને આધારે જુદીજુદી શૈલીમાં ચિત્રોનું આલેખન થયું છે. તેમાંય રામ અને કૃષ્ણની લીલાઓ તથા લોકકથાઓ આ ચિત્રકળાનો વિશેષ આધાર બની છે.

આચાર્ય કવિ કેશવદાસનો રીતિકાલીન લક્ષણગ્રંથ 'રસિકપ્રિયા' આ દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો રહ્યો છે. ખાસ કરીને મુઘલ શૈલી, રાજસ્થાની શૈલી, પહાડી શૈલી વગેરેમાં 'રસિકપ્રિયા'નું ચિત્રણ વિપુલ પ્રમાણમાં થયું છે.

આચાર્ય કેશવદાસ (ઈ.સ. ૧૫૫૫-૧૬૧૭) રચિત આ ગ્રંથ તત્કાલીન પ્રથા અનુસાર રસનિર્ણય પરનો ઉત્તમ ગ્રંથ છે. સામંત ઇન્દ્રજિત જેવા રસજ્ઞ અને ગુણી આશ્રયદાતા મળ્યા એ




જૈન શૈલીમાં ૧૪-૧૫મી શતાબ્દીમાં
તાડપત્ર પર ચિત્રિત પ્રજ્ઞાપ્તિ વિદ્યાદેવી

માટે કેશવદાસને ભાગ્યશાળી કહેવા પડે. ઈન્દ્રજિતના દરબારમાં સાહિત્ય અને સંગીતની મહેફિલ હંમેશાં જામેલી રહેતી. ત્યાં પ્રવીણ રાય નામની શિષ્યા ગુરુ કેશવ પાસેથી કાવ્ય અંગેનું શિક્ષણ મેળવતી હતી અને બંને વચ્ચે ગાઢ સંબંધ હતો. કેશવ જેવા કવિ અને પ્રવીણ જેવા સંગીતજ્ઞના સંપર્કથી જ 'રસિકપ્રિયા' જેવા ગ્રંથનું નિર્માણ શક્ય બન્યું ! ઈ.સ. ૧૫૮૫માં ત્રીસ વર્ષીય યુવાન



જૈન 'કલ્પસૂત્ર'નું ૧૪મી સદીમાં ચિત્રિત એક પૃષ્ઠ



શ્રીકૃષ્ણનો સમરસ (ડાબી બાજુ) : આ કાવ્યાધૃત ચિત્રનો ભાવ એવો છે કે જ્યારથી કૃષ્ણે ધૃષ્ટતાથી રાધાના અધરનું રસપાન કરી લીધું છે ત્યારથી એમણે મીઠાઈ, માખણ, મધ એટલે કે પૃથ્વી પરના તમામ મીઠા પદાર્થો લેવાનું છોડી દીધું છે. માટે હે રાધા, તું અહમ્ મૂકીને એમને મળ. (જમણી બાજુ) : આ ચિત્રમાં રાધા રૌદ્ર રસ ધારણ કરીને બેઠી છે અને કૃષ્ણ એને મનાવી રહ્યા છે. સખી અનેક ઉપમાઓ આપીને એના કોપને દૂર કરવા માંગે છે.

ભારોભાર પ્રાકૃતિક સૌંદર્યથી અંકિત બુંદી શૈલીના આ બંને ચિત્રો 'રસિકપ્રિયા'ના કાવ્યવસ્તુ પર આધારિત છે.



↑ જૈન શૈલી. 'ઉત્તરાધ્યયનસૂત્ર'નું તાડપત્ર પરનું ચિત્રિત એક પૃષ્ઠ

કવિનું મન પ્રવીણ રાય પ્રત્યેની અનુકંપાથી રાધા-કૃષ્ણના સંયોગ-વિયોગની વિવિધ ઘટનાઓમાં અટવાયેલું રહ્યું અને રાજા ઈન્દ્રજિતના દરબારની વિલાસપ્રિયતા, પ્રવીણ રાયનું ઉદ્દામ કલાત્મક સૌંદર્ય, કેશવની રીતિકાલીન શૃંગારપ્રિયતા તથા રસિક ઈન્દ્રજિતનો આગ્રહ 'રસિકપ્રિયા'ની રચનાનું કારણ બન્યો.

આ ગ્રંથમાં રસિક (શ્રીકૃષ્ણ) અને પ્રિયા (રાધા)ની લીલા સિવાયની બીજી કોઈ વાતને સ્થાન નથી મળ્યું. ગ્રંથકારનું ધ્યેય રસિકજનોને નવ રસનો આનંદ પ્રાપ્ત કરાવવા રાધા-કૃષ્ણની રતિક્રીડામાં જ નવ રસોનું વિધાન કરાવવાનું રહ્યું છે. રસનિર્ણય પર રચાયેલો આ ગ્રંથ કાવ્યની દૃષ્ટિએ કેશવની ઉત્કૃષ્ટ રચના છે. કવિએ તેમાં શૃંગારને રસરાજ માનીને અન્ય રસોને પણ તેની હેઠળ વણી લીધા છે તથા રાધા-કૃષ્ણના બહાને નાયક-નાયિકા ભેદના પ્રચ્છન્ન અને પ્રકટ એવા બે ભાગ પાડ્યા છે.

'રસિકપ્રિયા'નું સૌથી પહેલું ચિત્રણ ક્યારે અને કઈ શૈલીમાં થયું તેની વિગતો પ્રાપ્ત નથી, પરંતુ મુઘલ શૈલીમાં ચિત્રિત ૪૪ ચિત્રો અત્યાર સુધીમાં મળેલાં ચિત્રોમાં સૌથી પ્રાચીન છે. એમાંનાં ૩૨ ચિત્રો બૉસ્ટનના મ્યૂઝીઅમમાં તથા બાકીનાં લંડન તથા અમેરિકાનાં જુદાં જુદાં મ્યૂઝીઅમમાં છૂટાંછવાયાં સચવાયેલાં છે.

૧૭મી સદીના મધ્ય ભાગથી 'રસિકપ્રિયા' રાજસ્થાનની વિવિધ શૈલીઓનો મુખ્ય આધારગ્રંથ બની ગયો. મેવાડ શૈલીનું નામ એમાં મોખરે આવે. બૂંદી શૈલીમાં પણ એનું ચિત્રણ વિશિષ્ટ રીતે થયેલું છે.

નવી દિલ્હીના નેશનલ મ્યૂઝીઅમમાં ૪૭ પાનાંની 'રસિકપ્રિયા'ની અપૂર્ણ કલાકૃતિ સચવાયેલી છે. અમદાવાદની એન. સી. મહેતા આર્ટ ગૅલરીમાં ૧૭મી સદીના અંત ભાગમાં થયેલાં કેટલાંક ચિત્રો તથા શ્રી મોતીચંદ્ર ખજાનચીના અંગત સંગ્રહમાં બુંદી શૈલીનાં કેટલાંક સચિત્ર પાનાં છે, જેનો સમય ૧૮મી સદીની શરૂઆતનો મનાય છે.

બીકાનેર, મારવાડ તથા જયપુરની શૈલીમાં પણ 'રસિકપ્રિયા'નાં મનોહર ચિત્રો અંકાયેલાં છે.

આપણે ત્યાં આર્ટ કે ડ્રૉઈંગની કોઈ ફૅકલ્ટીમાં કેશવની અમર કૃતિ 'રસિકપ્રિયા' વિશે ઉલ્લેખ પણ નથી થતો, જ્યારે પાશ્ચાત્ય દેશોના કલામર્મજ્ઞો 'રસિકપ્રિયા'ના કારણે હિંદી કવિ કેશવદાસને ખાસ મહત્ત્વ આપે છે.



અવધી ભાષાના એક ગ્રંથમાં નાયિકાને શણગારતી પરિચારિકા →



નાયક-નાયિકા : 'ચૌરપંચાસિકા'નું ઈ.સ. ૧૫૮૦નું જોનપુરનું એક પાંથીચિત્ર

મધ્યકાલીન ભારતીય ચિત્રકળામાં 'રસિકપ્રિયા' ઉપરાંત જયદેવનું 'ગીતગોવિંદ', બૌદ્ધગ્રંથ 'પ્રજ્ઞાપારમિતા', ભદ્રબાહુ સ્વામી-રચિત જૈનગ્રંથ 'કલ્પસૂત્ર'માં પણ ચિત્રાંકનનો આધાર રહ્યો છે.

'પ્રજ્ઞા પારમિતા'ના સચિત્ર ગ્રંથોનો રચનાકાળ ઈ.સ.ની ૧૦મીથી ૧૩મી સદી સુધીનો મનાય છે. આ પોથીઓ મોટે ભાગે તાડપત્ર ઉપર અંકિત થયેલી છે અને તેમાં સુંદર મરોડદાર લિપિ, કોતરેલા અક્ષરો અને ચમકતી શાહીનો ઉપયોગ થયો છે. લાકડાની પટ્ટીઓ અને રેશમી કાગળ પર પણ જાતકકથાઓના આધારે અનેક ચિત્રો બન્યાં છે. આ સચિત્ર પોથીઓ નેપાળની ગવર્નમેન્ટ લાઈબ્રેરીમાં અને અમેરિકાના બૉસ્ટન મ્યૂઝીઅમમાં સંગ્રહાયેલી છે.

પશ્ચિમ ભારતનો કલાત્મક ગ્રંથ 'કલ્પસૂત્ર' પણ તાડપત્ર પર બનેલો છે અને જેસલમેરના જૈન ગ્રંથભંડારમાં સુરક્ષિત છે. ઉદેપુરના સરસ્વતી ભંડારના 'કલ્પસૂત્ર'નું ચિત્રણ પણ ઉલ્લેખનીય છે.

પશ્ચિમ ભારતમાં તીર્થંકરોની કથાઓ સામાન્ય રીતે જૈન શૈલી, ગુજરાત શૈલી અને અપભ્રંશ શૈલીમાં જોવા મળે છે. પણ 'ગીતગોવિંદ', 'રસિકપ્રિયા', 'બિહારીસતસઈ', 'સૂરસાગર' વગેરે ગ્રંથોનું ચિત્રણ સમયાંતરે જુદી જુદી અનેક શૈલીઓમાં થતું રહ્યું છે.

હકીકતમાં તો મુઘલ શાસન સ્થપાયા પછી આપણે ત્યાં સચિત્ર ગ્રંથોની પરંપરામાં સારું એવું પરિવર્તન આવ્યું. કલાપ્રેમી અને કલાપારખુ અકબર બાદશાહના દરબારમાં બસાવન, દસવંત સાંવલદાસ, ફારુખ બેગ, મુરાદ વગેરે ચિત્રકારો આગળપડતા હતા અને તેમણે બાબરનામા, અકબરનામા, રજ્મનામા, તૂતાનામા વગેરે ઉપરાંત કુરાન, મહાભારત, રામાયણ, પંચતંત્ર, નળદમન વગેરે ગ્રંથનું કલાત્મક ચિત્રણ ક્યું છે.

મુઘલકાળથી તો દરબારમાં પુસ્તકોના સુલેખન અને ચિત્રણની એક પરંપરા જ ઊભી થઈ હતી. આ કાર્ય માટે એક અલગ વિભાગ શરૂ કરવામાં આવ્યો હતો, જે 'કારખાના'ના નામથી ઓળખાતો. રાજસ્થાન અને પહાડી રિયાસતોના રાજાઓએ પણ આ પરંપરા અપનાવી. એટલે રાજા-મહારાજાઓ અને સામંતોના પ્રોત્સાહનથી ગ્રંથચિત્રણની પ્રાચીન કળા ફરીથી મહોરી ઊઠી.



'નિશીથચૂર્ણિકા' પર ચિત્રિત જિન ભગવાન (ઈ.સ. ૧૧૮૨)



ડેલહાઉસી



બેન્ટિક



લક્ષ્મીબાઈ

ઈતિહાસધારા

અશોક હર્ષ

જો રિસાલદાર કાલેખાન ન હોત તો ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું નામ ઇતિહાસના પાને ઝબક્યું હોત કે કેમ એ એક પ્રશ્ન છે. આ દેશ પર પોતાની હકૂમત વિસ્તરતા જતા અંગ્રેજો ભારતના મધ્ય ભાગે આવેલા બુંદેલખંડ અને બુંદેલખંડના મધ્ય ભાગે આવેલ ઝાંસીનું વ્યૂહાત્મક મહત્ત્વ સારી પેઠે સમજી ચૂક્યા હતા.

મરાઠા સેનાપતિ રઘુનાથરાવે ઈ.સ. ૧૭૫૯માં ઝાંસી જીતી લીધા પછી પેશવાએ તેને ઝાંસીના સૂબેદાર તરીકે નિયુક્ત કરેલો. એના મૃત્યુ પછી સૂબેદારી સંભાળતા તેના ભાઈ શિવરામે પોતાને ઝાંસીનો રાજા જાહેર કર્યો. પરંતુ કાશીની યાત્રામાં તે ગંગા નદીમાં ડૂબી જતાં ગાદીએ તેનો પૌત્ર રામચન્દ્રરાવ આવ્યો. એ અરસામાં ઝાંસીનું વ્યૂહાત્મક મહત્ત્વ તપાસવા ત્યારનો ગવર્નર-જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિક ઝાંસી આવ્યો અને રામચન્દ્રરાવને મિત્ર બનાવવા તેને 'મહારાજા'નો ઇલકાબ આપ્યો. એ આથી એટલો ખુશ થઈ ગયો કે ઝાંસીના કિલ્લા પર રાજ્યધ્વજ સાથે યુનિયન જૅકને ફરકતો કરી દીધો.

રામચન્દ્રરાવ પછી ગાદીએ આવેલો તેનો કાકો થોડા જ સમયમાં મરણ પામતાં રામચન્દ્રરાવનો નાનો ભાઈ ગંગાધરરાવ ગાદીએ આવ્યો. તેણે ઝાંસીના રાજ્યનો કેટલોક પ્રદેશ અંગ્રેજોને આપ્યો. અંગ્રેજી હકૂમતે તેને વધુ સૈન્ય ઊભું કરવાની રજા આપતાં, ઝાંસીનું કુલ સૈન્ય ૫૦૦૦ પાયદળ, ૫૦૦ ઘોડેસવાર, ૨૦૦૦ પોલીસ, ૨૨ હાથી અને અનેક તોપો ધરાવતું થયું.

કાશીમાં નિવૃત્ત જીવન ગાળતા પદભ્રષ્ટ પેશવા બાજીરાવ બીજાએ ગંગાધરરાવને મોરોપંત તાંબેની પુત્રી મણિકર્ણિકા ઉર્ફે મનુ સાથે લગ્ન કરવા ભલામણ કરી. આ તાંબે કુટુંબ પેશવા બાજીરાવ સાથે જ કાશી આવેલું. આમ, ૧૫ વર્ષની વયે મનુ ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ બની.

લક્ષ્મીબાઈને આ લગ્નથી એક પુત્ર થયો, પણ થોડા જ મહિનામાં મૃત્યુ પામ્યો. ત્યાર બાદ થોડા જ સમયમાં ગંગાધરરાવ સખત બીમાર પડતાં તેણે છ વર્ષના પોતાના ભત્રીજાને દત્તક લીધો, જેથી ઝાંસીની ગાદી બિનવારસી ના રહે. દત્તક લીધા બાદ બે દિવસમાં જ ગંગાધરરાવનું મૃત્યુ થયું અને આનંદરાવને - હવે રાજકુમાર દામોદર બનેલા - ને ઉછેરવાનું અને રાજ્ય સંભાળવાનું લક્ષ્મીબાઈના માથે આવ્યું. ઈ.સ. ૧૮૩૯ના નવેમ્બરની તા. ૨૧મીએ ગંગાધરરાવના મૃત્યુ સમયે લક્ષ્મીબાઈની ઉંમર માત્ર પચીસ વર્ષની હતી.

રાણી લક્ષ્મીબાઈએ રાજ્યનો વહીવટ એવી રીતે ચલાવવો પડ્યો કે માત્ર ઝાંસીમાં જ નહિ, આજુબાજુનાં રાજ્યોમાં પણ તે લોકપ્રિય થઈ પડી. પ્રજા સાથેનો પોતાનો સંપર્ક તેણે ખૂબ વધારી દીધો. બીજી બાજુ, પોતાના દત્તક પુત્ર રાજકુમાર દામોદરને રાજ્યના કાયદેસર વારસ તરીકે સ્વીકારવા કલકત્તા ગવર્નર-જનરલ સાથે પત્રવ્યવહાર ચાલુ રાખ્યો.

પરંતુ બ્રિટિશોએ ત્યારે અપુત્ર મૃત્યુ પામતા રાજાઓનાં રાજ્ય ખાલસા કરવાની નીતિ અપનાવેલી. ગવર્નર-જનરલ લૉર્ડ ડેલહાઉસીએ રાણીની અરજીઓ અને વિનંતીઓ પર મુદ્દલ લક્ષ ન આપતાં ઈ.સ. ૧૮૫૪ના ફેબ્રુઆરીની ૨૭મીએ એક હુકમ બહાર પાડી ઝાંસીને ખાલસા જાહેર કર્યું. આ જાણ થતાં જ રાણીએ ગુસ્સામાં તે વખતે દરબારમાં હાજર મધ્ય ભારતના સહાયક પોલિટિકલ એજન્ટ પાસે પહોંચી જે શબ્દો ઉચ્ચારેલા તે ઇતિહાસના પાને અમર થઈ ગયા છે : 'મેરી ઝાંસી મૈં નહીં દૂંગી, નહીં દૂંગી, કભી નહીં દૂંગી !'

લૉર્ડ ડેલહાઉસીના નિર્ણય સામે લડી લેવા રાણીએ જાણીતા બ્રિટિશ વકીલ લૅન્ગને રોક્યો. પરંતુ બ્રિટિશ સરકારને એ નિર્ણય ફેરવવા જેવો ન લાગ્યો. જો કે ગંગાધરરાવે રાજ્યના ખજાનામાં રાણીના નામે મૂકેલ રૂ. એક લાખ લઈ લેવાની છૂટ આપવા સાથે રાજમહેલ પણ તેની પાસે રહેવા દઈ મહિને રૂ. પાંચ હજારનો દરમાયો બાંધી આપ્યો. રાણીએ પહેલાં તો તે સ્વીકારવાની ના પાડી, પરંતુ તેમની ભલામણથી છેવટે તેનો સ્વીકાર કર્યો.

ત્રણ વરસ સુધી રાણી લક્ષ્મીબાઈએ પોતાનું આ

અપમાન શાંતિપૂર્વક જીરવ્યે રાખ્યું. પરંતુ આ શાંતિ બહારની જ હતી. અંતરમાં તો બ્રિટિશો પ્રત્યેની નફરત વધુ ને વધુ ઘેરી બનતી જતી હતી. એવામાં ૧૮૫૭ની સાલ આવી પહોંચી અને બ્રિટિશો સાથે અહીંની પ્રજાના ચાલુ રહેલા ધૂંધવાટે વિપ્લવનું સ્વરૂપ પકડ્યું. વિપ્લવના નેતા નાનાસાહેબને તે ખાનગીમાં મળી પણ આવી.


વિપ્લવીઓએ દિલ્હી સર કરીને બ્રિટિશોએ પદભ્રષ્ટ કરેલા મુગલ સમ્રાટ બહાદુરશાહ ઝફરને ઐતિહાસિક લાલ કિલ્લામાં ફરી સત્તારૂઢ કર્યો. વિપ્લવની આગ ઝાંસી સુધી પહોંચતાં વાર ન લાગી. તા. ૫મી જૂને સાર્જન્ટ ગુરબક્ષસિંહે ઝાંસીના કિલ્લાનો કબજો લઈ લીધો. ઝાંસીમાં બ્રિટિશ સૈન્યના સેનાપતિ કેપ્ટન ડનલોપે રાણીની સહાય માગતાં તેને ઝાંસી પાછું સોંપવા સુધ્ધાં તૈયારી બતાવી. જવાબમાં રાણીએ જણાવ્યું :

'શાંતિના સમયમાં મેં મારું રાજ્ય જ્યારે પાછું માગેલું ત્યારે તમે લોકોએ તેની સાફ ના સંભળાવી દીધેલી. હવે જ્યારે ઝાંસી તમારાથી સચવાય તેમ નથી ત્યારે તમે મને સોંપવા તૈયાર થયા છો. તમારું તમે ફોડી લો, કેમ કે હું તમારા રક્ષણનો પ્રયાસ કરીશ તો વિપ્લવીઓ મને જીવતાં સળગાવી દીધા વિના નહિ રહે.'

કિલ્લાનો કબજો લેનાર ઘોડેસવાર, ટુકડીના વડા રિસાલદાર કાલેખાને કિલ્લામાંનાં સ્ત્રીબાળકોને જવા દઈને બાકીના તમામ અંગ્રેજોના હાથ પીઠ પાછળ બંધાવ્યા અને જેવા જોકનબાગ સુધી પહોંચ્યા કે બધાની કત્લ કરાવી નાખી.

હવે કાલેખાન પોતાને ઝાંસીનો ગાદીપતિ જાહેર કર્યા વિના નહિ રહે એમ મનાતું હતું. પરંતુ કાલેખાન રાણીને વફાદાર હતો અને રાણીને તેનું રાજ્ય પાછું અપાવવા જ મેદાને પડેલો એવી જાહેરાત કરતાં સૌના જીવ હેઠા બેઠા. તા. ૧૦મી જૂને કાલેખાને ઝાંસીની લગામ મહારાણી લક્ષ્મીબાઈને સોંપી. પ્રજાએ આનંદોત્સવ મનાવ્યો અને ઠેરઠેર મરાઠા ધ્વજ ફરકતો થયો. કાલેખાન અને તેના સાથીઓએ લક્ષ્મીબાઈને રાજ્યારોહણ પર ૨૧ તોપોની સલામી આપી. તેણે પોતાનું પ્રધાનમંડળ રચ્યું અને કાલેખાન તથા તેના સાથીઓને કિંમતી ભેટસોગાદો સાથે દિલ્હી મોકલી આપ્યા.

સ્વાતંત્ર્યવિપ્લવમાં રાણીએ ત્યાર પછી ભજવેલો ભાગ તો ઇતિહાસપ્રસિદ્ધ છે. એની વીરતા પર જ ઓવારી જઈ એક અંગ્રેજ ઇતિહાસલેખકે લખ્યું છે, 'The Rani was the last man on the side of the rabels.'. □



રાજેન્દ્ર ગણાત્રા • બી.જી. ગણાત્રા

કેસરને સંસ્કૃતમાં કુસુમ્ભ, અરબીમાં જાફરાન, અંગ્રેજીમાં Saffron, લૅટિનમાં Crocus Sativus કહે છે. 'સુશ્રુતમાં 'કેસર'નો અર્થ બધી જગાએ બકુલ કે નાગકેસર કરવામાં આવ્યો છે. અમરકોષમાં પણ કેસર માટે બકુલ અર્થ લખેલો છે. 'રૂધિર' શબ્દના કેસર અને નાગકેસર આવા બે અર્થો થાય છે. ચરકમાં કેસરનો સ્વતંત્ર ઉપયોગ એક પણ નથી.

કેસરની ગ્રીસ, એશિયા માઈનોર અને પર્શીઆમાં ખેતી થતી એવું Pharmacognosy- ફાર્માકોગ્નોસી (લે. જ્યૉર્જ એડવર્ડ ટ્રીક અને વિલિયમ ચાર્લ્સ ઇવાન્સ)નું કથન છે. સ્પેનમાં દસમી સદીથી, ઇંગ્લંડમાં ચૌદમી સદીથી તેની ખેતીના ઉલ્લેખો છે.

કેસરને પ્રાચીન સમયથી ઔષધ તરીકે, મસાલા તરીકે અને રંગ તરીકે ઇજિપ્તવાસીઓ, યહુદીઓ, ગ્રીક લોકો અને રોમન લોકો વાપરતા. કેટલીય સદીઓથી કેસરની ખેતી અનેક સ્થળે થાય છે અને તેથી તેનું ઉદ્‌ભવસ્થાન સંદેહિત છે.

કેસરનો છોડ દક્ષિણ યુરોપનો વતની છે અને સ્પેન, ફ્રાન્સ, ઇટાલી, ગ્રીસ, તુર્કી, પર્શીઆ, ભારત તથા ચીનમાં કેસરની ખેતી થાય છે. ભારતમાં મુખ્યત્વે કાશ્મીરમાં પમ્પુરમાં અને જમ્મુમાં કિશ્તવારમાં તેની ખેતી થાય છે. ઉપરાંત, ઑસ્ટ્રિઆ અને સ્વિટ્ઝર્લૅન્ડમાં પણ તેની ખેતી થાય છે.

ઇ. ૧૯૫૫ના ખાદ્યપદાર્થ ભેળસેળ પ્રતિબંધક નિયમ અ. ૦૫-૧૯ની રૂએ કેસરનું 'સ્પાઈસ' (મસાલા) તરીકેનું ધોરણ નિયત કરવામાં આવેલું છે.

સ્ત્રી-કેસરાગ્ર Trifid ત્રિદર, ત્રિધાભુત હોય છે જે Style-નો ટોચનો ભાગ છે.

સ્ત્રી-કેસરનલિકાવિણ સ્ત્રી-કેસરાગ્રની ટોચનો ભાગ તે ઉત્તમોત્તમ કેસર, શાહી કેસર. તેમાં ન તો પુંકેસર, ન તો પુષ્પપત્ર કે ન તો પુષ્પદલપુંજ (Corolla) હોવાં ઘટે.

કેસર એટલે સ્ત્રીકેસર, પુંકેસર નહિ. શાહી કેસરથી ઊતરતું કેસર તે મોગરાકેસર

'બાબરનામા' અબુલ ફઝલના 'આયને અકબરી' અને 'જહાંગીરનામા'માં કેસરનો નિર્દેશ છે. સ્વાભાવિક છે કે મુઘલ સમ્રાટો ઉત્તમોત્તમ કેસરના ચાહક અને એટલે જ એમની ચાહતનું કેસર તે શાહી કેસર. નૂરજહાં સ્ત્રીકેસરની ચાહક, નહિ કે પુંકેસરની.

આપણા કાનૂને છૂટછાટ આપીને શાહી કેસર પર પાણી ફેરવ્યું છે.

નિયત ધોરણ અનુસાર કેસરમાં ૧૫ ટકા સુધી 'ફ્લોરલ વેસ્ટ'ની છૂટ છે. ફ્લોરલ વેસ્ટ યાને પુષ્પ-કચરો એટલે પીળા તંતુ, પરાગ, પુંકેસર, પરાગકેસર, અંડાશય-બીજાશયના ભાગો અને પુષ્પના અન્ય ભાગો.

કાનૂની ધોરણ ન્યૂનતમ ધોરણ છે, ગુણવત્તાનું ધોરણ નથી, ચીલાચાલુ હલકા કેસરનું ધોરણ છે.

ભારતના બંધારણ હેઠળ ભેળસેળ ભલે 'ફન્ડામેન્ટલ રાઈટ' (મૂળભૂત અધિકાર) ન હોય, પરંતુ જાણે કે જન્મસિદ્ધ અધિકાર છે અને એટલે જ 'મુંબઈ સમાચાર'ને તંત્રીલેખ દ્વારા ભેળસેળ માટે મૃત્યુદંડની-ફાંસીની હિમાયત કરવી પડી છે : 'ખાદ્યપદાર્થમાં ભેળસેળ : ગુનો મૃત્યુદંડને પાત્ર ગણો.'

કેસરમાં (૧) કસુંબો - કસુંબી, કરડીજન્ય (૨) ગલગોટા-જન્ય ભેળસેળ : (૩) કૉર્ન સિલ્કજન્ય ભેળસેળ અને ઝેરી રંગોની ભેળસેળ થાય છે.

કેસર મસાલો, રંગ, ઔષધ અને ફલેવર (સુગંધ) છે.

નિયમ ૨૬ હેઠળ કેસરને રંગ તરીકે પ્રમાણિત કરવામાં આવેલ છે, જે નૈસર્ગિક કેસર હોય યા કૃત્રિમ રીતે ઉત્પાદિત હોય.

વિવિધ મીઠાઈઓમાં અને પાનમસાલાઓમાં કહેવાતું વપરાતું કેસર તે અસલી કે નકલી કે કૃત્રિમ રીતે ઉત્પાદિત? કાનૂને દાટ વાળ્યો છે!

કરડીને ન તો કેસર સાથે સ્નાન કે સૂતકનો સંબંધ, અને છતાંયે કરડીને અમેરિકન કેસર તરીકે ખપાવવામાં આવેલ છે; અને તો પછી કેસરને નામે સોએ સો ટકા નકલી કેસર વાપરવામાં આવે તો આશ્ચર્ય શાને!?

પ્રમાણિત કેસરમાં કોઈ પણ બાહ્ય રંગ સામે સદંતર પ્રતિબંધ છે. અન્ય બાહ્ય પદાર્થ સામે સદંતર પ્રતિબંધ છે એટલે કેસરમાં કરડી યા ગલગોટા યા કૉર્ન સિલ્ક યા અન્ય કોઈ છોડના કોઈ પણ અંશની ભેળસેળ ગંભીર ગુનો છે.

વાલિસકૃત ફાર્માકોગ્નોસી અનુસાર અસલી કેસરમાં

(અનુસંધાન પૃ. ૫૬૮ ઉપર)



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૨૬]

કનુભાઈ જાની

એ જેલમાં હતા એ દરમિયાન દેશમાં સારી પેઠે જાગૃતિ આવી હતી. દાંડીકૂચે દેશમાં સ્વાતંત્ર્યની દાંડી પીટી હતી. ચપટી મીઠું, દારૂનું ટાળો પીઠું, પરદેશી કાપડની હોળી - આટલાં કામો સૌ કરે એવાં હતાં. તેમાંય બહેનો ઘરને ઘૂમટો છોડીને બહાર પડી એ બહુ મોટું પરિવર્તન હતું. સરકાર અકળાઈ. મેઘાણી પકડાયા પછી સવા મહિને, ૫-૫-૩૦ને રોજ ગાંધીજી પકડાયા, છતાં એમણે સૂચવેલો કાર્યક્રમ વણથંભ્યો રહ્યો. મેની ૧૫મીથી ૨૧મી સુધી ધારાસણાના અગરો ઉપર અહિંસક હુમલા થયા, ને સત્યાગ્રહીઓ પર લાઠીઓ વીંઝાઈ. મણિલાલ ગાંધી અને સરોજિની જેવાં આગેવાનો મળ્યાં. અઢી હજાર જેટલા સત્યાગ્રહીઓના આ અહિંસક હુમલાઓનું વર્ણન વેબમિલરે કર્યું છે, અદ્‌ભુત! છતાંય ગાંધીને ચિત્તે તો હતાં આશ્રમનાં વ્રતો! પત્રોમાં એમણે એ સરળ ભાષામાં બાળકોને સમજાવ્યાં. આમ, ત્રીજી પેઢી સુધી ઠંડા પ્રતિકારની ચિનગારી પહોંચતી હતી! સરકાર મૂંઝાઈ. ગાંધીને પકડીને યરોડા પૂર્યા હતા ત્યાં સવલતો આપવા માંડી : અમે આપીએ તે છાપાં, મહિને સો રૂપિયા ભથ્થું, અલાયદો વર્ગ! ગાંધીને ત્રણેય ન ખપે! મારી જ પસંદગીનાં છાપાં - તેય કાપકૂપ વિનાનાં; રૂપિયા-બુપિયા આ ગરીબ દેશમાં ન ખપે; ને વર્ગો પાડવા બંધ કરો. જ્યારે કોઈ આખો સમુદાય કોઈ કાયદાની સામે થતો જણાય ત્યારે એ કાયદાની બુરાઈ સમજો. મીઠાવેરો ન ખપે, દારૂની છૂટ ન ખપે, વિલાયતી કાપડ ન ખપે. અમારે વિલાયતને નહિ, ભારતને જિવાડવું છે. આવા જવાબથી સરકાર ઔર અકળાઈ. જયકર, સપ્રુ, મોતીલાલ, જવાહર વગરે સાથે ચર્ચા શરૂ કરી. ગાંધીજીએ સ્પષ્ટતા કરી કે સુલેહ ગમે તે થાય, પણ સંપૂર્ણ સ્વતંત્રતાનો હિન્દનો હક્ક સર્વપ્રથમ માન્ય રખાય. બ્રિટન સાથે સમાન સાથી તરીકે જ હિન્દ ચર્ચા કરી શકે વાઈસરોઈને આ શરતો મંજૂર નહોતી. ન હોય તો શરીર ટકાવવાનોય અર્થ શો? ને, એમાં સરકારને સાથ આપવાનોય અર્થ શો?

દરમિયાનમાં પહેલી ગોળમેજી પરિષદ ૧૯૩૦ના નવેમ્બરની ૧૨મીથી ૧૯૩૧ના જાન્યુઆરીની ૧૯મી સુધી ચાલી. એમાં કૉંગ્રેસ નહોતી. સપ્રુ, જયકર, શ્રીનિવાસ શાસ્ત્રી, એવા વિનીત નેતાઓ, કેટલાક જમીનદારો-રાજવીઓ, મૌલાના મહમદઅલી વગેરે કેટલાક નેતાઓ હતા. એમાં, ચોથી જાન્યુઆરીએ લંડનમાં પરિષદ ચાલુ હતી એ દરમિયાન

ગોળમેજી પરિષદમાં ગાંધીજી



મહમદઅલીનું અવસાન થયું. વાઈસરૉઈ લૉર્ડ અર્‌વિને, આમ તો, ગાંધીજીની શરતો ઠુકરાવી હતી, છતાં સત્તરમીએ ફેરવી તોળ્યું. ગાંધીજીના ત્યાગની પ્રશંસા કરી! પરિષદને છેલ્લે દિવસે બ્રિટનના ત્યારના વડાપ્રધાન રામ્સે મૅક્ડોનાલ્ડે ભાવિના સંપૂર્ણ સ્વાતંત્ર્યને બાધક ન હોય એવું નવું બંધારણ આપવા, ને એમાં હાલ પ્રાંતિક સ્વરાજ આપવાની જાહેરાત કરી. વળી, વચગાળામાં ભારતનું અહિત થાય એવું કશું ન કરવાની વાતથી સપ્રુ-જયકર-શાસ્ત્રી આદિ પીગળ્યા. વાઈસરૉઈ અન્ય નેતાઓ સહિત ગાંધીજીને ૧૯૩૧ના જાન્યુઆરીની ૨૬મીએ રાત્રે અગિયાર વાગ્યે છોડી મૂક્યા. પણ છઠ્ઠી ફેબ્રુઆરીએ મોતીલાલ નેહરુનો દેહ પડ્યો. છતાં વાઈસરૉઈ ને ગાંધી વચ્ચે ત્રીજી માર્ચ સુધી મસલતો ચાલી.

વાઈસરૉઈ ગાંધીને મળે, ગાંધીજી પોતાના જ પહેરવેશમાં, સામ્રાજ્યના હાકેમની જરાય અદબ રાખ્યા વિના, હાકેમના મહેલનાં પગથિયાં ચડે - એ ચર્ચિલથી ન જિરવાયું. જાહેર ભાષણમાં અણગમો વ્યક્ત કર્યો!

'મિડલ ટેમ્પલનો એક વકીલ (ગાંધીજી મિ.ટે.ના નહિ પણ ઇનર ટેમ્પલના હતા, એ ચર્ચિલસાહેબની ભૂલ માફ!) ગાંધી જે પૂર્વમાંના બહુ જાણીતા પ્રકારના ફકીરનો સ્વાંગ સજી રહ્યો છે, અને જે હજી સવિનયભંગની રાજવિરુદ્ધની ચળવળ ગોઠવી રહ્યો છે તે, સમ્રાટના પ્રતિનિધિ સાથે, સમાન દરજ્જે ચર્ચા કરવા માટે, અર્ધનગ્ન દશામાં વાઈસરૉઈના મહેલનાં આજે પગથિયાં ચઢી રહ્યો છે એ દૃશ્ય ભયજનક અને ઘૃણાસ્પદ છે.'

(ગાંધીજીની દિનવારી, ૧૯૭૦; પૃ. ૨૮૭)

ગાંધીનું મન સાંકડું નહોતું. બાંધછોડનીયે તૈયારી હતી. કૉંગ્રેસ કાનૂનભંગની લડત સમેટી લે ને સરકાર કેદીઓને છોડે; મીઠું બનાવવાની છૂટ રહે ને વસૂલ ન થયેલો દંડ પણ સરકાર માફ કરે; જપ્ત થયેલી જમીનો જે તે માલિકોને પાછી અપાય વગેરે શરતોએ ગાંધી-અર્‌વિન-સમજૂતી જાહેર થઈ. જવાહરને ગાંધી-અર્‌વિન-સમજૂતીમાં દાળમાં કંઈક કાળું લાગ્યું, એટલે વિરોધ કર્યો. કૉંગ્રેસ અધિવેશન કરાંચીમાં માર્ચની ૨૭ થી ૩૦ દરમિયાન સરદારની અધ્યક્ષતામાં મળ્યું. ગાંધીજીએ તો વાઈસરૉઈ સાથેની મસલત - દરમિયાન ભગતસિંહ-સુખદેવ ને રાજગુરુને છોડવાની વાત કરી હતી છતાં, આ અધિવેશનના ચાર દિ આગમચ ૨૩મી માર્ચે રાત્રે સવા વાગ્યે ત્રણેને ફાંસીએ લટકાવી દીધા! ને સતલજને કિનારે ઘાસલેટથી બાળી મૂક્યા! એની વેદનાને મેઘાણીએ ભજનના રાહમાં ઢાળી :

વીરા મારા! પંચ રે સિંધુને સ્મશાન
રોપાણાં ત્રણ રૂખડાં હો જી
વીરા એની ડાળિયું અડી આસમાન
મુગતિનાં ઝરે ફૂલડાં હો જી!

('ફૂલમાળ,' યુગ. ૧૯૫૦; પૃ. ૨૪)

હવે તો ગાંધી-અર્‌વિનની સમજૂતીનો સ્વીકાર કરાવવો તે ગાંધી માટે પણ કપરું કામ હતું. તેમાં જવાહરનો ને સુભાષનોય વિરોધ હતો. વાતાવરણ ઉગ્ર ને રોષભર્યું હતું. અધૂરામાં પૂરું ક્રાન્તિની ચિનગારીનો એક જીવતો અંગારો, સરકારની નજર ચૂકવીને, ત્યાં ભભૂકતો હતો. કરાંચીના એ કૉંગ્રેસ અધિવેશનમાં અધિવેશનની કાર્યવહીમાં ભાગ લેતા હતા એક 'ડૉક્ટર મહેમૂદ.' હકીકતે એ હતા માનવેન્દ્ર રૉય. ૧૯૧૪થી સરકાર એને શોધે! પહેલા વિશ્વયુદ્ધ વખતે હિંદમાં સશસ્ત્ર ક્રાન્તિ કરવાની યોજના લઈને એ જર્મની પાસેથી શસ્ત્રો મેળવવા ચૂપચાપ ચાલ્યા ગયેલા. ૧૯૨૪ના 'કાનપુર-કાવતરા'માં અને ૧૯૨૯ના 'મીરતકાવતરા'માં એમનો જ મુખ્ય હાથ હતો એમ સરકાર માનતી. ને એ કાવતરાંઓમાં બીજાઓ પકડાયા પણ આ એમ.એન. રૉય - જેમનું મૂળ નામ તો પાછું હતું નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય - એ તો શોધ છતાં મળતા જ નહોતા! ૧૯૩૦ના ડિસેમ્બરમાં એ ભારતમાં ડૉક્ટર મહેમૂદને નામે આવ્યા, ને બિન્દાસથી આ અધિવેશનમાં હાજર હતા! આવા ભારેલા વાતાવરણની વચ્ચે પણ, પૂર્ણ સ્વરાજ્યની માત્ર સાથે, હવેની ગોળમેજીમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ગાંધીજી જાય એવું ઠરાવાયું. આમાં કૉંગ્રેસનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ હતું અને ગાંધીજીએ એનું જ પ્રતિનિધિત્વ કરવાનું હતું. પૂર્ણસ્વરાજ્યવાળી વાત સ્વીકારવી એ સરકાર માટેય અસ્વીકાર્ય બાબત હતી; તો, આપી-આપીને વચનોને ફેરવી તોળતી દાવપેચમાં પાવરધી સરકાર સાથે કામ પાડવું એ ગાંધીજી માટેય સહેલું નહોતું. જો જવાની ના પાડે તો સમાધાન માટે લંબાવેલો હાથ ઠુકરાવ્યાનો આરોપ જગત મૂકે! જાય તો પરિણામ કલ્પી શકાય - એ જ આવવાનું હતું. પણ મેઘાણી બાપુને ઓળખતા - એ વ્યાપક લોકપરિચય હતો. : મેઘાણીકૃત ત્રિપાંખિયા દુહામાં બાપુના લોકઅપેક્ષિત રૂપનું ચિત્ર હતું :

'પગલે પગલે પારખાં, દમદમ અણઈતબાર,
શાપો, ગાળો, અપજશો, ભરિયા મોંખળ-થાળ,
કૂડાં કાળાં આળ, ખમનારા! ઝાઝી ખમા'
બાબા! જીત અજીત સબ, તેં ધરિયા ધણીદ્વાર
મરકલડે મુખ રંગિયાં દિલ રંગ્યાં, રુધિરાળ;
રુદિયે ભરી વરાળ, હસનારા! ઝાઝી ખમા!

ઉમાશંકરે ક્યાંક કહ્યાનું હૈયે છે : "વાવાઝોડાં વૈરની વૃત્તિઓનાં / શમાવવાની પડી ટેવ જેને' એવા ગાંધીને, સરકાર અર્‌વિને આપેલાં વચનોને ઘોળીને પી જતી હોય તેવા અનુભવો

થવા માંડ્યા. એ તરફ પત્રથી ધ્યાન દોરતા રહ્યા; છતાં કુટિલતા વધતી ચાલી. એટલે ગોળમેજીમાં જવાની પોતાની અનિચ્છા જુલાઈની નવમીએ જણાવી દીધી. રૂબરૂ બોલ્યા ત્યારે સિમલામાં ૧૬મી જુલાઈએ શરતભંગના પ્રસંગોની લેખિત યાદી પણ ધરી દીધી. વળી, વાઈસરોઈ લૉર્ડ અરૂવિનને લશ્કરી ખર્ચ ઘટાડવા અને ભારતને આર્થિક સ્વાતંત્ર્ય પણ મળે તેમ કરવા જણાવ્યું. એ શક્ય નહોતું; તો ગોળમેજીમાં જવું પણ શક્ય નથી એમ જણાવી દીધું. ૧૮મી એપ્રિલે (૧૯૩૧) અરૂવિન નિવૃત્ત થયા ને નવા આવેલા ઈમર્સનને પણ ગાંધીજીએ ફોડ પાડીને બધી વાત કરી. પરિસ્થિતિ સુધરતી ન લાગી. ૬-૮-૩૧ને રોજ બીજી ગોળમેજીના નિમંત્રિતોની યાદી પ્રસિદ્ધ થઈ ત્યારે તારથી ૧૧-૮-૩૧ને રોજ ગાંધીજીએ મુંબઈ સરકારને જાણ કરી. 'વલણ ન બદલો તો જવું શક્ય નથી.' કૉંગ્રેસ-કારોબારીએ પણ વાઈસરોઈને આ વાત કરી (તા. ૧૩-૮-૩૧). ૧૫-૮-૩૧ વિલાયત જવા માટેની ટિકિટ રદ કરાવી. ૧૯મીએ ગાંધી-અરૂવિન પત્રવ્યવહાર જાહેર કર્યો. એથી સરકારે શરતભંગ કેવો કર્યો છે તે સ્પષ્ટ થઈ ગયું. ગાંધીના 'અંતરની આહ' આ હતી :

હું 'સુલેહ! સુલેહ! સુલેહ!' રટ્યો;
નવ નેકીને પંથેથી લેશ હટ્યો,
દિલે તારેથી તોયે ન દંશ મટ્યો,
તું 'ડરાવ! દબાવ! ઉડાવ!' વિના
બીજો દાવ એકેય શીખી જ નથી!
તુંને શું કહું માનવની જનનિ!
વશ થાય પશુ પણ વાલપથી.

* * *

મહાસિંધુની ઓ લહરી લહરી
તમ બિન્દુએ બિન્દુની જીભ કરી
વદજો સારા વિશ્વને તીર ફરી.

* * *

મારે હોંશ તો ખાસ હતી મારા ખૂનના
પ્યાસી જનોના મિલાપ તણી;
મારે હામ હતી ભૂખ્યા સિંહોને બોડમાં
પેસીને પીઠ પંપાળવાની.
પણ
દારૂગોળાના વારસદારને નગ્ન
ફકીરનું નેત્રસુધા ન ગમ્યું!
('બાપુનાં પારણાં,' ૧૯૪૩; પૃ. ૪૪)



← 'રાજપૂતાના' પર ગાંધીજી

મુંબઈથી વિદાય થતી 'રાજપૂતાના'ને વિદાય આપી રહેલો માનવસમુદાય



તા. ૨૪-૮-'૩૧ને રોજ વિલાયતમાં મજૂરપક્ષની સરકારે રાજીનામું આપ્યું; વડાપ્રધાન રામ્સે મૅક્ડોનાલ્ડે અન્ય પક્ષોની સહાય લીધી. વાઈસરૉઈ સાથે ફરી ચર્ચાઓ ચાલી. મુસ્લિમપ્રશ્ન, બારડોલીની જમીનનો પ્રશ્ન, એમ ઘણું ઘણું નમતું જોખીને, ન છૂટકે, ગાંધીજી જવા સંમત થયા (૨૭-૮-'૩૧). ૨૯-૮-૩૧ને રોજ ઊપડતી સ્ટીમર 'રાજપૂતાના' પકડવાની હતી. પોતે પાછા ન ફરે ત્યાં સુધી, સરકારનું ગમે તેવું વર્તન હોય તો પણ, કૉંગ્રેસે લડત ન છેડવી, એ સ્વીકારવા જેટલી હદે ગાંધીજીએ નમતું જોખ્યું, એ ય 'ઝેરનો છેલ્લો કટોરો' જ હતો!

એક સજાગ પત્રકાર તરીકે મેઘાણીને આ બધી બાબતોની, એ સંબંધી રજેરજની, માહિતી હતી. એ માત્ર માહિતીના વિતરક નહોતા, એના આઘાત-પ્રત્યાઘાતના સંવેદનશીલ દ્રષ્ટા હતા. એટલે જ અમૃતલાલ શેઠે સમાચાર આપ્યા, 'આખરે ગાંધીજી ગોળમેજીમાં જવા પરમ દિ' નીકળે છે; એમને વિદાય-શુભેચ્છા આપણા પત્રમાં પાઠવીએ.' એ ગુરુવાર હતો, 'સૌરાષ્ટ્ર'નો પહેલો ફરમો સાંજે ચડે તે પહેલાં કાંઈક લખાવું જોઈએ. એક કલાક જ બાકી હતો. ને ગાંધીજીના ચિત્તમાં ચડીને જાણે કાવ્ય મેઘાણીને ટેરવેથી ટપક્યું : 'છેલ્લો કટોરો!'

'જુઓ તો'. મેઘાણીએ એ કાવ્ય
અમૃતલાલ શેઠના હાથમાં મૂક્યું :
છેલ્લો કટોરો ઝેરનો આ: પી જજો બંધુ!
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો, બંધુ!
'ભાઈ, 'બંધુ' છે ત્યાં બધે 'બાપુ' 'બાપુ' કરીએ તો?'
'સરસ. એમ જ કરીએ.'
'ગીત અદ્‌ભુત છે'
'બાપુને મોકલી શકાય?'

'કેમ નહિ?'ને શેઠે તાબડતોબ આર્ટકાર્ડ પર એની જુદી પ્રતો કાઢવા, ને તૈયાર થયે સાંજે ને સાંજે માણસ દ્વારા એ મુંબઈ ગાંધીજીને હાથોહાથ પહોંચાડવાની ગોઠવણ કરી દીધી.

એ મુજબ કાવ્ય પહોંચ્યું જહાજ 'રાજપૂતાના' પર. જહાજ ઊપડવાની તૈયારીમાં હતું. ગાંધીજીએ પત્રકારોને પોતાના દિલની વાત કહી :

'Though I see nothing on the horizon to warrant hope, being a born optimist I am hoping against hope. My faith is in God and therefore I expect, He will use me as his instrument for the service of humanity'

એ જ વાત, હજી ખોલ્યું નહોતું, એ કાવ્યમાં પણ હતી :

'અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું!'
'ચાલ્યો જજે તુજ ભોમિયો ભગવાન છે બાપુ!'

બંદર પર હજારોનાં ટોળાં હતાં. હાથ હલાવીને વિદાય આપતાં હતાં. સ્ટીમર ધીમે ધીમે દૂર થતી ચાલી તેમ તેમ મુખો ઝાંખાં ને ઝાંખાં થતાં ચાલ્યાં, છેવટે ઝીણી આકૃતિઓ શાં સૌ થઈને ક્ષિતિજમાં ડૂબી ગયાં! રહ્યો કેવળ સાગર ને ઉપર આકાશ. સૌ ઓરડીમાં આવ્યાં. કાગળો, તારો, શુભેચ્છા-સંદેશાનો ઢગ ખડકાયો હતો. એક પછી એક એ વંચાવા લાગ્યાં. અને 'છેલ્લો કટોરો' હાથમાં આવ્યું. ફરી ફરીને વાંચ્યું. બાપુ મહાદેવભાઈને કહે, 'મારી સ્થિતિનું આમાં વર્ણવ છે તે તદ્દન સાચું છે' મીરાંને કહે: 'એનું ભાષાન્તર મહાદેવ કરશે, પણ એનું કાવ્ય અને એની ભાષા તને શી રીતે આપી શકશે?' 'નવજીવન'ના ૨૦-૯-૧૯૩૧ના અંકમાં મહાદેવભાઈ લખે છે :

'મેઘાણીના કાવ્યને વાંચતાં તો જાણે મેઘાણીનો આત્મા ગાંધીજીના છેલ્લા પંદર દિવસનો સતત સાક્ષી રહ્યો હોય એમ પ્રતીત થાય છે. ૧૧મી ઑગસ્ટે હૉટ્સન સાહેબનો કાગળ આવ્યો ત્યારથી માંડીને તે ૨૭મીએ સિમલાથી નીકળ્યા ત્યાં સુધીનું દરેક પગલું જાણે મેઘાણીએ ક્યાંક છુપાઈને - પેલી આપણી પ્રાચીન વાર્તાઓનો અંધારપછેડો ઓઢીને - જોયા કીધું હોય એમ લાગે છે... બાપુની સાથે રહેવાનો જેને લહાવો નથી મળ્યો પણ જેની અદ્‌ભુત કલ્પનાશક્તિ બાપુને રોમરોમ ઓળખી ગઈ છે એવા કવિએ બાપુનું શાશ્વત ચિત્ર આલેખ્યું છે.' ને ૬-૮-૩૧ને રોજ દેવદાસભાઈએ પત્રથી અભિનંદન પાઠવ્યા :

'તમારા કાવ્યનાં પહેલે જ દિવસે બાપુએ મુક્તકંઠે વખાણ કરેલાં. એની ખૂબી માત્ર કાવ્યશક્તિમાં નથી, તમે બાપુના દિલમાં પેસી શક્યા છો....' (પત્રાંક ૭૯)

હકીકતે મેઘાણી કાંઈ ગાંધીભક્ત કે ગાંધી-અનુયાયી નહોતા. કહે છે : 'મેં તો પ્રત્યેક પ્રસંગે તેમનાં વલણો, મંથનો ને આત્મવેદનાઓ કેવાંક હશે તેનું કેવળ પરલક્ષી અદાથી, છતાં બેશક મારી ધગશ દ્વારા, નિરૂપણ કર્યું છે.'

પણ ત્યારથી એ રાષ્ટ્રહૈયું પારખનાર, 'રાષ્ટ્રીય શાયર' કહેવાયા. એ વર્ષને અંતે (૨૯-૧૨-૩૧) એમને ત્યાં દમયન્તીબહેનની કૂખે બે જોડિયાં બાળ નાનક અને મસ્તાન પ્રકટ્યાં. - દમયન્તીબહેનની જવાબદારી વધી ગઈ. તબિયત નબળી, આઠેકના બચુભાઈ ને ચારેકનાં ઇન્દુબહેન તો હતાં; એમાં બે વધ્યા - 'જીકો'ને 'મોટો'. (ક્રમશ:)

જે પાણીમાં બટાકા ઉકાળ્યા હોય તે પાણી વડે સોનાચાંદીનાં ઘરેણાં ધોવાથી તે ચમકી ઊઠશે.

(સ્થિર નદી, સરતાં નીર)

સાંસ્કૃતિક અને સાંપ્રતિક

* પ્રીતિ સેનગુપ્તા *



'નિષિદ્ધનગર'માંનો બે છાપરાંવાળો તાજખંડ

સમયનો પ્રવાહ ક્યારેક કોઈ શાંત નદીની સ્થિર સપાટી જેવો લાગે છે, પણ ખરેખર તો, સમયનો ધર્મ પણ, પાણીની જેમ, વહેતા રહેવાનો છે. જેમ પાણીનું ટીપું ટીપું પકડવું મુશ્કેલ છે, તેમ સતત બનતા રહેતા બનાવોને વર્ણવવા પણ કઠિન છે. ચીનની બાબતમાં આમ જ છે. એ કૂદકે ને ભૂસકે એટલું બધું બદલાઈ રહ્યું છે કે જાણે એના જીવનનું વહેણ ફીણ ફીણ થઈને પછડાતો કોઈ ધોધ બની ગયું છે. જો ફક્ત જોયેલી જગ્યાઓની જ હું વાત કરું તો તો કાંઈ તકલીફ નથી, પરંતુ આર્થિક, ઔદ્યોગિક, સામાજિક, રાજનૈતિક - એમ બધી જાતનાં વમળોમાં ઘુમરી ખાતા સાંપ્રત ચીન વિશે ઉપરછલ્લી જેવી પણ થોડી હકીકતો નોંધવાનો લોભ થાય છે.

સોળમી સદી સુધી ચીન ઉપરનાં બધાં, તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રમાં દુનિયામાં મોખરે રહેલું, પછી યુરોપી ને પશ્ચિમી પ્રજાઓનો યુગ શરૂ થયો. ૧૯૪૯માં પ્રખર સામ્યવાદી સત્તાએ ચીનનો કબજો લીધો, ને એને 'ઢાંકી-ઢબૂરી' દીધું. એ 'લોખંડી પડદો' ચીન ૧૯૯૦ના દાયકાથી ખસેડવા માંડ્યું છે, અને થોડાં જ વર્ષોમાં, એ વિશ્વનું મોટામાં મોટું ને સૌથી શક્તિમાન અર્થતંત્ર બની રહેશે, એવું એનું ભવિષ્ય વિદ્વાન અભ્યાસીઓ ભાખે છે.

શું ખરેખર એમ થશે? વર્તમાન ચીનના બીજા કેટલાક નિરીક્ષકો આ પ્રશ્ન પણ ઊઠાવે છે. એક તો, જે અસાધારણ ગતિથી ચીનમાં આર્થિક પ્રગતિ થઈ રહી છે તે સમતુલનને સામંજસ્યવાળી નથી. બીજું, નથી ત્યાં કાયદા-કાનૂનનું પાલન કે નથી ત્યાં સરખાં વ્યવસ્થા-બંદોબસ્ત. લાંચ અને રુશવત અનહદ પ્રમાણમાં વધી ગયાં છે. વર્ષમાં એક લાખથી પણ વધારે આવા કિસ્સા બને છે, એવી નોંધ મેં ન્યૂ યૉર્કના એક છાપામાં જોયેલી. તોયે મને ખાતરી છે કે આવા કિસ્સાઓની ખરી સંખ્યા તો કેટલીયે વધારે હશે. ત્રીજું, શાંઘાઈ ને કૅન્ટૉન જેવાં મોટાં શહેરો લગભગ પોતાને ફાવે તેમ આર્થિક ચડતી, પરદેશી મૂડી-રોકાણ, ઔદ્યોગિકીકરણ વગેરેના નિયમો બનાવવા લાગ્યાં છે, આથી કેન્દ્ર સરકારની સત્તા નબળી પડે છે. ચોથું, ખેડૂતો ઓછો પાક પકવવા લાગ્યા છે, કારણ કે બીજા પાકમાં એ ઘણા વધારે પૈસા કમાઈ લે છે. આ કારણે ચીનમાં ચોખાની તીવ્ર અછત ઊભી થઈ છે, ને બહારથી - મોટે ભાગે અમેરિકા પાસેથી - એ ખરીદવામાં ચીનની તિજોરી વર્ષો સુધી ખાલી થતી રહેવાની. ઉપરાંત, કરોડો લોકો ઝડપથી પૈસા કમાવાના ઉદ્દેશથી બાપદાદાનાં ગામ છોડીને શહેરોમાં પહોંચી ગયા છે, જેની અંદર ભીડ અને ગુનાનું પ્રમાણ ઑર વધી ગયું છે અને વિજાતીય તેમજ સજાતીય શારીરિક સંબંધોની છૂટછાટ, તથા 'ઍઈડ્સ' જેવા રોગોના ફેલાવાની તો શું વાત કરવી!

ચીનમાં પ્રવાસ કરવાનો એટલે આંખ આડા કાન કરવાના, ને કાનને બંધ કરવાની તો જરૂર જ નહીં, કારણ કે ભાષા ક્યાં સમજાવાની હતી! ચીનની ખળભળતી વાસ્તવિક્તા વિષે વિચાર કરવા બેસીએ તો કળણમાં સાવ ખૂંપી જ જઈએ. પણ એની દૃશ્યમાન સુંદરતાને આંખોથી ફક્ત જોતાં રહીએ તો કેટલીયે સદીઓ પહેલાંના રાજ-વૈભવની ઝાંખી પામી શકીએ. એ કાળનું કાળ-સ્થાપત્ય-દર્શન હતું પણ ઘણું વધારે સુખકર.

તિઆનન્મેન નગર-ચૉકની એક દિશામાંથી શરૂ થાય છે દીવાલ-બદ્ધ એક અદ્‌ભુત રાજ-પુરમ્. મિન્ગ રાજવંશના સમ્રાટ યૉન્ગ લે દ્વારા ૧૪૦૬માં પોતાની નવી રાજધાની બેજિન્ગમાં પોતાને માટે એક નવું નિવાસસ્થાન બંધાવું શરૂ થયું, ત્યારે સમ્રાટના મનમાં એક એવો પ્રાસાદ હતો જે આખી સૃષ્ટિનું ભવ્ય કેન્દ્ર બને. ૧૪૨૦માં એ પ્રાસાદ-સંપુટ પૂરો થયો, અને ખરે જ, આજે પણ એ બેજિન્ગ શહેરનું કેન્દ્ર છે. પણ એનું નામ જ હતું 'નિષિદ્ધ નગર,' કારણ કે રાજા અને રાજ-દરબારની સાથે સંબદ્ધ એવી થોડી જ વ્યક્તિઓને એ

પ્રાસાદમાં પ્રવેશ મળતો. સામ્યવાદ સ્થાપિત થવાની સાથે, ૧૯૪૯માં આ સંપુટ જાહેર જનતા માટે ખુલ્લો મુકાયેલો. અઢીસો એકરના એના વિસ્તારમાં આઠસો ઇમારતો, ને કુલ નવ હજાર તો ઓરડા છે. વળી, આજે પણ આ 'નિષિદ્ધ નગર'ની રહસ્યમયતા અને વિસ્મયપ્રદતા ઘટ્યાં નથી.

અગણ્ય મહેલો, મંડપો, કક્ષો, અટારીઓ, આગળનાં આંગણ, પાછળનાં નાનાં ચોગાન, એ બધાંને જોડતી ગલીઓ, ક્યાંક ઊંચી દીવાલો, ક્યાંક પહોળાં પગથિયાં, ઢળતાં સુંદર છાપરાંવાળાં અંત વગરનાં સ્થાપત્ય. એવી ભુલભુલામણી, જેમાં ખોવાતાં વાર ના લાગે. પણ ત્યાં ખોવાવાની પણ જાણે મજા આવે. જ્યાં જુઓ ત્યાં કોતરણી, શિલ્પ, ચિત્ર અને કળા-સામગ્રીનું પ્રાચુર્ય. એક પ્રવેશદ્વારમાંથી બીજામાં વચમાં આવતા સફેદ આરસના પુલ પરથી જવાનું; ને વિસ્મય-વિભોર થવાનું. જ્યાં સમ્રાટો, સામ્રાજ્ઞીઓ, સભાસદો અને ચાકરો દ્વારા સોનું, રૂપું, રત્નો, મોતી તથા રંગરંગીન રેશમ ઇત્યાદિ સદા-સર્વદા પ્રદર્શિત થતું રહેતું હતું, ત્યાં આપણે ઊભાં હોઈએ ત્યારે રોમાંચનો કાંઈ પાર રહે?

બધાં સ્થાપત્યો રંગે-રૂપે સરખાં છે : લાલ દીવાલો ને થાંભલા, પીળચટ્ટાં નળિયાંવાળાં ઢળતાં છાપરાં જોકે કેટલાંક ભૂખરાં પણ હતાં; ઘેરા રંગોથી રંગેલા મોભ - બધું જ ખૂબ સુંદર. અસંખ્ય કક્ષોમાં અપૂર્વ ચિત્રાકૃતિઓ, સીસમનું ફર્નિચર, રત્નાભૂષણો, મરકત મણિ કોતરીને બનાવેલી કળાકૃતિઓ, પોર્સલેન ને સિરામિક, જાજમો, શિલ્પો વગેરે અનુપમ-સુંદર સમૃદ્ધિ પ્રદર્શિત કરાયેલી છે.

ચૌતરફ દસ મીટર ઊંચી દીવાલોથી સુરક્ષિત અને વિસંપર્કિત એ સ્વપ્ન-નગરીમાં પ્રવેશ્યા પછી દુનિયા યાદ પણ ના આવે. પણ પ્રાસાદનાં સુશોભિત છત્રોથી ઊંચાં બહુમાળી મકાનો અને ટેલિવિઝન ટાવર હવે તો 'નિષિદ્ધ નગર'ની બધી તરફ થઈ ગયાં છે, જે ત્યાં ફરતાં ફરતાં નજરે પણ ચડી જાય છે. ચીનના વર્તમાનની વસ્તુસ્થિતિ આ છે.

શ્રમજીવી જીવનની સાબિતી જેવાં આવાં સાદાં, ભૂખરાં, અનાકર્ષક મકાનો બેજિન્ગના બીજા જે મહા-સ્મારક ફરતે ઊભાં થઈ આવ્યાં છે તે છે 'સ્વર્ગીય મંદિર.' પ્રાચીન-કાળના સમ્રાટોની પૂજા-પ્રાર્થના માટે એ બંધાયેલું. ખાસ તો, પાક સારો ઊતરે તે માટે મોટો ઉત્સવ થતો, ને પ્રાણીઓનો ભોગ અપાતો. ત્યારે સમ્રાટોને પણ ત્રણ દિવસના ઉપવાસ કરવા પડતા, અને એક દિવસ પહેલાંથી આવી 'ઉપવાસ-મહેલ'માં રહેવું પડતું. આ મંદિરમાં કોઈ દેવ-દેવીની, કે બુદ્ધની, પ્રતિમા નહોતી. સમ્રાટ ત્યાં સ્વર્ગને આરાધવા અને ઈશ્વર સાથે વાતો કરવા જતા. ત્રણ ગોળાકાર છાપરાંની ત્રીજી, ઊંચી અટારી એ માટે ઘણી યોગ્ય જગ્યા હતી. 'સ્વર્ગીય મંદિર'ના વિસ્તૃત પરિસરની ચાર બાજુ ચાર પ્રવેશ-દ્વાર હતાં. અંદર ગોળાકારે જતી ત્રણ દીવાલો હતી. એની વચમાં થઈને ચારસો મીટર લાંબો માર્ગ જતો. સ્વર્ગ સુધીનો પથ ઘણો લાંબો છે, એવું સૂચન એ કરતો. આ આખા વિરચનમાં ગોળ અને ચોરસ આકારની સંસ્થિતિ કરાયેલી છે, તે એટલા માટે કે એક પ્રાચીન સંકલ્પના પ્રમાણે સ્વર્ગ વર્તુળાકાર છે અને પૃથ્વી ચોરસાકાર છે.

મંદિરના મુખ્ય ભાગનો પરિઘ ત્રીસ મીટરનો છે, અને છત્ર આડત્રીસ મીટર ઊંચું ઊઠે છે. જૈનમંદિરોની યાદ અપાવે તેવા એ ઘુમ્મટને અઠ્ઠાવીસ મહા-સ્તંભો, પાટડા ને કેટલાયે મોભનો આધાર અપાયેલો છે. અહીં તો બધું કાષ્ટનું, અને લાલ, લીલા, ભૂરા, સોનેરી, 'ભડક' રંગોમાં ઝીણું ચિતરાયેલું છે. બે લાક્ષણિક આલેખનો - ચીની 'ડ્રૅગન'-નાગ, કે જે સમ્રાટનું પ્રતીક છે, અને 'ફિનીક્સ'-પંખી, જે સામ્રાજ્ઞીનું પ્રતીક છે તે - જેમ દરેક રાજવી સ્થાપત્યમાં દેખાતાં હોય છે તેમ 'સ્વર્ગીય મંદિર'માં પણ જોવા મળે છે.

કુરૂપ, જૂનાં મકાનોને તાજાં ધોળેલાં, નવાં મકાનોની



સ્વર્ગનું મંદિર. જ્યાં સમ્રાટો પૂજા-અર્થે આવતા

નજીક જતા ધોરી માર્ગ પર દૂર દૂર કેટલીયે વાર ગાડીમાં ગયા પછી આ મંદિર આવેલું. કદાચ એ કારણે ત્યાં ચીની લોકો ઓછા હતા, અને વધુ ભાગે વિદેશી પ્રવાસીઓ જ એને જોવા આવેલાં હતાં. 'નિષિદ્ધ નગર' બેજિન્ગ શહેરની વચ્ચોવચ હોઈ ત્યાં જઈ ચઢવું ચીની પ્રજાજનોને ઘણું સુગમ પડતું હશે. જોકે ત્યાં જોવાનું પણ ઘણું વધારે - પેલી અતિમૂલ્યવાન ચીજવસ્તુઓ પણ ખરીને!

આખો દિવસ ખૂબ પવન રહેલો - ખાસ કરીને આ બંને સ્થાનોનાં ખુલ્લાં પ્રાંગણોમાં. પણ ચોખ્ખું આકાશ અને સૂરજનું તેજ તો મળ્યાં'તાં. શહેરમાં જતાં ટ્રાફિક એટલો તો નડ્યો કે એક જગ્યાએ અડધો માઈલ જતાં મોટરને પંદર મિનિટ થઈ! ઘણું બધું બદલાઈ ગયું છે ચીનમાં. લાઈટો જ કેટલી બધી વધી ગઈ છે! શોભા માટેની લાઈટો. તિઆનન્મેન સ્ક્વૅરમાં ઠેર ઠેર, ચૅરમૅન માઓના તૈલચિત્ર પર, નાનાં ઝાડ-છોડ પર રંગરંગીન, રૅસ્ટોરાંને બારણે તોરણની જેમ અને બેજિન્ગ હોટેલ પર તો વળી મોટી, નિઓન ફ્લડ-લાઈટો મૂકેલી. મોટા ભાગનાં નગરજનોનાં નાનકડાં ઘરોમાં ટમટમતી બત્તીઓ કેટલું અજવાળું કરતી હશે, એની કલ્પના કરવી અઘરી નહોતી.

મેં એ પણ નોંધેલું કે રૅસ્ટોરાંમાં અમને અપાતું ખાવાનું પણ વર્ષો પહેલાંની જેમ વિપુલ પ્રમાણમાં નહોતું. ઘણું ઓછું અપાતું હતું. કદાચ પોસાતું ના હોય, ને ભાવ વધારવાના હોય તેથી હશે, અથવા દેશમાં જ અછત હશે તેથી. વળી, પહેલી વાર તો બેજિન્ગમાં એક રાતે લાક્ષણિક અને વિશિષ્ટ એવું ઑપેરા જોવા અમને લઈ જવાયાં હતાં, જ્યાં પ્રેક્ષક-ગણ ચીની જનોનો બનેલો હતો. આ વખતે તો, ઘણી બધી લાઈટોથી ઝગઝગાટ એક હૉટેલમાં વિદેશી પ્રવાસીઓ માટે રજૂ કરાતો એક ખેલ જોવા લઈ જવાયાં. અલબત્ત, કળાકારો અત્યંત નિપુણ હતાં. પણ તોયે, એ મૂળ વસ્તુ તો નહોતી જ ને!

ચીનના જ એક છાપામાં વાંચ્યું કે ટ્રાફિક ખૂબ વધી જવાથી મુખ્ય શહેરોના મુખ્ય માર્ગો પર, સવાર અને સાંજના ઑફિસ જવા-આવવાના સમય દરમિયાન સાઇકલ ચલાવવાનો કે સાઇકલ, હાથ-લારી, ઠેલાગાડી વગેરે પકડીને ચાલવાનો પણ નિષેધ જાહેર થયો છે, ત્યારે મને ઘણો આઘાત લાગ્યો. જે દેશ સામ્યવાદના આદર્શ પકડીને, સાઇકલ જેવું સાર્વજનિક પ્રતીક વાપરીને, પચાસથી વધારે વર્ષ ટક્યો તે જોતજોતામાં સમૃદ્ધિ ને મૂડીવાદી સાધનનો પક્ષ લેતો થઈ ગયો હતો? ને તે પણ લાખો સાધારણ જનોને ભોગે? કારણ કે આ નિષેધ - નિયમનો ભંગ કરનારને તરત જ, ત્યાં ને ત્યાં જ, દંડ ને શિક્ષા થતાં મેં નજરે જોયાં પણ ખરાં.

કઈ રીતે કહેવાય આને વિકાસ?

અનુસંધાન] **કેસર** [પૃ. ૫૬૧થી

કરડી, મેરી ગોલ્ડની ભેળસેળ છે અને તેને મારવામાં આવેલ 'મિથાઈલ ઓરેન્જ' રંગનો હાથ ('Feminell') યા ચાઈનીઝ 'સેફ્ફ્લાવર' કહેવાય છે.

એટલે સ્પેનનું કહેવાતું કેસર અસલી હોય, ને ન પણ હોય.

કેસર મોંઘુંદાટ, માંગ ઝાઝી, પેદાશ અતિ મર્યાદિત એટલે પછી યેનકેન પ્રકારેણ વિવિધ પ્રકારની ભેળસેળ થાય તે સ્વાભાવિક છે.

સારી જાતનું ૧ રતલ કેસર મેળવવા ૭૫૦૦૦ ફૂલ જોઈએ! કાશમીરમાં સરેરાશ કેસરનાં તાજાં ફૂલ એકરદીઠ ૧૪૦ રતલ ઊતરે છે. તેને સૂકવ્યાથી ૫ રતલ કેસર થાય છે. યુરોપના દેશોમાં એકરદીઠ ૮ થી ૧૧ રતલ કેસર થાય છે. પણ આ તો વર્ષો પહેલાંની વાત છે. વર્તમાન પેદાશ કેટલી? ગુણવત્તા કેવી? પેદાશ અતિ મર્યાદિત એટલે પછી ઉપરોક્ત વનસ્પતિ-જન્ય ભેળસેળ ઉપરાંત કેસરનું વજન વધારવા કેસરને ખાદ્ય તેમજ અખાદ્ય (મિનરલ) તેલો અને ગ્લિસરીનનો હાથ મારવામાં આવે છે, જે ગંભીર ગુનો છે.

કેસરમાં વપરાયેલી ભેળસેળ, લટકામાં લોગવુડ, બ્રાઝિલ વુડ, એનિલિન રંગો, કોલટાર રંગોની ભેળસેળ વગેરે પણ ગંભીર ગુનો છે.

કેસરને કૃત્રિમ રંગોનો હાથ મારવામાં આવેલ હોય તો સામાન્ય રીતે આ રંગો 'વૉટરસોલ્યુબલ' (પાણીમાં પીગળતા) રંગો હોય છે. ભેળસેળવાળા કેસરના તંતુઓને પાણીમાં નાખવાથી તે પાણી કેસરમાં ઉમેરાયેલ રંગોનો રંગ ધારણ કરશે, પરંતુ ન કરે નારાયણ અને 'ઓઈલસોલ્યુબલ' (તેલમાં પીગળતા રંગો)ની ભેળસેળ હોય તે પ્રયોગશાળામાં વિશ્લેષણ વિના પારખી શકાય નહિ. આમ, ઉમેરાયેલા રંગો ઝેરી હોઈ શકે.

'અમેરિકન કેસર,' 'ચાઈનીઝ કેસર,' સિન્થેટિક કેસર'થી સાવધાન! કહેવાતી કેસરયુક્ત મીઠાઈઓ અને પાનમસાલાના મોહને તિલાંજલી આપવી ઘટે. 'કેસર' હવે નામમાત્ર રહ્યું છે. □

કબ્રસ્તાનનો ભેદ

મૂ.લે. સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

ફેલુદા ક્યારે પાછો આવ્યો હતો એ મને ખબર નથી. પણ હું જ્યારે ઊઠીને નીચે ગયો ત્યારે એના રૂમનાં બારણાં*બંધ હતાં; ત્યારે સાડાસાત વાગ્યા હતા. મને થયું - બે રાત નથી ઊંઘ્યો એટલે અત્યારે ઊંઘી લે છે જરાક.

નવેક વાગે બારણાં ખોલ્યાં. એકદમ સરસ દાઢી કરેલો ચહેરો, આંખ-મોં પર કલકત્તાની, થાકની છાપ વર્તાતી નહોતી. અંગૂઠો હલાવી એણે સમજાવી દીધું કે રાતના કશું જ બન્યું નહોતું. સાડા નવે જટાયુ આવ્યા. 'જુઓ તો તમને કેવી લાગે છે ?'

જટાયુ વચન આપ્યા પ્રમાણે પોતાના દાદાની ઘડિયાળ લઈ આવ્યા હતા. રૂપાની ખીસા ઘડિયાળ, એની સાથે લટકતી હતી ચાંદીની ચેઈન (સાંકળી).

'વાહ ! મસ્ત વસ્તુ છે !' ઘડિયાળ, હાથમાં લઈ ફેલુદા બોલ્યો. કુક-કેલવીરનું એક જમાનામાં ખાસ્સું નામ હતું.'

'પણ એ તો નથી ને !' હતાશ લાલમોહનબાબુ બોલ્યા.

'આ તો કલકત્તામાં બનેલી ઘડિયાળ છે.'

'પણ તો મને ખરેખર આ આપો છો ?'

'વિથ માય બ્લેસિંગ્સ ઍન્ડ બેસ્ટ કૉમ્પ્લિમેન્ટ્સ. હું તમારા કરતાં સાડા ત્રણ વર્ષ મોટો છું. તેથી મારી પાસેથી આશીર્વાદ લેવાને તમોને વાંધો ન હોઈ શકે, ચોક્કસ !'

ફેલુદા ઘડિયાળને રૂમાલમાં વીંટી ખીસામાં મૂકી ટેલિફોન તરફ આગળ વધ્યો. પણ ડાયલ કરે તે પહેલાં જ રસ્તા તરફના દરવાજાની સાંકળ ખખડી.

ખોલીને જોયું તો ગિરીનબાબુ. એમણે કાલે હિન્ટ (ઇશારો) દીધી હતી, છતાંયે સાચેસાચ તેઓ આવશે જ, અને એય આટલા જલદી, એની તો કલ્પનાએ નહોતી કરી. કામે નીકળ્યા હતા એવું તો પોશાક પરથી જ લાગે છે – કોટ, પેન્ટ, હાથમાં એક બ્રિફ-કેસ.

ટેલિફોન દસ મિનિટ સુધી કર્યો પણ લાઈન જ ન મળી. 'કંઈ ખરાબ તો નથી લાગ્યું ને ?' સજ્જનના હાવભાવ નર્વસ.

'ખરાબ શું કામ લાગે ! ટેલિફોન તો હોવા છતાં ન હોવા જેવો જ છે. શું બાબત છે કહો !'

એ સજ્જન સૉફા પર ન બેસતાં એક ખુરશી પર બેઠા. હું અને જટાયુ ખાટલા પર અને ફેલુદા સૉફા પર.

'કોની પાસે જવું યોગ્ય, ઉચિત છે એ બરાબર સમજી નહોતો શકતો.' રૂમાલ વતી કપાળનો પરસેવો લૂછી ગિરીન વિશ્વાસ બોલ્યા, 'પોલીસ પર ઝાઝો ભરોસો નથી, ફ્રેન્કલી કહું છું. ઘટના ચક્રે જ્યારે તમે આવી જ પહોંચ્યા હતા.'

'સમસ્યા શું છે ?'

ગિરીનબાબુ ગળું ખંખેરી બોલ્યા, 'દાદાના માથા પર ઝાડ પડ્યું નહોતું.'

અમે ત્રણે ચૂપ, એ સજ્જન પણ એટલી વાત કરી ચૂપ.

'તો પછી ?' ફેલુદાએ પૂછ્યું.

'એમના માથા પર ઘા મારી એમની હત્યાનો પ્રયાસ હતો.'

ફેલુદાએ શાંતભાવે ચાર મિનારનું પેકેટ એ સજ્જન સામે લંબાવ્યું. એમણે પાછું વાળતાં, પોતાના માટે એક બહાર કાઢી એ બોલ્યો : 'પણ તમારા દાદા તો કહે છે કે ઝાડ પડ્યું હતું ?'

'પોતાનો દીકરો !'

'પ્રશાંત, મોટો દીકરો. નાનો દીકરો વિલાયત છે.'

'પ્રશાંત શું કરે છે ?'

'શું નથી કરતો એ પૂછો. જે બધાં નીચ-હલકાં કામ છે એ બધાં જ. ગયાં ત્રણ ચાર વર્ષમાં જ આ પરિવર્તન આવ્યું છે. દાદાએ વીલ કરી બંને ભાઈને સરખા ભાગ આપ્યા છે. ભાભી સેવન્ટીમાં ગુજરી ગયાં. મહિના એક પહેલાં જ દાદાએ પ્રશાંતના વર્તનથી કંટાળીને એને ધમકાવ્યો હતો. કહે, તને વીલમાંથી બાકાત કરી દઈશ, બધા રૂપિયા સુશાન્તને આપી દઈશ.'

'પ્રશાંત તમારા ઘરમાં જ રહે છે ને ?'

'રહેવાનો હક છે, એના માટે જુદો રૂમ છે, પણ એ રહેતો નથી. ક્યાં રહે છે એ કહેવું મુશ્કેલ છે. એની ટોળી છે. જઘન્યતમ ટાઈપના એ બધા ગુંડાઓ છે. કદાચ, તે દિવસે એ એમનું ખૂન જ કરી નાખત, જો પેલું સાંઘાતિક વાવાઝોડું ન આવી પડ્યું હોત !'

'તમારા દાદા આ બાબતમાં શું કહે છે ?'

'દાદા કહે છે, ખરેખર ઝાડ પડ્યું હતું. એ તો જાણી જોઈને જાણવા છતાં માનવા નથી માગતા કે એમનો દીકરો એમના માથા પરના જખમ માટે જવાબદાર છે. પણ દાદા ગમે તે કહેને, હું મારો પોતાનો ભત્રીજો છે છતાં કહું છું - તમે જો કોઈ વ્યવસ્થા નહીં કરો તો એ ફરીને ખૂન કરવાની કોશિશ કરશે.'

'નરેશબાબુ જો નવું વીલ કરે તો પછી તો એના દીકરાને

એમનું ખૂન કરીને કશોય આર્થિક લાભ તો નહીં મળે.'

'આર્થિક લાભ જ શું મોટી વાત છે, મિસ્ટર મિત્તિર ! એ તો ગુસ્સે થઈ જાય તોય ખૂન કરી શકે. બદલો લેવા માટે શું કાંઈ માણસ ખૂન ન કરે ! અને દાદા તો વીલ ચેન્જ નહીં કરે. એના મગજનું ઠેકાણું નથી. અપત્યસ્નેહ કેટલી હદ સુધી જઈ શકે એ તો તમને ખબર નથી મિસ્ટર મિત્તિર ! આ થોડાક દિવસ તો હું ઘરમાં જ હતો. પણ આજ મારે જરાક બહારગામ જવાનું છે. બે-ત્રણ દિવસ માટે, ધંધાના કામે, તેથી તમારી પાસે આવ્યો છું, તમે જો આ બનાવ-'

'મિસ્ટર વિશ્વાસ', ફેલુદા લગભગ એક ઇંચ લાંબી રાખ એશટ્રેમાં ખંખેરી બોલ્યો : 'હું અત્યંત દિલગીરી સાથે જણાવું છું કે, હું બીજી એક તપાસમાં રોકાયેલો છું. તમારા દાદાનાં પ્રોટેકશન માટે કોઈ પણ રીતે વ્યવસ્થા કરવી ચોક્કસ જરૂરી છે, પણ એય વાત બરાબર છે કે જો તેઓ પોતે જ કહે કે એમના માથા પર ઝાડ પડ્યું હતું, તેમનું ખૂન કરવાનો કોઈએ પ્રયાસ કર્યો નહોતો - તો પછી પોલીસનો બાપ પણ કંઈ ન કરી શકે.'

ગિરીનબાબુ ઘણા દિવસ પછી સૂર્ય-નીકળેલી સવારની મજા બગાડી વિદાય થયા.

વિચિત્ર બાબત બોલી ફેલુદાએ સોફા પરથી ઊઠી જઈને ટેલિફોનનો નંબર ડાયલ કર્યો.

'હલો, સુહૃદ ? હું ફેલુ બોલું છું.' સુહૃદય સેનગુપ્ત ફેલુદા સાથે કૉલેજમાં ભણતો હતો એ મને ખબર છે.

'સાંભળ - તારે ઘેર એક પ્રેસિડેન્સી કૉલેજ મેગેઝિનનો શતવાર્ષિકી અંક જોયો હતો - તારા દાદાની કૉપી - બનતાં સુધી, મને યાદ છે ત્યાં સુધી પંચાવનમાં નીકળ્યો હતો - એ હજુ છે તારી પાસે ? - ઠીક, એને તું નીકળતી વખતે તારા નોકરને આપી રાખજે, હું દસ સાડા દસના સુમારે તારે ઘેર જઈ લઈ લઈશ.'

અમે ચા પીને બહાર નીકળ્યા. ત્રણ જગ્યાએ ફેલુદાને જવાનું છે - નરેનબાબુ પાસે, બૉર્ન ઍન્ડ શેફર્ડમાં અને પાર્ક સ્ટ્રીટના ઘોરસ્તાન - યાને કે કબ્રસ્તાનમાં. નરેનબાબુનું નામ સાંભળી જરાક નવાઈ લાગી. ફેલુદાને પૂછ્યું તો કહે : 'ગિરીનબાબુને મોંએ ગમે તે કહ્યું પણ એમની વાત સાવ ઉડાડી દઈ શકતો નથી, તેથી એક વાર જવું જરૂરી છે. ત્રીજી જગ્યામાં તમે લોકો નહિ આવો તો ચાલશે, તો પણ રાતના ચોકી-પહેરો કરવા તમને લઈ જઈશ.' ગોરસ્તાનનું મધરાતનું એટમોસ્ફિઅર (વાતાવરણ) અનુભવ ન કરવું એનો અર્થ એ કે એક અસામાન્ય અભિજ્ઞતાથી વંચિત રહેવું.'

'જય મા સંતોષી !' લાલમોહનબાબુ બોલ્યા. એ પછી અધવચ્ચે રસ્તામાં એક વાર કહે : 'મોશાઈ, 'સન ઑફ ટારઝન'ની જેમ 'સન ઑફ સંતોષી' ન બનાવી શકાય !' સમજી ગયો. હજુ ઘોષાલની ઑફર વિષે તેઓએ વિચારવાનું સદંતર માંડી વાળ્યું નહોતું.

નરેનબાબુ જોકે શરીરે તો ઘણા બધા સ્વસ્થ થઈ ગયા હતા – કહે, દુઃખાવો-બુખાવો લગભગ બંધ થઈ ગયો છે, થોડા દિવસમાં જ બેન્ડેજ ખોલશે – તોય એમની નજર મુદ્દલે સારી ન લાગી, કેવોય સુકાઈ ગયો હોય એવો ચહેરો, અને મોં પર લેવાઈ ગયા હોય એવો વિષણ્ણ ભાવ.

'તમને કેવળ એકાદ-બે સવાલ પૂછવાના છે.' ફેલુદા બોલ્યો, 'વધારે સમય નહીં લઉં.'

એ સજ્જન ફેલુદા તરફ એક સંદિગ્ધ નજર નાખી બોલ્યા : 'તમે માઠું નહિ લગાડતા – પણ તમે શું કોઈ તપાસ કરો છો ? તમે ડિટેક્ટિવ છો એટલે જ આ પ્રશ્ન પૂછું છું.'

'તમારું અનુમાન સાચું છે.' ફેલુદા બોલ્યો. 'એ બાબતમાં અતિશય મદદ થશે જો તમે સત્ય નહીં છુપાવો તો !'

સજ્જને આંખો બંધ કરી ઘણી વાર સુધી પીડા અનુભવ્યા પછી એને સહેવાના પ્રયત્નમાં માણસ જે રીતે આંખો બંધ કરે એ જ રીતે એમણે કરી હતી. મને થયું, તેઓને અંદાજ આવી ગયો છે કે ફેલુદાની તપાસ એમને માટે કષ્ટકર હશે. ફેલુદા કહે : 'તમે હૉસ્પિટલમાં ભાનમાં આવ્યા પછી તરત જ વીલ વિષે કંઈક બોલવા માગતા હતા.'

નરેનબાબુએ એ જ રીતે આંખો બંધ કરી રાખી.

'વીલનો ઉલ્લેખ શા માટે કર્યો હતો, એ વિષે જરાક આલોકપાત કરી શકશો ?'

એ સાંભળી નરેન વિશ્વાસે આંખો ખોલી. એમના હોઠ ફૂલ્યા, કંપ્યા, ફફડ્યા. એ પછી અવાજ નીકળ્યો : 'હું તમારા સવાલનો જવાબ દેવા ચોક્કસ બંધાયો નથી, નહીં !'

'ના, મુદ્દલે નહીં.'

'તો પછી જવાબ નહીં આપું.'

ફેલુદા કેટલીક પળ ચૂપ. અમે બધા જ ચૂપ. નરેનબાબુએ નજર ફેરવી લીધી હતી.

'ભલે તો બીજો સવાલ પૂછું છું.' ફેલુદા બોલ્યો.

'જવાબ દેવો ન દેવો એ મારી મરજીની વાત છે.'

'એક નહીં, સો વાર !'

'બોલો !'

'વિક્ટોરિયા કોણ છે ?'

'વિક...ટોરિયા... ?'

'તમને એક વાત હું અહીં કહી રાખું, મેં એક અન્યાયી

કામ કરી નાખ્યું છે. તમારી પર્સમાંનાં કાગળિયાં મેં જોયાં છે. તેમાં એક સ્લિપમાં–'

'ઓહ, હા, હા !' સજ્જને અમને ખાસ્સા ચમકાવી દે એવું અટ્ટહાસ્ય કર્યું, 'ઓ એ તો (માંધાતાના-) મારા દાદાવારીના જમાનાની ઘટના ! હું પણ લગભગ ભૂલી જ ગયો હતો ! હું ત્યારેય હજુ નોકરી કરતો હતો. એક ઍંગ્લો ઇંડિયન અમારી ઑફિસમાં કામ કરતો હતો – નોર્ટન –જીમી નોર્ટન. એ કહે, એના દાદીમાના લખેલા ઢગલાબંધ કાગળો છે તેને ઘેર. એ પત્રો મેં મારી નજરેય દીઠા નહોતા. આ દાદીમા મ્યુટિનીના વખતે (સિપાઈ બળવો) બરહમપુરમાં હતા - ત્યારે એમની વય પાંચ- સાત વર્ષની હશે. પત્રો પછી લખ્યા હતા, પણ એમાં એમના બાળપણના અનુભવોની વાત છે. આજકાલ તો એ બધા વિષે પુસ્તકો વગેરે ખૂબ લખાય છે, ને પ્રકટ થાય છે, તેથી નોર્ટનને કહ્યું હતું કે કેટલાક વિલાયતી પબ્લિશરનાં નામ હું તને આપીશ. એ પોતે તો આ બધી બાબતમાં સાવ બેવકૂફ-અનાડી. ઊભા રહો - પત્ર બતાવું.'

નરેનબાબુએ ડાબો હાથ લંબાવી ટેબલનું ઉપરનું ખાનું ખોલી બૅગમાંથી એની સ્લિપ બહાર કાઢી. 'આ રહી - બોર્ન ઍન્ડ શેફર્ડ. એને મારે કહેવું હતું કે તપાસ કરીશ તો વખતે જોવા પણ મળશે, ત્યાં જો એની દાદીમાનો કોઈ ફોટો હશે તો ! અને આ બધા પબ્લિશરના નામના પહેલા અક્ષરો. આ કાગળ પછી તો હું ક્યારેય એને આપી નહોતો શક્યો, કેમ કે નોર્ટનને જોન્ડીસ (કમળો) થયો અને દોઢ મહિનો એની ટ્રીટમેન્ટ ચાલી હતી, એ પછી એણે નોકરી છોડી દીધી.'

ફેલુદા ઊભો થયો. 'ઠીક છે, મિસ્ટર વિશ્વાસ, પણ કેવળ એક બાબતનો ક્ષોભ દેખાડ્યા વિના નથી રહી શકતો.'

'શી બાબત ?'

'તમે ભવિષ્યમાં કોઈ પણ લાયબ્રેરીનું કોઈ પણ પુસ્તક છાપું કે સામયિકમાંથી કશુંય ફાડી કે કાપી ન લેતા. એટલી મારી વિનંતી છે, આવજો !'

ઘરમાંથી બહાર નીકળ્યા ત્યારે એ સજ્જન ફરી અમારા મોં તરફ જોઈ પણ ન શક્યા.

બેનીનંદન સ્ટ્રીટના સુહૃદ સેનગુપ્તના નોકરે એક જબ્બરો મોટો પુસ્તકનો થોથો આણી ફેલુદાને આપ્યો. પ્રેસિડેન્સી કૉલેજના મેગેઝિનનો શતવાર્ષિકી અંક. એને આખે રસ્તે ફેલુદા ધ્યાનપૂર્વક શું કામ જોતો રહ્યો અને જોતાં જોતાં શા માટે એ ત્રણેક વાર 'લ્યો, કરો વાત !' એમ બોલ્યો, એ મને ન સમજાયું.

બોર્ન ઍન્ડ શેફર્ડમાં દાખલ થઈ ફેલુદા દસ મિનિટમાં એક મોટું લાલ પરિબીડિયું લઈ બહાર આવ્યો. જોતાં જ લાગ્યું કે એમાં મોટી સાઈઝનો એક ફોટો હશે.

'કોનો ફોટો લાવ્યા મોશાઈ !' લાલમોહનબાબુએ પૂછ્યું.

'મ્યુટિની !' ફેલુદા બોલ્યો, હું અને લાલમોહનબાબુ એકમેકનાં મોં ભણી જોઈ રહ્યા. ફેલુદાના શબ્દનો અર્થ હતો. ફોટાઓ નોટ ફૉર ધ પબ્લિક.

'હવે તમને લોકોને ગોરસ્તાનમાં (કબ્રસ્તાનમાં) અંદર તાણી નહીં જાઉં. હું કેવળ જોઈને આવું કે બધું ઠીક છે કે નહીં.'

અમે ગાડી ફેરવી બરાબર ગોરસ્તાનની સામે પાર્ક કરી. ફેલુદા જ્યારે ગેટમાંથી દાખલ થયો ત્યારે જોયું કે દરવાન બરમદેવે મસ્ત મોટી એક સલામ ઠોકી.

દસ મિનિટમાં ફેલુદા પાછો આવી, 'ઓકે !' બોલ્યો ને ગાડીમાં બેઠો. નક્કી કર્યું રાતના સાડા દસ વાગે અમે પાછા અહીં આવશું. મારું મન કહેતું હતું કે અમે નાટકના શેષ અંક ભણી આગળ વધી રહ્યા છીએ. (ક્રમશઃ)



યુરોપના દેશોની ખ્યાતનામ નર્તકી શ્રીમતી મ્યુરિઅલ ઝાએર

નિરીક્ષા ભટ્ટ • ડૉ. નરેશ ભટ્ટ

યુરોપના મોટા ભાગના આગેવાન દેશોના રંગમંચ પરથી અનેક વખત જેમણે કાર્યક્રમો આપ્યા છે અને ફ્રાન્સના ટી.વી. પર જેમણે લોકો માટે મોહિની ફેલાવી છે, તેવાં નર્તકી શ્રીમતી મ્યુરિઅલ ઝાએર પાંચ સંતાનોનાં માતા છે. એકવડું શરીર અને સ્ફૂર્તિભર્યા દેહથી ભાગ્યે જ કોઈ માની શકે કે આ સ્ત્રી પાંચ સંતાનોની માતા હશે. જન્મ એમનો લંડનમાં. પિતાજી ડૉ. એન્ડ્રે કૉનાર્ડ, જેમને ૧૯૫૬માં વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક મળેલું અને મા પિયાનોવાદક. આમ શ્રીમતી મ્યુરિઅલને જન્મથી જ વિજ્ઞાન અને કલાનો વારસો મળેલો.

મ્યુરિઅલ માટે તેમનાં મા કહે છે કે, તે ચાલતી થઈ તે પહેલાં નૃત્ય કરતી થઈ ગઈ હતી ! તેમને પ્રેરણા ક્યાંથી મળી તે ખબર નથી, પરંતુ મા પિયાનો વગાડે તે વખતે અચાનક જ મ્યુરિઅલ નાચવા લાગે. કદાચ આ જ તેમની પ્રેરણા હશે. તેમણે અમેરિકામાં રશિયન સ્કૂલમાં રહીને નૃત્યનો અભ્યાસ કર્યો. લગભગ આઠથી તેર વર્ષના ગાળામાં રિધમિકલ ડાન્સથી તેમણે નૃત્ય શીખવાની શરૂઆત કરી. ત્યાર બાદ તેર વર્ષથી વીસ વર્ષ સુધી ક્લાસિકલ બેલે તથા નૃત્યોનો ખૂબ જ વ્યવસ્થિત અભ્યાસ કર્યો. તેઓ જ્યારે સોળ વર્ષનાં હતાં ત્યારથી પાંચેક વર્ષ સુધી રોજના સાત કલાક નૃત્યની રિયાઝ તેમણે કરી અને ખૂબ જ વ્યવસ્થિત રીતે નૃત્યસાધના શરૂ કરી દીધી.

તેમનાં લગ્ન બાવીસેકની ઉંમરે થયાં. લગ્ન પછી આધુનિક નૃત્ય શીખવાની તેમણે શરૂઆત કરી. આ ગાળો તેમના જીવનનો ખૂબ ગંભીર ગાળો હતો. પારિ(સ) જેવા શહેરમાં માત્ર બે જ ઓરડાના મકાનમાં એક પછી એક સંતાનો જીવનમાં આવે તેવે સમયે નૃત્યારાધના ચાલુ રાખવી એ કપરું કામ હતું. તેમના પતિનો કંઈ ઝાઝો સહકાર પણ નહીં. હા, જુદા જુદા દેશોના રંગમંચ પરથી જ્યારે શ્રીમતી મ્યુરિઅલના કાર્યક્રમો રજૂ થતા ત્યારે લોકોનો અભિપ્રાય જાણવા પૂરતા શ્રી મ્યુરિઅલ થીએટરમાં જતા. આવી કપરી સ્થિતિમાં સંસારની જવાબદારીઓ અદા કરતાં કરતાં તેમણે નૃત્યની તદ્દન નવી જ તરાહ ખોળી કાઢી. નૃત્ય સમયે શરીરના સ્નાયુઓ શી રીતે કામ કરે છે અને નૃત્ય પર તેની કેવી નિર્ણાયક અસર હોય છે એ તરફ તેઓ વળ્યાં અને નોંધપાત્ર પ્રદાન લૉઝ ઑવ ઑર્ગેનિક મૂવમેન્ટ (laws of organic movement) દ્વારા તેમણે કર્યું.


નૃત્ય સમયે વ્યક્ત થતાં લય, વજન, વિશિષ્ટ શક્તિ અને અવકાશના તેમના પ્રદાનની આધુનિક યુરોપનાં નૃત્યો પર અસર પડી અને શ્રીમતી મ્યુરિઅલ ફ્રાન્સની સીમા વટાવી યુરોપખંડ પર પથરાઈ ગયાં. વિશ્વના આગેવાન કલાકારો તથા સંગીતકારો સાથે જુદા જુદા દેશોના રંગમંચ પરથી તેમણે કાર્યક્રમો આપ્યા. પારિ(સ)માં અત્યારે તો તેઓ ખૂબ જ મોટા મકાનમાં રહે છે, અને ત્યાં જ તેમના નૃત્યવર્ગો પણ તેઓ ચલાવે છે. તેમનો નૃત્યખંડ પણ વિશાળ તથા છત પર કાચનાં નળિયાંવાળો અને કલાકારને છાજે તેવી સજાવટવાળો છે. શરીરના સ્નાયુઓ નૃત્ય સમયે કેવો વળાંક લે છે અને તેમાંથી કેવી નજાકત દ્વારા નૃત્ય અને સૌંદર્ય પ્રકટે છે, તેનો અભ્યાસ તેમણે નૃત્ય વર્ગો ચલાવતાં કરવા માંડ્યો.

તેઓ છેલ્લાં વીસેક વર્ષોથી નૃત્યવર્ગો ચલાવે છે. ટી.વી. પર તેમના કાર્યક્રમોએ કામણ કર્યું. લગભગ એ જ ગાળામાં તેઓ ભારત આવ્યાં અને નૃત્યની ગતિશીલતાને તેમણે યોગના સંદર્ભમાં સમજવા માંડી અને તેમનાં નૃત્યોએ વળી નવો જ વળાંક લીધો. તેમના નર્તનની અભિવ્યક્તિમાં હવે આત્માનું ઊંડાણ પ્રકટ થાય તેવા તેમના પ્રયત્નો થવા લાગ્યા અને ખૂબ મહેનત પછી તેઓ સફળ પણ થયાં. ભારતનાં નૃત્યોનો પણ તેમણે પરિચય મેળવી લીધો. તેઓ માને છે કે, યોગના સંપર્કથી મારાં નૃત્યો મૉડર્ન, ક્લાસિકલ અને ઓરીએન્ટલ નૃત્યોથી સાવ અલગ હશે. નર્તક જ્યારે બધું જાણે પછીથી 'જણાવવાની વાતને અલગ તારવીને જ કલાકારે વ્યક્ત થવું જોઈએ. એમ કરવામાં કલાકારની અભિવ્યક્તિમાં કોઈનો ઓછાયો દેખાશે નહીં.' એવું તેઓ માને છે.

'અચેતન નૃત્ય તો અસંપ્રજ્ઞાત ચિત્તની નિપજ છે, માત્ર મન કે તનની સપાટીની જ નહીં એવી તેમની સ્પષ્ટ


(અનુસંધાન પૃ. ૫૮૦ ઉપર)

કલાવાર્તા



શોધક અને સર્જક
શ્રી વાસુદેવ સ્માર્ત

નટુ પરીખ




(અઢી દ્વીપ)


સુરતની જય સોમનાથ સોસાયટીનાં 'રૂપાયન'માં રહેતા વાસુદેવ સ્માર્ત આમ તો આપણા બુજર્ગ કલાધર. એમના ઘરની મેડીએ એક મોટો ખંડ, પુસ્તકોથી ભરેલાં કબાટો, અસંખ્ય ચિત્રોની પ્રિન્ટોનો સંગ્રહ ને મૌલિક ચિત્રોની થપ્પી વચ્ચે એક શેતરંજી તે તેમનો સ્ટૂડિઓ. શેતરંજી પર ઉત્તમ કોટીના રંગો, પીંછીઓ, કાગળો, સુવર્ણરંગ ભરેલું છીપપાત્ર પડ્યાં હોય. એકાદ ચિત્ર ચાલુ હોય. બસ, અધૂરું ચિત્ર એ તેમની પ્રેરણા. કલાકારની શક્તિ હોવા સાથે તેમનામાં રહેલ અભિજાત કુળસંસ્કાર સાહિત્યપ્રેમ, સમાજસેવા અને સંશોધનવૃત્તિએ તેમને અનેક ચિત્રકારોમાં-સાધકોમાં ઉચ્ચ ગણનાના અધિકારી બનાવ્યા છે. વાસુદેવ સ્વભાવે બોલકા, કાર્યે એકાંતિક ગાંધીયુગના, સાદાઈને ચાહનારા સિદ્ધાંતવાદી કલાસર્જક છે. એ લખે ત્યારે લેખક, બોલે ત્યારે પંડિત અને ચીતરે ત્યારે ચિત્રકાર. ઇકોતેર વર્ષ વટાવી ચૂકેલા, ૧૭-૭-૨૫ના રોજ જન્મેલા સતત કાર્યરત પરિશ્રમી માનવી છે. એ આજીવન સાધક અને શિક્ષક રહ્યા. જીવનનો મોટો ભાગ વારાણસીમાં વીતાવ્યો. અનેક સાધકોને કલાભિમુખ કર્યાં.

મુંબઈની સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટના તે વિદ્યાર્થી. ગુરુ શ્રી અહેવાસીભાઈ એમના શીલ, ચારિત્ર્ય અને સંકલ્પ-બળથી ખૂબ પ્રભાવિત થયા. તેમની વચ્ચે ગુરુ-શિષ્યનો પ્રગાઢ સંબંધ બંધાયો. વિદ્યાર્થીકાળથી તે શ્રી અહિવાસીભાઈના અંતેવાસી બની રહ્યા. તેમના અનુભવનું કલાનું અમૃતસિંચન પામી તે પ્રતિષ્ઠાસંપન્ન કલાકાર બની શક્યા છે. ગુરુના પુસ્તક 'રેખાંજલી'માં તેમણે મન મૂકીને મદદ પણ કરી. આજેય ગુરુ એમને પુત્રવત્ માને છે.


નેપાળી પ્રતીકો



વસંત




શ્રી વાસુદેવભાઈ તેમનાં પુસ્તકો 'રૂપસંહિતા', 'ભારતનાં ભીંતચિત્રો' અને 'કલાદર્પણ'થી જાણીતા છે. 'રૂપસંહિતા'માં ભારતીય ચિત્ર-શિલ્પ પર એકગ્રતા સાધીને મોહેં જો દડોથી માંડી ભારતની વિવિધ શૈલીઓ, તત્સંબંધી પ્રકાશિત ગ્રંથોનું અવગાહન કરી, ભારતીય કલાના સર્વ અંગોની વિવિધતા તથા વિશિષ્ઠતાનું સંકલન કરતાં બે હજાર આલેખનોનાં સંગ્રહ પ્રકટ થયો છે. તેમાં અનેક આલેખનો છે, જે સુશોભનકારને ભાતરચના માટે કામનાં છે. એની બરાબરી કરે એવું પુસ્તક હજુ નથી. 'ભારતનાં ભીંત-ચિત્રો'માં એક પ્રવાસી ચિત્રકારની ઝાંખી થાય છે. તેમાં અસંખ્ય ભીંતચિત્રો-નાં રેખાંકનો છે. 'કલાદર્પણ' ઊગતી પેઢી માટે ઉપકારક છે.



↑ નંદીશ્વર દ્વીપ


રામસીતા-વિવાહ ↓



તેમનું જીવન ઘટનાક્રમથી ભરેલું છે. ખૂબ ચીતરી, લખી-વાંચી પ્રૌઢ થયા પછી ને પહેલાં તેમને છાત્રવૃત્તિઓ મળી. ૧૯૫૮માં વાસુદેવ-ભાઈને બે વર્ષ માટે મધ્યસ્થ સંસ્કારક્ષેત્રની ને તે પૂર્વે પણ મ્યૂરલ માટે શિષ્યવૃત્તિ મળેલી. ૧૯૯૩, '૯૪, '૯૫-માં માનવ સંશોધન વિકાસ મંત્રાલય અને સાંસ્કૃતિક વિભાગ ભારત સરકાર નવી દિલ્હીની સીનિઅર ફેલોશિપ મળી—વિષય દક્ષિણ ગુજરાતનાં જૈન મંદિરોનાં ભીંત-ચિત્રો અને પટચિત્રો.




સ્પર્શ



શરદ

↓ અયોધ્યામાં પુનરાગમન




દંપતી .



તેમણે તેનું ડોક્યુમેન્ટેશન અને અનુકૃતિઓ કર્યાં. ૬૫ વટાવ્યા પછી ભારે રસજ્ઞતા સાથે જૈન મંદિરોમા રહેલી કલાસંપત્તિ બહાર લાવ્યા. દ્વિપરિમાણી આ કલામાં પ્રાણીઓ, દેવદેવીઓ અને તીર્થંકરોનું સ્વરૂપ આલેખનાર ચિત્રકારો-એ કેટલું બધું નાવીન્ય મૂક્યું છે તે દેખાય છે. ચિત્રઆયોજનમાં અગમ્ય સ્પેસ અને ભારતીય રંગાવટ તથા લે-આઉટ ન કલ્પેલા દેખાય છે.

૧૯૯૬ના જાન્યુઆરી માસમાં ગુજરાત સરકારે તેમના કલા-પ્રદર્શનનું અમદાવાદમાં આયોજન કર્યું તેમનાં ભારતીય શૈલીનાં મૌલિક ચિત્રો અને જૈન પટચિત્રો એમાં ઊભરી આવતાં હતાં. ઊગતી પેઢી માટે આ અથાક પરિશ્રમી પ્રૌઢ ચિત્રકારનું પ્રદર્શન પ્રેરણારૂપ હતું. તે પ્રદર્શન વેળા ગુજરાત લલિત કલા અકાદમીના અધ્યક્ષ જયરામ પટેલ લખે છે :

'ભારતીય પરંપરાને વરેલા શ્રી વાસુદેવભાઈએ પોતાની આગવી શૈલી સ્થાપિત કરી છે. તેમની ચિત્રકૃતિઓમાં



શિવશક્તિ (તાંત્રિક પ્રતીક) ↑



↓ તાડકા

ભારતના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પારંપરિક આલેખનોની ઝાંખી થાય છે. લગભગ ૭૦ વર્ષની વયે શ્રી વાસુદેવભાઈ આજે પણ એક ઉદ્યમી અને કાર્યશીલ કલાકાર છે જે બાબત ખરેખર ગૌરવવંત છે.'

રમેશચંદ્ર પરમાર એમને 'એક સમર્થ સુશોભનકાર, સર્જનાત્મક કલાકાર, આપણી વૈભવસંપન્ન કલાપરંપરાના અનુરાગી અને પ્રાચીન કલાગુરુઓના વારસદાર' ગણાવે છે.

માણસ જન્મે તો સર્વસામાન્ય છે. રુચિ પોષાતાં પરિશ્રમે મહત્તા મેળવે છે. એમનું બાળપણ સુરતમાં ગયું. કુટુંબની પરિસ્થિતિ સામાન્ય. દિવાળીનું સાથિયાથી શોભતું વાતાવરણ ને વૈષ્ણવ મંદિરના ઉત્સવો પોષક નીવડ્યા. શિક્ષકના પ્રોત્સાહનથી અભ્યાસ માટે મુંબઈ પહોંચ્યા. આર્થિક તંગી, રહેવાની અગવડ છતાં પરંતુ આત્મવિશ્વાસથી અંતિમ વર્ષમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું.

વાસુદેવનાં ચિત્રોની શૈલી એટલે

પોથીચિત્રોની શૈલી. ભારતીય મંદિરના શિલ્પસ્થાપત્ય પર તે આધારિત છે. મંદિરના કંદોરા પર જેમ એક પછી એક પ્રસંગો આવે તેમ એમના એક પછી એક પ્રસંગો આવતા જાય. એમનાં ચિત્રો એટલે મહાનવલ. આ વસ્તુલક્ષી ચિત્રકારે કાલિદાસને પૂર્ણ કળાએ ચિત્રરૂપ આપ્યું છે. એમનાં ચિત્રોમાં સુશોભનનો સહેજ લટકો ખરો, પરંતુ સૌષ્ઠવ ચૂકતા નથી. આ વસ્તુલક્ષી ચિત્રકારે માનવજીવન, પશુપંખી, પ્રાણીઓ અને વાદળાંની લીલા ચીતરી છે. 'પુષ્પવાટિકા' ચિત્રમાં તો સેંકડો વૃક્ષો-પશુપંખીઓ એમણે આલેખ્યાં છે, જે આળખી શકાય. (જુઓ આ અંકનું પૂઠું ત્રીજું) આ સાહસિક ચિત્રકારે નર્મદા નદીનો અમરકંટકથી ભરૂચ સુધીનો પ્રવાસ કેનવાસ બોટમાં કર્યો. હિમાલય અભિયાન અને નેફા જેવા અગમ્ય પ્રદેશનો પ્રવાસ કર્યો. તે પર અસંખ્ય ચિત્રો કર્યાં. એમનાં ચિત્રો જોતાં પડાંગ યાદ આવે. આ બધા પાછળ એમનો ભારે આત્મવિશ્વાસ. આજના પ્રવાહોને તે સમજે છે, પણ પોતાનો રસ્તો ચાતરતા નથી.

૧૯૬૦ની સાલમાં ૨૮મી નવેમ્બરની ૧૦મીએ અમદાવાદમાં જ્યોતિસંઘમાં એમનું કલાપ્રદર્શન ખુલ્લું મુકાયેલું ત્યારે મુ. રવિભાઈ લખે છે કે, 'ભારતીય કલાના સર્વાંગી અભ્યાસ અને ચિંતનમાં પ્રવૃત્ત બનેલા વિરલ અભ્યાસીઓમાં તેમણે સ્થાન મેળવ્યું છે અને હવે ભારતીય જનતા તથા વિદ્યાર્થી સમક્ષ જીવનસાધનાનો પરિપાક નિરૂપવાની યોગ્યતા મેળવી છે.' તેમના ચિત્રમાં ભૂમિનો એકાદ રંગ લઈ રેખાંકનની તાકાતથી બેત્રણ રંગોમાં ચિત્ર પૂરું કરે છે.

૧૯૯૫ના વર્ષમાં તુષાર ભટ્ટે એમના વિશે 'રેંડમ નોટ્સ'માં 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં લખ્યું હતું. 'A restless man... Critics have hailed his works as very sensitive to life with the smallest detail, true unity of colour and sense of proportion... He is strongly rooted in Indian tradition af art.'

એમનાં ચિત્રરૂપોની વૈવિધ્યપૂર્ણ છટામાં આલેખેલ અનેક ચિત્રોનો એક સંપુટ અર્ધાંગિનીના સ્મરણ રૂપ બહાર પાડ્યો છે. આમ, શ્રીમતી પ્રેમીલાબહેનનું સ્મરણ કળા સાથે જોડ્યું. એ સંગ્રહનું નામ એમણે 'રસિકપ્રિયા' રાખ્યું છે.

તેમના જીવનમાં અનેક મિત્રોનો ફાળો છે, જેમાં શ્રી રાયકૃષ્ણદાસ, તેમના પુત્ર, પંડિત ઓમકારનાથ, શ્રી કંચનલાલ મામાવાળા, શ્રી પ્રફુલ્લભાઈ અને વારાણસીના અનેક પંડિત મિત્રોનો સમાવેશ થાય છે. અમદાવાદના શ્રી માલવણિયા ને શ્રી નગીનભાઈ શાહ એમના પ્રશંસક છે. તેમના અભ્યાસકાળના મિત્રોમાં શ્રી રઝા, સતીશ ગુજરાલ, ગાયતોંડે વગેરે હતા. તે સમયમાં શનિરવિમાં ખૂબ સ્કેચિંગ કરતા. કેન્હેરી અને એલિફંટાનાં શિલ્પો વારંવાર આલેખ્યાં, જે તેમની શૈલીને પોષક નીવડ્યાં.

રામાયણ. કૃષ્ણજીવન, રઘુવંશ, ઋતુસંહાર, મેઘદૂત ઇત્યાદિ પર અને લોકજીવન પર અસંખ્ય ચિત્રો તેમણે કર્યાં. માન-સન્માન અને પુરસ્કારો પામ્યા. સર્જન એ જ એમનો સ્વભાવ બની ગયો છે. કોઈને હસ્તાક્ષર આપે તોય એકાદ રૂપકડું રેખાંકન કરી દે.

ખભે બગલથેલો, ખાદીની ચાંચવાળી વાંકી ટોપી, બંડી, જભ્ભો ને ધોતી એ એમનો વેશ. ગમે ત્યાં કલાકારોના મેળામાં નોખા તરી આવે. મૂળ સુરતના ને હાલ સુરતમાં રહે છે. સ્વભાવે આનંદી ને ખાવાપીવાના શૉખીન. તેમની સાથે ભાઈ જગદીપ સ્માર્ત તેમનો કલા-વારસદાર. બન્ને સુરતના સાહિત્યકલા-જગતમાં ચમકતા સીતારા છે. વાસુદેવભાઈ હજીયે ગુજરાતને સર્જનો આપતા રહે ને દીર્ઘાયુ થાય! સતત કામ અને આનંદી જીવન એ એમની જિંદગીનું રહસ્ય છે. □

અનુસંધાન] **ઍન્ટિગની** [પૃ. ૫૩૬થી

તો તેનો દંડ પણ આવશ્યક છે. આ જગતમાં મેં એ નિયમભંગ કર્યો છે તો શિક્ષા સ્વીકારું છું!-

વૃન્દ : એટલે - તારે માટે તો-

ઍન્ટિ૦ : હા... આ પાર ને પેલી પારના ધર્મો વચ્ચેના સંઘર્ષમાં ઉભયપક્ષે વેદના જ હોય તો એને અનિવાર્ય ગણી અપનાવી લેવાની! માનવીય શાસનનોય આદર કરીએ, ને શાશ્વતના ધર્મનેય અનુસરીએ...

વૃન્દ : ૧ : ને તે વચ્ચે દ્વન્દ્વ હોય તો?
૨ : તો આ... ૩ : સાંભળો તો...

ઍન્ટિ૦ : મિત્રો, મહાજનો, મેં જે કાંઈ કહ્યુ-કર્યું તે તમે જાણો છો. તમારા વિવેકથી એને કસજો, પરખજો, અને જો મારો આ માર્ગ સાચો લાગે તો બે આંસુની અંજલિ ધરજો! મેં માનવની આજ્ઞા ઉવેખી છે. તો તેનો દંડ સત્કાર્યો છે. - ને તે દિવ્યધર્મના અનુસરણ કાજે. તેથી મને શ્રદ્ધા છે કે, પિતૃઓ પરલોકમાં મારું સહર્ષ સ્વાગત કરશે. તો જાઉં છું.. આ ગુફા... એનાં દ્વાર ભલે હંમેશ માટે બંધ થશે. પણ મારે મન તો એ ગુફા એ જ મારી સમાધિ, મારી આશાઓની પરિપૂર્ણતાઓની યજ્ઞવેદિ, આ જ મારો લગ્નમંડપ ને સુહાગભવન.. આમાં જ મારી સર્વ કલાન્તિઓનું પૂર્ણ શમન!... આ ગુફા તો શાશ્વતમાં પહોંચવાનું પ્રવેશદ્વાર! તો પ્રવેશું છું મિત્રો.. વિદાય આપો!

અલવિદા.. (પાછે પગલે જઈ ચોતરા નીચે અદૃશ્ય થાય છે.)

વૃન્દ : અલવિદા.. અલવિદા.. અલવિદા...

અતીતમાં અવગાહન

કાર્તિક માસનાં પર્વો

કાર્તિક પ્રતિપદાથી આપણા નવા વર્ષનો પ્રારંભ થાય છે. દિવાળીના મહાપર્વ સાથે નૂતન વર્ષારંભનો આ દિવસ જોડી દઈ આપણે એને એક પર્વનું માહાત્મ્ય આપ્યું છે. હેમંત ઋતુનો પણ આમાં આરંભ છે. વર્ષા પછી લેવાઈ ગએલી નવી ફસલોનો આનંદ, શરદ ને હેમંતના ગુલાબી હવામાનની તાજગીનો સુખાનુભવ અને વર્ષાન્ત તથા નૂતન વર્ષારંભમાં અનેક વ્યવહારોના કારણે હિન્દુ સમાજના આપણે બધા સ્તરના લોકો આ દિવસો ઉમંગથી ઊજવીએ - માણીએ છીએ.

પૂર્ણિમાએ ચંદ્ર જે નક્ષત્રમાં આવે એ નક્ષત્રના નામ પરથી આપણે ચારેય માસનાં નામ પાડ્યાં છે. એ રીતે કૃતિકા નક્ષત્રમાં થતા ચંદ્રના પ્રવેશ પરથી આ માસ કાર્ત્તિક, કાર્તિક અને તેના પરથી કારતક નામે ઓળખાય છે. નૂતન વર્ષારંભ, ભાઈબીજ, તુલસીવિવાહ અને દેવદિવાળી આ માસના મુખ્ય તહેવારો છે.

જેમ અન્યત્ર તેમ આપણે ત્યાં પણ પ્રત્યેક પર્વ-ઉત્સવ સાથે વિધવિધ કથાઓ જોડાએલી છે. એ રીતે કાર્તિક શુક્લ પ્રતિપદા (પડવો) 'બલિપ્રતિપદા' નામે પણ ઓળખાય છે; કારણ આ દિવસે પોતાને ત્યાં વામન સ્વરૂપે પધારેલા ભગવાન વિષ્ણુની માગણી પ્રમાણે ત્રણ પગલાં ધરતીનું દાન આપતાં પોતાની જાતને સમર્પિત કરીને બલિરાજાએ એમને સંતુષ્ટ કરેલા. મહારાજા વિક્રમાદિત્યે- (સમુદ્રગુપ્ત બીજાએ) આ દિવસે, ધર્મધ્વંસ કરનાર હૂણોનો પરાભવ કરીને ધર્મધ્વજ ફરકાવેલો અને તે મહાન વિજયની સ્મૃતિમાં પોતાના નામનો (વિક્રમ) સંવત શરૂ કરાવ્યો, પોતાની ખેતી અને પોતાનાં પશુઓની રક્ષક-પોષક વૃષ્ટિના દેવ ઈન્દ્રને જ ઈશ્વર સમજી એને પ્રસન્ન રાખવા મથતા ગોકુલવાસીઓને બાલકૃષ્ણે ગોવર્ધન પર્વતને પૂજવા પ્રતિ વાળ્યા અને 'ગોવર્ધન-ધરણ'ની લીલા કરી ઈન્દ્રના કોપમાંથી ગોકુલવાસીઓને ઉગાર્યા તે પણ આ દિવસે. વર્ષાના અંતે નવાં પ્રાપ્ત તમામ ધાન્યો વર્ષારંભના આ શુભ દિવસે ઈશ્વરને સમર્પિત કરીને તેનું પ્રસાદી રૂપે ભોજન કરવાનો 'અન્નકૂટ-ઉત્સવ'નો દિવસ તે પણ આ જ.

કાર્તિકનું બીજું મોટું પર્વ ભાઈબીજ. 'તિથિતત્ત્વ' નામના ગ્રંથમાં આ દિવસે યમરાજા, ચિત્રગુપ્ત અને યમદૂતોના પૂજનનો મહિમા કહ્યો છે. હિન્દુ પ્રથા પ્રમાણે આ દિવસે ભાઈ પોતાની સાસરે ગએલી બહેનને ઘેર જાય છે. એના સુખદુ:ખના ખબર લે છે. બહેન પોતાના ભાઈને પ્રેમથી જમાડે છે અને ભાઈ એને વસ્ત્રાલંકારો ને દ્રવ્યાદિની ભેટ આપે છે. 'સનતકુમારસંહિતા'માં કથા છે કે પૂર્વે આ દિવસે શ્રીકૃષ્ણનાં મહારાણી યમુનાજીએ પોતાના ભાઈ યમરાજને આમંત્રણ આપી બહુ પ્રેમથી તેનો આદરસત્કાર કરેલો અને એથી પ્રસન્ન થએલા યમરાજે પોતાની બહેન યમુનાને ત્રણ વરદાન આપેલાં. આ દિવસે યમુનાજીમાં સ્નાન કરવાનું મોટું માહાત્મ્ય મનાય છે. હિન્દુ રિવાજ પ્રમાણે પિતાના વારસાથી વંચિત રહેલી બહેન પ્રત્યે તેના ભાઈના ધર્મ પ્રતિ લક્ષ દોરવા નિમિત્તનું આ પર્વ ભાઈબહેનના સંબંધ અને વ્યવહારને ટકાવી રાખવાના એક ઉમદા ઉપાય સમું છે.

કાર્તિકનું ત્રીજું પર્વ આ માસની શુકલ પક્ષની એકાદશી, 'વિષ્ણુ યામલ' અને 'પદ્મપુરાણ'માં 'તુલસીવિવાહ'નો વિધિ વર્ણવેલો છે. જો કે એમાં વિધિ કાર્તિક સુદ નોમનો કહ્યો છે, પણ 'રામાર્ચન ચંદ્રિક', 'લઘુનારદીયપુરાણ'ના 'મદનરત્ન' વગેરે ગ્રંથોમાં એકાદશી કહી છે. સૌરાષ્ટ્ર તરફ નોમથી અગિયારશના ત્રણ દિવસો તુલસીવિવાહ ઉજવાય છે. આ એકાદશી 'પ્રબોધિની એકાદશી' પણ કહેવાય છે. શંખાસુરને મારીને ક્ષીરસાગરમાં પોઢેલા વિષ્ણુ ચાર માસ પછી આ દિવસે જાગ્યા હતા એ પરથી એને પ્રબોધિની (કે દેવઊઠી) એકાદશી કહે છે. અષાઢમાં જ્યારે તેઓએ શયન કર્યું તે એકાદશ 'દેવપોઢી' અગિયારશ કહેવાય છે. બાણશય્યા પર પોઢેલા ભીષ્મ પિતામહને તૃષા લાગતાં અર્જુને ધરતીમાં બાણ મારીને સીધી ભીષ્મના મોંમાં ગંગાજળની ધારા વહેવડાવી તે આ પણ આ દિવસે જ. અહીંથી પૂર્ણિમા સુધીના દિવસો 'ભીષ્મ-પંચક' નામે ઓળખાય છે.

ચાતુર્માસ કરતા ભાવિકો અભક્ષ્યાદિ વસ્તુનાં જે વ્રત રાખ્યાં હોય તે આ એકાદશી પછીની બારશે છોડે છે. અમદાવાદ અને વડતાલનાં સ્વામીનારાયણ મંદિરોમાં આ દિવસે સમૈયો યોજાય છે.

કાર્તિકી પૂર્ણિમા એટલે દેવદિવાળી. આજે તો દિવાળીમાં ફોડતાં વધેલા ફટાકડા આ દિવસે પૂરા કરવા પૂરતું જ એનું મહત્ત્વ રહ્યું છે, પણ 'ભાર્ગવાર્ચનચન્દ્રિકા'માં કહ્યા પ્રમાણે પ્રલય વખતે મનુને બચાવી લઈને સૃષ્ટિનો તંતુ ચાલુ રાખવા ભગવાન વિષ્ણુએ આ પૂર્ણિમાએ મત્સ્યાવતાર ધારણ કર્યો હતો. અજમેર પાસે આવેલા પુષ્કર તીર્થમાં આ પૂર્ણિમાના સ્નાનનો મોટો મહિમા હોઈ ત્યારે ત્યાં મોટો મેળો ભરાય છે. બ્રહ્માના વરદાનથી ઉન્મત્ત બનેલા ત્રિપુરાસુર નામના દૈત્યનો કોપાયમાન શંકરે આ દિવસે નાશ કરેલો એ પરથી આ પૂર્ણિમા 'ત્રિપુરારિ પૂર્ણિમા' પણ કહેવાય છે. શાક્તગ્રંથોમાં મળતા ઉલ્લેખો પ્રમાણે (બાલા) ત્રિપુરસુંદરી દેવીની આ પૂર્ણિમાએ આરાધના થાય છે. પુષ્ટિમાર્ગના પ્રસિદ્ધ તીર્થધામ નાથદ્વારમાં શ્રીનાથજીને આ દિવસે છપ્પન ભોગ ધરાવાય છે.

ભક્ત બોડાણા રણછોડરાયજીને આ દિવસે ડાકોર લઈ આવેલા એટલે ત્યાં એનો મોટો ઉત્સવ ઉજવાય છે. ધંધુકાના મોઢ વણિક બાળકમાંથઈ જૈન મુનિશ્રી દેવાનંદ સૂરિના પ્રતાપે કલિકાલસર્વજ્ઞ બનનાર અને 'સિદ્ધહૈમશબ્દાનુશાસન' જેવો વ્યાકરણગ્રંથ રચનાર શ્રી હેમચંદ્રાચાર્યનો આ જન્મદિન છે. શીખ ધર્મના પ્રવર્તક ગુરુ નાનક પણ આ દિવસે જન્મેલા એવા સ્વધર્મના રક્ષણાર્થે મૂઘલાઈ સામે ઝઝૂમનાર શીખ ગુરુ તેગબહાદુરનાં શિરચ્છેદ પણ આ દિવસે થએલો.

આ ઉપરાંત, સાંપ્રદાયિક મહત્ત્વ ધરાવતા આ માસના દિનવિશેષોમાં (૧) કાર્તિક સુદ ૧ના દિવસે જૈન મુનિ શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થએલું; (૨) સુદ ૭ના દિવસે વીરપુરના પ્રસિદ્ધ સંત જલારામનો જન્મ થએલો અને (૩) સુદ ૯ના રોજ અયોધ્યાની પાસે છપૈયા મુકામે સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તક સહજાનંદ સ્વામીનું પ્રાકટ્ય થએલું.

વળી, આ માસના શુક્લ પક્ષમાં ગોપાષ્ટમીના ગો.પૂજનનું, કૂષ્માંડનવમીએ પિંડરહિત શ્રાદ્ધ તથા વિષ્ણુત્રિરાત્ર વ્રતનું, વૈકુંઠચતુર્દશીએ વિષ્ણુપૂજાનું અને ત્રિપુરારિ પૂર્ણિમાએ શંકર પ્રીત્યર્થ દીપમાળા પ્રકટાવવાનું તથા કાર્તિક સ્વામીનાં દર્શનનું માહાત્મ્ય છે. તુલસીકાષ્ઠની માળા પહેરવી, દ્વિદલ ધાન્યનો ત્યાગ કરવો. સ્ત્રીઓએ પ્રાતઃસ્નાન કરી વિષ્ણુપૂજા કરવાનું કાર્તિક વ્રત રાખવું તથા આસો સુદ ૧૦, ૧૧ કે ૧૫થી આરંભી કાર્તિકી પૂર્ણિમા સુધી વહેલી પરોઢે કૃતિકા નક્ષત્ર અસ્ત થતાં પહેલાં નદી કે જલાશયમાં સ્નાન કરી દેવોને અર્ઘ્ય આપવાના કાર્તિક સ્નાનના વ્રતનો પણ મહિમા છે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૧/૧૯૧૭ સ્વ. માલવીયાજીના પરિશ્રમથી બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના થઈ.

તા. ૨/૧૯૦૯ રગ્બી ફૂટબૉલની પ્રથમ સ્પર્ધા (મૅચ) ટ્વિકનહૅમમાં રમાઈ. 'રગ્બી' એ અમેરિકામાં વધુ લોકપ્રિય એવું ફૂટબૉલની રમતનું એક ભિન્ન સ્વરૂપ છે, જેમાં બૉલને લાત મારીને નહિ, પણ હાથમાં પકડીને ગોલ સુધી પહોંચાડવાનો હોય છે. ઈ.સ. ૧૮૨૩માં ઇંગ્લન્ડની વિખ્યાત રગ્બી શાળામાં ફૂટબૉલની એક રમત વેળા લાત નહિ મારી શકવાથી ચિડાએલો એક ખેલાડી દડાને હાથમાં લઈને ગોલ કરવા ધસી ગએલો. રમતનો આ નવો વળાંક ઘણાને ગમી ગયો અને પછી એ રીતે રમવાના નિયમો ઘડાતા જઈ એનું આજનું આગવું સ્વરૂપ રચાયું. ઈ.સ. ૧૮૬૩થી ફૂટબૉલની રમતના બંને પ્રકાર સ્પષ્ટપણે અલગ પડી ગયા અને ફૂટબૉલની રમત 'સોસર' નામે ઓળખાતી થઈ, જે નામ 'એસોસીએશન ફૂટબૉલ' પરથી બનેલું ટૂંકુ રૂપ છે. ભિન્ન હોવા છતાં એ બંને પ્રકાર એકસરખા જોમવંતા છે.

તા. ૩/૧૯૨૯ પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં સર્બિયા, ક્રૉએશીયા, બૉસ્નિયા-હઝગોવિના, મૅસિડોનિયા, સ્લોવેનિયા અને મૉન્ટેનેગ્રો આસપાસની જુદી જુદી રાજસત્તાના તાબામાં હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી એ સત્તાઓ પડી ભાંગતાં પુનર્રચના પામેલા એ પ્રદેશોની રાજસત્તા સર્બિયાના રાજા પિટર પહેલાના હાથમાં આવી અને એના પછી એના પુત્ર ઍલેક્ઝાંડરે પોતાની સરમુખત્યારી સ્થાપી. આ બધા પ્રદેશોના એકમને આ તારીખે 'યુગોસ્લાવિયા' નામ આપ્યું.

તા. ૪/૧૫૩૫ અંગ્રેજી ભાષામાં પહેલું બાઈબલ છપાયું.

તા. ૮/૧૮૭૧ શિકાગોમાં ભીષણ આગ ફાટી નીકળી. લંડનની ઈ.સ. ૧૮૬૬ની ભયાનક આગ જેવી જ આ ઇતિહાસ-પ્રસિદ્ધ આગ અગિયારમી તારીખે કાબૂમાં આવી તે દરમિયાન શહેરનો ઘણો ભાગ તારાજ થઈ ગએલો. લંડનની પેઠે આ આગને કારણે શહેરની જૂની બાંધણીના સ્થાને વધુ સારી ઇમારતો ઊભી થઈ શકી. ઈ.સ. ૧૮૩૪માં આ જ માસની ૧૬મી તારીખે લંડનમાં લાગેલી એક આગમાં ત્યાંની પાર્લામેન્ટની ઇમારતો બળી ગઈ હતી. પાર્લામેન્ટની આજની ઇમારતો તે પછી ૧૮૪૦ થી '૬૦ દરમિયાન બંધાએલી છે.

તા. ૧૦/૧૯૧૩ પૅસિફિક-ઍટલાન્ટિક મહાસાગરને જોડતી પનામાની નહેરનું કામ પૂરું થયું.

તા. ૧૧/૧૮૧૧ અમેરિકામાં વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂ યૉર્ક-હૉવેકેન વચ્ચે ચાલુ થઈ.

તા. ૧૪/૧૬૪૪ અમેરિકાનાં પ્રજાસત્તાક રાજ્યોમાં અગ્રણી પેનસિલ્વાનિયા સંસ્થાન વિલિયમ પેનનો જન્મ. જોકે એણે તો એ ભૂમિને 'સિલ્વાનિયા' (વનભૂમિ) નામ આપેલું પણ ચાર્લ્સ બીજાએ તેની સાથે પેનનું નામ જોડીને 'પેનસિલ્વાનિયા' કર્યું. એની રાજધાની ફિલાડેલ્ફિયા, વૉશિંગ્ટનની સ્થાપના સુધી અમેરિકન પ્રજાસત્તાકનું પાટનગર હતું.

તા. ૧૫/૧૫૮૨ કૅથોલિક દેશોમાં ગ્રેગોરિયન પંચાંગ (કૅલેન્ડર) દાખલ કરવામાં આવ્યું.

તા. ૨૦/૧૭૭૪ 'રેગ્યુલેટિંગ ઍક્ટ' દ્વારા કંપનીનો વહીવટ નાબૂદ કરીને હિન્દુસ્તાનમાં નવું રાજતંત્ર સ્થાપવામાં આવ્યું, અને તેના સર્વસત્તાધીશ ગવર્નર જનરલ તરીકે વૉરન હૅસ્ટિંગ્સની નિમણૂક કરી અંગ્રેજો હિંદના કાયદેસરના શાસક બન્યા.

તા. ૨૧/૧૬૧૨ અમદાવાદના સૂબા શેખ સૂફી સાથે કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં અંગ્રેજોના વેપારને લગતા કોલકરાર કર્યા.

તા. ૨૬/૧૯૨૨ વર્ષો સુધી ઇંગ્લન્ડ સામે લડતો ચલાવીને આયર્લૅન્ડ તેનાથી સ્વતંત્ર થયું અને એની એ લડતોના એક પ્રખર પુરસ્કર્તા એમન ડી વૅલેરા તેના પ્રથમ પ્રમુખ ચૂંટાયા. ડી. વૅલેરાનો જન્મ પણ આ જ માસની ૧૪મી તારીખે ઈ.સ. ૧૮૨૨માં ન્યૂ યૉર્કમાં થએલો.

તા. ૩૦/૧૮૮૩ શુદ્ધ આર્યધર્મના પ્રેરક સંદેશ દ્વારા રાષ્ટ્રોદ્ધારની પ્રચંડ શક્તિ સર્જનારા સ્વામી દયાનંદ સરસ્વતીનું અજમેરમાં અવસાન. એમના બોધથી સન્માર્ગે વળેલા જોધપુરના નરેશની નર્તકીએ દ્વેષથી તેમના રસોયા મારફત એમને ખોરાકમાં ઝેર અપાવેલું.

તા. ૩૧/૧૮૭૫ ભારતની સ્વાતંત્ર્ય-સાધનામાં ગાંધીજી પછીના અગ્રગણ્યોમાં અગ્રણી અને સ્વાતંત્ર્ય પછી ભારતને એક અખંડ રૂપ આપનાર દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો કરમસદમાં જન્મ. (સળંગ અંક ૬૫૮માંથી)

અનુસંધાન] **કંકાવટી** [પૃ. ૫૭૨થી

સમજ છે.' આ કારણે જ તેમના નર્તનમાં સાહજિકતા પ્રકટ થાય છે. એક વખતે ડાગરબંધુઓનો સંગીતનો કાર્યક્રમ હતો. ડાગરબંધુઓ સંગીતની તરજ હિન્દીમાં બાંધી રહ્યા હતા. જેનાથી શ્રીમતી મ્યુરિઅલ અપરિચિત હતાં. તે છતાં તેમણે સંગીતને અનુરૂપ અભિવ્યક્તિ તેમના નૃત્યમાં કરી જે વાત ડાગરબંધુઓએ શ્રીમતી મ્યુરિઅલને કહી. પોતે હિન્દી ભાષા જાણતાં નથી છતાં ગાન પ્રમાણેની અભિવ્યક્તિ પોતે નૃત્યને અસંપ્રજ્ઞાત ચિત્તના સ્તરથી અનુભવે છે તેમાં છે તેવું તેઓ માને છે.

તેઓ અત્યારે પોતાના વર્ગોમાં નૃત્ય સમયે શરીર-સ્નાયુઓ કેવો ભાગ ભજવે છે તેના પર વિશેષ ભાર આપે છે. તેઓ કહે છે કે, જે મેળવવા મેં મારા જીવનનાં ત્રીસ વર્ષ આપ્યાં તે મારે મારા વિદ્યાર્થીઓને સૌપ્રથમ સમજાવવું જોઈએ. તેઓ કહે છે કે, હવે નૃત્યને મારે થીએટરમાંથી બહાર કાઢવું છે તેથી હવે થીએટરમાં હું નૃત્યો કરતી નથી. શ્રીઅરવિન્દની કવિતા ઉપર તેઓ અત્યારે નૃત્યો તૈયાર કરી રહ્યાં છે. નૃત્ય દ્વારા પોતે પ્રભુની અનુભૂતિ કરવા સતત પ્રયત્ન કરે છે, એ વાત યુરોપની આટઆટલી સિદ્ધિઓને વરેલી નર્તકીના મુખે સાંભળતાં કોને આનંદ ન થાય ? નૃત્ય એ મારી રોજિંદી પ્રાર્થના છે, એવું તેઓ પ્રામાણિકતાથી માને છે.

ફ્રાન્સ, ઇટાલી, સ્વીડન, અમેરિકા, જર્મની, ભારત જેવા ઘણા દેશોમાં તેમણે અનેક જાહેર કાર્યક્રમો આપ્યા છે. પરંતુ અત્યારનું તેમનું વલણ એક ભારતીય નર્તકી જેવું લાગે છે. અમને પ્રેમપૂર્વક ફળનો રસ આપતાં તેમણે કહ્યું કે, 'જે દિવસે હું નૃત્ય છોડીશ તે દિવસે મારું મૃત્યુ હશે એમ માનજો.' જન્મે યુરોપિયન, અભ્યાસે અમેરિકન અને વર્તન તથા માન્યતામાં પૂરા કદનાં ભારતીય સન્નારી તરીકે પ્રકટ થતાં શ્રીમતી મ્યુરિઅલ અમારે મન તો એક કલાકાર જ ! □

આ અંકનું પૂઠું

કચ્છની 'રોગાન'કલા ● એરંડાને હાથથી ખાંડીને તે સાથેના રંગના પાઉડરને ઉકાળેલા પાણીમાં નાખી, મિશ્રણ કરીને તૈયાર કરાતા રંગને 'રોગાન' રંગો કહે છે. સારી જાતના કાપડ ઉપર આ રંગોથી ચિત્રકામ થાય તેને 'રોગાન'કલા કહેવામાં આવે છે.

લગભગ ૧૦૦ વર્ષ જૂની કચ્છની આ કલાનો ઉપયોગ, ટેબલ ક્લૉથ, ઓશિકા વગેરેના કવર માટે, દીવાલ ઉપર લટકાવવામાં આવતા સુશોભનાત્મક ચાકળા તરીકે થાય છે.

કચ્છની આ પ્રસિદ્ધ કલાનું ડૅમેન્સ્ટ્રેશન ભૂજ મ્યૂઝીઅમમાં એપ્રિલ ૧૯૯૪માં ત્યાંના કલાકાર અબ્દુલગફુર દાઉદ દ્વારા થતું મેં જોયું ત્યારે કલાકારની ઝડપ તથા એકસરખી ભૌમિતિક ભાત બનાવવાનો તેનો કસબ જોઈ આશ્ચર્ય થયું.

ન કોઈ પૅન્સિલ વર્ક, ન કોઈ આધાર, ન કોઈ રફ લાઈન, સીધું જ બ્રશ કાપડ ઉપર ફરવા માંડ્યું અને સહેજ પણ ભૂલ વગર કામ તેણે પૂરું કર્યું. રંગ સૂકાયા પછી ભરતકામ કર્યું હોય તેવા આકર્ષક-કલાત્મક કામને મેં માણ્યું.

'રોગાન' કલામાં સામાન્ય રીતે જુદા જુદા પાંચ રંગ બનાવવામાં આવે છે અને એક પીસમાં ત્રણથી વધારે રંગનો ઉપયોગ થતો નથી.

સમગ્ર કચ્છમાં નિરોના જેવાં એક-બે ગામોમાં બધું મળીને ભાગ્યે જ આજે ૪-૫ કલાકારો જોવા મળે છે.

ફોટો અને પરિચય : હેમેન્દ્ર એ. શાહ

સાહિત્યસંપર્ક



શહીદે ગઝલ અમૃત ઘાયલને રણજિતરામ ચન્દ્રક

ગુજરાતના અત્યંત લોકપ્રિય અને ગઝલરસિકોના લાડીલા ગઝલકાર શ્રી અમૃત 'ઘાયલ' (અમૃતલાલ ભટ્ટ)નું સપ્ટેમ્બરની ત્રીજી તારીખે, અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી રાજકોટમાં તેમના નિવાસસ્થાને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરીને બહુમાન કરવામાં આવ્યું એ એક સુખદ ઘટના છે.

શ્રી અમૃત 'ઘાયલ'નો જન્મ 'સેવાપોથી' મુજબ ઈ.સ. ૧૯૧૬ના સપ્ટેમ્બરની ઓગણીસમી તારીખે રાજકોટ જિલ્લાના સરધાર ગામમાં થયો હતો.

માતા સંતોકબહેન, પિતા લાલજીભાઈ.

ત્રીજી અંગ્રેજી સુધી તેમનો અભ્યાસ સરધારમાં થયો. એ દરમ્યાન અને તે પછી કિશોરવયમાં સૌરાષ્ટ્રનાં રત્ન સમા ઝવેરચંદ મેઘાણી અને કલાપીનાં સાહિત્યે તેમને આકર્ષ્યા. તેમાંય લોકસાહિત્ય માટેનો લગાવ પ્રબળ હતો ને વળી ઉર્દૂ શીખવાનો લહાવો તેમને મળ્યો.

આમ, કિશોરવય વટાવતાં તેમના અંતરમાં ગઝલ માટેની ભૂમિકા રચાવા માંડી હતી. આ સમયગાળામાં ક્રિકેટ, હોકીના પણ તે સારા ખેલાડી ગણાતા થયા હતા.

અભ્યાસમાં એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. કૉલેજમાં એફ.વાય. આર્ટ્સમાં તે પ્રવેશ્યા પણ તરત સંજોગોવશાત્ તેમને કૉલેજ છોડવી પડી.

૧૯૩૨માં તેમનું સોળ વર્ષની વયે સણોસરામાં લગ્ન થયું, પણ એ દામ્પત્ય ઝાઝું ટક્યું નહિ. ૧૯૪૭માં પત્ની તારામતીનું અવસાન થતાં ૧૯૫૦ ભાનુમતાબહેન સાથે વડોદરામાં પુનર્લગ્ન થયું. આજે લગભગ પાંચ પાંચ દાયકા પછી તેમનું દામ્પત્ય પ્રસન્ન છે અને અ.સૌ. ભાનુમતીબહેન તેમના ગઝલસર્જનમાં એક પ્રેરણાબળ છે - પ્રેરણામૂર્તિ છે.

ગઝલરચનાની પૂર્વ -સજ્જનતા માટે તેમણે ઉર્દૂ ભાષાનો અને ઉર્દૂ ભાષાના ગઝલકારોનો પ્રભાવ ઝીલ્યો હતો. તેમાં જિગર મુરાદાબાદી, અસગર ગોંડવી અને જોશ મલીહાબાદી તેમના પ્રિય ગઝલકારો હતા.

શ્રી ઘાયલે ઉર્દૂ ભાષાના કલામથી પોતાની ગઝલકાર તરીકેની કારકિર્દીનો આરંભ કર્યો. એ દિવસોમાં તે પાજોદ-દરબાર શ્રી ઇમામુદીનખાન મુર્તઝાખાન (રુસ્વા મઝલૂમી નામથી ગઝલકાર તરીકે સુખ્યાત)ના અંગત મંત્રી તરીકે કામગીરી બજાવતા હતા. એમણે પણ ઘાયલને ગઝલો રચવા માટે ચસકો લગાડ્યો. એ સમયે રાંદેરથી 'કારવાં' માસિક નીકળતું હતું. તેના તંત્રી વહેસી પાસેથી તેમણે છંદ શીખવા માટે માર્ગદર્શન માગેલું અને ધીરે ધીરે ઝાર રાંદેરી કૃત 'શાયરી ભાગ-૧-૨'માંથી ગઝલ વિશે પોતાની સૂઝ મેળવી-કેળવી.

ઈ.સ. ૧૯૫૪માં તેમનો પ્રથમ ગઝલસંગ્રહ 'શૂળ અને શમણાં' પ્રકટ થયો. તે પૂર્વે તેમણે ગઝલરચનાનો થોડોક વ્યાયામ કરી લીધો હતો. એમની વય તે વખતે છવ્વીસેક વર્ષની હતી. ગઝલમાં શાયરો ઉર્દૂ-ફારસી શબ્દો ભરપૂર યોજતા હતા તે સમયમાં ઘાયલે પોતાની ગઝલોને સોરઠી બોલીમાં રચવાનો નિર્ધાર કર્યો અને એ નિર્ધાર સફળ પણ નીવડ્યો.

મુશાયરામાં એમને પ્રથમવાર ગઝલરસિક શ્રોતાઓનો સારો પ્રતિભાવ સાંપડ્યો નહિ અને માનભંગ થવા જેવું લાગ્યું. પણ એ પછી તો કેટલાય પ્રસંગે એમણે શ્રોતાઓને ભોર થયા સુધી જાગતા રાખીને 'દુબારા દુબારા' સાથે તાળીઓના ગડગડાટ મેળવ્યા હતા.

આપણા સુપ્રસિદ્ધ કવિ મકરંદ દવેએ તેમની ગઝલોમાં ખુશબૂ મને ખુમારીનો સમન્વય જોયો હતો. ઘાયલની ખુમારી દર્શાવતું એક મુક્તક જોઈએ -

ભુલાતી પ્રેમમસ્તીની કહાની લઈને આવ્યો છું;
ક્લાપી, બાલની અંતિમ નિશાની લઈને આવ્યો છું.
કદી ગઝલોય સાંભળવી ઘટે સાહિત્ય સ્વામીઓ !
નહીં માનો હુંયે રંગીન બાની લઈને આવ્યો છું.

ઘાયલની ગઝલોની લોકપ્રિયતામાં સદાય ભરતી જ રહી છે, ઓટ આવ્યાનું જાણમાં નથી.

એમના બીજા ગઝલસંગ્રહો 'રંગ' અને 'રૂપ' અનુક્રમે ઈ.સ. ૧૯૬૦માં અને ૧૯૬૭માં પ્રકટ થયા હતા. 'ઝાંય' અને 'અગ્નિ'નું પ્રકાશન ૧૯૮૨માં થયું હતું.

એમનો છેલ્લો સંગ્રહ જેમાં ગઝલની સાથે મુક્તકો પણ છે તે 'ગઝલ નામ સુખ' ૧૯૮૪માં પ્રકટ થયો હતો. એમના જીવનના નવમા દાયકામાં પણ ઘાયલની એ જ ખુમારી, મસ્તી અકબંધ જળવાઈ રહી છે. શુદ્ધ ગઝલ અને કવિતા ભલે ગમે તે રૂપે સર્જાય તેનું સ્વાગત કરવા તે સદૈવ સજ્જ છે. એક સ્થળે તેમણે પોતાનો આ ભાવ પ્રકટ કર્યો છે :

ઘાયલ અમારે શુદ્ધ કવિતાઓ જોઈએ,
દાસીના સ્વાંગમાં હો કે રાણીના સ્વાંગમાં.

ઘાયલની ગઝલોમાં ઇશ્ક, શરાબની સાથોસાથ જિંદગી અને મોત વિશેની બાબતો પણ આવ્યા જ કરતી હોય છે. મોત પ્રત્યે એમની બેપરવાઈ નીચેના શૅરમાં જુઓ :

જો કાલ આવતું હો તો આજ આવે 'ઘાયલ',
એવા મરણની પરવા મારી બલા કરે છે.

શ્રી અમૃત 'ઘાયલ'ને ગઝલરસિકોએ મને ગઝલકારોએ ગુજરાતના 'ગાલીબ' તરીકે ઓળખાવ્યા છે, પણ એમણે પોતે ગુજરાતની પ્રજા તેમને 'શહીદે ગઝલ' તરીકે સ્મરે તેવી અભિલાષા સેવી છે. આપણા સુપ્રસિદ્ધ વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એમની ગઝલો દ્વારા ગુજરાતી ગઝલ સાહિત્યમાં આવેલો નવો વળાંક જોયો છે.

કવિશ્રી મકરન્દ દવેએ તો એમને પૂરી મહોબતથી બિરદાવ્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રેમાનંદ સાહિત્યસભા તરફથી પણ તે ઍવૉર્ડ પામ્યા છે.

શ્રી 'ઘાયલ'ની ગઝલોથી ગુજરાત-સૌરાષ્ટ્રની પ્રજા તરબોળ છે. 'ઘાયલ' હજુ પણ ગુજરાતની પ્રજાને અવનવી કૃતિઓનું નજરાણું ધરવા ઉત્સુક છે. સદાબહાર એમની જિંદગીની એ ખ્વાહિશ પૂરી થાય અને આરોગ્યપૂર્ણ દીર્ઘાયુ એ માણે એવી શુભ-ભાવના પ્રકટ કરીએ. - મધુસૂદન પારેખ

અવલોકન

જળના ઝીણા પડઘાનું શિલ્પ

જળના પડઘા : હરિકૃષ્ણ પાઠક, પ્ર. રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ. પૃ. ૧૪+૮૮ મી, ૧૯૯૫, મૂલ્ય રૂ. ૫૦/-

'સૂરજ કદાચ ઊગે' (૧૯૭૪) પછી બે દાયકા કરતાં વધુ સમય બાદ હરિકૃષ્ણ પાઠક આ બીજો કાવ્યસંગ્રહ લઈને આવે છે. અલબત્ત, વચ્ચેના બે દાયકામાં તેમની પાસેથી એક શિશુકાવ્યોનો સંચય અને એક કટાક્ષકાવ્યોનો લઘુસંચય 'અડવાપચીસી' મળી ચૂક્યા છે. અગાઉના ત્રણે સંગ્રહો કરતાં પ્રસ્તુત સંગ્રહનું ભાવવિશ્વ ભિન્ન છે. કવિ પોતે 'નિવેદન'માં સ્વીકારે છે : '૧૯૭૪માં પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થયો ત્યારે જે આનંદ, ઉત્સાહ અને મુગ્ધતા હતાં તેમાંનું કશું આજે નથી. જળ જંપ્યાં છે, ઠર્યાં છે, આછર્યાં છે.'

વિષાદ-વેદનાનો સૂર સંગ્રહની રચનાઓમાં રહી રહીને સંભળાયા કરે છે. પ્રથમ સંગ્રહ પછીના બે દાયકાની જીવનયાત્રામાં કવિ કેટકેટલાં સ્વજનો-સ્નેહીઓ ગુમાવે છે ! વડીલોને ગુમાવવાનું દુ:ખ તો હજીયે સહી શકાય, પણ પોતાનાથી નાનાં સ્વજનોને, વહાલી દીકરીને ગુમાવવાની વેદના સંવેદનશીલ સ્નેહાળ કવિ કેવી રીતે સહી શકે ? આ સંગ્રહની અધઝાઝેરી રચનાઓ જાણે એ વેદનાને મળેલી વાચા છે !

સંગ્રહની પ્રથમ કૃતિ 'જળના પડઘા પડ્યા કરે'ના આરંભે જ કવિ કહે છે કે એ પડઘા સ્થળકાળથી પાર વિસ્તરી ક્યહીં ગૂઢ ગહ્વરમાં ઝમી અનિમેષ દૃગોમાં ઠરે છે. વિધિ જ્યારે કાળો કેર કરે છે ને કાળની ઘડી નમણી મધુવેલ માધવીને ભરખી જાય છે ત્યારે કવિના હૃદયમાં સ્મૃતિ પણ શલ્ય થઈને રહે છે. પરિણામે, સ્મરણો લઈ જીવવું પડે છે અને સ્મરણોમાં ઝૂરવું પણ પડે છે. તેમ છતાં કવિ સ્વસ્થતા ધારણ કરી કહે છે :

જગની સઘળી જળોજથા
વહતા રહીશું યથાતથા
અવશેષ મહીં નરી વ્યથા,
પરિપૂરણ થૈ જશે કથા. (પૃ. ૨)

'વ્યથા' અને 'કથા'નો પ્રાસ કેવો સાભિપ્રાય બની રહે છે ! પ્રેમાનંદે 'આંસુ' સાથે મેળવેલ 'સાસુ'નો પ્રાસ યાદ આવી જાય છે.

કવિતા કવિ માટે આખરે શું છે ? સંગ્રહની બીજી રચનાના આરંભે કવિ મુખર રીતે બોલી ઊઠે છે :

આમ તો માત્ર લીલા છે, લીલા પ્રાસાનુપ્રાસની;
ને વલી આમ ભક્તિ છે, ભક્તિ દાસાનુદાસની.
(પૃ. ૩)

કવિ પાસે માત્ર કવિતાની ભાષા જ નથી, ભક્તિ પણ છે, ભાવ છે. સંગ્રહની અધિકાંશ રચનાઓમાં ભાષા-ભાવનું એવું સુભગ સાયુજ્ય સિદ્ધ થયું છે જેને કારણે જીવનજળના ઝીણા પડઘાનું શિલ્પ કંડારાયું છે. કવિનો સંકલ્પ છે :

પાવાં તો કૈં નીતરાં નીર પાવાં,
ન્હૈં તો ઝૂડી જાણવાં જાળ-બાવાં. (પૃ. ૪)

'સ્મૃતિ વેદના' અનુભવતા કવિ હસી શકતા નથી, રડી પણ શકતા નથી. કોઈ 'વરસાદી રાતે' હૃદયે ખટક લાગવાથી કંઈ જાગી ઊઠે છે ઝંકૃતિ, સઘળી વિસ્મૃતિ ઝટક દઈને સરી જાય છે ને અકળગતિએ આવી બધાં સ્મરણો ઘેરી વળે છે, મનનાં સઘળાં દ્વારો ફટાફટ ખુલ્લાં થઈ જાય છે. કવિ છૂપેલી સદીઓનો અહેસાસ કરે છે અને અંતે આહ્લાદક અનુભૂતિ કરી રહે છે :

પરણ પરણે ઝીલ્યાં ટીપાં હવે હળવાં ઝરે;
ઝરણ હડતું છાનું ખીલ્યું અહીં બટમોગરે ! (પૃ. ૧૧)

પ્રથમ પંક્તિમાં પર્ણો પર ઝીલાયેલાં વરસાદી ટીપાં હળવેથી ઝરવાની ક્રિયા કેવી કુશળતાપૂર્વક કવિએ ચાક્ષુસ્ કરાવી છે ! બીજી પંક્તિની અભિનવ કલ્પના કવિકર્મની નિદર્શક છે.

પિતાજીના અવસાનથી પ્રત્યેક પુત્રની પેઠે કવિ પણ શિર-છત્ર ગુમાવે છે. પિતાજી હતા ત્યારે તેમના રૂપમાં કેવડું મોટું ભાગ્ય સાંપડ્યું હતું એ કવિ સમજી શકતા નથી, તેથી જ તેમના જવાથી તેમની સમક્ષ દુર્ભાગ્ય આવીને ખડું થઈ જાય છે. પિતાજીના અસ્થિવિસર્જનની ક્ષણે કવિને સમજાય છે :

ને એ ક્ષણે આ ભરપૂર સૃષ્ટિમાં
લાગ્યું : અમે સાવ અજાણ-એકલાં... (પૃ. ૧૭)

એકલતાનો ભાવ સંગ્રહની અનેક રચનાઓમાં પડઘાય છે.

હરિકૃષ્ણ પોતાની આગલી પેઢીના બે મૂર્ધન્ય કવિઓ - સુન્દરમ્ ('૧૩-૭ની લોકલના કવિને') તથા ઉમાશંકર જોશી ('અમદાવાદ તો ગયો છું, અનેક વાર')ને ભાવભીની કાવ્યાંજલિ અર્પે છે. આજે ભ્રષ્ટાચારથી ખદબદતા આપણા આ પ્રાચીન દેશમાં ક્રાંતિની મશાલ સળગાવનાર લોકનાયક જયપ્રકાશજી પ્રત્યે કવિ એક કાવ્યોદ્ગાર પ્રકટ કરે છે - 'તોયે ઘણું.' એ રચનામાં કવિ ખમીર ને ખુમારીના પક્ષકાર છે એની પ્રતીતિ થાય છે. એક રચનામાં કવિએ પોતાની પ્રતિબદ્ધતા પણ પ્રકટ કરી દીધી છે :

ઘેરાણી તો આભમાં વીજ હેરે,
જીવ્યા તો ભૈ ઝૂઝવું જીવ પેરે. (પૃ. ૩)

કવિ ખમીરવંતા હોવાને લીધે જ ખુમારીપૂર્વક કહે છે :

ચરણ ચાલ્યા સુધી જાતરા જાણશું,
ડૂકશું પણ ચડીશું નહીં ડોળીએ. (પૃ. ૪૦)

કવિને ડૂકવું મંજૂર છે પણ ડોળીએ ચડી, પરાધીન બની જાતરા કરવી કબૂલ નથી. જીવનયાત્રાના એક ભાગરૂપે કવિ 'યાત્રા-વિહાર' પણ કરે છે. એક યાત્રી તરીકે કવિ પોતાના પૂર્વસૂરિઓને સ્નેહશ્રદ્ધાપૂર્વક સ્મરી રહે છે. પોતાના બે સમકાલીન મહાયાત્રીઓને પ્રેમપૂર્વક અર્ઘ્ય ધરતાં કવિ કહે છે :

ભોળાભાઈ ભજું ભાવે, પ્રીતિને પ્રેમથી સ્મરું,
આપ તો મહાયાત્રી છો, અલ્પ હું અર્ઘ્ય શો ધરું !
(પૃ. ૨૭)

બાહ્ય યાત્રાની વાત કરતાં કરતાં કવિ 'ભીતરી યાત્રા'નો પણ નિર્દેશ કરે છે. એવી યાત્રાના 'અંતે' કવિને શું લાધે છે ?

ઘોડા ઘટના છૂટ્યા, અંતે,
મળ્યું નહીં કંઈ મળતર જેવું. (પૃ. ૫૧)

જીવનભર માણસ અનેક ઇચ્છાઓ-આકાંક્ષાઓ, ઝંખનાઓ કરે છે, કંઈ ને કંઈ પામવા, શોધવા મથામણ કરે છે. પણ સ્થૂળ પ્રાપ્તિના સંદર્ભમાં જોઈએ તો કવિ કહે છે તેમ

ખેસ ખોળતાં,
મળતાં ખાપણ. (પૃ. ૪૩)

ખેસ - ખોળતાં - ખાપણનો વર્ણાનુપ્રાસ અને 'ખોળતાં-મળતાં'નો આંતરપ્રાસ કેવો કાવ્યાત્મક વિરોધ ખડો કરે છે ! 'ખેસ' અને 'ખાપણ' બે શબ્દોમાં જ કવિએ કેવો અર્થસંભાર ભર્યો છે !

જીવનની ક્ષણભંગુરતાને, નશ્વરતાને પામી ગયેલા કવિ 'ભીતર ભગવો' ધારણ કરે છે. પરમ તત્ત્વના મહિમાનું ગાન કરતાં કવિ વદે છે :

રમ્ય-રુદ્ર ને રુદ્ર-રમ્ય આ નીરખું રૂપ અનેક
ઉત્પત્તિ-સ્થિતિ-લયને અંતે
મહિમા તારો એક ! (પૃ. ૫૬)

પ્રભુપ્રેમ ગાનાર કવિ માનવપ્રેમનું ગાન પણ કરે છે. જગત માયા છે એ જાણવા છતાં એ માયાથી છૂટવું સહેલું થોડું છે ? માયાના 'કામણ'ની વાત કરતાં કવિ કહે છે :

કેમ કરીને ઠેલવાં કામણ, કેમ કરીને ઝેલવાં ?
કાળજાં કેમ ઉકેલવાં સાજાણ, કેમ રે છાનાં મેલવાં ?
(પૃ. ૫૩)

આ કામણ પાછાં ઠેલવાં કપરાં છે તેમ ઝેલવાં પણ દોહ્યલાં છે. જાતજાતના પડઘા સાંભળી શકનાર કવિ 'જળની ઝીણી મહેક' પણ ગ્રહી શકે છે :

જળની ઝીણી લહેર સમી તું પળમાં સરી ગઈ,
રાતરાણીની મહેકથી મારા મનને ભરી ગઈ. (પૃ. ૫૫)

હરિકૃષ્ણ મૂળભૂત રીતે પ્રકૃતિપ્રેમી કવિ છે. તેમના પ્રથમ સંગ્રહમાં તેમનો પ્રકૃતિપ્રેમ ઊઠીને આંખે વળગે એવી રીતે અભિવ્યક્ત થયો હતો. આ સંગ્રહમાં તેમનો પ્રકૃતિપ્રેમ ઓછો નથી થયો પણ તેમાં સંસ્કૃતિ અને પ્રીતિના પ્રવાહો ભળી ગયા છે. માનવપ્રેમ અને પ્રકૃતિપ્રેમનું સાયુજ્ય સધાય છે ત્યાં 'સપનું સાચું' અનુભવાય છે :

આ ઝરમર ઝરમર આભ ઝરે
કે ઝરે આપણી પ્રીત ?
આ ખળખળ કલકલ ઝરણ વહે,
કે વહે આપણાં ગીત ! (પૃ. ૭૦)

જોઈ શકાશે કે અહીં પ્રીત અને ગીત સાથે પ્રકૃતિનું સંગીત સંયોજાઈ ગયું છે.

'અડવાપચીસી'ના સર્જક કવિ આ સંગ્રહની કેટલીક કૃતિઓમાં નાગરી રીતિનો માર્મિક વ્યંગ કટાક્ષ હળવેથી કરી લે છે. 'જનગણમન ને જીવણ' એમની એવી એક વિલક્ષણ રચના છે. 'ક્યાંક તિખારો જળે'નો કટાક્ષ મુખર છે, પણ વ્યાપક પરિમાણોને તાગે છે.

હરિકૃષ્ણની શબ્દસિદ્ધિ, છંદ, લય, પ્રાસ પરનું પ્રભુત્વ એકંદરે પ્રશસ્ય છે. આપણે જે દૃષ્ટાંતો જોયાં તે પરથી તેનો આછો ખ્યાલ આવી શકશે. પ્રથમ સંગ્રહ તેમણે કદાચ સંકોચ સાથે મૂકેલો. કવિતાનો સૂરજ ઊગશે કે કેમ તેની તેમને શંકા હતી. આ સંગ્રહ આપતી વેળા પણ કવિ તો કહે છે કે, એક મુકામ આવી ગયો છે, પણ આપણે કવિને કહીશું, ના, આ મુકામ નથી, માનવો હોય તો આને તમે વિસામો માની શકો. **- પ્રસાદ બ્રહ્મભટ્ટ**

પ્રાપ્ત પ્રકાશનો

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪.)ના પ્રકાશનો :

'જિનતત્ત્વ' ભાગ-૧-૨, લેખક રમણલાલ ચી. શાહ, ત્રીજી આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ અનુક્રમે-૧૬૬, ૧૪૮, ક્રાઉન, પાકું પૂંઠું, મૂલ્ય : રૂ. ૨૦, ૨૦. ત્રિવિજય, પ્રતિસેવના, નિયાણું, સંલેખના જેવા શબ્દોનો પરિચય કરાવીને જૈનધર્મની ચકાસણી કરતાં પુસ્તકો. જીવન વીતાવવાની એ તરાહ એમાંથી પ્રગટ થાય છે.

'પ્રભાવક સ્થવિરો' : લેખક : રમણલાલ ચી. શાહ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ-૧૫૦, ક્રાઉન, પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૨૦.

આ પુસ્તકમાં શ્રી વિજયધર્મસૂરિ

મહારાજ અને શ્રી આનંદસાગરસૂરિ મહારાજનાં ચરિત્ર આપવામાં આવ્યાં છે. સ્થવિર શબ્દની સમજ આપવામાં આવી છે. 'સ્થવિર' એટલે વયોવૃદ્ધ સાધુ. 'તિવિકેણ વંદામિ'. લે. રમણલાલ ચી. શાહ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ : ૧૦૪, ક્રાઉન, પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૨૦. કેટલાક કાવ્યધર્મ પામેલાં જૈન સાધુ-સાધ્વી, સંત-સતીને શ્રદ્ધાંજલિ અર્પતા લેખોનો સંગ્રહ.

'સંત દેવીદાસ' : લે. ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ : ૮૪, ડીમાઈ કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૧૨, પ્રસાર, ૧૮૮૮, આતાભાઈ એવન્યૂ ભાવનગર ૩૬૪૦૦૨. સંત દેવીદાસની કંઠોપકંઠ કહેવાયેલી વાર્તાઓનો સંગ્રહ.

'અપંગની આરાધના' : અનુવાદક : વિપીન આઝાદ, પ્રકા. : બ્લાઈન્ડ મેન એસોસીએશન, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫., પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ : ૬૪, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : નથી. ચેંગ ફુંગ કસી કૃત 'અપંગની આરાધના' અનુવાદિત પુસ્તક, એમાં અપંગોનું મનોવિજ્ઞાન પ્રગટ થાય છે.

ખતરનાક પાપમાંથી છુટકારો : લે. બિલી ગ્રેહામ, અનુવાદક : એમ. એમ., પ્રકાશક : જીવન સાહિત્ય સંસ્થા, ૨૦, કેમ્પ, અમદાવાદ-૩૮૦ ૦૦૩, છઠ્ઠી આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ : ૬૦, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૧. જીવનમાં પાપમાંથી મુક્તિ મેળવવા અંગેની સમજ આપતી પુસ્તિકા.

'પાછા ફરીએ મા ભોમની રક્ષા કાજે' : લે. શાંતિલાલ શાહ, પ્રકા. : બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ, બાલાહનુમાન પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ-૯૦, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૩૫.

ગ્રામરચનાના વિકાસ અંગે ગાંધીજીના વિચારોને પુનઃ સ્થાપિત કરતી પુસ્તિકા.

'દોસ્તારીની વાતો' : લે. હરિકૃષ્ણ પાઠક, પ્રકા. : પોતે, ૨૩૧/૧, 'જી-૧', સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૧૯, પ્રથમ આવૃત્તિ-૧૯૯૩, પૃષ્ઠ-૪૮, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૧૫, બાળવાર્તાઓનો સંગ્રહ કહેવાયેલી કેટલીક વાર્તાઓ અહીં આલેખાઈ છે. એમાં 'ભરવાડનો એક્કો', 'એક હતી ભાંભલી' અને 'તમને શું ગમે આંબો કે ઉકરડો?' વિશેષ વાર્તા-અંશોવાળી વાર્તાઓ છે.

પ્રકાશક : રજિસ્ટ્રાર (શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરશી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦)નાં પ્રકાશનો :

આશ્ચર્ય વચ્ચે : લે. અમૃત ઘાયલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨, પૃષ્ઠ : ૯૬, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૫૫, અમૃત ઘાયલની ૧૯૮૫ પછી સર્જાયેલી ગઝલોનો સંગ્રહ.

'એક્વેરિયમ' : લે. સુરેશ દલાલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩, પૃષ્ઠ-૯૬, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૫૫, સુરેશ દલાલનાં ૧૯૮૫ પછી સર્જાયેલાં કાવ્યોનો કાવ્યસંગ્રહ.

'ઝાંખી' : લે. જયા મહેતા, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ ૧૯૮, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : ૧૦૮, મરાઠી નાટ્યસાહિત્યનો પરિચય કરાવતું પુસ્તક. તેમ જ એમાં અન્ય સાહિત્યનાં પાસાંનો સમાવેશ થાય છે.

'મિતવા :' લે. ગ્રેસ, અનુવાદક : જયા મહેતા, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ-૨૧૬, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૬૦, મરાઠી લેખક ગ્રેસના નિબંધોને અનુવાદિત કરીને સુપેરે રજૂ કર્યા છે. આ નિબંધો ચાર પ્રકારે વહેંચાયેલા છે.

વલાણી-ગોત્ર પાલગોતા-વંશ ચૌહાણ : રમણિકલાલ વહાલચંદ શાહ, પ્રકાશક : પોતે, 'વલાણી બાગ,' ૧૩૫, પારસ-નગર, ધનેરા : ૩૮૫૩૧૦. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૭૦ ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : નથી. એક સંશોધન નિબંધ.

પ્રકાશક : **અસાઈત સાહિત્ય સભા** 'તતસત્' બ્રાહ્મણ શેરી, ઊંઝા, ૩૮૪૧૭૦. (ઉ.ગુ.)નાં પ્રકાશનો : **વારતા વારતા રમીએ :** લે. નટવર પટેલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૬૩, ડીમાઈ, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૨૫. બાળનાટ્ય સંગ્રહ.

રંગનાયક પ્રાણસુખ : દિનકર ભોજક, વિનુભાઈ શાહ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૩૦, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૧૫/- ગુજરાતી વ્યવસાયી રંગભૂમિના એક અચ્છા અદાકાર પ્રાણસુખ નાયકના જીવનના લેખ અને તવારીખો આપતી લઘુપુસ્તિકા.

આપણી રંગભૂમિ : ભરત દવે, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૦૭, ડીમાઈ, કાચું પૂંઠું. મૂલ્ય : રૂ. ૩૫-૦૦. શેરીની સંસ્કૃતિથી માંડીને આધુનિક રંગભૂમિ સુધીનાં નાટકોની વિકાસ રેખાનું પરિચય-પુસ્તક.

નવલશા હીરજી : ચિનુ મોદી, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૫૬, ડીમાઈ, કાચું પૂંઠું. મૂલ્ય : રૂ. ૨૫. જૂની વાર્તા નવલશા હીરજીને ફેરવી નાખીને નવી પરંપરામાં સર્જેલું ત્રિઅંકી નાટક.

સફળ જીવન જીવવાની કળા : જીવનમાં સુખ, શાંતિ, સફળતા અને સમૃદ્ધિ મેળવવા માટે માર્ગદર્શન આપતું પુસ્તક. લે. મુકુન્દ પી. શાહ, મૂલ્ય રૂ. ૬૦-૦૦, પૃ. ૧૮૪, ત્રીજી આવૃત્તિ, પ્રકા. ઉપર મુજબ.

ગીતા યમુના : ચંદ્રકાન્ત દેસાઈ. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ ૧૯૯૫, પૃષ્ઠ : ૧૪૦, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૬૦-૦૦. કૃષ્ણગોપીનાં ગીતોનો કાવ્યસંગ્રહ.

નખદર્પણ : ભગવતીકુમાર શર્મા. પ્રકાશક : સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠઃ ૧૨૮, ડીમાઈ, કાચું પૂંઠુ, મૂલ્યઃ રૂ. ૬૦. નવીન ગઝલસંગ્રહ.

દાડમની કળી : ગોવિંદભાઈ, પ્રકાશક : પ્રણવ પ્રકાશન, બી ૩૩, પ્રિયદર્શિની એપાર્ટ-મેન્ટ નં. ૨, અમદાવાદ-૩૮૦૦૫૪. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ. ૫૬, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૨૦. બાળ કાવ્યસંગ્રહ.

અડકો દડકો

લક્કડપગી માસી

શ્રદ્ધા ત્રિવેદી

એક ખેડૂત તેની પત્ની અને પુત્રી સાથે રહેતો હતો. પુત્રી નતાશા હજી નાની હતી ત્યાં તેની માતા મૃત્યુ પામી. આથી ખેડૂતે બીજી વાર લગ્ન કર્યાં. તેની બીજી પત્નીને સાવકી પુત્રી જરાય ના ગમે. કોઈક રીતે તે આ પુત્રીનું કાસળ કાઢવા માગતી હતી. એક વાર ખેડૂત કોઈક કામે બહારગામ ગયો. આ તકનો લાભ લઈ આ સ્ત્રીએ પેલી છોકરીએ કહ્યું : 'જો, મારી એક લક્કડપગી બહેન છે. તું તેની પાસે જા અને ગાઉન કેવી રીતે સીવવો તે શીખી લાવ.'

સાવકી માની વાત સાંભળી છોકરી વિચારમાં પડી. તેણે સાવકીમાને કહ્યું : 'હા, હું જાઉં છું.' પણ તેને થયું : 'મા મને લક્કડપગી માસીને ઘેર કેમ મોકલતી હશે? જરૂર કંઈ ભેદ હશે. લાવ હું પહેલાં મારી સગી માસી પાસે જઉં.' ને તે પોતાની સગી માસી પાસે ગઈ. માસી તેને જોઈ ખૂબ ખુશ થઈ ગયાં. 'બેટા, આવ, આવ, મઝામાં ને? કેમ આમ અચાનક આવી? કોઈ મુશ્કેલી તો નથી આવીને?' માસીએ તેને પ્રેમથી બેસાડી પૂછ્યું, 'માસી, મારી સાવકીમાએ મને તેમની એક લક્કડપગી બહેન પાસે ગાઉન શીખવા માટે મોકલી છે ને સોયદોરો લાવવા કહ્યું છે તો હું ત્યાં જાઉં? મને થાય છે કે લક્કડપગી માસી પાસે મને મોકલવા પાછળ માના મનમાં કંઈક બીજું કારણ તો નહિ હોયને?'

'લક્કડપગી માસી! અરે એ તો ડાકણ છે ડાકણ! ત્યાં ગયેલું કોઈ પાછું આવતું નથી. પણ જો હું કહું તેમ તું કરીશ તો તું બચી જશે.' પછી માસીએ તેને કેટલીક વસ્તુઓ આપી ને શું શું કરવું તે બધું સમજાવ્યું. નતાશા પહોંચી લક્કડપગી માસીને ત્યાં.

એ વખતે લક્કડપગી માસી રેંટિયો કાંતતી હતી. નતાશા તેની પાસે આવી ને બોલી : 'નમસ્તે માસી. હું નતાશા. મને મારી માએ તમારી પાસે ગાઉન કેવી રીતે સીવવો તે શીખવા અને તેના માટે સોયદોરો લાવવા મોકલી છે. મને શીખવશોને?' લક્કડપગી માસીએ નતાશા સામું જોયું. ને પછી ખંધી રીતે હસતાં હસતાં કહે : 'જરૂર! જરૂર! તું આટલે દૂરથી આવે ને મારી બહેને તને મોકલી હોય પછી મારાથી તને ના પડાય? પણ એમ કર. તું અહીં બેસ ને રેંટિયો કાંત હું હમણાં આવું છું!' - નતાશા રેંટિયો કાંતવા બેઠી, ને લક્કડપગી માસી બહાર ગઈ. નતાશા બાપડી પારેવાની જેમ ફફડતી ફફડતી ત્યાં બેઠી, પણ તેનું ધ્યાન તો બારણા તરફ જ હતું. તેને બે જણ વાતો કરતાં સંભળાયાં. લક્કડપગી માસી તેની ચાકરડીને કહી રહી હતી : 'જા, એકદમ ધગધગતું પાણી લાવ ને પેલી છોકરીને નવડાવ. પાણી એવું તો ગરમ કરજે કે તે બરોબર બફાઈ જાય. હું પછી તેને હડપ કરી જઈશ.' નતાશા તો આ સાંભળી ઠરી જ ગઈ. તેની સગી માસીએ કહ્યું હતું તેવું જ બધું થવા માંડ્યું. એણે ઝટપટ સરસ રૂમાલ કાઢ્યો ને હાથમાં રાખ્યો. જેવી પેલી ચાકરડી ઊકળતું પાણી લઈ નતાશા પાસે આવી કે તુરત નતાશાએ કહ્યું : 'બહેન! આવા ગરમ પાણીથી મને નવડાવીશ તો તારા હાથ દાઝી જશે. એમ કર. તું ચારણી વડે પાણી રેડ. ને લે આ રૂમાલ. ચારણી રૂમાલ વડે પકડજે.' ચારકડી તો તેના વિનયથી ખુશ થઈ ગઈ.

પેલી બાજુ લક્કડપગી માસી તો રાહ જોતી બેઠી હતી. તે બારી પાસે આવી ને દૂરથી પૂછવા લાગી : 'બેટા, રેંટિયો કાંતે છે ને! હું હમણાં આવું છું હોં.'

નતાશાએ કહ્યું : 'હા માસી, હું રેંટિયો કાંતું છું.' લક્કડપગી માસી પાછી થોડે દૂર ગઈ ને વળી રાહ જોતી બેઠી.

એટલામાં એક બિલાડો નતાશા પાસે આવ્યો. નતાશાને તરત માસીની શિખામણ યાદ આવી. તેણે માસીએ આપેલું મસાલાથી

ભરપૂર માંસ બિલાડા આગળ મૂક્યું. બિલાડાને ઘણે વખતે સરસ સ્વાદિષ્ટ માંસ ખાવા મળ્યું. તે તો ખૂબ ખુશ થઈ ગયો. બિલાડો માંસ ખાતો હતો તે દરમ્યાન જ નતાશાએ એને પૂછ્યું : 'અહીંથી ભાગવાનો કોઈ રસ્તો છે? મને ના બતાવો?'

બિલાડો કહે : 'છેને! બહેન, લે આ કાંસકી ને આ ટુવાલ. તું લક્કડપગી આવે તે પહેલાં જ અહીંથી દોડવા માંડ. થોડે જાય પછી નીચી વળી ભોંય પર કાન માંડી તેનાં પગલાં સાંભળજે. જો લક્કડપગી પાછળ પડી હશે તો તેનો અવાજ સંભળાશે. તું ત્યારે આ ટુવાલ ફેંકજે. જેવી તું ટુવાલ ફેંકશે કે એક પહોળી નદી ત્યાં થઈ જશે. લક્કડપગી તે ઝટ ઓળંગી નહીં શકે. પણ ધાર કે તે નદી ઓળંગીનેય તારી પાછળ પડે તો ફરીથી તું કાન ભોંય પર માંડીને અવાજ સાંભળજે. દૂરથી જ તને તેના આવવાની ખબર પડી જશે. અને એ વખતે તું કાંસકી ફેંકજે, જેથી એક ગાઢ જંગલ ત્યાં ઊગી જશે, એને પાર કરતાં પેલી લક્કડપગી ડાકણને ઘણો સમય લાગશે. અને એથી તું સહીસલામત તારે ઘેર પહોંચી જશે. તેં મને એટલું સરસ માંસ ખવડાવ્યું છે કે તારા માટે હું જેટલું કરું એટલું ઓછું છે. લે આ કાંસકી ને ટુવાલ ને ભાગ અહીંથી જલદી.' નતાશાએ તો બિલાડાએ આપેલ ટુવાલ અને કાંસકી લઈને ત્યાં દોડવા માંડ્યું.

જેવી તે દોડવા લાગી કે થોડેક જ દૂર ઊભેલા લક્કડપગીના કૂતરા તેને બચકું ભરવા પાછળ પડ્યા. તેણે માસીની વાત યાદ કરી અને તુરત મોટી બ્રેડ કાઢી. તેના ટુકડાઓ તેમની તરફ નાખ્યા. કૂતરાઓ તો એ બ્રેડના ટુકડા ખાવામાં પડ્યા ને તેને જવા દીધી. તે પછી દોડતી દોડતી ઝાંપે પહોંચી. જેવી તે ઝાંપા પાસે આવી કે ઝાંપો બંધ થવા માંડ્યો. નતાશાએ તુરત એ ઝાંપાના મિજાગરામાં પોતાની સાથે શીશીમાં લાવેલું તેલ પૂર્યું, એથી એ ઝાંપા બંધ થતા અટકી ગયા ને નતાશા બહાર નીકળી શકી. પણ તે બહાર નીકળતી હતી ત્યાં ઝાપા પાસે દરવાનની જેમ ઊભેલા બર્ચવૃક્ષની ડાળીઓ પવનમાં વીંઝાવા માંડી. તે ડાળઓ નતાશાની આંખોને વાગે તે પહેલાં જ નતાશાએ માસીએ કહ્યા પ્રમાણે રેશમી રીબન બર્ચવૃક્ષને બાંધી દીધી. બર્ચવૃક્ષ તેથી આનંદમાં ઝૂમવા લાગ્યું અને નતાશાને હેરાન કરવાનું છોડી દીધું. નતાશા તેથી સહીસલામત ત્યાંથી જઈ શકી.

બહુ વાર થઈ પણ ચાકરડી નતાશાને લઈને ન આવી એટલે લક્કડપગીને થયું : 'કેમ આટલી બધી વાર થઈ?' તે બારી પાસે આવીને પૂછવા લાગી : 'બેટા! રેંટિયો બરાબર કાંતે છેને!'

બિલાડીએ મોટા અવાજે કહ્યું : 'હા, હા, કાંતું છું.' લક્કડપગીને વહેમ પડ્યો કે આ નતાશાનો અવાજ નથી. આથી તે અંદર ગઈ. ને જુએ તો નતાશા ગાયબ ને બિલાડો રેંટિયો કાંતે! 'અરે તું કેમ રેંટિયો કાંતે છે? પેલી છોકરી ક્યાં ગઈ? એની આંખો તારે ફોડવાની હતીને? એ ભાગી ગઈ?'

'હા, એની આંખો મેં નથી ફોડી. ને એને મેં જ ભાગવા દીધી છે. સાંભળ, લક્કડપગી, હું કેટલાંય વર્ષોથી તારી સેવા કરું છું. તેં મને એક હાડકાનો ટુકડોય ચખાડ્યો છે? ને આ છોકરીએ મને હું ધરાઈ જાઉં એટલું મસાલેદાર માંસ આપ્યું. પછી હું એને જવા જ દઉંને? હું શું કામ તેની આંખો ફોડું?'

લક્કડપગી છંછેડાઈ. તેણે ચાકરડીને ધમકાવી. તો એ કહે : 'તારે વઢવું હોય તેટલું વઢ. પણ સાંભળ, મેં તારી કેટલાં બધાં વરસો સેવા કરી, પણ તેં મને ક્યારેય એક ચીંથરુંયે આપ્યું છે? ને આ છોકરીએ મારા તરફ કેટલી ઉદારતા બતાવી! જો, મને કેટલો સુંદર રેશમી રૂમાલ ભેટ આપ્યો.'

'હા, ને જો સાંભળ.' બાજુમાં ઊભેલા કૂતરાઓ પણ પેલી ચાકરડીના સૂરમાં સૂર પુરાવતા બોલ્યા : 'તેં તો અમને બ્રેડની પોપડી પણ આપી નહોતી ને આ છોકરીએ તો અમને બ્રેડના કેટલા બધા ટુકડા ખાવા આપ્યા. અમે શું કામ એને બચકાં ભરીએ, અમેય એને હેમખેમ જવા દીધી.'

લક્કડપગી આ બધાની વાત સાંભળી ત્રાસી ગઈ. 'તમને બધાને

તેણે કંઈક ને કંઈક આપ્યું તેથી તમે બધાંએ તેને જવા દીધી, એ તો સમજી, પણ પેલા ઝાંપાનું શું? પેલા બર્ચવૃક્ષનું શું? તેણે તો એ છોકરીને રોકવી જોઈતી હતીને! ચાલ, હવે એની ખબર લઉં.' લક્કડપગી, ગુસ્સામાં બબડતી, પગ પછાડતી ઝાંપા પાસે ગઈ. તો કીચૂડ... કીચૂડ... બોલતો ઝાંપો અત્યારે શાંત ઊભો હતો. લક્કડપગીએ જોયું તો મિજાગર પર તેલ લાગેલું હતું. 'જોયું તેં જોયું, એ છોકરીએ મને તેલ પાયું. ને તેં! આટલાં વર્ષો થયાં, તેં અમને કશું પણ પાયું છે? અમે શું કામ બંધ થઈએ?' ઝાંપાએ વગર પૂછ્યે એની કથા કહી. એટલે લક્કડપગીએ ધૂંધવાતાં ધૂંધવાતાં બર્ચવૃક્ષ સામું જોયું. 'કેમ રે! તારાથી એની આંખો પર ઝાપટ નહોતી લગાવાતી?'

'ના, ના, હું શું કામ એને ઝાપટ લગાઉ? તેં ક્યારેય સુતરાઉ કાપડની ચીંદરડી પણ મને આપી છે! જ્યારે આ છોકરીએ તો રૂપાળી રેશમી રીબન મને બાંધી!' બર્ચવૃક્ષે ગૌરવથી કહ્યું.

'હંઅઅઅ... તો એ ચાલાક છોકરીએ તમને બધાંને પોતાનાં કરી દીધાં ને ભાગી, પણ એ ભાગી ભાગીને જશે ક્યાં? હું હમણાં મારી ગાડીમાં જઈ તેને પકડી પાડું છું.' ને તે તેની ખાસ ગાડીમાં બેઠી ને તે ગાડી ચલાવતી ચલાવતી નતાશાની પાછળ પડી.

આ બાજુ થોડેક દૂર ગયા પછી નતાશા બિલાડાના કહ્યા પ્રમાણે નીચી વળીને ભોંય સરસા કાન માંડી સાંભળવા લાગી, તો તેને ખ્યાલ આવી ગયો કે લક્કડપગી માસી આવી રહી છે. તે વધુ ઝડપથી દોડવા લાગી પણ તુરત જ તેણે બિલાડાએ આપેલો ટુવાલ જોરથી પાછળ ફેંક્યો. ટુવાલ જેવો જમીન પર પડ્યો કે તે નદી થઈ ગયો! નતાશા નદીની એક બાજુએ ને લક્કડપગી માસી એની બીજી બાજુએ. લક્કડપગી માસીએ નદીના કિનારે ઊભા ઊભા જોયું તો સામે કિનારે નતાશા ઊભી હતી. તેણે ગુસ્સામાં દાંત કચકચાવ્યા. 'એમ વાત છે, તો જો, છોકરી! હું હવે તને નહીં છોડું.' તે ખીજની મારી ધમધમાટ પાછી ઘેર ગઈ અને બળદગાડી લઈ આવી. તેના બળદોએ આખી નદીનું પાણી પી લીધું. નદી કોરી થતાં પાર કરી વળી તે નતાશા પાછળ પડી. નતાશાએ ફરીથી જમીન પર કાન માંડ્યા, ને સમજી ગઈ કે લક્કડપગી તેની પાછળ આવી રહી છે. તેણે તુરત જ પેલી કાંસકી ફેંકી. કાંસકી જમીન પર પડી તો ત્યાં ગાઢ મોટું જંગલ થઈ ગયું. પેલી લક્કડપગી તો એમાં જ અટવાઈ ગઈ. નતાશાના જીવને શાંતિ વળી. તે પોતાના ઘર તરફ દોડી ગઈ. લક્કડપગી માસી તો જંગલમાં ઘૂમતાં ઘૂમતાં ખીજવાઈ. તે જંગલના ઝાડને દાંતીયા કરવા લાગી! પણ એમ કર્યે કંઈ જંગલ દૂર થાય? એ જંગલમાં રખડતાં રખડતાં ખૂબ થાકી ગઈ. ને છેવટે હારી-થાકી ને લીલા તોરણે જ્યાંથી પોતે આવેલી ત્યાં પાછી વળી.

નતાશાનો પિતા જ્યારે બહારગામથી પાછો ઘેર આવ્યો ત્યારે નતાશાને ન જોતાં પત્નીને પૂછવા લાગ્યો : 'નતાશા ક્યાં છે?'

પેલી કહે : 'નતાશા તો મારી બહેનને ઘેર ગાઉન શીખવા ગઈ છે. હમણાં આવશે.'

ને ત્યાં તો નતાશા દોડતી દોડતી આવી. ને બાપુને ભેટી પડી. ખેડૂતે પૂછ્યું : 'બેટા! ક્યાં ગઈ હતી?' નતાશાએ કહ્યું : 'બસ, માએ લક્કડપગી માસી પાસે ગાઉન શીખવા મોકલી હતી. પણ એ માસી તો મને મારી નાખવા માગતી હતી.'

'હેં! તો તું બચી કેવી રીતે?' ખેડૂતે પૂછ્યું. નતાશાએ બધી વાત માંડીને કરી. ખેડૂતને જ્યારે ખબર પડી કે તેની નવી પત્નીએ નતાશાને મારી નાખવાના હેતુથી જ લક્કડપગી પાસે મોકલી હતી ત્યારે તેને પત્ની પર ગુસ્સો આવ્યો. તેને થયું. લાવ તેને એક જ ગોળીએ વીંધી દઉં.' પણ તેણે તેમ ન કર્યું. તેણે પત્નીને તેના પિતાને ઘેર પાછી મોકલી દીધી.

ખેડૂત ને નતાશા પછી આનંદથી રહેવા લાગ્યાં. બંને મહેનત-મજૂરી કરતાં ને સુખનો રોટલો સાથે બેસીને આરોગતાં!



માધુકરી

રાત્રી મહીં તારા તણો ચમકાર ચમકે બે ઘડી
ઝાંઝવાનાં જળ તણી જળધાર ભાસે બે ઘડી
સ્વાર્થની લાખો ઘડી પણ બંદગી છે બે ઘડી
યાદ રાખો એટલું કે જિંદગી છે બે ઘડી

- ત્રાપજકર

વેદવિદ્ વિષ્ણુદેવ પંડિતને રાષ્ટ્રપતિ ઍવૉર્ડ



આચાર્ય વિષ્ણુદેવ પંડિતને તેમની વેદસાહિત્યની સેવાઓને લક્ષમાં લઈ ભારત સરકારે સંસ્કૃત પંડિતરૂપે રાષ્ટ્રપતિ ઍવૉર્ડ (૧૯૯૬) પ્રદાન કર્યો છે. તેમનો જન્મ ૧૨ માર્ચ, ૧૯૧૫. વતન હળધટવાસ, તા. મહેમદાવાદ, જિ. ખેડા. પહેલેથી જ પરંપરાનુસારનું પાઠશાળા પદ્ધતિનું વ્યાકરણ, વેદાંત, સાહિત્ય વગેરેનું શિક્ષણ કાશીમાં મેળવ્યું. (૧૯૨૮-૩૬). પછી અમદાવાદ આવી ટ્યૂટોરિયલ હાઈ સ્કૂલમાંથી મૅટ્રિક (૧૯૩૮) થયા. ગુજરાત કૉલેજ, અમદાવાદ (પ્રિ. રા. વિ. પાઠક) દ્વારા બી. એ. (સંસ્કૃત) અને એમ. એ. (વેદાંત) મુંબઈ યુનિવર્સિટીમાંથી માનસહિત પાસ કરી અને આ. બા. ધ્રુવનું ધ્યાન ખેંચ્યું. પેટલાદ (૧૯૪૧) ખાતે નારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રધાનાધ્યાપક બન્યા. અમદાવાદ આવ્યા (૧૯૪૭) અને અંબાલાલ સારાભાઈની ઇચ્છાથી 'રિટ્રીટ' ખાતે સંસ્કૃતના શિક્ષક બન્યા. અહીં મૅડમ મૉન્ટેસરિનો પરિચય થયો અને ડૉ. રાધાકૃષ્ણન્ સાથે વેદવિમર્થ પણ. નંદલાલ બોડીવાલાના આગ્રહને વશ થઈ 'સત્સંદેશ'નું સંપાદન અને 'સબકો સન્મતિ દે ભગવાન' (કૉલમ)નું સંપૂર્ણ આલેખન સંભાળ્યું (૧૯૫૨-૫૫). એ પછી ગુજરાત વિદ્યાસભામાં (૧૯૫૫) ગ. વા. માવળંકરની પ્રેરણાથી શ્રીમદ્ ભાગવત સંશોધન આદર્યું. ગુરુ ગંગેશ્વરાનંદજીના સંપર્કે (૧૯૫૮) એમને વેદ સ્વાધ્યાય પ્રવૃત્તિ તરફ લઈ ગયો જેના ફળરૂપે 'ભગવાન વેદ'નું સહસંપાદન કરવાની કપરી કામગીરી પૂરી કરી. આની આડઅસર રૂપે ઈશ્વરભાઈ પટેલની પ્રેરણાથી વેદપરિચય (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ યોજના બોર્ડ, અમદાવાદ) ચોવીસ પુસ્તિકા - લખવાની આવી. એમાં કાકા કાલેલકર, ઉમાશંકર જોશી, ભોગીલાલ ગાંધી, કે. કા. શાસ્ત્રી જેવાની પ્રશંસા સાંપડી. સને ૧૯૭૬-૭૭માં ગુજરાત સરકાર દ્વારા 'વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત પંડિત' રૂપે સન્માન શ્રી કે. કે. વિશ્વનાથનના શુભહસ્તે થયું. હજી વેદ ભાષા ભાષ્ય સ્વતંત્રપણે લખવાની ભાવના હતી. એ માટે જસ્ટિસ એન. એચ. ભટ્ટના પરામર્શથી મધુર જ્યોતિ ટ્રસ્ટ (અમદાવાદ) દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર) મારફતે અનુક્રમે ૧૨ વૉલ્યુમ (પ્રત્યેક ૨૦૦ પૃષ્ઠ) સ્વયં લખ્યા અને પ્રકાશિત કર્યા. આ વીસ વર્ષો દરમ્યાન પંડિતજીએ આંખો ગુમાવી. હમણાં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદના ઉપક્રમે ગુજરાતીમાં વેદકથાઓ (ઋક્, યજુ, સામ, અથર્વ) પ્રકટ થઈ. હજી કિરીટ જોશી અને ડૉ. મંડનમિશ્રની ભાવનાથી વેદને હિન્દીમાં અવતારવાનું કાર્ય અન્ય લેખકોનો સાથ લઈ કરી રહ્યા છે. આ સિવાય પંડિતજીનું પ્રદાન : કૃષ્ણકથા, શિવકથા, શક્તિકથા, ભાગવતકથા; ચરિત્રગ્રંથો; શ્રીમહાપ્રભુજી, શ્રીમદ્ શંકરાચાર્યજી; પ્રવાસકથા, ભારતતીર્થદર્શન, હિન્દુધર્મ દર્શન, સુભાષિપત રત્ન ભાંડાગાર, ઇત્યાદિ. વિવિધ સંદર્ભો ઉપર વ્યાખ્યાનો : વેદ અને આયુર્વેદ (વૈદ્ય સંમેલન, લોદ્રા), ઋત અને સત્ય (વેદ કૉન્ફરન્સ, મદ્રાસ), વેદદર્શનમીમાંસા (એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા), વૈદિક પરંપરા (અધ્યક્ષીય પ્રવચન, વેદસંમેલન, અંબાજી) વગેરે. ઍવૉર્ડ મળ્યા : દધીચિ ઍવૉર્ડ (અમદાવાદ), વેદશાસ્ત્ર ભાસ્કર (કાંચિ કામકોટિપીઠ, કાંચીપુર). ફેલોશિપ પ્રાપ્ત થઈ : મહર્ષિ સાંદીપનિ રાષ્ટ્રીય વેદવિદ્યા પ્રતિષ્ઠાન કેન્દ્ર, ઉજ્જૈન. આકાશવાણી અમદાવાદ-વડોદરાના ઉપક્રમે અમૃતધારા, વિવિધ વાયુવાર્તાલાપો અને હમણાં સ્મરણયાત્રા (ડૉ. ગોવિંદભાઈ શાહ)નું ધ્વનિમુદ્રણ થયું. વેદભાષા ભાષ્યો ૧૨ ગ્રંથો; ગુજરાતીમાં વેદ પરિચય - ૨૪ પુસ્તિકાઓ; ભાગવત-પુરાણ-ધર્મ-ચરિત્ર ઉપર આધારિત ૧૫૦ નાની મોટી પુસ્તિકાઓ. આમ, ૧૫૦ જેટલાં પુસ્તકો એમની અક્ષરઆરાધના રૂપે આપણને મળ્યાં છે. ના, એમણે વેદોના કેવળ અનુવાદ નથી કર્યા. સમગ્ર પરંપરા સ્વીકારી પંડિતજીએ વેદના મંત્રોનું ભાષ્ય, વિવરણ અને અર્થદર્શન ગુજરાતીમાં કર્યું છે. અહીં એમનો દૃષ્ટિકોણ સ્પષ્ટપણે ભારતીય રહ્યો છે અને ક્યાંક મૌલિક અર્થઘટનો પણ કર્યા છે. (દા.ત. વિશ્વામિત્ર - વિશ્વના મિત્ર, મેધાતિથિ - તિથિએ તિથિએ જેની મેધા વિકસે તે). ઋગ્વેદ કથામાં મધુરછંદા ઋષિની કથા હૃદયસ્પર્શી બનેલી અને એ વાંચતાં-સંભળાવતાં પં. સુખલાલજી ડોલી ઊઠેલા એનો આ લખનારને અનુભવ છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં એમની વેદકથાઓનું મૂલ્યાંકન થવું હજી બાકી છે એમ કહીશું.

- હરીશ પંડિત

ગાજર

શિયાળો એટલે ગાજરની ઋતુ. જે લોકો પાક અને વસાણાં ખાઈ શકતા નથી તેમને માટે ગાજર કુદરતની એક ભેટ છે. ગાજરનો ઉપયોગ મોટે ભાગે આહારદ્રવ્ય તરીકે થાય છે.

શિયાળામાં પોષણ માટે લોકો ગાજરનો હલવો, ગાજરનો મુરબ્બો અને ગાજરનો રસ પીએ છે. ગાજર નીચે પ્રમાણે ઔષધીય ગુણો પણ ધરાવે છે :

૧. જે વ્યક્તિને હાથે પગે સોજા આવ્યા હોય તેણે ગાજરનું શાક બનાવીને ખાવાથી લાભ થાય છે.
૨. ઘીમાં બનાવેલું ગાજરનું શાક દહીં સાથે ખાવાથી હરસનો રોગ મટે છે.
૩. ખૂબ ઝાડા થયા હોય તો ગાજરનો સૂપ પીવો.
૪. કમળાના રોગીએ ગાજરનો ઉકાળો પીવાથી કમળામાં આવેલી અશક્તિ અને લોહીની ઓછપ દૂર થાય છે.
૫. ગાજરના સેવનથી પેશાબની છૂટ થાય છે, અટકી અટકીને આવતો પેશાબ સાફ થાય છે.
૬. બાળકોને પેટમાં કૃમિ થયા હોય તો કાચાં ગાજર ખાવા આપવાં.
૭. ગાજરને છીણી તેમાં મીઠું ભેળવીને તેને ખદબદાવી ખરજવા પર બાંધતાં ખરજવું મટે છે.
૮. શ્વાસના રોગી માટે ગાજરનો રસ સારો છે. તે ફેફસાંમાં જમા થયેલો અને ચોંટી ગયેલો કફ છૂટો પાડી ફેફસાં સાફ કરે છે.
૯. રતાંધળાપણું હોય, આંખની ઝાંખપ થતી હોય, આંખ નબળી પડતી જતી હોય તો ગાજરનો રસ પીવાથી ફાયદો થાય છે.
૧૦. પાંડુરોગીઓએ લોખંડની તવીમાં બનાવેલું ગાજરનું શાક ખાવું જોઈએ. આમ કરવાથી લોહીના રક્તકણો વધે છે.
૧૧. ગાજરનાં બીને પાણીમાં ઉકાળીને જો સ્ત્રીઓ લે તો જેને માસિક સાફ આવતું ન હોય કે દુઃખાવા સાથે આવતું હોય તો દુઃખાવા વગર સાફ આવે છે. - વૈદ્ય નીમિષ ઓઝા

સ્વાસ્થ્ય અને આહાર

સ્વાસ્થ્ય એ માનવજાત માટે અમૂલ્ય ચીજ છે. તેને જાળવી રાખવું તેટલું જ મહત્ત્વનું છે. આજની આપણી જીવનપદ્ધતિ એવી છે કે તેનાથી શારીરિક અને માનસિક તનાવ રહે છે, તો બીજી બાજુ 'ફાસ્ટ ફુડ' જેવા મેંદો, સાકર, મીઠું તેમ જ ચીઝ, પનીર જેવા ચરબીયુક્ત ખોરાક ખાવાથી અને વધુ બેઠાડું જીવન બની જતા જાતજાતના રોગો થાય છે ને ચરબી વધી જાય છે. આપણું સાચું સ્વાસ્થ્ય એ છે કે જેમાં આપણે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે આપણા જીવનના બધા જ ધ્યેય પૂરા કરી શકીએ. માત્ર રોગથી મુક્ત રહેવું તે સ્વાસ્થ્ય નથી. સ્વાસ્થ્ય જાળવવા માટે દરેક વ્યક્તિને પોતાના શરીરની રચના અને તેની જરૂરિયાત સમજવી જરૂરી બને છે. સુંદર, સુદૃઢ, સરસ મજાનું સ્વાસ્થ્ય જાળવવા માટે ઉત્તમ આહારની સાથે સ્વચ્છ હવા-ઉજાસ, પાણી, સૂર્યસ્નાન, આરામ, નિદ્રા, કસરત, માનસિક શાંતિમાં યોગ્ય આનંદ પ્રમોદનાં સાધનો, સાત્ત્વિક વાચન અને મિત્રોનો સાથ મળે તો જ માનસિક અને શારીરિક તંદુરસ્તી જાળવી શકાશે.

આપણા રોગ-મુક્ત સારા સ્વાસ્થ્ય માટે, આપણે આપણા રોજિંદા જીવનમાં આહાર કેવો, કેટલો અને કયા સમયે લેવો તે જાણવું જરૂરી છે. આપણે આપણા રોજના જીવનમાં કેટલી શારીરિક અને માનસિક શક્તિનો ઉપયોગ કરીએ છીએ; અને તે પ્રમાણે આપણો આહાર નક્કી કરીએ; કારણ આપણી શક્તિ, સ્ફૂર્તિ અને તંદુરસ્ત સ્વાસ્થ્યનો આધાર આપણા આહાર પર જ આધારિત છે. આપણું શરીર કુદરતનો એક ભાગ છે. માટે જેમ બને તેમ કુદરતી આહાર - શાકભાજી, ફળો, અનાજ, કઠોળમાં પણ ફણગાવેલાં કઠોળ તેમજ તાજો ખોરાક ખાવાનો આગ્રહ રાખો. પ્રાચીનકાળમાં આપણી વનસંસ્કૃતિ હતી. આપણા ઋષિઓ કુદરતી ફળો ઉપર જ જીવતા હતા. એ લાંબું આયુષ્ય ભોગવતા અને સ્વાસ્થ્ય નીરોગી રહેતું.

પરંતુ શહેરીકરણ - યંત્રીકરણને લીધે ગીચ વસ્તી, સ્વચ્છ હવાપાણીમાં વિકાર, ખોરાકમાં ભેળસેળ વગેરે ને લીધે આપણો આહાર કુદરતને આધીન ન રહેતાં તેમાં પણ કૃત્રિમતા પ્રસરી અને તેને લીધે અનેક રોગો વધ્યા છે. ખાદ્ય પદાર્થ સાથે આપણે જેટલા ઓછા ચેડા કરીશું તેટલું તેનું સારું પરિણામ આવશે. કાચાં શાકભાજી ખાવાથી તેનાં પોષક તત્ત્વો જળવાઈ રહે. રોજનું એક કેળું ખાવાનો નિયમ રાખો તો કબજિયાત થતી નથી અને કબજિયાત ન થાય તો કોઈ રોગ જલદીથી થતા નથી. કારણ તમારામાં રોગપ્રતિકારક શક્તિ વધતી જાય તો રોગનો સામનો આસાનીથી કરી શકો.

આપણે સૌ આપણી જરૂરિયાત કરતાં વધુ જ ખાઈએ છીએ. તેનાથી આપણી ચરબી-મેદ વધે છે. બધાં જ મશીનો આવી જવાથી શારીરિક શ્રમ ઓછો થતાં ખાસ કરીને આર્યનારીના સાત યજ્ઞ ભુલાઈ ગયા અને તેથી કસરતો, યોગ-વર્ગો, સ્લીમ પિલ્સ, સ્લીમ પાઉડર, એરોબિક્સના વર્ગો અને ખાસ આહારશાસ્ત્રીની મુલાકાત વધતી જાય છે અને તે ફેશન પણ ગણાય છે; અને સામાજિક મોભો પણ. પરન્તુ આર્યનારીના સાત યજ્ઞ ચૂલો, ચરખો, ઘંટી, વલોણું, ખાંડણિયું, પાણિયારું અને સીંચણિયું ફરી પાછું અપનાવાય તો આપણો નારીસમાજ તો તંદુરસ્ત બને પણ સાથેસાથે કુટુંબનાં બાળકો પણ આ શ્રમની કિંમત જાણે. શરૂઆત કુટુંબથી થાય, પછી સમાજ અને પછી જગત. - લીના શેઠ ('સ્વસ્થ-માનવ'માંથી)

એપ્નીઆ

ભૂખ અને તરસ જેવી જ જીવનધારક જરૂરિયાત ઊંઘ છે. શ્વાસ લેવાની તકલીફ સાથે વ્યક્તિ આખી રાત સંઘર્ષમાં પસાર કરે છે. આ બીમારી 'એપ્નીઆ' તરીકે ઓળખાય છે. એપ્નીઆ એટલે ઊંઘ દરમિયાન શ્વાસ લેવાની શક્તિમાં રૂકાવટ ઊભી થવી તે. રૂકાવટ ૨૦ સેકન્ડથી માંડી એક મિનિટ કે તેથી વધુ હોઈ શકે છે. વ્યક્તિ અર્ધજાગૃત થઈ રીતસર નાકના અવાજ સાથે બહારની હવા શ્વાસમાં ન લે ત્યાં સુધી આ સ્થિતિ ચાલુ રહે છે. પછી તરત જ તે ફરી ગાઢ નિદ્રામાં પોઢી જાય છે અને ઉપર પ્રમાણેનું ચક્ર ફરી શરૂ થાય છે.

જેમનામાં જોમ અથવા શક્તિ, વિનોદવૃત્તિ અને એકાગ્રતા ઓછાં હોય તેમ જ દિવસ દરમિયાન, ખાસ કરીને લખવા-વાંચવા જેવી બેઠાડું પ્રવૃત્તિ દરમિયાન જાગરૂક કે સભાન રહી શકવાની ક્ષમતા ઓછી હોય તેમને એપ્નીઆ લાગુ પડે છે. નવાઈની વાત તો એ છે કે એમાંના ૮૦ ટકાને ખબર જ નથી હોતી કે એમને નિદ્રારોગ લાગુ પડ્યો છે. ઊંઘને હરામ કરતો, નાકથી શ્વાસ લેવામાં મુશ્કેલી ઊભી કરતો આ વ્યાધિ ગંભીર છે. વળી, જેઓ પોતાના વ્યાધિથી જ્ઞાત છે, તેમાંના મોટા ભાગનાને છેક દસ-પંદર વર્ષ પછી ખબર પડે છે કે શા માટે તેમને તૂટકતૂટક ઊંઘ લેવી પડે છે અને હંમેશાં થાક લાગ્યા કરે છે. નિદ્રાવિક્ષેપની એપ્નીઆની બીમારી કઈ રીતે ઉદ્ભવે છે એ જાણવા જેવું છે : મોં અને ગળા પાછળ આવેલા સ્નાયુઓ ઊંઘની તૈયારી વખતે શિથિલ બને છે અને તેને લીધે હવાની અવરજવરના માર્ગમાં ભંગાણ પડે છે. પરિણામે નાકથી શ્વાસ લેવામાં દુર્ગમ અવરોધ ઊભો થાય છે. કાર્બન ડાયોક્સાઈડયુક્ત લોહીની સપાટી અને ઑક્સિજનયુક્ત લોહીની સપાટી નીચી જતાં ઊંઘતા માણસને શ્વાસ લેવાની તકલીફ થવા લાગે છે. આખરે ગાઢ નિદ્રા છોડીને એ બહાર આવે છે, જેથી સ્નાયુને યથાયોગ્ય કાર્યરત કરી શકાય. હવે સક્રિય સ્નાયુ હવાની આવન-જાવન ખુલ્લી કરે છે અને શ્વસન શક્ય બનાવે છે. વ્યક્તિ પુનઃ નિદ્રાધિન થાય છે, પણ શ્વાસની રૂકાવટ ફરી ઊભી થાય છે. આમ વચ્ચે જાગ આવી જાય છે, જેનાથી વ્યક્તિ તદ્દન અજાણ હોય છે.

સામાન્ય રીતે મોટી ઉંમરના લોકોને એપ્નીઆ થતો હોય છે. જો કે કેટલાક કિસ્સામાં બાળકો પણ તેનો ભોગ બને છે. આ બીમારી આનુવંશિક છે, એમ ક્લીવલેન્ડ, અમેરિકાની કેસ વેસ્ટર્ન રિઝર્વ યુનિવર્સિટીના સુશ્રી સુસેન રેડલાઈને અભ્યાસને આધારે તારણ કાઢ્યું છે. તેઓ ફેફસાંસંબંધી રોગોનાં નિષ્ણાત છે. આનુવંશિક જનનશાસ્ત્રીય ઘટકોમાં વારસાગત ચાલી આવતી વધુ વજનની સમસ્યા પણ હોઈ શકે. કેટલાક જાડા લોકોનો ગરદનનો ભાગ મેદયુક્ત માંસપેશીને કારણે અતિશય ફૂલેલો હોય છે. એનાથી હવાની અવરજવરનો માર્ગ રૂંધાય છે. આ પણ એપ્નીઆનું કારણ બને છે. આ લોકો શરીરનું વજન ઘટાડે તો એપ્નીઆને હટાવી શકાય છે.

મોં અને ગળાની વિકૃતિઓ પણ નિદ્રાવરોધો અને એપ્નીઆ લાવે છે. નાક દ્વારા લેવાતા લયબદ્ધ શ્વાસ કરતાં એપ્નીઆમાં શ્વાસનું સ્વરૂપ જુદું હોય છે. વ્યક્તિ શ્વાસમાં અડચણો અનુભવે છે. આ ગંભીર સ્થિતિ કેટલાંક દુષ્પરિણામો નોતરે છે, જેમ કે ઊંચું રક્તચાપ, હૃદયના ધબકારામાં અવ્યવસ્થા, હૃદયરોગનો હુમલો, મગજની નસ તૂટી જવી, તત્કાળ મૃત્યુ વગેરે.

એપ્નીઆના રોગીમાં જણાતી અવ્યવસ્થાનો તબીબી અભ્યાસ શ્વાસમાપક યંત્ર વડે થઈ શકે છે. આખી રાત આ સાધન દરદી સાથે લગાડી રાખવામાં આવે છે; પરંતુ ઝીણવટભર્યો ચોક્કસ અભ્યાસ તો દરદીને નિદ્રા-પ્રયોગ ખંડમાં રાખીને જ થઈ શકે.

દિનચર્યામાં જરૂરી ફેરફાર કરી શિસ્તબદ્ધ નિયમપાલનથી આ રોગનું નિયંત્રણ કરી શકાય છે; જેમ કે રોજ અમુક સમયે સૂઈ જવું, અમુક સમયે ઊઠી જવું, નિયમિત વ્યાયામ કરવો, જરૂરતથી વિશેષ વજન વધવા ન દેવું અને સૂતાં પહેલાં ધૂમ્રપાન કે શરાબપાનથી દૂર રહેવું. રોગનું ઉગ્ર સ્વરૂપ ધરાવતા દરદીને ઊંઘ દરમિયાન નાક અને મોઢા પર મુખ-આવરણ (માસ્ક) પહેરાવી રાખવામાં આવે છે, જેની સાથે હવાફૂંકણી લગાડેલી હોય છે. ફૂંકણી નાકના માર્ગમાં હવા ફેંકે છે. આમ, હવાની અવરજવર ખુલ્લી રાખતી આ સારવાર-પદ્ધતિ 'નિરંતર ભાવાત્મક હવાપ્રવેશ' (કન્ટીન્યુઅલ પૉઝિટિવ ઍરવે પ્રેશર CPAP) તરીકે ઓળખાય છે. આ સારવારથી દિવસ દરમિયાનની શારીરિક અસ્થિરતા અથવા સુસ્તતા અને હૃદય-ફેફસાંને લગતી સમસ્યાઓ દૂર થઈ શકે છે અને લયબદ્ધ શ્વસન પાછું લાવી શકાય છે. જો કે CPAP ની કેટલીક આડઅસરો પણ છે, જેમ કે નાકમાં બફારો થતો હોય અને સતત કંઈક હલતું હોય તેવું લાગ્યા કરે અને ચહેરા પર અસુવિધાજનક સંવેદન થયા કરે. દબાણપૂર્વક હવાનો થતો પ્રવેશ અનેક તકલીફો નિપજાવે છે. છતાં પણ એપ્નીઆની આ સારવાર મૂળ પદ્ધતિ કરતાં વધુ સારી છે. મૂળ પદ્ધતિ ટ્રેકિયોસ્ટોમી તરીકે ઓળખાય છે. તેમાં ઑપરેશનથી ગળામાં શ્વસનછિદ્ર કરવામાં આવે છે, જેથી કરીને નિદ્રા સંબંધી રુકાવટો ખાળી શકાય.

જેઓ CPAPનો ઉપયોગ ન કરી શકે, તેઓ વ્યક્તિગત સુવિધાને ધ્યાનમાં રાખી બનાવાયેલ નાનું મુખસાધન વાપરી શકે. તે નિદ્રાવસ્થામાં મોંના ભાગોને વિશ્રાંતિ બક્ષે છે.



જહાંગીરને અવનવાં રંગબેરંગી પુષ્પો અને પક્ષીઓનાં ચિત્રો કરાવવાનો શોખ હતો. આ ચિત્ર તેણે કાશ્મીરની મુલાકાત લીધી ત્યારે કરાવેલું. પણ આ ચિત્ર તેના ચિત્રકાર ઈખલાસે સાંભળેલા વર્ણનના આધારે કર્યું લાગે છે, કેમ કે કબૂતરના શરીર પર અન્ય પક્ષીનાં પીંછાં લગાડી દીધાં છે;જ્યારે નીચેની જોડી તદ્દન જુદી જ લાગે છે. ચિત્ર' ગાઉચે ' પદ્ધતિથી તૈયાર કર્યું છે, જેમાં સૂકા રંગોને કોઈ માધ્યમાં મિશ્રિત કરીને તે બનાવાય છે.



કમલપુષ્પ સાથે રાજકુમારી : ઈ. ૧૭૫૦નું અવધનું એક ચિત્ર

નિદ્રાવ્યાધિ દૂર કરવાનો ઉકેલ જે કંઈ હોય, તેનો ઉદ્દેશ ફક્ત નસકોરાંની અવાજપ્રક્રિયા ઘટાડવાનો નહિ, બલકે દરદીનું મૂળ શ્વસન પરત લાવવાનો અને હૃદયનું કાર્ય તેમજ લોહીની અંદરના વાયુનું પ્રમાણ સમધારણ રાખવાનો હોવો જોઈએ. નિશ્ચિત સમયને અંતરે દરદીનું અવલોકન થતું રહેવું જોઈએ, કારણ કે સામાન્ય રીતે દરદીમાં જૂની આદતો પાછી આવી જતી હોય છે અથવા તે શ્વસનસાધન વાપરવાનું બંધ કરી દેતો હોય છે.

('લોકૉસ્ટ ફીચર્સ'માંથી)

૧૯૯૫ના સૌથી વધુ ૧૦ ઘાતક રોગો
(વિશ્વ આરોગ્ય સંગઠનના રિપોર્ટ અનુસાર)

	રોગ	મૃત્યુના આંકડા લાખમાં
૧.	શ્વાસના ગંભીર ચેપ	૪૪.૦૦
૨.	ક્ષય	૩૧.૦૦
૩.	અતિસાર	૩૧.૦૦
૪.	મેલેરિયા	૨૧.૦૦
૫.	કમળો	૧૧.૦૦
૬.	ઓરી	૧૦.૦૦
૭.	એચ.આઈ.વી. (એઈડ્ઝ)	૧૦.૦૦
૮.	નવજાત-ધનુર	૫.૦૦
૯.	ઊટાંટિયું	૩.૫૫
૧૦.	ગોળ કૃમિ / અંકોડા કૃમિઓ	૧.૬૫

ઇજનેર ખેડૂત બન્યા

'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી' એ કહેવત જાણીતી છે. આપણા ધીરેન્દ્રભાઈ ઇજનેર બન્યા, કારખાનામાં જોડાયા. તક મળતાં પોલિટેક્નિકમાં અધ્યાપક બન્યા, શહેરમાં મન માન્યું નહીં એટલે શહેર છોડી ગામડામાં આવ્યા.

ભરૂચ જિલ્લાના રાજપીપળા તાલુકાના સાકવા ગામે ૧૯૮૬માં બે એકર જમીન ખરીદી, થોડીઘણી બચત કરેલી, તે તેમાં રોકી. મિત્રમંડળમાં ઇજનેર જવાહરભાઈ પંડ્યા. તે પણ બાજુના ગામમાં વસ્યા, ગુરુ મહેન્દ્રભાઈ ભટ્ટ પણ ઇજનેર. તેઓ સપરિવાર માંગરોળમાં 'પ્રયાસ' સંસ્થા ચલાવે છે. સમગ્ર ગ્રામ-વિકાસની ધૂણી ધખાવી બેઠા છે. સજીવ ખેતી કરે છે. ગ્રામોદ્યોગમાં બહેનોને દાળચોખા બનાવતાં શીખવે છે. તેમાંથી રોટલા રળતા કર્યાં છે. એક લુહારી-સુથારી વર્કશૉપ ચલાવે છે. તાલીમ સહઉત્પાદન દ્વારા યુવાનોને રોજી કમાતા કરવાનું કામ શરૂ કર્યું છે.

આ ઇજનેર ત્રિપુટીએ ખેતી અપનાવી છે. તેમાં માત્ર સજીવ ખેતી કરવાનું નક્કી કર્યું છે. ગાંધીજીના રંગે રંગાએલા આ મિત્રો માનવીય ટેક્નોલૉજિ ફોરમ ચલાવે છે. તેમાં શહેરી ઇજનેરો જોડાયા છે. આપણા ધીરેન્દ્રભાઈ સંપૂર્ણ ખેડૂત બન્યા છે.

ખેતીનો કક્કો ન જાણનાર ધીરેન્દ્રભાઈ સપરિવાર સાકવાના ખેતરમાં ઘર બાંધી રહ્યા છે. કૂવો બનાવ્યો છે. ગૅસપ્લાન્ટ બનાવ્યો છે. એક બળદ પાળ્યો છે. જમીન હલકી કાળી છે. મધ્યમકક્ષાની જમીનમાં દસ વર્ષથી સજીવ ખાતરો આપી, પાનપથારીની પદ્ધતિ અપનાવી, મિશ્ર પાકની ખેતી કરે છે, તેથી જમીન સુધરી છે. સમયસર ખેડ, ખાતર, વાવણી, નિંદણી, કાપણી, ઝુડણી, ઊપણવું, સાફ કરવું વગેરે કામો મોટે ભાગે પોતે અને કુટુંબનાં સભ્યો કરે છે. ક્યારેક જરૂર પડે, પાડોશીઓની મદદ લે છે અને આપે છે. તેમના પરસેવાના પરિપાકરૂપે અન્ન સ્વાવલંબી બન્યા છે. ખેતરના ફરતે ૬૦ જાતનાં ઝાડ ઉગાડ્યાં છે; તેમાં ફળાઉ, જલાઉ, ઇમારતી વગેરે ઝાડ તૈયાર થઈ રહ્યાં છે. તેમાંથી ફળ-ફળાદિ ભરપેટે મળે છે. દર વર્ષે કુટુંબને જરૂરી અનાજ, કઠોળ વગેરે અંદાજે નીચે પ્રમાણે પકવે છે :

ઘઉં ૭૦-૮૦ કિલો, ચોખા ૭૫-૧૦૦ કિલો, જુવાર ૪૦-૬૦ કિલો, મકાઈ ૫૦-૭૫ કિલો, બાજરી ૫૦-૭૫ કિલો, મગ ૧૦-૨૦ કિલો, અડદ ૧૫-૨૦ કિલો, તુવર ૫૦-૭૫ કિલો, ચોળા ૧૦-૧૫ કિલો, વાલ ૨૦-૨૫ કિલો, મગફળી ૫૦-૭૫ કિલો, તલ ૨-૫ કિલો, ચણા ૨૦-૪૦ કિલો, રાઈ ૫-૧૫ કિલો, રાજગરો ૨-૪ કિલો, કાંદા ૭૫-૧૦૦ કિલો તથા ફળફળાદિ મોસમ પ્રમાણે ધરાઈને ખાવા મળે છે. આજુબાજુના પડોશીઓને પણ આપે છે. બળદ એક જ રાખ્યો છે જરૂર પડે સૂંઢેલ કરે છે.

અખાત્રીજથી દર વર્ષ નવી ખેતીના શુભ ગણેશ માંડે છે. હોળી સુધી ચોમાસુ, શિયાળુ ખેતીમાં રચ્યાપચ્યા રહે છે. સાથે શાકભાજીની નાનકડી વાડી બનાવી છે. તેમાંથી મોસમ પ્રમાણે ભીંડા, ગુવાર, ચોળી, સુરણ, શક્કરિયાં, રીંગણ, મરચાં, ટામેટાં, ગલકાં, દૂધી, કોળાં ખાવા મળે છે. ઢાળિયા પર કેળ, પપૈયા કરે છે, તે અવારનવાર ખાય છે.

રાસાયણિક ખાતર અને ઝેરી જંતુનાશક દવાના કટ્ટર વિરોધી છે. સજીવ ખેતી પરવડે નહીં, એવું ભણેલાગણેલા ખેતીના જાણકારો માને છે. આપણા ધીરેન્દ્રભાઈને ખાતરી થઈ ગઈ છે કે, સજીવ ખેતી જેવી ઉત્તમ બીજી કોઈ ખેતી નથી.

ખેતી સાથે નાનકડી સુથારી, લુહારી કોઢ રાખી છે. ખેડૂતભાઈઓનાં નાનાં મોટાં ઓજારો સુધારવાનું કામ કરી આપે છે અને પૂરક રોજી મેળવે છે.

જીવનસાથી સૌ. સ્મિતાબહેન, ચિ. વિશ્વેન, ચિ. ભાર્ગવ તન, મન, ધનથી પ્રેમપૂર્વક ધીરેન્દ્રભાઈને સાથસહકાર આપે છે. કુટુંબમાં કોઈને પણ આ જીવન વિષે ફરિયાદ નથી. બળજબરીથી બાવા બન્યા નથી.

ભણેલું-ગણેલું કુટુંબ ગામડામાં રહીને અભણ, ગમાર રહેવા માગતું નથી. ૧૯૯૫માં ધીરેન્દ્રભાઈ દક્ષિણ ભારતમાં મદ્રાસ એક વિજ્ઞાનની પરિષદમાં ગયા હતા. ત્યારે ૮-૧૦ સજીવ ખેતીના પ્રયોગવીર ખેડૂતભાઈઓની ખેતીની મુલાકાત લઈ આવ્યા. જાણે એક જ ડાળનાં પંખીને મળ્યા હોય તેમ. ખૂબ ખૂબ નવું નવું જોઈજાણી લાવ્યા છે. આજુબાજુનાં ગામના લોકોનો પ્રેમ મેળવી લીધો છે. કોઈને પણ તે પારકા લાગતા નથી. ધીરેન્દ્રભાઈનું સ્વપ્ન ખેડૂત બનવું, ખેતીમાંથી જ જીવન જીવવું, કુટુંબને જિવાડવું તથા પ્રકૃતિને ખોળે મસ્તીથી ખાવું-પીવું અને અને આનંદ કરવો. - રાજુભાઈ જંત્રાણિયા

પરસેવાની પરબ

મનુભાઈ મૂળ ધાણી ગામના વતની છે. સાસરું વ્યારામાં છે. એક ભાઈ ટપાલ ખાતામાં કામ કરે છે. પોતે દુધ મંડળીના મદદનીશ તરીકે કામ કરે છે. પત્ની શાંતાબહેન ખૂબ જ મહેનતુ છે. આખું કુટુંબ મહેનત કરી જીવન જીવે છે.

દસ વર્ષ પહેલાં દૂધ મંડળીમાંથી લોન લઈને એક સંકર ગાય ઘર આંગણે બાંધી હતી. આજે તેના વંશ વેલામાંથી ત્રણ-ચાર દૂઝણી ગાયો થઈ ગઈ છે. વાછરડાં, વાછરડીઓ પાંચ સાત વેચ્યાં. આજે બે-ત્રણ નાનાં વાછરડાં-વાછરડી છે. સવાર-સાંજ મંડળીમાં દૂધ ભરે છે. ઘરનો ખર્ચો તેમાંથી નીકળે છે.

ઘર રસ્તા પર છે. પાછળ રેફરલ હૉસ્પિટલ આવી, આગળ પશુ દવાખાનું છે. રસ્તા પરથી શાળાના તથા કૉલેજના અસંખ્ય વિદ્યાર્થીઓની આવનજાવન રહે છે. વટેમાર્ગુઓ પણ ઘણી સંખ્યામાં દિવસ-રાત આવ-જાવ કરે છે.

ઉનાળામાં ધોમધખતા તાપમાં આવતાં-જતાં ભાઈ-બહેનોને ઠંડું પાણી પીવાનું મળે એ ઇચ્છાએ એક માટીની ગોળી લઈ આવ્યા, આંગણામાં એક છાંયડો મળે તેવી કામચલાઉ વાંસ-ઘાસની ઝૂંપડી બાંધી, નીચે રેતી પાથરી પોતાની મહેનતથી એક પરબ શરૂ કરી, પાણી પીનારાઓની સંખ્યા વધવા માંડી આખો દિવસ ઠંડું પાણી મળી રહે એ માટે એકની બે ગોળી કરી, તે ઓછી પડવા માંડી. તેથી બેની ચાર ગોળી કરી, તે પણ ઓછી પડતાં ચારથી છ છ ગોળી પાણી ભરવા માંડ્યું.

વહેલી સવારે ઊઠીને છાણ-વાસીદું કરીને, મહેનતથી પાણી ભરી લાવીને સ્વચ્છ, સુંદર પરબડીમાં ઠંડું પાણી વટેમાર્ગુઓને પીવા મળે એ જ આશયથી, પોતાના પરસેવાની પરબડી શરૂ કરી છે. તેમના આ સાહસમાં પડોશીઓ મદદરૂપ થયા છે.

ધનિકોને કોઈકની યાદમાં ખર્ચ કરીને પરબડી મંડાવે છે, મનુભાઈનું કુટુંબ આપ મહેનતથી પરબડી માંડીને ઠંડું પાણી આપીને, વટેમાર્ગુઓને હાશ પહોંચાડે છે. - **રા. જંત્રાણિયા**

હાલ્લેથી થરાંગામ્બડી

તમિળનાડુના કોરોમાન્ડેલ કિનારે અચાનક જઈ ચડનાર પ્રવાસીનો સંપર્ક પુરાતન પણ હજી સુધી નાબૂદ ન થયેલાં એક જર્મનનાં પાદચિહ્નો સાથે થવાનો સંભવ છે. આ જર્મનનું નામ હતું : બાર્થોલોમાઉસ ઝિએગેનબાલ્ગ. તેઓ સાઆલે નદીના હાલ્લે ગામના હતા.

લગભગ ૨૮૯ વર્ષ અગાઉ, જુલાઈ ૧૭૦૬ની સાલમાં ઝિએગેનબાલ્ગ તત્કાલીન ડૅનિશ વસાહત ટ્રાન્કયુબાર ખાતે આવી પહોંચ્યા હતા. આજે થરાંગામ્બડીને નામે ઓળખાતું એ સ્થળ મદ્રાસની દક્ષિણે સો એક કિલોમીટર દૂર આવેલું છે. ૭મી મે ૧૭૦૩ના દિવસે તેમણે ખરેખર તો હાલ્લે વિદ્યાપીઠની ફૅકલ્ટી ઑફ થીઓલૉજિમાં અભ્યાસ કરવા નામ નોંધાવ્યું હતું, પરંતુ તબિયતને કારણે તેમણે તુરત જ અભ્યાસ પડતો મૂકવો પડ્યો હતો. તે વખતે હાલ્લેનગર પિએટીઝમની ઇવાનગેલિકન રિફૉર્મ મુવમેન્ટ ચલાવનાર ઑગસ્ટ હરમન્ન ફ્રાંકેની અસર હેઠલ હતું. આ ઝુંબેશના ટેકેદારો ચર્ચ અને વિશ્વમાં નવી ચેતનાનો સંચાર કરીને માનવજાતમાં નવા પ્રાણ પૂરવા મથી રહ્યા હતા. તેઓ પોતાનો આ સંદેશ આખાય જગતમાં ફેલાવવા મથામણ કરી રહ્યા હતા. ફ્રાંકેના વિચારો ઝિએગેનબાલ્ગ માટે પ્રેરણારૂપ બન્યા. ૧૭૦૬ના વર્ષમાં ડેન્માર્કના રાજા ચોથા ફ્રેડરિક દ્વારા ઝિએગેનબાલ્ગને એક મિશનરી તરીકે દૂર દૂર આવેલા ભારતના ટ્રાન્કયુબારમાં જવાની ઑફર કરાઈ ત્યારે તેમણે પોતાના નબળા આરોગ્યની પરવા ન કરતાં તે સ્વીકારી લીધી.

૧૬૨૦ના વર્ષમાં તાંજોરના રાજાએ ૧૮ તોપો અને બીજી કેટલીક ભેટોના સાટામાં ડૅનિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કમાંડરને દક્ષિણ ભારતના દરિયાકિનારાની જમીનનો ૫ x ૩ માઈલનો જે પટ્ટો આપેલો તેમાં થરાંગામ્બડી ગામનો સમાવેશ પણ થયેલો હતો. ઝિએગેનબાલ્ગ ત્યાં ૮૬ વર્ષો પછી પહોંચ્યા ત્યારે કંઈ કોઈએ તેમનું ઉત્સાહપૂર્ણ સ્વાગત કર્યું નહોતું. એ વિસ્તારમાં સ્થાયી થયેલા કૅથલિક મિશનરીઓને આ હરીફનો ડર લાગ્યો. ખ્રિસ્તી ડચ પાદરીઓ સાથે કામ પાડવાનો બહુ સારો અનુભવ ન ધરાવનાર ભારતીયોને પણ તેમના પર વિશ્વાસ બેઠો નહિ. વસાહતના અધિકારીઓએ ગુસ્સાભર્યો પ્રતિભાવ દર્શાવતા ગવર્નરે ઝિએગેનબાલ્ગને ચાર મહિના સુધી અટકાયતી તરીકે રાખવાનો આદેશ આપ્યો, પરંતુ જેલમાં જ તેમનો ભારત દેશને સારી રીતે જાણવા-સમજવાનો નિશ્ચય દૃઢ બનતો ગયો. તેમને થયું કે આ રાષ્ટ્રનાં લોકોની વિચારધારાને સારી રીતે સમજવા માટે મારે તેમની ભાષા શીખી લેવી જોઈએ. પહેલાં તેઓ તમિળ શીખ્યા અને એ ભાષામાં ઉપદેશ આપવા લાગ્યા. પાછળથી તેમણે ધર્મશાસ્ત્રોનું ભાષાંતર

તમિળભાષામાં કરવાનું શરૂ કર્યું. ત્યાર પછી તેમણે તમિળભાષાનું યુરોપિયન વ્યાકરણ તૈયાર કર્યું અને દક્ષિણ ભારતના ધર્મો સંબંધી એક પુસ્તક પણ તૈયાર કર્યું.

૧૭૦૭ના વર્ષમાં તેણે સૌપ્રથમ કન્યાશાળા શરૂ કરી હતી. તેમણે કંગાલોને રોજગારી મળી રહે એવી તકો પણ ઊભી કરી. ૧૭૧૨માં તેમણે ભારતનું પહેલવહેલું પ્રિન્ટિંગ ટ્રાન્ક્યુબાર મિશન તરફથી શરૂ કર્યું. પાછળથી કાગળની મિલ અને છાપકામના ટાઈપ બનાવવાની ફાઉન્ડ્રી સ્થાપવામાં પણ તેમણે આગેવાની લીધી હતી. તેમણે બંધાવેલા 'ન્યૂ જેરુસલેમ ચર્ચ'નું ઉદ્ઘાટન હજારો અનુયાયીઓની હાજરીમાં ઑક્ટોબર ૧૭૧૮માં થયું હતું. ત્યાર પછી ચાર મહિને તેમનું અવસાન થયું. આ દરિયાકિનારા પરનો એક શિલાલેખ ઝિએગેનબાલ્ગ અને પ્લુટસચાઉના આગમનની યાદ આપે છે. બેચાર ડગલાં આગળ જતાં ઇવઍંગ્લિકન ટીચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટના અગ્રભાગમાં ઊંચા આસને બિરાજેલા ઝિએગેનબાલ્ગની અર્ધપ્રતિમા જોવા મળે છે.

એ 'ચર્ચપિતા' પોતાના જીવન કાર્યના કેટલાક દસ્તાવેજો પાછળ મૂકી ગયા છે, તેમાં બાઈબલનું તમિળ ભાષાંતર મિશનના પોતાના જ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાયેલી આવૃત્તિ તરીકે જોવા મળે છે.

ધર્મસ્થાનકમાં બિશપનાં જર્મન પત્ની ઇવા મારિયા સાઈ એબર્ટ છેલ્લાં ૧૫ વર્ષથી 'ઝિએગેનબાલ્ગ આધ્યાત્મિક કેન્દ્ર'નું સંચાલન સંભાળે છે. ઝિએગેનબાલ્ગની છેલ્લી નિશાની થારાંગામ્બડીના ન્યૂ જેરુસલેમ ચર્ચમાં જોવા મળે છે. અહીં ૧૮૭૦માં ડ્રાસડેનથી ભેટ મળેલો એક સુંદર ઘંટ જોવા મળે છે. તેઓ પોતે પણ આ ચર્ચના સ્થાપત્યને પોતાના જીવનની નોંધપાત્ર સિદ્ધિ ગણતા હતા. એથી જ તેના પ્રાંગણમાં જિંદગીની આખરી નિદ્રા લઈને દફનાઈ જવાની ઇચ્છા તેમણે વ્યક્ત કરી હશે. તેમની કબર પરના આલેખમાં ક્રૉસની નિશાની સાથે ૧૭૧૯નું વર્ષ કોતરાયેલું છે. એ શિલાલેખમાં તેમના જીવન વિષે જાણવા મળે છે કે રેવરન્ડ બાર્થોલોમાઉસ ઝિએગેન બાલ્ગ ભારત આવનારા સૌપ્રથમ લૂથરનિય-મિશનરી ૧૬૮૨માં જર્મનીના પલ્સનીત્સ ખાતે જન્મ્યા હતા. હાલ્લે ખાતેથી વતનની હાકલ થતાં, ડૅનિશ રાજાનો ટેકો મળતાં, તેઓ ટ્રાન્કયુબાર ખાતે ૭-૭-૧૭૦૬ના રોજ આવી પહોંચ્યા હતા. તેમણે અહીં સૌપ્રથમ પ્રોટેસ્ટંટ સમૂહની સ્થાપના કરી, શાળાઓ શરૂ કરી, અનાથાલયો ઉઘાડ્યાં, પરિસંવાદો યોજ્યા, પ્રિન્ટિંગ પ્રેસનું પણ આયોજન કર્યું. ૧૭૧૫માં તમિળ બાઈબલની પ્રસિદ્ધિ તેમને આભારી હતી. તેમણે બંધાવેલું ન્યૂ જેરુસલેમ ચર્ચ ૧૧-૧૦-૧૭૧૮ના દિવસે તૈયાર થયું. ગરીબોના બેલી, તમિળ ભાષાના અભ્યાસી, ઇવએન્ગલીકલ ચર્ચના આ અગ્રગ્રામી ૨૧-૨-૧૭૧૯ના દિવસે નિધન પામ્યા. (વૃત્તશુકન)

> પરાયાના દુરાચારો, કર્મો કૂડાં-રૂડાં વળી
> ના જોવાં, નિજનાં કૃત્યો-અકૃત્યો નિત પેખવાં.
>
> ધમ્મપદ

લાલબહાદુર શાસ્ત્રી જ્યારે 'લોકસેવા મંડળ'ના અધ્યક્ષ વરાયા ત્યારે તે સમાચારની જાહેરાત માટે કોઈએ તેમને વાત કરી. શાસ્ત્રીજીએ જણાવ્યું કે, આ મંડળના સ્થાપક લાલા લજપતરાય પાસેથી મને જાતજાહેરાતથી દૂર રહેવાની દીક્ષા મળી છે. તેમણે ઉમેર્યું કે, તાજમહાલમાં બે પ્રકારના પથ્થરો છે. એક, જે ઉપર આરસના દેખાય છે તે; બીજા, જે જમીનમાં પાયારૂપે દટાયા છે તે. પાયામાં પડેલા પથ્થરોને કોઈ જોતું નથી, પણ પ્રશંસાથી દૂર રહ્યે રહ્યે પણ તેમનો કેટલો મહિમા છે! આવી હતી પ્રશંસાથી દૂર રહેવાની લાલબહાદુર શાસ્ત્રીની ભાવના!

*

કાચબો માથું કપાયા પછી પણ ચોવીસ કલાક જીવે છે!

*

જામનગરના મૂળજીભાઈ સોનીએ ચોખાના એક દાણા ઉપર ૩૨૮ અક્ષરો કંડાર્યા છે!

*

અર્ધું લીંબુ કાપીને ફ્રીઝમાં મૂકવાથી તેમાંથી વાસ આવશે નહિ.

*

સામાન્ય રીતે પ્રૌઢ વ્યક્તિઓને વાંચતી વખતે ચશ્માં વાપરવાની જરૂર પડે છે. પરન્તુ જો કોઈ વાર ચશ્માં પાસે ના હોય કે અચાનક તૂટી ગયાં હોય ત્યારે કોરા કાગળમાં નાનકડું કાણું પાડી, તે કાણાને આગળ સ્થિર કરી તેમાંથી નીચેનું લખાણ વાંચવાનો પ્રયત્ન કરી જોજો. સારી રીતે વાંચી શકાશે.

*

દુનિયાનું મોટામાં મોટું થિયેટર ચીનના પેકિંગ નગરમાં આવેલું છે. તેમાં એકસાથે ૧૦,૦૦૦ માણસોનો સમાવેશ થાય છે. તેનું નામ છે 'ધ નેશનલ કોન્ગ્રેસ બિલ્ડિંગ.'

*

ચોપગાં પ્રાણીઓમાં આફ્રિકન હાથી (આફ્રિકન બુશ એલિફન્ટ) મોટામાં મોટું પ્રાણી છે. તેની ઊંચાઈ ૧૦ ફૂટ અને ૬ ઈંચ મનાઈ છે.

*

આકાશમાં નરી આંખે દેખાતા ૫,૭૭૬ તારાઓમાં 'વ્યાધ' (Sirius) છે. આપણાથીએ ૮.૬૪ પ્રકાશ વર્ષ દૂર છે અને તેનો તેજાંક સૂર્યના કરતાં ૨૬ ગણો છે.

*

દક્ષિણ પૂર્વના એશિયાના દેશ મલેશિયાની રાજધાની કુઆલાલમ્પુરમાં જગતની સૌથી ઊંચી ઇમારત તૈયાર થઈ ચે! તેનું નામ 'પટ્રોનાસ ટ્વિન ટાવર્સ' છે. આ ઇમારત ૮૮ માળની છે અને તેની ઊંચાઈ ૪૫૨ મીટર છે.

*

'તમે ભોજન પહેલાં પ્રભુની પ્રાર્થના કરો છો?'

'ના, જી.'

'કેમ, નહિ?'

'કારણ કે મારી પત્ની રસોઈ બરોબર બનાવે છે.'

ગણિતગમ્મત :

આ ગણિત-ગમ્મત નંબર '૩'થી શરૂ થાય છે. ૩માં ૧ ઉમેરતાં ૪, ૪માં ૨ ઉમેરતાં ૬, ૬માં ૩ ઉમેરતાં ૯, ૯માં ૪ ઉમેરતાં ૧૩, ૧૩માં ૫ ઉમેરતાં ૧૮, એટલે સરવાળાની શ્રેણી આ પ્રમાણે બનશે :

૩, ૪, ૬, ૯, ૧૩, ૧૭, ૨૪ .... આમ ગમે ત્યાં સુધી જઈ શકાય.

હવે જુઓ મજા :

૧. ૩² + ૪² = ૩ + ૪ + ૫ + ૬ + ૭
૩ + ૪ = ૭ (ઉપરનો છેલ્લો અંક)

૨. ૪² + ૬² = ૩ + ૪ + ૫ + ... + ૧૦
૪ + ૬ = ૧ ૦
(ઉપરનો છેલ્લો અંક)


૩. ૬² + ૯² = ૩ + ૪ + ૫ + ... + ૧૫
૬ + ૯ = ૧ ૫
(ઉપરનો છેલ્લો અંક)

૪. ૯² + ૧૩² = ૩ + ૪ + ૫ + ... + ૨૨
૯ + ૧૩ = ૨ ૨
(ઉપરનો છેલ્લો અંક)

૫. ૧૩² + ૧૮² = ૩ + ૪ + ૫ + ... + ૩૧
૧૩ + ૧૮ = ૩૧ (ઉપરનો છેલ્લો અંક)

આમ ગમે ત્યાં સુધી જઈ શકાય.

– સુરેશ ઠાકર



કલાકણિકા : ફ્રાન્સના કલાકાર એમિલ ગાલેએ ઈ.સ. ૧૮૯૯માં તૈયાર કરેલો સ્ફટિક-નો કટોરો, જેના પર કોતરણી કરવામાં આવી છે. કટોરાની લંબાઈ ૧૧.૩/૮ ઇંચ છે.



પુષ્પવાટિકા]

[વાસુદેવ સ્મા

ડાંગવનોમાં ફરી એક વાર / ઉશનસ્

(પૃથ્વી - સૉનેટષટ્ક)

ડાંગવનોમાંની કવિની પુનર્યાત્રાનું આ સોનેટષટ્કમાં સુચારુ અને સચોટ નિરૂપણ-વર્ણન છે. પ્રભાતથી રાત સુધીના વનપ્રવાસ દરમિયાનની અનુભૂતિને અહીં કાવ્યાત્મક અભિવ્યક્તિ મળી છે. સવારની શાન્તિનો લેશ પણ ભંગ ન ઇચ્છતો કાવ્યનાયક પહેલા જ સોનેટમાં ત્રીજી-ચોથી પંક્તિમાં કલ્પનામઢ્યો ઉદ્ગાર કાઢે છે. બધું જ શાન્ત છે ત્યારે નિજના અશાન્ત મનને જરી ઠરવા કહે છે. વળી, બીજા સોનેટમાં પ્રકૃતિ સાથેના તાદાત્મ્યની સંવેદનશીલતા 'ધરો ચુપકી... રખે ને ખરે;' - જેવી પંક્તિઓમાં કેવી નાજુક અભિવ્યક્તિ પામી છે! તો એની વિરુદ્ધમાં ભરબપોરે શિકાર ભરખીને સૂતેલા વાઘનું રમણીયરુદ્ર ચિત્ર આ બીજા સોનેટને અંતે અંકાયું છે. ત્રીજા સોનેટમાં વનની ઢળતી સાંજને પહોરે નાયકે જે સ્વરૂપાંતર અનુભવ્યું છે તે છેલ્લી પંક્તિમાં શબ્દસ્થ થયું છે. ચોથા સોનેટમાં વન્ય પ્રાકૃતિક તત્ત્વોને 'ભાંડુજન' કહી તેમની વિદાયવેળાએ જે કરુણશુભ ભાવ કાવ્યનાયક અનુભવે છે તે અન્તે અસરકારક રીતે નિરૂપાયો છે. પાંચમા અને છઠ્ઠા સોનેટમાં ડાંગવનની વિદાયને અને તેમાંથી સ્ફુરતા નવ્ય પ્રાકૃતિક દર્શનને નિરૂપવામાં આવ્યાં છે. વનમાંથી ઘર ભણી પ્રયાણ કરતા કાવ્યનાયકનો વન જાણે પીછો કરે છે અને એમાંથી જાણે અનાગતના પ્રફુલ્લનનું સૂચન અંતે મહત્ત્વનું બની રહે છે. ધી.પ.

૧. પ્રભાતપ્રવેશ

અવાજ નહિ જોઈએ જરીય, ચૂપ; ધીમે રહી
દબે પગ ચલો, કશું ન કચડાય કર્કશ્યથી;
જુઓ ન ઊઠી જાય કોઈ તૃણપત્તીયે ઊંઘથી,
હજીય ભરઊંઘના સપનમાં વનો છે અહીં;
જુઓ, જરીક - કાળજી વધુ લિયો; ધીમા શ્વાસમાં
શ્વસો; શ્વસન આપણું પવનને રખે આંચકે
હલાવી જગવી દિયે ન ક્યહીં, પ્રાણને હીંચકે
હજી પવન ઊંઘતો દિસત રાત-વિશ્વાસમાં;
જુઓ જરીક શાન્ત થૈ રજની પાછલીની ઘડી
ઠરેલ તમ નેત્રથી તળલગી, સીધાં ને ઊંચાં
ખીણે તરુવરો હજી ઊંઘી રહ્યાં ઊભાં ને ઊભાં;
હજી સ્વર ન ક્યાંય, આદ્ય નથી ચાંચ કો ઊઘડી;
બધું જ ઠર્યું છે અહીં, મન! તુંયે જરી જો ઠરે,
પહાડી મન આરપાર નિરખાય સ્વપ્નાતળે!

૨. બપોર - એક વાઘતંદ્રા

ભરો ધડકને ધરી ડગ, હજી વધુ કૈં ધીરે,
પ્રશાન્ત વનની પ્રભાતઠરી વેળ, એના સ્વને
રખે ઝબકી જાય, એકદમ ઊઠી જાયે વને;
રખે સ્વર-તરંગ મૌનસર ઊઠીને ડ્હોળી ર્હે;
ધરો ચુપકી, આપણી નગર-ટેવ-વાણી વતી
અક્ષુણ્ણ ક્ષણ આ પવિત્ર વનની રખે ને કરે
વિક્ષુબ્ધ; અમ એક બોલથીય વૃક્ષ પર્ણો ખરે;
-ખરેલ પરણે હજી ન ખખડી વિ-સર્પી ગતિ;
વિચારી રહું ત્યાં બપોર! વળી પાછું વૈજન્ય; ને
તપે અરવ શૂન્યતા અવર, સૂર ક્યાંયે નથી,
ઉઘાડી થઈ છાંયની બધી જ બોડ. ઝાડી થકી
ખરંત તડકે દીપે શરીર દીપ્ત ચાઠે, બનેઃ
શિકાર ભરખી સૂતેલ પશુ વન્ય, - શો લાગ છે!
પટા પીળચટા! શું ભાગ્ય : દગ સંમુખે વાઘ છે!

૩. ઢળતી સાંજ

બપોર સુધી તો ન'તા ક્યહીંય તે બધા છાંયડા
ક્યહીંથી - વિવરોથી ભૂત સરખા ઊઠ્યા ભામટા,
ક્યહીંથી - શિખરોથી, તુંગ તરુથી ઢળ્યા સામટા
દિશેદિશથી નીકળ્યા ભીલભયંકરા ભાયડા;
વિક્ષપ અવ પહાડી વાસરનું પદ્મ ધીમેધીમે,
દલદલ બિડાય, પ્હાડતણું હાડી અંગાંગ, જ્યાં
હવે વળત ટૂંટિયું, બધું સમેટી નિઃસંગ ત્યાં
ઢળે તમસરાત, ચાદર શી ઓઢી લેતી સીમે;
વિદાય, શુભરાત્રિ હો, ગિરિવરો, વનો! આવજો;
વિદાય, જઈએ અમે; ગતિ અમે; તમે સ્થાવર,
સુણેલ તમ સાદ, કિંતુ અમ પ્રીત યાયાવર;
અહીં ન શકીએ રહી; ફરીથી કોદી બોલાવજો;
ફરી મળીશું જો હશે નસીબ. ભાંડુ! લો, આજ તો
જવું જ, પણ આ ક્ષણે નથી હું જે હું પ્હેલાં હતો.

૪. રાત્રે શુભવિદાય

દિજો શુભવિદાય ભાંડુજન હે, જઉં છું હું તો :
અમારી ગતિ આપથી ઘણી જ દૂર, ઊંધી દિશે
અમારું ઘર, તે ભણી નગર કેરી વસ્તી વિશે;
-અહીંય તમ સંગ લાગ્યું નથી પારકું આમ તો;
કહું? થતું'તું ઊલટું જ : કદી આ કુટુંબે હતો :
કદીક તૃણ હું હતો, તરુ હતો, હતો ડુંગરો;
અસંખ્ય સરલ દ્રુમે સભર જંતુઓ-ઊભર્યો;
અહીં જ મુજ મૂળ, મારું દર, આજ ટિમ્બે હતો;
અને ત્વરિત ઊપડે સ્થગિત યાન, લેતું ગતિ..
ખડાં તરુવરોની તુંગતમ ટોચ શૃંગો પૂંઠે
વિલુપ્ત થતી જાય, રાત્રિતમ છોળ જેવું ઊઠે,
પહાડતણી એકમેક સજી ચોટીઓ ડૂબતી;
બિડાતી તમ અશ્વ-નાળસમ છેલ્લી એ બાથથી
શક્યો ન છટકી હતે, હત ન જો છૂટ્યો જાતથી.

૫. પાછળ હઠી જતું વન : એક અનુભૂતિ

બિડાતી તમ પ્રીતબાથ થકી તો હું છૂટી ગયો,
પરંતુ છૂટ્યું સ્થૂળ, સૂક્ષ્મ મુજ કેટલુંયે ત્યહીં
રહી જ ગયું છે, ત્યહીં જ મુજ સ્પંદ મૂકી દઈ
ગયો છું નીકળી જ, તે અહીં રહ્યો હું જોઈ રહ્યો :
શું જોઉં મુખ ફેરવી? તિમિર-ઊતર્યો અંચળોઃ
અભેદમહીં પ્હાડ-ઝાડતણી ભેદરેખા ગળી,
હતી ક્ષિતિજના તટે પ્રતિપદા ઝીણી નીકળી,
રહસ્યમયતા મહીં ગરક થૈ ગયાં જંગલો...
હું જોઉં : તમ પ્રીતરૂપ થઈ બેય પા ઝાડીઓ
પૂંઠે જ મુજ આવી છેક અહીંયાં લગી ઢાળમાં
દબે પગ જ, કાળી જંગલી બિલાડી આકારમાં
અહીં લગણ આવી પાછી વળી ગૈ દિસે પ્હાડીઓ!
હવે ઘરભણી પ્રયાણ; પણ યાન પૂંઠે અરે
ક્રમે કવણ આંખ? સ્વપ્ન લગી કોણ પીછો કરે?!

૬. ડાંગદર્શને વિકસતું એક નવું દર્શન

હતો ન ઇતિહાસ; એથી પણ જૂનું ભૂ-જેટલું
પુરાણું અહીં આદ્ય એવું વન સંમુખે છે ખડું,
પુરાણતમ પ્હેલવ્હેલું તૃણ ફૂટ્યું'તું ફૂટડું,
રહેલી જળવાઈ આદ્ય ક્ષણ તેય થૈ તણખલું!
પુરાણતમ પ્હાડીઓ હજીય એવી ને'વી દિસે
અડાબીડ, પડેલ એક મહીં મેક ગૂંથી કડી
અક્ષુણ્ણ, મનુવંશની પગલી ના હજી જ્યાં પડી,
પડી અગર હોય ક્યાંક હજી ના ભૂંસાઈ હશે;
અક્ષુણ્ણ, ઇતિહાસકાળમહીંથી શક્યો નીસરી
અવાયું નીકળી યુગોયુગ ઉલંઘી આ કાળની
તવારીખથી આજની ક્ષણ સુધી ય આ પારની,
નિહાળું : વનમાં નિશાળ નવી એક છે નીકળી!
હવે બધું જ શક્ય, આદિ વનમાં નવી સ્કૂલ છે,
નિહાળી રહું ખીલતો સમય ભાવિ
કો ફળખિલાવતું ફૂલ છે!

ટૌકો અને ગ્હેક / ભાનુપ્રસાદ પંડ્યા

(ગાન)

'ટૌકાજી, ચીસ કાળી સંકેલી લ્યો!:'
કહે પચરંગી પીંછાળી ગ્હેક,
ચારેપા ઝરમરતું આભ અને ધરતીના
હૈયાથી ધસમસતી મ્હેક!
'છુપાતાં બોલવાના વીત્યા સૌ દંન
હાવાં છડેચોક નાચવાનું ટાણું,
બોલ કર્યા વ્હેતા ને પાથર્યો કલાપ
એવી આવી સૌ! ટોળું 'ભરાણું!
છોકરાંને ચાળા પડાવવાનું મેલો
ના શોભે આષાઢલગી છેક!'
'ઝરમરિયા મ્હેકથકી ઓછી લગીર નથી
મદમાતી મંજરીની ગંધ,
મધમીઠા ટૌકાથી વંન અને વાડિયુંમાં
પાંગરતા મીઠા સંબંધ!
ઝાઝેરી જોરુને ભેળી કરી ટોળામાં
દેતાં રહેવાય આમ ઠેક?!
ધરતીમા બોલિયાં : બેય ભારે રઢિયાળા
ઘેલાં સૌ તમથી મનેખ!
આપથકી રૂડી હું - રૂડો આ લોક
વળી સૂરમહીં બેયની વશેક!

ચરણચિહ્ન / જગદીશ ત્રિવેદી

(વસંતતિલકા • સૉનેટ)

આયુષ્યની અવધિ ઉંબર પાસ ઊભી
ત્યારે અચાનક વળી મનસાગરે કૈં
જાગે અહો ખળભળંત તરંગ-લોઢ:
ચાલો જરી પવનપાવડી પ્હેરી લૈને
આયુષ્યની સફર માંહીં - નિહાળી લૈએ-
ક્યાં ક્યાં પડ્યાં ચરણચિહ્ન વિશાળ ભોમે.
ને આંખ જ્યાં પવનપાવડી પે ચડીને
વંટોળિયા - શી ચગતી ચગતી ચલી કૈં-
ઘૂમી વળી નગર ને પથ-કેડીઓ ને
કાંઠા સરોવર તણા વળી શૈલશૃંગ.
આશ્ચર્ય! - ત્યાં અજબ એક અડોલ વૃક્ષ
ઘેરી ખડું જગતને બહુ-ડાળપર્ણ-
જેની પરેથી ઢગલેઢગલા અસંખ્ય
ઝંઝેડતું કવણ આ સહુ પાયહ્નિ?

- તો / ભગવતીકુમાર શર્મા

(ગાન)

વરસું તો હું ભાદરવો ને સળગું તો વૈશાખ;
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ...
ઘેરાઉં તો વાદળ કાળાં, વિખરાઉં તો વાળ,
ભીંજાઉં તો અષાઢ અમથો, કોરો તો દુષ્કાળ!
બિડાઉં તો હું સ્વપ્ન સલૂણું, ઊઘડું તો હું આંખ;
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ...
ફોરું તો હું ફૂલ અને જો બટકું તો હું ડાળ,
ચાલું તો હું પંથ અને અટકું તો અંતરિયાળ.
ઊડું તો આકાશ, નહીં ઊડું તો ઘાયલ પાંખ,
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ..
શ્વાસ લઉં તો ઝલમલ ઝલમલ, શ્વાસ છૂટે તો શૂન્ય:
આ જગમાં આવીને જીવવું-મરવું બંને ધન્ય!
ઊગું તો હૂં સૂર્ય, નહીંતર સાંજે વળતી ઝાંખ.
મારી આખર બે જ અવસ્થા : કાં આંસુ, કાં રાખ...

દીવા ! / કાન્તિભાઈ ખુ. જોષી

(ગઝલ)

કોના શિરીષ સ્પર્શથી શરમાય છે દીવા?
મલ્હાર કોઈ ગાય છે, ભીંજાય છે દીવા.
સૂરજમુખીના કોક ખીલ્યા ફૂલને સ્મરી,
ઘૂવડની આંખમાં લીલા પડઘાય છે દીવા.
અંધકારમાં છકેલ જામ પી લીધા પછી
મારગમાં બ્હાવરા હવે પડઘાય છે દીવા.
થાકી ગયા જલી જલી આદમના કાળથી,
વર્ષોની બુંદ બુંદમાં મલકાય છે દીવા.
'રખેને કોઈ ક્યાંક સાંભળી જશે' - બીકે
પ્રકૃતિતણી લીલા ધીમેથી ગાય છે દીવા!

ટકોરા મારતું / ધૂની માંડલિયા

(ગઝલ)

ચાર ઊભી ભીંત છે પણ ઘર નથી,
ચાલ જઈએ ગામ જ્યાં પાદર નથી.
કોઈ ભીતરથી ટકોરા મારતું,
દ્વાર ખોલું કોઈ પણ અંદર નથી.
આજ પહેલી વાર 'હું' સામે મળ્યો,
આજ આવ્યો ખ્યાલ 'હું' સુંદર નથી.
આંસુઓ કેવાં હશે પૂછ્યું અમે,
આંખ પાસે આજદિન ઉત્તર નથી.
હાથ મૂકું તોય એ અડકાય ના,
આયનામાં આ રહ્યા, અંતર નથી.



નીરવ સંવાદનાં સાધિકા - મા

શારદામણિદેવી

—— દર્શના ધોળકિયા ——

'એક આદર્શ તરીકે કરવું જોઈએ તે કરતાં ઘણું વધારે મેં કર્યું છે.' પોતાના વિશે આ પ્રકારનું નિવેદન કરવાનો હક્ક ગમે તે વ્યક્તિને મળી શકતો નથી. જીવનને પૂર્ણ રૂપમાં પામી લીધા પછીનો, જીવનનું અખંડ દર્શન કર્યા પછીનો આ ઉદ્‌ગાર, આ યુગની મહાન સંત નારી, એમના જેવા જ મહાન સંન્યાસી પતિ પરમહંસ શ્રી રામકૃષ્ણદેવની આંતરિક સહધર્મચારિણી, દૈહિક પત્નીત્વ ને માતૃત્વથી અસ્પૃશ્ય રહીને પત્ની ને જગન્માતા બનેલી મા શારદાનો છે. આમ કહેવા પાછળ પોતાને જે લાગ્યું છે તે સત્ય જ હોઈ શકે, અન્ય કશું જ નહીં એવી પ્રતીતિ છે. આ પ્રતીતિને ગર્વ કહેવાની ભૂલ એટલા માટે કરી શકાતી નથી કે આ વ્યક્તિઓ જીવનને પામ્યા પછી, માત્ર એક નિવેદનના રૂપમાં સત્યનું નિદર્શન કરે છે.

શારદાદેવીના ભાગે, ભારતના કહો કે જગતના મહાન અધ્યાત્મ પુરુષ રામકૃષ્ણ પરમહંસની સાથીદારી કરવાનું આવ્યું. શારદામણિ રામકૃષ્ણનાં પ્રથમ શિષ્યા છે. રામકૃષ્ણે સમાજ પ્રતિ દાખવેલા લોકકલ્યાણના વિચારનાં એ પ્રથમ વાહક બન્યાં છે. પતિની જેમ જ એમની પાસે કોઈ બાહ્ય ભભક નથી. આછું-પાતળું અક્ષરજ્ઞાન, તે પણ પાછળથી મેળવેલું; ગ્રામસમાજમાં થયેલો ઉછેર, તત્કાલીન બંગાળી સમાજની કૂપમંડૂક નીતિ-રીતિમાં વીતેલું બાળપણ ને જીવાતી-જેવી બાહ્ય ઓછપ, રામકૃષ્ણ સાથે સંવાદ સાધવામાં શારદાને જરા પણ નડી નથી. એના મૂળમાં શારદાના આંતર પ્રવાહમાં વહેલી જીવન તરફની નીરવ સંવાદિતા છે. અહીંનું સઘળું કંઈ તેઓ જાણે કે જોડવા આવ્યાં હોય તેવું જણાય છે. તેમના વ્યક્તિત્વમાં પડેલી આ અનંત શક્યતાઓને લઈને જ કદાચ તેઓ રામકૃષ્ણના જીવનમાં પ્રવેશ પામી શક્યાં છે. સમાજ ને કુટુંબ જેમને ગાંડા ગદાધર તરીકે ઓળખતું હતું તેવા આ શ્રેષ્ઠ મનુષ્યે પોતાનાથી ૧૯ વર્ષ નાની બાલિકા શારદા સાથે પસંદગીનાં લગ્ન કરવા ધાર્યું છે એ જ બતાવે છે કે પત્નીનાં સંવિતને રામકૃષ્ણે એક ઝવેરીની નજરથી પારખ્યું છે. આ સંવિતને લઈને જ આ વિરલ દંપતીની પરસ્પર વિકસેલી સૂક્ષ્મ રતિ, આસક્તિને અભિક્રમી ગયેલી વિરક્તિ બનીને દામ્પત્યનું એક નવું સ્વરૂપ પ્રકટાવી શકી છે. આ અર્થમાં એમનું દામ્પત્ય મૌલિક છે.

રામકૃષ્ણ જેવા પુરુષે પ્રેમ અને આદર આપીને શારદામણિનું પૂરું સન્માન જાળવ્યું છે. તો બીજી બાજુ, ધગધગતા વૈરાગ્યને શારદાદેવીએ પોતાના ચેતનાગર્ભમાં ઉછેર્યો છે, વિકસાવ્યો છે, પરાકાષ્ઠાએ પહોંચાડ્યો છે ને અંતે પતિના વૈરાગ્યની જ્યોત સાથે મેળવીને તેનું સંવરણ કર્યું છે. આ દંપતીએ પોતપોતાના વૈરાગ્યને ચકાસવા માટે દામ્પત્યનો એક માધ્યમ તરીકે ઉપયોગ કરીને જીવનનું પૂર્ણત્વ પ્રકટાવ્યું છે.

બંગાળના બાંકુડા જિલ્લામાં અગ્નિકોણમાં આવેલા નાનકડા ગામ જયરામવાટીમાં ઈ.સ. ૧૮૫૩ની ૨૨મી ડિસેમ્બરની રાત્રે પિતા રામચન્દ્ર મુખરજી અને માતા શ્યામસુંદરીને ઘેર પ્રથમ પુત્રી તરીકે જન્મેલાં શારદાદેવીનું બાળપણ ઝાઝું ટક્યું નથી. પાંચ વર્ષ પછી જ શારદાનું લગ્ન ઈ.સ. ૧૮૫૯ના મે માસમાં કામારપુકુરના નિવાસી, ખુદીરામજીના પુત્ર ગદાધર સાથે થઈ જાય છે! શારદાનું માગું ખુદ ગદાઈના કહેવાથી જ નંખાયું છે. આ લગ્નથી ગદાધર ખુશખુશાલ છે, ને ૧૮૬૦ના ડિસેમ્બર માસની આસપાસ શ્વસુર-ગૃહની મુલાકાત લેતા ગદાધર પત્ની શારદામણિને મળે પણ છે!

જીવનના પ્રારંભથી જ શારદામણિએ પોતામાં રહેલું હીર કાળજીથી છુપાવ્યું છે. તેમને જાણે કે પતિએ જ તૈયાર કર્યાં છે એવો વહેમ જાય એટલી હદે શારદાએ પોતાની નિર્દોષતા, સરળતા ને નમ્રતા દાખવ્યાં છે. પરંતુ નાનપણથી જ તેમને અક્ષરજ્ઞાન મેળવવાની ભારે હોંશ રહેલી. સાસરે જતાં ત્યારે ચોરી - છૂપીથી જેઠની પુત્રી લક્ષ્મીની ચોપડી વાંચતાં. પાછળથી દક્ષિણેશ્વરના નિવાસ દરમિયાન સરખી રીતે વાંચતાં-લખતાં શીખેલાં. આ અભ્યાસને પરિણામે તેઓ રામાયણ જેવાં પુસ્તકો વાંચી શકતાં, પણ ખાસ લખી શકતાં નહીં. કામારપુકુરમાં રહ્યાં

તે સમયમાં તરવાનું, ગાવાનું, સીવવાનું પણ શીખ્યાં. યુવાન રામકૃષ્ણે તેમને ગૃહજીવનને લગતી તમામ તાલીમ આપી. જેમાં હોડીમાં કે ગાડીમાં જતી વખતે વસ્તુઓ કેમ સાચવવી, દીવાની વાટ કેમ સંકોરવી, દાળ-શાકનો મસાલો કેમ કરવો, પાન કેમ બનાવવું વગેરે બાબતોનો સમાવેશ થતો હતો. પતિ રામકૃષ્ણે આ સમયગાળામાં તેમને માતા બનીને ગૃહિણી ધર્મની કેળવણી આપી, જેથી કરીને માતાજી પોતાના શ્વસુરગૃહમાં પણ સન્માનપૂર્વક રહી શકે. શારદાદેવી એક વૈરાગીને પરણ્યાં હતાં એ વાતનો રામકૃષ્ણે આછો અંદેશો પણ બાલ્યવયની પત્નીને આવવા દીધો નથી કે નથી તો તેમનામાં અધ્યાત્મની ભાવના જગવવાનો લેશમાત્ર પ્રયત્ન કર્યો. એક બાલિકાની આંતરિક જરૂરિયાતને જ લક્ષમાં લઈને રામકૃષ્ણે પત્નીની ભારે કોમળતાથી માવજત કરી. પતિનો હૃદયદેવ તરીકે આ ક્ષણોમાં અનાયાસે જ સ્થાપી દીધા છે.

બાલ્યાવસ્થામાં પતિને પ્રેમમૂર્તિ તરીકે જોયા બાદ શારદા દેવીને ફરીથી થોડા સમય માટે તેમનો વિરહ ભોગવવાનો આવ્યો છે. રામકૃષ્ણ દક્ષિણેશ્વર રહેવા ચાલ્યા જવાથી માતાજી પિયર રહેવા આવ્યાં. ઈ.સ. ૧૮૬૭-૬૮ના ગાળામાં માતાજીને કાને પતિની ઉન્માદ-અવસ્થાનું વર્ણન સાંભળવામાં આવ્યું. ગામલોકો તેમની એક ગાંડા મનુષ્યની પત્ની તરીકે દયા ખાવા લાગ્યાં. આ બધું સાંભળીને વ્યથિત થયેલાં શારદાદેવીએ જાતે જ દક્ષિણેશ્વર જઈને પતિની તપાસ કરવાનું યોગ્ય ધાર્યું ને પિતા સાથે કલકત્તા જવા નીકળ્યાં.

ઉન્માદી ને વિદેહી તરીકે ઓળખાતા રામકૃષ્ણદેવે યુવતી બનેલી અઢાર વર્ષીય પોતાની પત્નીનું વિસ્મય પ્રેરે એવું સ્વાગત આ ક્ષણે, પરોક્ષ રીતે કર્યું છે. જયરામવાટીથી આવેલા યાત્રીઓને દક્ષિણેશ્વરના ગંગાઘાટે ઊતરતા જોઈને ભાણેજ હૃદયને રામકૃષ્ણ કહે છે, 'ઓ હૃદુ, આ અશુભ ઘડી તો નથી ને? એ પહેલી વાર આવે છે.' અનાસક્ત એવા રામકૃષ્ણની પત્ની પ્રત્યેની સૂક્ષ્મ રતિનો આ પ્રથમ પરિચય છે. શારદામણિદેવી રામકૃષ્ણના જીવનમાં શુભ ઘડી બનીને હંમેશને માટે પ્રવેશ્યાં તે ક્ષણથી જ તેમના ગુણોએ કરીને આ મહામાનવનો આદર તેમણે પ્રાપ્ત કર્યો છે.

આ દિવસોમાં રામકૃષ્ણે શારદામણિને સહશયન કરવાની અનુમતિ આપી છે. ત્યારથી તેમનું મૌલિક દામ્પત્ય શરૂ થયું છે. સંસારમાં ને દામ્પત્યમાં પ્રવેશ કરતી આ યુવતીને તેમનાથી ઓગણીસ વર્ષ મોટા પતિનો પહેલો પ્રશ્ન આ છે : 'તમે મને, શું સંસારના માર્ગે ખેંચી જવા આવ્યાં છો?' ત્યારે શારદાને અસામાન્ય યુવતી તરીકે પ્રકટ કરતો આવો ઉત્તર સાંપડે છે : 'ના રે, ભાઈ, હું શા માટે તમને સંસારને માર્ગે ખેંચી લઈ જાઉં? હું તો તમને ઇષ્ટ માર્ગે સહાય કરવા માટે જ આવી છું.' આ ઉત્તર કંઈ મનને કેળવીને, સમજાવીને, બહેલાવીને અપાય એવો ઉત્તર તો નથી જ, એ સહેજે સમજાય તેમ છે. આ ઉત્તરનું વહન કરવું પણ કેટલું મુશ્કેલ કોઈ શકે તે પણ સમજાય તેવી વાત છે. આથી અનુમાની શકાય છે કે શારદામણિ પણ પ્રચ્છન્ન રીતે વિરક્ત સ્ત્રી જ હોઈ શકે. એ વિના સહશયનની ક્ષણોમાં આવો ઉત્તર આપતાં પહેલાં સામાન્ય સ્ત્રી કાં તો મૂંઝવણમાં મુકાય, કાં તો પતિથી નારાજ થઈ જાય અથવા નિરાશ થઈને જીવનને ધિક્કારવા લાગે. એને બદલે સ્વસ્થ રીતે પતિની વિચારસરણીનાં સહયાત્રી તરીકે પહેલે જ ધડાકે શારદાદેવીએ પોતાની જાતને પ્રમાણિત કરી દીધી છે. આ સ્ત્રીને રામકૃષ્ણ પહેલેથી જ પારખે છે. આથી જ એક વાર તેમણે એમની ઓળખાણ આપતાં કહેલું, 'એ છે શારદા, જ્ઞાનદાયિની. આ વખતે રાખ ઢાંકીને આવી છે. રાખ ઢાંકેલી બિલાડીની જેમ એનું રૂપ ઓળખાય નહીં. શારદામણિએ પોતાનું મૂળ રૂપ છુપાવ્યું છે, પણ એ છુપાય તેમ નથી. ખુદ રામકૃષ્ણ પણ એમનું આ રૂપ પ્રકટ કરવા ઇચ્છે છે. ક્યારેક રમૂજમાં તો ક્યારેક ગંભીર બનીને રામકૃષ્ણે પોતાની પત્ની વિશે આ પ્રકારનો ઇશારો કર્યો જ છે. વાતવાતમાં એક વાર હસીને રામકૃષ્ણે કહેલું કે, 'જે સંતાનના જન્મ સમયે માતા શણગારે તે જ માતા તેના મૃત્યુ સમયે માથું પછાડીને કલ્પાંત કરે. એના કરતાં બાળકો ન હોય તે જ વધારે સારું.' આ વાતને સાંભળતાં શારદાદેવીએ તરત જ દલીલ કરતાં જણાવેલું, 'બધાં બાળકો કંઈ મરી ન જાય.' આ સાંભળીને પ્રસન્ન થયેલા રામકૃષ્ણે જણાવેલું, 'આ તો જીવતા નાગ પર પગ પડ્યો. મને તો એમ કે ભોળાં છે. પણ આ તો બધું જ સમજે છે.' બધું જ સમજવા છતાં પોતાનાં અસ્તિત્વને શૂન્યવત્ કરવાની શારદાની કળાએ કરીને રામકૃષ્ણ જિતાઈ ગયા છે.

રામકૃષ્ણના ભાણેજ હૃદય અવારનવાર શારદાદેવી સાથે અપમાનપૂર્વક વાતચીત કરતા ત્યારે એક વાર રામકૃષ્ણે તેને ચેતાવતાં કહેલું, 'આનામાં (પોતામાં) જે છે તે કોઈ વાર ફૂંફાડો મારશે તો વાંધો નથી, પણ આમનામાં (શારદામણિમાં) જે છે તે જો ફૂંફાડો મારશે તો પછી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પણ બચાવી નહીં શકે.' શારદામણિને રામકૃષ્ણની આ કદાચ પહેલી ને છેલ્લી અંજલિ છે. તેઓ જ એમને આ રીતે સમજી શકે.

રાખ ઢાંકીને ફરતાં શારદાનું સ્થૈર્ય કેવી કેવી ક્ષણોમાંથી પસાર થયું છે એ જોઈને નવાઈ લાગે. પતિની સેવા કરતાં શારદાદેવીએ એક વાર રામકૃષ્ણને પૂછેલું, 'તમે મને તમારી શું કહીને જાણો છો?' જવાબ મળે છે, 'જે માતા સામેના મંદિરમાં બિરાજે છે, તે જ માતાએ આ દેહને જન્મ આપ્યો છે, અત્યારે નોબતખાનાની ઓરડીમાં વસે છે ને એ જ માતા આ ક્ષણે મારા પગ દાબી રહી છે.' આવો છે આ બંનેનો શૃંગાર! એને કોઈ